

૧

જાણ્યું છતાં અજાણ્યું

- મુનીન્દ્ર

Janyun Chattan Ajanyun-1
Yog-Shakti

by : Munindra

Published by : Navbharat Sahitya Mandir
Ahmedabad-1 & Bombay-2

પ્રથમ આવૃત્તિ : ૧૯૯૩

કિંમત : રૂ. ૬૦-૦૦

સેટનું મૂલ્ય : રૂ. ૧૮૫-૦૦

પ્રકાશક :
ધનજીભાઈ પી. શાહ
નવભારત સાહિત્ય મંદિર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ,
મુંબઈ-૪૦૦ ૦૦૨
દેરાસર પાસે, ગાંધીરોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧

ટાઈપ સેટીંગ :
યોમિકો ટેકનોલોજીસ્
જી, ત્રીજે માળ, ટ્રેડ સેન્ટર,
નવરંગપુરા, અમદાવાદ-૯

મુદ્રક :
મહેશ મુદ્રણાલય
૩૬, અમૃત ઇ. એસ્ટેટ,
દૂધેશ્વર રોડ, અમદાવાદ-૪

સાદર સમર્પણ



સ્વ. પોપટલાલ ત્રિભોવનદાસ શાહ
(જાંબુવાળા)



સ્વ. શકરીબેન પોપટલાલ શાહ

આરંભે

'ગુજરાત સમાચાર' દૈનિકની રવિવારની પૂર્તિમાં પ્રગટ થતી આ લોકપ્રિય કટાર આજે તો લાખો વાચકો માટે આનંદ અને કુતૂહલનું સ્થાન બની ચૂકી છે. મહાન વિદ્વાનો, સાધુઓ, સિવિલ સર્જનોથી લઈ અમલદારો, વિદ્યાર્થીઓ અને સ્ત્રીઓમાં પણ એને વિશે ખૂબ ચાહના જોવા મળે છે.

દરેક માનવી જીવનમાં નિરંતર કેટલીક ઘટનાઓનો અનુભવ કરતો હોય છે. કાર્યને તે અનુભવતો હોય છે, પણ કારણને પિછાની શકતો નથી. આથી જ અગમ્ય, અગોચર તરફ માનવીની હંમેશાં ભારે ઈંતેજારી રહેલી હોય છે. જોકે આ ઈંતેજારીનો ક્યાંક ગેરલાભ પણ લેવાતો જોવા મળે છે. પાખંડ, ધૂર્તતા અને પાપ એની આડે પોષાતાં જોવા મળે છે.

અહીં રજૂ કરવામાં આવેલા કિસ્સા શ્રી 'મુનીન્દ્ર'ની માહિતી મુજબ સાચા છે. તે અનુભવ કરનારી વ્યક્તિઓની પાસેથી મેળવવામાં આવ્યા છે. માત્ર સ્થળ અને વ્યક્તિઓનાં નામમાં જરૂરી ફેરફાર કર્યા છે. જે વ્યક્તિ કે સામયિકમાંથી આમાંના કેટલાક અનુભવ લીધા છે તે સર્વના સૌજન્યનો સાદર સ્વીકાર કરીએ છીએ.

આ બનાવોની પાછળ કોઈ વિજ્ઞાન છે. માત્ર એને શોધવું જોઈએ શુદ્ધ કરવું જોઈએ અને પછી સ્વીકારવું જોઈએ. આ રીતે આ અનુભવોનો વાચકો નીર-ક્ષીર ન્યાયે આસ્વાદ કરશે એવી અપેક્ષા રાખીએ છીએ.

મન કે નયન હજાર !

દેહ રથ છે.

આત્મા સારથિ છે.

ચિત્ત ચંચળ અશ્વ છે.

યોગ એ અશ્વને નાથવાની પ્રક્રિયા છે. જો મનચિત્ત સાધ્ય થઈ જાય તો અશ્વ સારથિના દોર્યા ચાલે છે : ને જે લક્ષબિંદુ છે, તેને પહોંચે છે.

ચિત્ત જડ છે, આત્મા ચેતન છે.

અજ્ઞાન અવિદ્યાને લીધે ચિત્ત એ આત્મા છે, એવો ભાસ થાય છે. યોગ એટલે ચિત્તવૃત્તિઓનો નિરોધ કરી ઈશ્વર અને આત્માને જોડનાર બળવાન પ્રક્રિયા ! સત્, ચિત્ ને આનંદને પામવાનો પ્રયત્ન !

એ પ્રયત્નના રાહમાં અનેક સિદ્ધિઓ, અનેક પ્રસિદ્ધિઓ, અનેક ચમત્કારો આવે છે. પ્રભુના રાહમાં માયા આડી આવે છે, એમ ઘણા સાધકો એ સિદ્ધિ-ચમત્કારોમાં ફસાઈ જાય છે; ને અડધે રસ્તે અટવાઈ જઈ આર્થિક લાભ ને લૌકિક કીર્તિના કૂવામાં ડૂબી મરે છે !

યોગ આત્માની ઉન્નતિનું સાધન છે. વેદ, ઉપનિષદ તથા તમામ ભારતીય દર્શનોએ યોગને મહત્ત્વ આપ્યું છે; ને તેની અધ્યાત્મ-પ્રક્રિયા પર ભાર મૂક્યો છે.

યોગ મનની શુદ્ધિ, ચિત્તની નિર્મળતા માટે ને મેલા થયેલા આત્મસુવર્ણને સ્વચ્છ કરવા માટે સર્વોત્તમ સાધન છે.

સ્વ. મ. ન. દ્વિવેદી કહે છે કે તમામ યોગોમાં હઠયોગ પ્રાણનું દમન કરીને ચિત્તને બ્રહ્મતત્ત્વમાં લીન કરવાનું સાધન છે, જ્યારે રાજયોગ વાસનાક્ષય દ્વારા ચિત્તશુદ્ધિ સાધી બ્રહ્મસાક્ષાત્કાર (મોક્ષ) કરવાનું સાધન છે.

જિંદગીની જુવાનીના દ્વારે અધ્યાત્મ તરફ રસ લાગેલો. એ

વખતે પરચા કે ચમત્કારો અધ્યાત્મજીવનની ફલશ્રુતિ સમા ભાસતા. યોગ એ સંસારની એટમબૉંબથીય અધિકી તાકાત લાગતી. યોગીઓ દેવ ભાસતા.

ઉત્તર પ્રદેશ ને મધ્ય પ્રદેશના નિવાસ દરમિયાન જંગલો, જૂના કિલ્લાઓ, ખંડેરો, વાવો ને સ્મશાનની સફરો કરેલી. આ વખતે કોઈ અગમ્ય જીવસૃષ્ટિના અસ્તિત્વથી મન ડોલાયમાન રહેતું. કોઈ વાર હિંમતથી એને નાણી જોવા મન થતું : કોઈ વાર નાહિંમત થઈ મન બેસી જતું. માણસનું બળ ને અબળ જાણે મનના સંજોગોને આધીન લાગતું.

એ પ્રસંગે વિદ્યા શીખવા જેમ વિદ્યાર્થી ગુરુને શોધે, એમ આ ચમત્કારિક ઘટનાઓ, આત્મિક દુનિયા, આધ્યાત્મિક શક્તિનો તાગ લેવા સાધુ, સંતો, મહંતો, ફકીરો, સાંઈઓ ને જાણકારોની જેવી બની તેવી ઉપાસના કરેલી.

નાનું શું મન મોટું થઈને આ બધા અગમ્ય ને અઘોર જેવા જગતને હજાર નયનથી નીરખતું હતું. કોઈવાર એકદમ ઈન્કાર કરી બેસતું, કોઈ વાર ખાતરીની સ્વાનુભવસિદ્ધ વાત લાગતી. પણ મનને તસલ્લી આપે એ રીતે કોઈ ઘટના ઘટી નહિ. કોઈ ગુરુ મળ્યો નહિ. ત્રીસ વર્ષ પહેલાંનો અસંતોષ આજે પણ ચાલુ જ છે.

ને ચમત્કારિક દુનિયામાં તો ભરપટ્ટે ચમત્કારો ચાલતા હતા. એક ચપટી ભભૂતથી રોગ દૂર થતા હતા, સંકલ્પથી ધારેલો માણસ કે વસ્તુ હાજર થતી : આપણા મનમાં ઊગેલી વાત બીજાના મનમાં પણ એ વખતે ઊગતી, પરોક્ષ ભૂતકાળ પ્રત્યક્ષ હોય એ રીતે કહેવાતો : ભાવિની લીલા પણ મનપ્રદેશને અભિભૂત કરી દેતી. માનવામાં ન આવે તોય ઈન્કાર ન કરી શકાય તેટલાં પ્રમાણો નજર સામે હતાં. જેટલું જાણવામાં આવે એનાથી વધુ અજાણ્યું સર્વ ઘટનાઓમાં રહેતું જ.

આ બધું શું ? એનો તાગ કઈ રીતે લેવો ? અધ્યાત્મ અંધારો કૂવો લાગ્યો. તત્ત્વ કરતાં ફેલફિતૂર વધુ ભાસ્યાં.

મન જે આંખે જુએ, એ આંખે એવું દેખાય. મંત્ર, તંત્ર ને

યંત્રની દુનિયામાં ડૂબકી ખાધી તો મોટા મોટા દાક્તર-વૈદોથી ન મટતા રોગો એનાથી ચૂટકી વગાડતાં મટી જતા જોયા. સંપાદકને જ નાનપણમાં એકાંતરિયો તાવ ને બરોલ હતાં. દવાઓ ખૂબ ખાધે ન મટ્યાં, ને એક સાંઈએ ક્ષણમાં મટાડ્યાં. રાંઝણના મંત્ર-પ્રયોગોથી સ્વસ્થ થયેલી વ્યક્તિઓ તો નજર સામે છે. સાપ–વીંછીના પ્રયોગો તો રસ્તે ચાલતાં જોવા મળે છે. આ બધું છે છે ને નથી. નથી નથી ને છે !

આ જ્ઞાન છે, સાથે કોઈ ગુપ્ત વિજ્ઞાન પણ છે : એટલી શ્રદ્ધા જરૂર છે; પણ એ શ્રદ્ધાને સચોટ રીતે પ્રત્યક્ષ કરાવનાર કોઈ વ્યક્તિ હજી મળી નથી. વિશાળ સાહિત્ય ને મબલખ પ્રયોગોથી શાસ્ત્રો ભર્યાં પડ્યાં છે. હિપ્નોટિઝ્મ, મેસ્મેરિઝ્મ, નજરબંધી, જાદુગરી - આ બધી વિદ્યાઓએ એમાં ગૂંચવાડો વધાર્યો છે.

એક વાત - આત્મસાધનાના આરંભ પછી આત્મસિદ્ધિ સુધીના પ્રલંબ રાહમાં ચમત્કારો થતા હોય છે. એ તો ચકમક ઘસતાં પડેલા તણખા જેવા છે. એ તણખાથી દીવો સળગાવી શકાય તો જ સાર્થક, નહિ તો ચમત્કારો મોટે ભાગે માણસને અધ્યાત્મ જીવનમાંથી પાછો પાડે છે, અધઃપતન ને અશ્રદ્ધાના માર્ગે દોરી જાય છે.

જેઓ ચમત્કારને પ્રસિદ્ધિ આપે અથવા હું આમ કરી આપીશ, દોલત આપીશ, દીકરા આપીશ, એવી વાતો કરે એ તો ઢોંગી ધુતારા જ છે. કર્મના લેખમાં મેખ ભાગ્યે જ મારી શકાય છે. કાગડાનું બેસવું ને ડાળને પડવું, આવો ઘાટ મોટે ભાગે એમાં જોવાય છે. વળી ગૂઢ શક્તિઓ દ્વારા આવી તાકાત જેને લાધે છે, એ તો ગૂઢ બની જાય છે. બોલતા નથી કે ચાલતાય નથી. રે, લોકકલ્યાણ એમના અંતરના દર્દની દવા બની જાય છે, સામા પગે નિષ્કપટ ભાવે એ સહાય કરવા ચાલ્યા આવે છે, નહિ તો દુનિયા સળગતી હોય તોય એ પોતાની મસ્તીમાં પડ્યા રહે છે !

સાચી દિલની લાગણી ને સાચો આત્માનો પ્રેમ અદ્‌ભુત ને અગમ્ય અસરો નિપજાવે છે. જીવનના તાણા-વાણામાં જાણ્યાના તાણા કરતાં અજાણ્યાનો વાણો મોટો છે. એ તાણા-વાણાથી જીવન વણાયું છે. પણ એથી કોઈ ભ્રમમાં કે ભયમાં ન પડે. દરેક વાતનું

મૂલ્યાંકન કરવા જેટલા આપણે નીડર થઈએ ને પ્રમાણિક રહીએ.

પ્રજ્ઞાપરાધ એ જેમ રોગોનું મોટું કારણ છે, એમ અગમ્ય હેરાનગતિ–બાધાઓનું પણ એ એક કારણ છે. સંસારમાં છેતરપિંડી, પરઘાત કે પારકાને દુઃખી કરવાનો પ્રયત્ન ન કરીએ, તો ગમે તેવું દુષ્ટ સત્ત્વ માણસને ડરાવી શકતું નથી. ને સત્ત્વશીલ માણસ હંમેશાં એ બધાંથી અસ્પૃશ્ય રહે છે.

અધ્યાત્મક્ષેત્ર, ગૂઢ અનુભવો ને ચમત્કારો આ બધાંને ઝીણી ચાળણીએ ચાળવા માટે આ લેખોનું પ્રયોજન છે.

'મન કે હારે હાર હૈ, મન કે જીતે જીત.'

સાચાની સાબિતી નથી. ખોટાની ખાતરી નથી, એ બધાંને જ્ઞાન-વિજ્ઞાનનાં નવાં તોલાં ને નવાં ત્રાજવાં લઈને તોળીએ.

આ વખતે કેટલાંક ચરિત્રો આપ્યાં છે. અનુભવીઓના અનુભવ આપ્યા છે. ચવચવના મુરબ્બાની જાણે બરણી ભરી છે. ભારત અને ભારત બહારની વ્યક્તિઓ અને ઘટનાઓને પણ સ્થાન આપ્યાં છે. જ્યાંથી જે જાણવા ને નાણવા જેવું લાગ્યું તે પણ સંગ્રહિત કર્યું છે. સહુનો આભાર.

સો વાતની એક વાત એ છે કે -

પ્રાર્થના, જપ, મૌન, સ્તોત્ર-સ્તવન, સાકાર-નિરાકાર પ્રભુ-પૂજન, દાન અને દયા - આ સાથે ચારિત્ર્ય, નીડરતા ને સત્યનિષ્ઠા જરૂરી છે : આવો માણસ ભૂતડાંની ભાઈબંધી કરે તોય ડર નથી. આકાશી બલા સામે એ એકલો ખડો રહી શકે છે. કમનસીબીના અંધકારને એ પુરુષાર્થ ને શ્રદ્ધાના દીપથી આલોકિત કરે છે. સંસારના સમરમાં એ વિજયી સિપાહી તરીકે આગળ વધે છે, ને આખરે સેનાપતિ બની જાય છે – અપ્રતિમ આત્મશ્રદ્ધા ને આત્મશક્તિથી.

મનુષ્ય સાન્ત છે, ઈશ્વર કે આત્મા અનંત છે. એ અનંતને ઓળખવાનો આ આછોપાતળો પ્રયત્ન છે.

ગુજરાતના સુપ્રસિદ્ધ દૈનિક 'ગુજરાત સમાચાર'માં "જાણ્યું

ગુજરાતના સુપ્રસિદ્ધ દૈનિક 'ગુજરાત સમાચાર'માં "જાણ્યું છતાં અજાણ્યું" નામની લેખમાળાએ યોગીઓ, સંતો, સર્જનો, આચાર્યો ને નાનાવિધ વાચકોનું સારું એવું લક્ષ ખેંચ્યું છે. પ્રત્યુત્તર નહિ વાળવાના નિયમથી પત્રોનો મોટો ગંજ પણ સામે છે. એ પત્રોનો પ્રત્યુત્તર તો કોઈ પરમજ્ઞાની જ વાળી શકે. એવા જ્ઞાનનો આ લેખકનો દાવો નથી.

એ કટારમાંથી કેટલાક લેખો અહીં ઉદ્ધૃત કર્યા છે : એ માટે 'ગુજરાત સમાચાર'ના તંત્રી શ્રી શાંતિલાલ શાહનો હું ઋણી છું.

મુનીન્દ્ર

ચમત્કારો ને પ્રભુ

યોગાચરણથી ચમત્કારિક શક્તિઓ પ્રાપ્ત થઈ શકે છે. આ સિદ્ધિઓ, એ પ્રાપ્ત કરનારને ચમત્કારો સર્જવા સમર્થ બનાવે છે. કુદરતના કાયદાઓને નિરોધી શકે એવી વિસ્મયકારક આ શક્તિઓ છે. આ શક્તિઓ દ્વારા કેટલાક યોગીઓ એવાં કાર્યો કરે છે, કે જેના તરફ બીજાઓ, નવાઈથી જોઈ રહે છે. આ યોગીઓના શિષ્યો આ 'શક્તિઓ' અને 'ચમત્કારો'ની જાહેરાત કરતા ફરે છે.

ભગવાન રામકૃષ્ણ કહેતા કે આવી શક્તિઓ પ્રાપ્ત કરી એ દ્વારા લોકોને તાજ્જુબીમાં નાખવા એ યોગ્ય નથી.

કોઈ આવીને એમને કહેતું કે : 'પેલા ગામમાં એક જબરા ચમત્કારિક યોગી આવ્યા છે, એને મળવું જોઈએ.'

પરમહંસ જવાબ વાળતા : 'ત્યાં જશો નહીં. એમને જોવાથી તમને કશો લાભ થશે, એવી માન્યતાથી એમને મળવાનું ટાળજો.'

યોગીઓના આ ચમત્કારો ઠગારા છે એવું તેમણે કહ્યું નથી. એમણે તો માત્ર એટલું જ શીખવ્યું કે ચમત્કારિક શક્તિઓ પ્રાપ્ત કરવી એ પ્રભુને ભજવાનો સાચો માર્ગ નથી.

'બ્રહ્મના શોધનારના માર્ગમાં આ શક્તિઓ એ કાંટાળા ઘાસ સમાન છે. એમાં ગૂંચવાશો નહીં. તમારી માંદગીને મંત્રોથી દૂર કરનારા પાસે કે યોગની શક્તિથી તમારો મુકદ્દમો જીતી આપવાની વાત કરનાર પાસે જશો નહીં.

'સાચા ભક્તો પ્રભુની કૃપા સિવાય અન્ય કશું ઈચ્છતા નથી. અમુક ચોક્કસ શક્તિઓ ભક્તિ, યોગાચરણ તેમ જ શિસ્ત દ્વારા પ્રાપ્ત થઈ શકે. આમ છતાંયે આ શક્તિઓ બહુધા એમની મેળે જ આવતી હોય છે. સાચા ભક્તો એ શક્તિઓને પ્રાપ્ત કરવાના સભાન પ્રયાસો નહીં કરે.

'જો આપણે ખાઈએ છીએ તો આપણે મળમૂત્ર અને પરસેવાને બહાર ફેંકી દઈએ છીએ, પણ કેવળ મળત્યાગ માટે જ

કોઈ આહાર કરતું નથી. સાચા ભક્તો ભક્તિ કે યોગનું આચરણ સિદ્ધિઓ મેળવવા નહીં કરે. સિદ્ધિઓ મળ સમાન છે.'

સિદ્ધિઓ પ્રાપ્ત કરવાથી અહંકાર વધે છે. તેથી ભક્તિને એ અવરોધે છે અને પ્રભુપ્રાપ્તિના માર્ગમાં સહાયભૂત બનતી નથી. આથી શ્રી રામકૃષ્ણે સિદ્ધિઓને યોગની અવગણનારૂપે ઓળખાવી છે.

રામકૃષ્ણ કહેતા એ કથા અહીં રજૂ કરી છે : એક યોગી એના ગુરુ પાસે ગયા અને કહ્યું : "મેં ચૌદ વરસ સુધી એકાંતમાં તપ આચરી પાણી પર ચાલવાની શક્તિ પ્રાપ્ત કરી છે."

ગુરુએ પ્રત્યુત્તર વાળ્યો : "વત્સ, તેં આટલી મહેનત શા માટે લીધી ? તારાં ચૌદ વરસ પાણીમાં ગયાં ! કેવળ પચીસ પૈસામાં નાવિક તને પેલે કિનારે લઈ ગયો હોત. તેં પ્રાપ્તિ કરેલી સિદ્ધિનું મૂલ્ય પચીસ પૈસા જેટલું જ છે."


સિદ્ધિની શોધમાં કોઈએ દિવસો બગાડવા નહીં. પ્રભુની કૃપા પામવા સાચી ભક્તિનું આચરણ કરવું. તેમના ચમત્કારોથી તમને લલચાવવા ઈચ્છતા યોગીઓનો સથવારો જતો કરવો.

– રાજાજી

જાણ્યું છતાં અજાણ્યું - ૧

(યોગ-શક્તિ)

અનુક્રમ



૧. યોગશક્તિ

પ્રત્યેક પ્રાણધારી પાસે બે પ્રકારના દેહ હોય છે : એક સ્થૂળ દેહ અને બીજો સૂક્ષ્મ દેહ.

સ્થૂળ દેહની જવા-આવવાની, કાર્ય કરવાની શક્તિ નજરે નીરખી શકાય છે, પણ સૂક્ષ્મ દેહની કાર્યસાધના અપૂર્વ હોય છે. ઝારીના નાળચા વાટે આખો ને આખો માણસ નીકળી જાય તોય તે દેખી શકાતો નથી.

સૂક્ષ્મ દેહની પ્રચંડ કાર્યશક્તિનો એક અજબ કિસ્સો આપણા ગુજરાતમાં જ નોંધાયેલો છે.

પચાસેક વર્ષ પહેલાંની વાત છે.

સૌરાષ્ટ્રનું એક મોટું રજવાડું છે.

તેના એક દીવાન છે.

વિચક્ષણ ને વિદ્વાન છે.

પોતાના રાજા વતી તેઓ લંડનની પાર્લમેન્ટ સાથે એક મુકદ્દમો લડે. એ માટે ખતપત્રો અને દસ્તાવેજ લઈને તેમને લંડન જવાનું થયું.

તેમણે મુંબઈથી એક મદ્રાસીને કામ કરવા માટે સાથે લીધો. આ મદ્રાસી રસોઈ કરતો, કપડાંની ઈસ્તરી પણ કરતો, પત્રવ્યવહાર પણ કરતો. દાઢીની દાઢી ને સાવરણીની સાવરણી જેવો આ માણસ એમને બહુ ફાવી ગયો. પૈસાની કે ખાવાની મદ્રાસી બંધુને લેશ પણ લાલચ નહોતી.

એનું નામ વેંકટ હતું.

દીવાન સ્ટીમર માર્ગે લંડન પહોંચ્યા. એક દહાડો મુસાફરીનો થાક ઉતારવામાં ગાળ્યો. હવે કેસ ચાલવા આડે એક દિવસ ને એક રાત બાકી રહ્યાં.

દિવસ આખો વકીલ-બૅરિસ્ટરોની સલાહમાં વીતી ગયો. રાતે તેઓ આવતી કાલના કેસ માટે ઉપયોગી કાગળોની ફાઈલ તૈયાર કરવા બેઠા, ત્યારે છેલ્લી ઘડીએ માલૂમ પડ્યું કે મૂળ (ઓરીજિનલ) દસ્તાવેજ સાત હજાર માઈલ દૂર પોતાને ઘેર કબાટમાં રહી ગયો છે. હવે શું થાય ?

દીવાનના મન ઉપર ખૂબ જ ધક્કો લાગ્યો. પોતાની થોડીક ભૂલ, થોડીક ગફલત, પોતે જેનો વફાદાર સેવક છે એ રાજા અને પ્રજાનું ગજબનું અહિત કરશે ! એ વિરામખુરશીમાં જ ઘાયલ સિંહની જેમ તરફડિયાં મારવા લાગ્યા.

રસોઈયો વેંકટ આ વખતે દૂધનો પ્યાલો લઈને દરવાજામાં દાખલ થયો. એ ભારે ચકોર હતો. એણે જોઈ લીધું કે યુદ્ધમાં લક્ષ્મણજીને છાતીમાં સાંગ વાગી હતી, એવી કોઈ અદૃશ્ય સાંગથી દીવાનજી ઘાયલ થયા છે ને જો આ જખમનો ઉપચાર કરવામાં ના

આવે તો આ ભલા માણસને અકાળે પળિયાં (ધોળા વાળ) કાં અકાળ મૃત્યુ લાધશે.

વેંકટે ટેબલ પર દૂધનો પ્યાલો મૂકતાં અંગ્રેજીમાં કહ્યું : "હજૂર ! આપના દિલ પર ભારે ચોટ લાગી છે. આપના માટે મને અત્યંત લાગણી જન્મી છે. મેં ઘણા દીવાનો જોયા છે પણ ઘણા તો દીવાના નજરે પડ્યા છે. તમે ખૂબ ડાહ્યા છો, શાણા છો, કર્તવ્યનિષ્ઠ છો. મને આપની હાલત કહેશો તો કદાચ હું આપને મદદ કરી શકીશ."

દીવાન મહામુત્સદ્દી તરીકે પંકાયેલા હતા, પણ અત્યારે અંધારા સાગરમાં ઊંડા ડૂબી રહ્યા હતા. ડૂબતો તરણાને પકડે એમ તેઓએ મદ્રાસી વેંકટને કહ્યું :

"એક મહત્ત્વનો દસ્તાવેજ ભારતમાં, મારા શહેરમાં, મારા ઘરમાં, મારી તિજોરીમાં રહી ગયો છે. એ કાગળ વગર હું કદાચ કેસ હારી જાઉં ! અને તો મારા પ્રિય રાજાની, મારી વહાલી પ્રજાની મારા હાથે કુસેવા થાય. ભાઈ વેંકટ ! પછી મને જીવવાનો કદાચ મોહ પણ રહે નહિ."

મોટા માણસો મોંફાટ રડી શકતા નથી, પણ એમના સ્વરો જુવાન વિધવાના આક્રંદને ભુલાવે તેવા હતા.

વેંકટનો ચહેરો પળવારમાં ફેરવાઈ ગયો. એણે કહ્યું કે હું કાગળિયાં લાવી દઉં તો ?

"એ કેમ બને ?" દીવાનને કંઈ સૂઝ પડી નહિ.

"આ ઓરડીમાં મને એક કલાક બંધ રહેવા દો. વચ્ચે ખોલશો તો મારા દેહને હાનિ કરશો." વેંકટે કહ્યું, ને એ તરત એક ઓરડો બંધ કરીને બેસી ગયો.

એક કલાકે બારણું ખૂલ્યું !

દીવાન વિચક્ષણ માણસ હતા. એમણે સાંભળ્યું હતું કે આવા કામમાં ઉતાવળ કાર્યનાશક બને છે. પાછળ ન જોઈશ, એમ કહીને આગળ ચાલતી વ્યક્તિ જ્યારે ઉત્કંઠાથી મુખ પાછું ફેરવે છે ત્યારે સાધેલી શક્તિ વિનષ્ટ થાય છે.

વેંકટના જમણા હાથમાં દસ્તાવેજ હતો. એના ઓષ્ઠ દૃઢ રીતે બિડાયેલા હતા. એની સાથે વાત કરી શકાય એવી એની પાર્થિવ ભાવમુદ્રા જ નહોતી. એ કાગળ આપી પાછો ઓરડામાં ચાલ્યો ગયો.

બીજે દિવસે કેસનું કામ ચાલ્યું. દસ્તાવેજ રજૂ કરવાનું કહેવામાં આવ્યું. દસ્તાવેજ રજૂ થયો, ને કેસ પૂરો થયો.

ફેંસલો ચારેક દિવસ પછી આવવાનો હતો, પણ હવે દીવાન અને મદ્રાસી વાત કરતા નહોતા. મૂંગા મૂંગા કામ પતાવતા હતા.

એક દહાડો દીવાને મૌન તોડ્યું ને કહ્યું :

"આ દસ્તાવેજ અહીં કેવી રીતે આવ્યો તે મને કહેશો તો તમારો આભારી થઈશ."

વેંકટ પહેલાં મૂંગો રહ્યો, પછી બોલ્યો :

"મારી યોગશક્તિથી આવ્યો. હું એક યોગી છું. અમુક કારણસર તમારી સાથે છું, અમુક સમય રહેવાનો છું."

દીવાને પૂછ્યું, "તો તમે મારા નોકર નહિ પણ મારા માનવંતા મહેમાન છો. મને કૃપયા આ શક્તિ વિષે થોડું સમજાવશો ?"

વેંકટ દીવાનની માનવતા પર પ્રસન્ન થઈ ગયો ને બોલ્યો :

"એ મહાશક્તિનું નામ કુંડલિની છે. એ સર્પાકાર છે ને પ્રત્યેક માણસના શૌચસ્થાનની પાસે મોંમાં પૂંછડી નાખીને ઊંઘતી પડી હોય છે. યોગ દ્વારા એનું ઉત્થાન કરવાનું હોય છે, અને એ માટે ષટ્ચક્રના ભેદ કરવો પડે છે."

વેંકટ થોડી વાર થોભ્યો. એના મુખ પર નૂરનો દરિયો વહેતો હતો. આગળ એ બોલ્યો :

"ષટ્ચક્રમાં પહેલું ચક્ર શૌચસ્થાન પાસે મૂલાધાર નામે હોય છે, અને બીજું ચક્ર અંડકોશ પાસે સ્વાધિષ્ઠાન નામનું હોય છે. આ બેમાં થઈને મહાશક્તિ કુંડલિની પસાર થાય ત્યારે ક્ષુધા-પિપાસા

તથા શારીરિક હાજતો પર કાબૂ આવી જાય છે. એટલે શરીરમાં વગર ખાધે ઓજસ આવે છે. આ પછી ડૂંટી પાસે મણિપુરચક્ર અને હૃદય પાસે અનાહતચક્ર હોય છે. આ ચાર ચક્ર ભેદીને મહાશક્તિ કુંડલિની ઉપર આવે ત્યારે માણસ ઘણા ચમત્કારો કરી શકે છે. પણ સાચી રૂપવતી નારી જેમ રૂપને ઢાંકે, એમ યોગીએ ચમત્કારોથી દૂર રહેવાનું હોય છે, નહિ તો સ્વાર્થાંધ નર-નારનાં ટોળાં એની સિદ્ધિ નષ્ટ કરી નાખે છે."


વેંકટ થોભ્યો. દીવાન તો શાણો શિષ્ય થઈને બેઠો હતો. એનું મૌન ગુરુને વ્યાખ્યાતા બનાવતું હતું.

"ગળાના ઘોઘરા પાસે વિશુદ્ધ નામનું ચક્ર છે, ને બે ભ્રમરો વચ્ચે આજ્ઞા નામનું ચક્ર છે. આ ષટ્ચક્રને ભેદીને કુંડલિની જાગ્રત થઈ બ્રહ્મરંધ્ર પાસે પહોંચે ત્યારે એ અમૃત-સ્ત્રાવિની બની જાય છે, એને જાગ્રત કરી એની જીભ સાથે માણસ જીભ જોડે એટલે માણસ અનેરો અપૂર્વ આનંદ અનુભવે છે, ને જે ધારે તે સિદ્ધ કરી શકે છે. દુન્યવી ભોગ એને ગંદકી જેવા લાગે છે. સૂક્ષ્મ દેહ દ્વારા કાર્યસાધના એ એમાંનો એક પ્રકાર છે. અને એ પ્રકારે તમારું કામ થઈ ગયું છે. કૃપયા આગળ વિશેષ ચર્ચા કરશો નહિ."

ને પછી આગળ વાત ચાલી નહિ ! વેંકટ એ પછી થોડે દહાડે મુંબઈના કિનારે ઊતરતાં જ અદૃશ્ય થઈ ગયો, શોધ્યો જડ્યો નહિ.

દીવાને ઘેર આવીને લોઢાનું કબાટ તપાસ્યું તો એમ ને એમ હતું, ને દસ્તાવેજ એમાં પડ્યો હતો !

તો લંડનમાં વેંકટે આપેલો દસ્તાવેજ ક્યાં ? જે બૅગમાં એ મૂક્યો હતો, એમાં નહોતો. દીવાનને લાગ્યું કે આનું નામ જાણ્યું છતાં અજાણ્યું !



૨. યોગ અને શ્રી અરવિંદ

"**આ**પણે પ્રભુની એરણ પર લોઢું છીએ.

"પ્રભુ ઘા કરે છે,

"આપણા વિનાશ માટે નહિ –

"આપણા પુનર્ઘટન માટે."

શ્રી અરવિંદ ઘોષે ઈ. સ. ૧૯૦૬માં આ માન્યતા સાથે 'વંદે માતરમ્' પત્ર શરૂ કર્યું. લીલા રંગના કાગળ પર એ છાપવામાં આવતું હતું.

આ પત્ર રાષ્ટ્રીય ચળવળનું પત્ર હતું; ને તેમાં સિદ્ધ કરવામાં આવતું કે 'હિંસા દ્વારા હિંસાનો પ્રતિકાર કરવો.

સ્વતંત્રતાના આંદોલનમાં અન્યાયનો પ્રબળ પ્રતિકાર કરવો. એથી જનતામાં ઉત્સાહ, દૃઢતા ને ઐક્ય સિદ્ધ થાય છે.

'આક્રમણનો સામનો કરવો. એથી પીડિત જાતિમાં પ્રાણ પેટાય છે.

'વિશ્વાસઘાત ને દેશદ્રોહ કદી બરદાસ કરવા નહિ.

'આઝાદી ઈચ્છનાર પ્રજાએ ત્રાસ અને જુલમ માટે તૈયાર રહેવું જોઈએ. જુલમથી તો પ્રજા તૈયાર થાય છે.'

શ્રી અરવિંદના 'વંદે માતરમ્' પત્રે ભારે ક્રાન્તિ જગાવી. 'સ્ટેટ્સમૅન'ના ભૂતપૂર્વ એડિટર મિ. રેડકિલફે કહ્યું કે શ્રી અરવિંદ ક્રાંતિકારી રાષ્ટ્રવાદી છે, આગ વરસાવનાર પત્રના તંત્રી છે.

એક વેળા શ્રી અરવિંદે એક શ્રીમંતને જવાબ આપતાં કહ્યું :

'થોડાં વર્ષોથી તમે સ્વદેશીની ચળવળમાં ખૂબ પૈસા આપ્યા છે, અને એ પૈસાથી દેશની સેવા થાય છે; પણ મીઠાની અને ખાંડની રાજનીતિથી કાંઈ દેશ ઓછો સ્વતંત્ર થવાનો છે ? દેશને સ્વતંત્ર કરવો હોય તો સર્વસ્વ અર્પણ કરવું જોઈએ અને જીવન પણ આખરે અર્પણ કરવું જોઈએ. દેશને મુક્ત કરવો હશે તો મૃત્યુના ભયને પણ જીતવો પડશે.'

આ વખતે શ્રી અરવિંદ દેવીદેવતા કે ખુદ ઈશ્વર વિષે કંઈ શ્રદ્ધા ધરાવતા નહોતા. ઈ. સ. ૧૯૦૩-૪થી તેઓને યોગ તરફ અભિરુચિ થઈ. શ્રી દેશપાંડે પાસે તેમણે સાધનાનો આરંભ કર્યો. શ્રી લેલે હઠયોગ અને બીજાં આસનો કરતા અને શીખવતા.

શ્રી અરવિંદ માટે આ વખતે દેશ પહેલો હતો. તેઓએ કહ્યું કે જો યોગસાધનામાં સંસારનો ત્યાગ કરવાનો હોય તો તે મને મંજૂર નથી.

સામો જવાબ મળ્યો કે યોગથી શક્તિ પેદા થાય છે, ને તેનો વિનિયોગ દેશસેવા માટે થઈ શકે છે.

શ્રી અરવિંદના અંતરના પડદા પાછળની કોઈ અકળ વસ્તુએ તેમની પાસે યોગસાધનાનો સ્વીકાર કરાવ્યો અને આધ્યાત્મિક જીવનનો પ્રારંભ બાજુ પરના દ્વારથી થયો.

શ્રી અરવિંદે પ્રાણાયામ શરૂ કર્યા અને થોડા વખતમાં મસ્તકની આજુબાજુ જાણે વીજળીનો કરન્ટ ચાલતો હોય એવો એમને ભાસ થયો. મચ્છરો ખૂબ હોય તોય તેમની નજીક આવતા નહિ.

આ વખતે નાગા સંપ્રદાયનો એક સાધુ તેમને મળ્યો. એણે માતા કાલીનો જાપ શીખવ્યો, પણ કાંઈ પરિણામ પ્રાપ્ત થયું નહિ. શ્રી અરવિંદના મન પર યુરોપના સંસ્કારો હજી ઘણા હતા, ને દેવીદેવતામાં શ્રદ્ધા નહોતી.

એક વાર તેઓ ગુજરાતમાં આવેલા ચાંદોદ કરનાળીમાં આવ્યા. આ વખતે તેઓએ માંસાહાર છોડ્યો હતો, એટલે શરીરમાં લઘુતા, સ્ફૂર્તિ ને શુદ્ધિનો અનુભવ થતો હતો. ચાંદોદમાં ઘણાં મંદિરો છે. કાલીના મંદિરમાં શ્રી અરવિંદ ગયા, ને તેમણે મૂર્તિ સામે જોયું ત્યારે દેવીની હાજરીનો સાક્ષાત્કાર થયો. ગરવી ગુજરાતની ભૂમિ પર શ્રી અરવિંદમાં ઈશ્વરની આસ્થાનાં મૂળ દૃઢ થયાં. આ વખતે શ્રી અરવિંદ એક ખમીસથી ચલાવતા અને કેન્વાસના બૂટ પહેરતા. ગાડીમાં પાટિયા પર હાથનું ઓશીકું કરીને સૂઈ જતા.

શ્રી અરવિંદના યોગદીક્ષાના ગુરુ લેલે સતત એમને દોરવણી આપતા. શ્રી અરવિંદે જ્યારે એમને તાર કર્યો ત્યારે એમને સહજ રીતે સ્ફુરણા થયેલી કે મારે વડોદરા જવાનું છે, ને કોઈ મહાપુરુષને યોગદીક્ષા આપવાની છે.

શ્રી લેલેએ કહ્યું કે યોગસાધનાની પ્રતીતિ માટે તમારે થોડો સમય રાજકીય કામ બંધ કરવાં જોઈએ. શ્રી અરવિંદ ગુમ થઈ ગયા, ને વડોદરા શહેરમાં ત્રણ દિવસ એકાંતમાં ગાળ્યા.

શ્રી લેલેએ પ્રથમ તેમને મનને શૂન્ય - વિચારરહિત કરવા કહ્યું ને જણાવ્યું : જો એમ થશે તો કોઈ અવાજ સંભળાશે. ત્રણ દિવસની સાધનાથી મન વિચારશૂન્ય - નિસ્પંદ થયું પણ અવાજ સંભળાયા નહિ. પણ તેમને અણધારી રીતે નિર્વાણનો અનુભવ થયો.

૧૯૦૮માં શ્રી લેલેએ શ્રી અરવિંદને પૂછ્યું :

'તમને અંદરથી કોઈ દોરવણી મળે છે ?'

'હા.' શ્રી અરવિંદે કહ્યું.

'તો હવે મારા તરફની સૂચનાની જરૂર નથી.' શ્રી લેલેએ કહ્યું.

શ્રી અરવિંદ લેલેને મુંબઈ સાથે લઈ ગયા. હવે અહીં તેઓને મનની નિસ્પંદ અવસ્થામાંથી નીરવ બ્રહ્મનો સાક્ષાત્કાર થવા માંડ્યો. મુંબઈની ધમાલ, એનાં મોટાં મહાલયો તેમને માટે કચકડાની ફિલ્મ જેવી કોઈ સપાટી પરની વસ્તુઓ બની ગયાં.

આ વખતે રાષ્ટ્રીય પક્ષ તરફથી તેમને ભાષણ માટે આમંત્રણ મળ્યું. તેઓ મૂંઝવણમાં પડ્યા; કારણ કે મન તો તદ્દન શાંત, શૂન્ય ને નિસ્પંદ બની ગયું હતું. ભાષણ કેવી રીતે કરવું ? પોતાની મૂંઝવણ શ્રી લેલેને કહી.

શ્રી લેલેએ કહ્યું : 'આમંત્રણ સ્વીકારો. સભામાં જાઓ. સભાને નારાયણરૂપે નમસ્કાર કરીને પ્રાર્થના કરશો એટલે જે બોલવાનું હશે તે આપોઆપ આવશે.'

શ્રી અરવિંદને શરૂમાં મૂંઝવણ લાગી, પણ શ્રી લેલેએ કહ્યું હતું તેમ કર્યું; અને સુંદર પરિણામ આવ્યું.

પોતાના માર્ગદર્શક લેલે વિષે લખતાં શ્રી અરવિંદ કહે છે :

'લેલેમાં તે વખતે અસાધારણ શક્તિ હતી.

'લેલે સામાન્ય માણસની કક્ષાથી ઘણા ચડિયાતા હતા.

'તેમની પાસે માણસની સામાન્ય ચેતનાને ઊર્ધ્વ ચેતના પ્રત્યે વાળવાની શક્તિ હતી.

'મને પોતાને તેમની પાસેથી ત્રણ વસ્તુઓ મળી :

(૧) મનને નીરવ કરવાની અનુભૂતિ અને નીરવ બ્રહ્મચેતનાનો સાક્ષાત્કાર. (૨) સ્થૂળ મગજનો ઉપયોગ કર્યા વિના લખવાની ને બોલવાની શક્તિ. (૩) મારી જાતને ઊર્ધ્વ ચેતનાની દોરવણી નીચે મૂકવાનો અભ્યાસ.'

શ્રી અરવિંદ દિવ્ય જીવનના આદર્શ તરફ વળ્યા, ને પ્રકૃતિનું સમૂળું રૂપાંતર કરી જીવનમાં પ્રભુને પ્રગટ કરવાનો નિરધાર કર્યો.

હવે પોતાના ગુરુ લેલેથી છૂટા પડવાનો વખત આવ્યો. શ્રી લેલેએ જરૂરી સૂચનાઓ આપવા માંડી. આ વખતે અકળ રીતે મળેલા એક મંત્રની વાત શ્રી અરવિંદે કરી.

શ્રી લેલેએ કહ્યું : 'જેણે તમને આ મંત્ર આપ્યો છે, તેના પર તમે પૂરો ભરોસો રાખી શકશો ?'

શ્રી અરવિંદે કહ્યું : 'હા.'

'બસ, તો તમને સૂચનાની જરૂર નથી.'

કલકત્તા આવ્યા પછી શ્રી લેલેએ પૂછ્યું, 'તમે પહેલાંની જેમ સવાર-સાંજ ધ્યાન કરો છો કે નહિ ?'

'ના.' શ્રી અરવિંદે કહ્યું.

શ્રી લેલેએ કહ્યું : 'કોઈ આસુરી શક્તિએ તમારો કબજો લીધો છે.' ને કેટલીક શિખામણો આપી.

શ્રી અરવિંદની સ્થિતિ અત્યારે પૂરેપૂરી ચોવીસ કલાક માટે ધ્યાનધારણાની હતી. તેઓએ નિર્ણય કર્યો કે હવે મારે માનવ-ગુરુની જરૂર નથી. અંતરના ગુરુ પર ભાર મૂકીશ. અલબત્ત, સાધનામાં સંભળાતા પ્રેરક અવાજોમાંના બધા દિવ્ય હોતા નથી, એટલું જ નહિ, કેટલાક અજ્ઞાની પણ હોય છે ને કેટલાક આસુરી પણ હોય છે.

સાધક તરીકે શ્રી અરવિંદ સાવધાન બન્યા, ને વિવેકથી કામ લેવા લાગ્યા. એમણે પોતાના વિજ્ઞાનયોગના પાયામાં સીધી પ્રભુની પ્રાપ્તિ અને પ્રભુની જ દોરવણીનો આગ્રહ રાખ્યો.

હવે શ્રી અરવિંદનું લખાણ પેન પકડતાં જ ઝરણાની જેમ વહેવા માંડ્યું.

યોગદૃષ્ટિવાળા અરવિંદ હજીય દેશની મુક્તિ ઝંખતા હતા, પણ પહેલાં જે રીત અખત્યાર કરતા, તેનાથી આ રીત જુદી હતી, ને પહેલાં જે રીતના શબ્દો હતા તેનાથી જુદા બોલાતા હતા. એક કૉન્ફરન્સમાં તેમણે કહ્યું :

'કોઈ માણસ – ટિળક કે અશ્વિનીકુમાર – રાષ્ટ્રીય ચળવળના નેતા નથી. આ ચળવળનો નેતા ખુદ ઈશ્વર છે : ને

હાલના અંગ્રેજ રાજપુરુષોએ ફેલાવેલો દમનનીતિનો વંટોળિયો પ્રભુએ પોતાના મહાન હેતુ માટે મોકલ્યો છે. આપણે તેનું સ્વાગત કરીએ. આધ્યાત્મિક સિદ્ધિવાળા અને તમામ દુઃખોને સ્વેચ્છાએ સ્વીકારનારા મહાન તપસ્વી પૂર્વજોનાં આપણે સંતાન છીએ. આપણે એ માતાનાં સંતાન છીએ, જે પોતાના પતિને અનુસરવા હસતે મુખે જલતી ચિતામાં પ્રવેશ કરતી.

'સ્વરાજ એટલે આપણા રાષ્ટ્રીય જીવનની સિદ્ધિ. પ્રભુને અવતાર લેવો છે : તે માટે પ્રજાના હૃદયે વસ્યો છે. આપણે હિંદીઓએ એક પ્રજા તરીકે જાગૃતિ સેવવી જોઈએ.

'શક્તિ અવતરી છે; અને તેણે પ્રજામાં પ્રવેશ કર્યો છે. લાંબા વખતથી હું પ્રજાની જાગૃતિ માટે પ્રયત્ન કરી રહ્યો છું; અને હવે વખત આવ્યો છે. હું તેને આઝાદી તરફ દોરી જઈશ.

'મારે જે કહેવાનું હતું તે મારી પાસેથી છીનવી લઈને આવી વાણી બોલવા માટે મારા મુખમાં મૂકવામાં આવી છે. આ વાણી હું જ બોલી શકું ને તે હવે પૂરી થઈ છે.'

યોગદ્રષ્ટા શ્રી અરવિંદના અંતરમાંથી એક અવાજ સંભળાતો હતો કે : ભારતમાં અતિમનસના અવતારની તૈયારી છે : અને એ સમય પાસે આવી રહ્યો છે !

શ્રીકૃષ્ણનો જન્મ જેમ કારાગારમાં થયો હતો, એમ એ અતિમનસનો જન્મ પણ કારાવાસમાં થવાનો હતો.

શ્રી અરવિંદના મહારાષ્ટ્રીય ગુરુ શ્રી વિષ્ણુ ભાસ્કર લેલેના વિચારો હવે શ્રી અરવિંદથી જુદા પડતા જતા હતા. લેલે અદ્વૈતની વિરુદ્ધ હતા.

આ વખતે મહાન ક્રાંતિકાર બારીને શ્રી લેલેને કલકત્તા તેડ્યા. તેમની ઈચ્છા દેશને માટે સમર્પિત ક્રાંતિકારી જુવાનોને યોગનું જીવન અને આધ્યાત્મિક તાલીમ અપાવવાની હતી. શ્રી લેલેએ તે શરૂ કર્યું, ને જુવાનોને તે માટે પસંદ કરવા માંડ્યા.

મહાન ક્રાંતિકારી શહીદ શ્રી પ્રફુલ્લ ચાકીની આ માટે પસંદગી થઈ અને શ્રી લેલેએ તેને માટે ખાસ આગ્રહ રાખ્યો. પણ પ્રફુલ્લ ચાકી

શ્રી અરવિંદને છોડવા માગતો નહોતો. આખરે શ્રી અરવિંદ વચ્ચે પડ્યા ને કહ્યું કે, જોડાવું-ન-જોડાવું સ્વૈચ્છિક રાખવું જોઈએ.

શ્રી અરવિંદ અને શ્રી લેલે વચ્ચે મતાંતરની ખાઈ ખોદાઈ રહી હતી. સાધનાની અમુક પદ્ધતિ, અમુક નિયમ, અમુક શાસ્ત્રીય સિદ્ધાંતને વળગી રહેવાનો શ્રી લેલેનો આગ્રહ હતો. શ્રી અરવિંદ એને સાધનની ભુલભુલામણી કહેતા. તેમણે કહ્યું કે મારું યોગસાધન તો અંતરના ઈશ્વરની ઇચ્છાને સંપૂર્ણપણે મારે સમર્પિત થવું એ જ છે. મારી અંદર જે પ્રભુ બેઠો છે, એને મેં મારી જાત સોંપી છે. એ લખાવે તેમ લખું છું, બોલાવે તેમ બોલું છું. મને આ રીતે જ નીરવ, નિષ્ક્રિય બ્રહ્મચેતનાનો (નિર્વાણનો) સાક્ષાત્કાર થયો છે.

એક તરફ શ્રી અરવિંદ અંતર્મુખ બની યોગસાધનાના માર્ગ પર ચાલ્યા જતા હતા, ત્યારે ક્રાંતિકારી મંડળો દીવાનાં બની દેશભક્તિના રાહ પર બૉમ્બ ને રિવૉલ્વર લઈને આગળ વધતાં હતાં, ને શહીદ થતાં હતાં.

ઈ. સ. ૧૯૦૮ના એપ્રિલમાં ચંદ્રનગરમાં બૉમ્બ પડ્યો. થોડે દિવસે મુઝફ્ફરમાં બૉમ્બ ફાટ્યો. અંગ્રેજ સરકાર ચમકી ગઈ. ક્રાંતિકારી મંડળોની ધરપકડ થવા લાગી. શ્રી પ્રફુલ્લચંદ્ર ચાકી પણ પકડાયો. પોતાના મોંથી કોઈ માહિતી નીકળી ન જાય એ માટે એણે આત્મહત્યા કરી લીધી.

૧૯૦૮ની ૪થી મેએ શ્રી અરવિંદની રિવૉલ્વરની અણીએ ધરપકડ થઈ. અને ધીરે ધીરે બીજી ધરપકડો કરી કોર્ટમાં બેંતાળીસ જણા સામે કેસ દાખલ કરવામાં આવ્યો. આ માટે પોલીસે ચાર હજાર લેખિત કાગળો, ત્રણસોથી ચારસો પુરાવાનાં સાધનો ને બસો બાવીસ સાક્ષીઓ રજૂ કર્યાં. કામ જડબેસલાક હતું.

આ વખતે કનાઈ દત્ત નામના જુવાને સરકારી સાક્ષી નગેન ગોસ્વામીનું દવાખાનામાં ખૂન કર્યું. કનાઈ પકડાયો ને એને ફાંસી થઈ. થોડે દહાડે પોલીસ પ્રૉસિક્યૂટરનું ખૂન થયું.

શ્રી અરવિંદ અલીપુર જેલની એકાંત ઓરડીમાં હતા. આ જેલનિવાસે એમની યૌગિક સાધના બળવત્તર બનાવી. અનુભૂતિઓ

ખૂબ વધવા લાગી. ગીતા અને ઉપનિષદ વાંચવા લાગ્યા ને ધ્યાનમાં કલાકોના કલાકો વિતાવવા લાગ્યા.

અંગ્રેજ સરકારે ક્રાંતિકારીઓને નામશેષ કરવા - મિટાવી દેવા માટે બીડું ઝડપ્યું હતું. શ્રી અરવિંદ માટે ઓછામાં ઓછી કાળાપાણીની સજા હતી.

પણ શ્રી અરવિંદ તો મનોમય પ્રદેશમાં ઊંડા ઊતરી ગયા હતા. બધા તેમને પોતાના કેસ પર ધ્યાન આપવા કહેતા, પણ શ્રી અરવિંદ તો આત્માનો અવાજ સાંભળતા હતા. એક વાર પોતાને બચાવવા આવેલા વકીલ મહાન સ્વાર્થત્યાગી શ્રી સી. આર. દાસને કંઈક સૂચના આપવા વિચારતા હતા, ત્યાં અંદરથી અવાજ આવ્યો :

'તારા પગની આજુબાજુ જે જાળ નખાઈ છે તેમાંથી આ માણસ (સી. આર. દાસ) તને બચાવશે. એને તારે સૂચના આપવાની નથી. હું સૂચના આપતો રહીશ.'

આ જેલનિવાસે પ્રભુના અવતારનું કામ ઝપાટાભેર કરવા માંડ્યું. પોતાના કાર્યને પ્રભુની દોરવણી મળે અને તે પાર પાડવા આધ્યાત્મિક શક્તિ ને બળ પ્રાપ્ત થાય, તે હેતુ બર આવવા માંડ્યો.

જીવનમાં પરિવર્તન થયું. વ્યાપકતામાં વિકાસ થયો, ને જીવન સંપૂર્ણપણે સાધનાને સમર્પિત થઈ ગયું. કાર્યનો પ્રદેશ પણ દેશની સેવા ને રાજકીય મુક્તિથી વધુ વિશાળ બન્યો.

શ્રી અરવિંદનું મૌન મુખ્ય સાધન બન્યું. ક્રોધની વૃત્તિ તો એમને હંમેશાં વિજાતીય લાગતી. કેટલાક અણધાર્યા ચમત્કારો થવા લાગ્યા.

એક દિવસે એક વૉર્ડર સામે નજર કરી, અને એ ધ્રૂજી હાલ્યો, ભાગ્યો અને એણે એના ઉપરીનું રક્ષણ માગ્યું. એણે કહ્યું કે, એ નજરના તાપથી મને બચાવો. મને કંઈનું કંઈ થાય છે.

એક વાર શ્રી અરવિંદ જમીનથી અધ્ધર રહે છે તેવા ખબર ફેલાયા. શ્રી અરવિંદે જ એનો ખુલાસો કરતાં કહ્યું કે, એક વાર મને થયું કે ઉત્થાપન જેવી શારીરિક સિદ્ધિઓ શક્ય છે ખરી ? અને થોડી વારમાં મેં મારું શરીર એવી રીતે ઊંચકાયેલું જોયું કે, મારા

બળથી હું એ પ્રમાણે કરી શકું નહિ. શરીરનો એક ઘૂંટણ જમીનને જરાક જ અડકેલો હતો. અને બાકીનું શરીર ભીંતની સાથે ઊંચકાયેલું હતું. શરીર જાણે નિરાધાર લટકી રહ્યું હતું. આ પ્રમાણે હું મારા શારીરિક બળના પ્રયત્નથી કદી કરી શકું નહિ.

આવા અનેક અસાધારણ અનુભવો જેલમાં થયા, પણ જાણે એ સાધનાના પ્રાથમિક અનુભવો હતા.

એક વાર જેલમાં એક પખવાડિયા સુધી સ્વર્ગસ્થ સ્વામી વિવેકાનંદનું સાન્નિધ્ય તેમને સાંપડ્યું ને તેમની વાણી સતત સંભળાયા કરી.

ન્યાયકચેરીમાં શ્રી અરવિંદ આવતા ત્યારે મૌન રહેતા ને ધ્યાનમાં મસ્ત રહેતા. આ વખતે શ્રી અરવિંદના વાળ તેલની સ્નિગ્ધતાથી ચમકતા દેખાતા. પણ તપાસ કરતાં જણાયું કે કેટલાક દિવસથી તેઓને માથામાં નાખવા તેલ જ મળ્યું નહોતું.

શ્રી અરવિંદની આંખો મોટા ભાગે બંધ રહેતી. પણ એ ખુલ્લી રહેતી ત્યારે જલધિજલના ઊંડાણ જેવી લાગતી. બંગાળના ગવર્નર સર એડવર્ડ બેકરે આ આંખોની ખૂબ પ્રશંસા કરી હતી.

કેસ ચાલ્યો. ગંભીર તહોમતો હતાં; અને શ્રી અરવિંદ બેપરવા હતા. તેઓ તો જોઈ રહ્યા હતા કે, ખુદ વાસુદેવ જજ બનીને આવ્યા છે, ને પોતાનો ફેંસલો લખી રહ્યા છે ! એક વાર જેલ, વકીલ ને કચેરી, જજ ને સિપાઈ બધાં તેમને કૃષ્ણરૂપ લાગ્યાં. ઈ. સ. ૧૯૦૯ની ૫મી મેએ શ્રી અરવિંદ નિર્દોષ છૂટી ગયા. આ વખતે સરકારે રાજકીય સુધારા જાહેર કર્યા.

શ્રી અરવિંદે કહ્યું : 'જ્યાં સત્તા મળે ત્યાં સહકાર.'

આ વખતે ઉત્તરપાડાના વ્યાખ્યાનમાં શ્રી અરવિંદે પોતાની આધ્યાત્મિક અનુભૂતિઓની વાત જાહેરમાં કરી. હવે તેઓ સંકલ્પ કર્યા વગર હાથમાં પેન લઈને બેસતા. જે કંઈ આવે તે યંત્રવત્ લખતા.

એક વાર એમને ઊર્ધ્વમાંથી અવાજ આવ્યો :

'ચંદ્રનગર જા.'

શ્રી અરવિંદ દસ મિનિટમાં તૈયાર થઈ ગંગા વાટે રવાના થઈ ગયા, અને અહીં ગુપ્તવાસમાં (ફેબ્રુ. ૧૯૧૦) રહ્યા. ચંદ્રનગરમાં સાધના સઘનપણે ચાલવા લાગી. સૂક્ષ્મ ભૂમિકાનાં દૃશ્યો પ્રત્યક્ષ થવા લાગ્યાં. કેટલીક દેવીઓ ધ્યાન વખતે દેખાતી ને પછી અદૃશ્ય થઈ જતી. એ દેવીઓમાં ઈલા, ભારતી, મહી, સરસ્વતી વગેરે હતાં.

શ્રી અરવિંદ અહીં વિવિધ પ્રવાહો અનુભવી રહ્યા. અંગ્રેજ સરકાર તેમને સાણસામાં ઝડપવા સતત જાગ્રત જ હતી, ને જાણે ચંદ્રનગર-પ્રયાણ પૂરતી ઝોકું ખાઈ ગઈ હતી. કેટલાક મિત્રો તેમને ફ્રાન્સ મોકલવા ચાહતા હતા, અને એમને અંતરનો આદેશ મળ્યો : 'પોંડિચેરી જા.'

પોંડિચેરી ફ્રેંચ રાજ્ય હોવાથી હિંદી દેશભક્તો અહીં આવીને આશ્રય લેતા. અહીં આવ્યા પછી લોકમાન્ય ટિળકનો સંદેશ મળ્યો કે તમે પાછા હિંદ આવો !

શ્રી અરવિંદે જણાવ્યું : 'મારે બ્રિટિશ હિંદમાં આવવું નથી. સરકારના ફરજિયાત મહેમાન બની આરામ કરવો નથી. હું કામમાં પડ્યો છું.'

આ કામ તે - અતિમનસના સત્યને જગતમાં અવતારવું.

પોંડિચેરી એમનું એકાંતનું સ્થળ ને તપસ્યાની ગુફા બન્યું. આજે તો એ જગતતીર્થ બન્યું છે.

એક દિવસ તેમણે દેશની આઝાદી માટે મથતા દેશભક્તોને માર્ગદર્શન આપ્યું :

'ક્રાંતિકારી ચળવળ બંધ કરો. હિંદની સ્વતંત્રતા સર કરવાની જવાબદારી શ્રીકૃષ્ણે પોતાને હાથ લીધી છે. હવે બધાએ યોગમાં સ્થિર થઈને કર્મ કરવું જોઈએ.

'હું રાજકીય કાર્યને હલકું ગણતો નથી. સંસારથી સંન્યાસવૃત્તિપૂર્વક વિમુખ થવું એ પણ પસંદ કરતો નથી. પદાર્થથી ઘૃણા કે તિરસ્કાર કરતો નથી. સંપૂર્ણ આધ્યાત્મિક જીવનમાં હું માનવીની સઘળી પ્રવૃત્તિઓનો સમાવેશ કરું છું.

'કાર્યસિદ્ધિ માટે મને ઉતાવળ નથી. જે બનવાનું છે તે ભગવાને નિશ્ચિત કરેલા સમયે બનશે જ.'

ઈ. સ. ૧૯૨૦થી શ્રી અરવિંદે એકાંતવાસ સ્વીકાર્યો. ૧૯૨૬ની ૨૪મી નવેમ્બરે જેને માટે તેઓ મથતા હતા તે અતિમનસનું અવતરણ થયું.

સાધનાની સિદ્ધિનો એ દિવસ બન્યો !

અને શ્રી અરવિંદના જન્મદિવસ ૧૫મી ઑગસ્ટે ભારતને આઝાદી પણ મળી.

□



૩. યોગીનો આત્મબલિ

'ગંગાનાં નીર જેટલાં પવિત્ર છે એટલા પવિત્ર એના કાંઠે ફરતા બે નરપુંગવો હતા.'

મુનીન્દ્રે આજનું પોતાનું ભાષણ એક અંગ્રેજી માસિકમાં જોતાં જોતાં ચલાવ્યું :

ગંગાએ ગાંગેય ભીષ્મની સંસારને ભેટ આપી હતી, એ વાત તો જગવિખ્યાત છે : એ જ ગંગાના પવિત્ર શીતલ કાંઠા પરથી વર્તમાન યુગના એક ભીષ્મની ભેટ સંસારને મળી હતી.

જે વખતની વાત થાય છે, ત્યારે સુદૃઢ બાંધાની બે વ્યક્તિઓ ગંગાના કાંઠે વાયુનો આસ્વાદ લેવા ઘૂમતી હતી.

એકનું નામ હતું પં. મદનમોહન માલવીય.

બીજાનું નામ હતું પં. મોતીલાલ નેહરુ.

અદ્‌ભુત આ જોડી હતી. એક સાત્ત્વિકતાની પ્રતિમૂર્તિ હતી. બીજી તેજસ્વિતામાં બીજા સૂર્યનારાયણ જેવી હતી. પ્રતિભા અને પવિત્રતાનાં પોત આજ આ ગંગાના કાંઠાને કીમતી બનાવી રહ્યાં હતાં.

એ વખતે પ્રતિભાએ એક ભારે નિઃશ્વાસ નાખ્યો, ને કહ્યું :

'માલવીયજી ! બધુંય છે, પણ પુત્રની શેર માટીની ખામી છે. શું એટલી માટી આપણને કોઈ આપી શકે નહિ ? જ્ઞાનવિજ્ઞાન, યોગ-અધ્યાત્મ બધુંય નકામું ?'

માલવીયજી પોતાના મહાન મિત્રની વંશના તંતુ અંગેની ચિંતાને પિછાણી રહ્યા. તેમણે ગંગાના વિશાળ કાંઠા પર એક ઊડતી નજર નાખી, ને મનમાં ને મનમાં પ્રાર્થના કરી. થોડી વારે એ બોલ્યા :

'ઓહ ! મા ગંગાએ ઘણાં આતુર હૈયાંને તૃપ્તિ બક્ષી છે, ઘણાં અગ્નિ જેવાં જીવનને શીતળતા સમર્પી છે, શું મારા મિત્રની પુત્રઝંખનાને એ સંતોષી નહિ શકે ?'

માલવીયજીનું ઋષિ સમું દિલ ઇન્તેજારી અનુભવી રહ્યું, ને બંને મિત્રો વેગમાં ને વેગમાં કાંઠા પર ટહેલી રહ્યા, ને ઠીક ઠીક દૂર નીકળી ગયા.

ગંગાનાં નીર એ જ ગતિથી વહ્યાં જતાં હતાં, ને સારસબેલડી એ જ બેવડી મોજથી સહેલ કરી રહી હતી.

આ વખતે એકાએક એક ભવ્ય વૃક્ષે આ બંને મિત્રોનું લક્ષ ખેંચ્યું, ને બંનેનાં મૂંગાં કદમ એ તરફ વળ્યાં.

હવામાં શીતળતા ને ભેજ હતાં.

સૂરજનારાયણનાં કિરણો કોમળ હતાં. ઠંડીની ચમકારી લાગતી હતી.

એ વખતે એ વૃક્ષની નીચે એક નગ્ન યોગી પદ્માસન વાળીને બેઠેલા નજરે પડ્યા.

અંતર અગમ્યતામાં રમતું હતું. એવે વખતે યોગીનાં દર્શન બંનેને ભાવી ગયાં, જાણે તૃષાતુરોએ મીઠા જળનો મહાસાગર દીઠો.

નીરવ એકાંત હતું.

પ્રણવધ્વનિ આછો આછો સંભળાતો હતો.

બંને જણા યોગીની સમીપ પહોંચ્યા ને નમસ્કાર કરી પાસે બેઠા.

યોગીની આંખો બંધ હતી.

બંધ આંખોથી જાણે યોગીએ બંનેનું સ્વાગત કર્યું, ત્યાં બેસવા કહ્યું.

માલવીયજી અને મોતીલાલજી સામે બેઠા.

થોડી વારે યોગીએ આંખો ઉઘાડી.

માલવીયજીએ કહ્યું : 'આપના વિશે ઘણી ચમત્કારિક વાતો અમે સાંભળી છે. અમને આપના દર્શનમાં જ ચમત્કાર લાગે છે. મારી સાથે મારા મિત્ર ને સાથી પં. મોતીલાલજી છે. એ કુશળ વકીલ છે. જાણીતા નાગરિક છે. એમને ઘેર કોઈ વાતની કમીના નથી.'

માલવીયજીની વાત પર લક્ષ આપવાને બદલે યોગી મોતીલાલજી તરફ નીરખી રહ્યા. થોડી વારે બોલ્યા :

'તમ બંને મહાનુભાવોનું હું ગંગાના જળથી અને ભર્ગનાં કિરણોથી સ્વાગત કરું છું. મારી પાસે બીજું કાંઈ નથી.'

'અમે જાણીએ છીએ. આપ દૈવી સંપત્તિના સ્વામી છો. મારે આપની પાસે એક યાચના કરવાની છે.' માલવીયજીએ કહ્યું.

'સાચા બ્રાહ્મણોની સંપત્તિ ધર્મ છે.'

'આપની વાત સાચી છે, પણ મારા મિત્ર માટે હું બ્રાહ્મણ આપની પાસે યાચના કરું છું.'

'સાચો બ્રાહ્મણ માગે એ ધન્ય ઘડી ! અને એને દાન કરવું એ દાતારના જીવનની ધન્ય ઘડી; પણ મારી પાસે તો ધ્યાન અને સમાધિ સિવાય કાંઈ નથી.' યોગી માલવીયજીના બ્રહ્મતેજ પર વારી ગયા.

'યોગીને કશું અસાધ્ય નથી. હું આ મારા મિત્ર માટે એક પુત્રરત્નની માગણી મૂકું છું. પુત્ર વિના વંશ ન ચાલે. પુત્ર વિના

પરિવાર ન જામે. પુત્ર વિના પ્રતિભા ને પ્રાણનો અંશ પૃથ્વી પર અવતરે નહિ !'

યોગી થોડી વાર આંખ મીંચી ગયા. વૃક્ષનાં પાંદડાં સોંસરવો પવન પાવા વગાડતો વહેવા લાગ્યો.

'બ્રાહ્મણશ્રેષ્ઠ માલવીયજી ! તમારા મિત્રના નસીબમાં દિલમાં દીવો કરે એવી દુહિતાઓ છે.'

'મહાત્માજી ! વંશનો દીવો તો પુત્ર રૂપી તપથી જલે. પુત્ર જોઈએ.'

'અશક્ય . . .' યોગી ટૂંકમાં બોલ્યા, ને એમની આંખ અનન્તોમાં રમવા લાગી.

'યોગી અશક્યને શક્ય કરી શકે છે.' માલવીયજીએ મંત્ર જેવી વાણી ઉચ્ચારી. 'આપની ખ્યાતિ મેં સાંભળી છે : મારા માટે નહિ, મારા મિત્ર મોતીલાલ માટે નહિ, આ પ્રાંત માટે નહિ, આ દેશ માટે નહિ, પણ વિશ્વ માટે એક પુત્રરૂપી જવાહર માગું છું.'

'ભારે મુશ્કેલીનું કામ છે.'

'મુશ્કેલને આસાન કરતાં યોગીઓને આવડે છે.'

'આ કામ મારી પાસેથી મારી વસ્તુનો બલિ માગે છે.'

'અમે આપની એ પ્રિય ચીજની કિંમત ચૂકવીશું.' મોતીલાલજી બોલ્યા. 'મારો વૈભવ આપને ચરણે અર્પણ કરીશ.'

યોગી મોતીલાલજીની સામે જોઈ ખડખડ હસ્યા, જાણે કિંમત ચૂકવવાની વાતની મશ્કરી કરતા ન હોય !

'કાલે આ સમયે આવજો.'

બંને મિત્ર હોંશભેર પાછા ફર્યા.

બીજે દિવસે ગંગાના કાંઠા પર યથાસમય બંને સાથે હતા. માલવીયજીના મનમાં ઉત્સાહ હતો, મોતીલાલજીના મનમાં ઉદારતા હતી. ધન, સુવર્ણ કે અલંકાર માગે તે અર્પણ કરવાની આકાંક્ષા હતી. અહીં એક સુંદર આશ્રમ ખડો કરી દેવાનો પણ મનસૂબો હતો, ને યોગીજીને જગવિખ્યાત કીર્તિ અપાવવાના મનોરથો પણ મનમાં ઘડ્યા હતા.

બંને નિશ્ચિત સ્થળે પહોંચ્યા ત્યારે દર્ભની પથારી પર યોગીરાજ પોઢ્યા હતા. આંખો બંધ હતી. મુખમાંથી ૐકારનો ધ્વનિ સંભળાતો હતો.

'પુત્રહીનતાના બલવાન તારા ભાગ્યલેખ પર મેખ મારવા હું મારું બલિદાન આપું છું. તને પુત્ર થશે. વત્સ, ગંગાજળ મારા મોંમાં મૂક !'

મોતીલાલજી ગંગાજળ મોંમાં રેડવા ગયા, એ સાથે એક જ્યોતિ યોગીના દેહમાંથી બહાર નીકળી. પં. મોતીલાલજીને લાગ્યું કે એ જ્યોતિ એમની કરાંગુલિ વાટે દેહમાં પ્રવેશી રહી છે.

છેલ્લો ૐકાર ધ્વનિ સંભળાયો ને વિલીન થયો.

ને યોગી પંચત્વ પામ્યા. એમનો ચંદનકાષ્ઠ જેવો દેહ ત્યાં નિર્જીવ પડ્યો હતો.

પં. માલવીયજીએ યોગીની ઉત્તરક્રિયા કરી. આ બનાવ પછી, એ બનાવ જ્યારે લગભગ ભુલાઈ જવા આવ્યો હતો, ત્યારે પં. મોતીલાલજીને ત્યાં સ્વરૂપરાણીને પેટ રૂપરૂપનો અંબાર દીકરો જન્મ્યો !

વૈભવનો પૂરેપૂરો વારસો જવાહરને મળ્યો. પણ આજીવન એનો પ્રેમ વૈરાગ્યના વારસા પર રહ્યો.

□



૪. યોગી દોલતરાય

જ્ઞાન જાણે છે, પ્રેમ પામે છે. સત્યની ઇચ્છાવાળો કોઈને ભોળવવા ઇચ્છતો નથી, મેળવવા ઇચ્છે છે.

મુનીન્દ્રના એક મિત્ર છે ઇન્દ્ર.

ઇન્દ્ર સંસારના સામાન્ય માનવીની કોટિના નથી. હૃદયદૌર્બલ્યથી પેદા થતા વહેમોના ઉપાસક નથી. કોઈ ભૌતિક કે દૈવિક શક્તિ એમને ડરાવી શકી નથી : ને કોઈ પાર્થિવ ઇચ્છા એમને લોભાવી શકી નથી.

એ જેટલા સંગી છે, તેટલા નિઃસંગી છે.

દિલની દોલતવાળા ને યોગના વૈભવવાળા શ્રી દોલતરાયનો એમના જીવનઘડતરમાં મોટો હિસ્સો છે. ભાંગવાની પળે ભાંગતા,

નાસવાની ક્ષણે નાસતા ને અસ્થિરતાની ઘડીએ અસ્થિર બનતા તેમને તેમણે અટકાવ્યા છે.

તેઓ પોતાની અનુભવપરંપરા રજૂ કરતાં જણાવે છે કે સત્યને જ્ઞાનરૂપે નહિ પણ આનંદરૂપે પામવાની ઇચ્છા મારા મનમાં એ વખતે ઘોળાયા કરતી હતી. સંસારીઓ વચ્ચે બેઠો હતો, પણ હૃદયની વ્યાકુળતા મનને ઘેરી બેઠી હતી.

જે બંધન વજ્રની બેડીનું નહિ પણ ફૂલની માળાનું હતું, ને છોડ્યું છોડાતું નહોતું, તે માતૃપ્રેમનું બંધન માતાનું મરણ થતાં છોડી ચૂક્યો હતો; ને હવે આ કોલાહલી સ્વાર્થી સંસારમાંથી નાસી જઈ, કોઈ એકાંતમાં યોગસિદ્ધિ હાંસલ કરવા ગૃહત્યાગ કરવાની સર્વ તૈયારીઓ કરી ચૂક્યો હતો.

આભમાં અંધારાં ઘેરાયાં. સર્વ કુટુંબીજનો નિદ્રાવશ થાય ત્યારે બરાબર બે વાગ્યે પ્રસ્થાન કરવાનો પાકો ઇરાદો થઈ ચૂક્યો હતો.

ઓરડામાં એક સાથી સાથે હું ભરાઈ બેઠો હતો. સંસાર મારા માટે નિઃસત્ત્વ બન્યો હતો, હું નિઃસંગી બન્યો હતો.

અગિયાર વાગ્યા હતા.

અમારું પ્રસ્થાન નજીકના સ્નેહી કે સ્વજનથી છૂપું હતું. અમે નિશ્ચિંત હતા.

ત્યાં એકાએક ઓરડીનું બારણું ખૂલ્યું.

જોયું તો દોલતરાય દરવાજામાં ઊભેલા.

એમણે રાતની નીરવ શાંતિનો ભંગ ન થાય એ રીતે કહ્યું :

'ઇન્દ્ર, સંન્યાસી થવાની કાંઈ જરૂર નથી !'

એ શબ્દોમાં આજ્ઞા હતી, એમ તો ન કહી શકાય; પણ એવું કંઈક જરૂર હતું કે સૂરજકિરણના સ્પર્શે હિમખંડ દ્રવી જાય, એમ અમારો નિર્ણય દ્રવી ગયો.

અમારા મનમાં બીજી તો કાંઈ આપત્તિ ન રહી. પણ એક વિપત્તિ એ ખડી થઈ કે અમારા સંન્યાસ અર્થે ગૃહત્યાગના સમાચાર એમને કોણે આપ્યા ? અમારા સિવાય તો કોઈ જાણતું ન હતું !

પણ મનપ્રામાણ્ય એટલું હતું કે પ્રશ્ન કે ઉત્તરની ક્રિયા ત્યાં આપોઆપ વિરમી ગઈ.

આ ઈ. સ. ૧૯૪૨ની વાત હતી : પણ ઈ. સ. ૧૯૩૫માં ભરૂચમાં સહુ પહેલી આવકવેરાના અધિકારી દોલતરાય સાથે ઓળખાણ થઈ. તેઓ શ્રી અરવિંદના ભક્ત છે, એ વાતનું ખેંચાણ થયું.

પછી તેઓની બદલી અમદાવાદમાં થઈ. શ્રી કનુ દેસાઈ(ચિત્રકાર)ના બંગલા 'દીપિકા' સામે એ રહેતા. એક પત્ની ને બે સંતાન એમને હતાં. હું તેઓની પાસે અંગ્રેજી શીખવા જતો.

એ વખતે દોલતરાયનું અંગ્રેજી બહુ વખણાતું. એક વાર શ્રી અરવિંદે કહ્યું હતું કે એમની ભાષા શેક્સપિયરના જેવી કાવ્યમય છે. વિલ્સન કૉલેજમાંના પ્રિવિયસના એમના નિબંધો બી.એ.ના વર્ગમાં વંચાતા.

દોલતરાય ગૃહસ્થાશ્રમમાં જીવે, પણ બોલે બહુ થોડું. લાગે કે તેઓ આ બાબતમાં નીરસ છે. હંમેશાં કંઈક ખોવાયેલા નજરે પડે.

૧૯૪૨ની વાત છે. સંન્યાસ લેવાની પૂર્વતૈયારીરૂપે હું એકાંતમાં રહેતો, ને ત્રાટકવિદ્યાના પ્રયોગો કરતો. એક વાર એકાએક તેઓ આવી પહોંચ્યા ને મને કહ્યું : 'આ શું કરો છો ? આ રસ્તો બરાબર નથી. એથી તો આંખ અને મગજ બંને બગડી જશે. હું તમને ધ્યાન શીખવીશ.'

એ દહાડે એમના વરદ હસ્તે ધ્યાનયોગનો આરંભ થયો. એમનો માર્ગ બહુ સરળ હતો. તેઓએ કહ્યું કે પોતાના ઈષ્ટ દેવનો જાપ કરવો. હૃદય પર એકાગ્રતા આણી મન શાંત કરવું. મન ભારે ચંચળ છે. મનમાં જે વિચારો આવે તે આવવા દેવા. એનો ખાસ પ્રતિકાર ન કરવો. રસ્તે ચાલતાં મારગમાં રિક્ષા મળે, ગાડી મળે, મોટર મળે, પણ આપણે ખાસ લક્ષ આપતા નથી : ને જોઈએ છીએ છતાં એ મનનો કબજો લેતાં નથી. એમ અન્ય વિચારો તરફ દુર્લક્ષ સેવવું. પ્રતિકાર કરશો તો બેવડો હુમલો થશે. ધીરે ધીરે એ વિચાર ચાલ્યા જશે; ને મન નિર્મળ થશે. ધ્યાન દૃઢ થશે.

આ પછી તેઓ સવાર-સાંજ આવવા લાગ્યા. ધ્યાનની પ્રક્રિયાઓ સમજાવવા લાગ્યા. અનુભૂતિ પૂછવા લાગ્યા. પછી રાજયોગ વાંચી સંભળાવ્યો. રામકૃષ્ણ કથામૃત વંચાવ્યું. રામતીર્થ ને રામદાસનાં ચરિત્રો વંચાવ્યાં. પછી શ્રી અરવિંદ વાંચવા આપ્યા ને કહ્યું :

'શ્રી અરવિંદ અનોખી યોગપ્રણાલિકાના જનક છે. સંભાળથી વાંચો.'

એક વાર ધ્યાન વિષે મુસાફર ને મજૂરની વાત કહેતાં કહ્યું : 'મુસાફરને તો પંથ કાપવો છે. મજૂરને બીડીની તલપ લાગે ને બીડી પીવા રોકાય તો ભલે, ચડસની તલપ લાગે ને રોકાય તો ભલે, પણ મુસાફરે પોતાનો પંથ આગળ કાપવો જ રહ્યો. મજૂર ભલે છેલ્લી ઘડીએ આવી મળે.'

આ પછી શરીર અને મનની પવિત્રતા એ ધ્યાનયોગી માટે અનિવાર્ય છે એમ બતાવતાં કહ્યું :

'જીવનશુદ્ધિ એટલી જોઈએ કે ભગવાનને પોકારીએ, ને પોકારતાં આવીને હાજર થાય.'

લગ્ન વિષે પણ વણમાગી સલાહ આપતાં તેઓએ લખ્યું કે :

'એક મિત્ર તરીકે, એક ભાવિક તરીકે, એક પ્રેમી તરીકે તમને વિનંતી છે કે જો તમારું લક્ષ્ય આધ્યાત્મિક હોય તો લગ્નના ઝપાટામાં આવશો નહિ.'

ઈ. સ. ૧૯૪૪માં સંન્યાસ માટે ગૃહત્યાગનો નિર્ણય છાંડ્યો : અને આધ્યાત્મિક જીવન માટે લગ્નમાં રસ તો નહોતો જ; એટલે દિલ દોલતરાયનું સંગી બન્યું !

એ સંગમાં અનેક અદ્ભુતોનાં દર્શન કર્યાં.

ઘણી વાર ઘેર તેલનો ડબ્બો કે અનાજની ગૂણ કોઈ મૂકી જાય. નામ ન મળે. ઠામ ન મળે. આ વખતે દોલતરાય વેદનાની એક ઉત્કટ પ્રતિમા બની જાય. શોધે નીકળે કે આ કોનું કામ ? મેં કોઈને ચાહીને અન્યાય કર્યો નથી; ને ન્યાય હોય ત્યાં કોઈને જતો પણ કર્યો નથી !

એ વખતે બર્મામાંથી નાસભાગ ચાલે. એક ઈવેક્યુઈ મિલકતનો ઝઘડો. ત્રણ લાખનો પ્રશ્ન. અસીલ રૂ. ચાળીસ હજારની કોથળી લઈ ઑફિસમાં આવ્યો.

દોલતરાયે લેશ પણ વ્યગ્ર થયા વગર કહ્યું :

'ભાઈ ! આમાં તો ભલભલા પડી જાય. પાછા લઈ જા, પાછા લઈ જા. કોઈને ન દેખાડીશ. બનશે તેટલી રાહત આપીશ.'

અધર્મથી એમને ધ્રુજારી આવતી.

ઈ. સ. ૧૯૫૦માં હું આઝાદ સોસાયટીમાં રહેતો હતો. ધ્યાન, એકાંત, સ્વાધ્યાય ચાલતાં હતાં. એકાએક ન જાણેલાં કારણોસર માંદો પડી ગયો. થરમૉમિટર સાત સાત ડિગ્રી તાવ બતાવે.

જાણ થતાં દોલતરાય મારી પાસે આવ્યા, ને સતત પાસે બેસી રહેવા લાગ્યા. બે દિવસે તાવ ઊતર્યો ત્યારે તેમણે કહ્યું :

'એક સુંદર યોગિની, જેના કેશ પગની પાનીને અડતા હતા, એ તમારા દરવાજે આંટા દેતી હતી. એની ઈચ્છા બૂરી હતી. પણ અંદર દાખલ થવાની ઠેઠ સુધી એ હિંમત કરી શકી નહિ.'

દિલની દોલત સિવાય દુન્યવી દોલતથી પરાઙ્મુખ દોલતરાયના શબ્દોમાં અવિશ્વાસ મૂકવાનું મને કોઈ કારણ નહોતું.

ઈ. સ. ૧૯૫૧માં સુરત ખાતે દોલતરાય માંદા પડ્યા. એક તો હાડકાંનું માળખું, એમાં ન જાણે કેટલાય દિવસનો તાવ, ઉપવાસ વગેરે. અને આ બધું ત્રણ માસ ચાલ્યું. શરીર સુકાઈને કાંટા જેવું થઈ ગયું. પથારીમાં પણ એમનો દેહ કળાય નહિ.

સિવિલ સર્જને છેલ્લી વાર તપાસી ભૂંગળી ખિસ્સામાં મૂકી. ખાનગીમાં કહ્યું કે માંડ સવાર દેખે !

દોલતરાયે મને તેડું મોકલ્યું.

હું સુરત ચાર વાગ્યે પહોંચ્યો. મારી પાસે બારીબારણાં બંધ કરાવ્યાં ને ભજન ગવડાવ્યું :

"ડૂબ, ડૂબ, મન ડૂબ;
રૂપનિધિમાં ડૂબ, ડૂબ !"

થોડી વારે મારી આંખો મળી ગઈ. દોલતરાય કમરામાં આંટા મારે.

મેં કહ્યું : 'એકદમ કેવી રીતે સાજા થયા ?'

'માતાના દૂધથી.' દોલતરાયે જવાબ આપ્યો.

ખરેખર ! કવિવર કહે છે કે રમત માટે ઝંખતા બાળકને રમકડું આપી શાન્ત કરી શકાય; પણ માતાના દૂધ માટે ઝંખતા બાળકને બીજા કશા વડે સાંત્વન આપી શકાતું નથી. ભારતીય હૃદયો માટે શાન્ત, શિવ ને અદ્વૈતની ઉપાસના માના દૂધ જેવી છે ! એ આસ્તિકને જેટલી સહેલી છે, નાસ્તિકને તેટલી મુશ્કેલ છે !

[૨]

નામ દોલતરાય.

ધંધે ઈન્કમટેક્સ ખાતાના અધિકારી : પણ એમને નાનપણથી ઈશ્વરની શોધની લગની લાગેલી.

મહેમદાવાદના વતની. જન્મ ઈ. સ. ૧૯૦૦માં. પિતા મહેમદાવાદના મામલતદાર. અનાવિલ બ્રાહ્મણ : પણ ઈશ્વરની શોધ પાછળ જીવ એવો બાળે કે ખાધુંપીધું વર્તાય નહિ. શરીર હાડકાંના માળા જેવું બની ગયું.

નોકરી બજાવતાં બજાવતાં દોલતરાય દિલની દોલત ખોજવા સાધુ-સંતોને મળવા લાગ્યા. સ્વામી રામકૃષ્ણ, સ્વામી રામતીર્થ, શ્રી અરવિંદનાં લખાણો વાંચવા લાગ્યા.

કોઈ અજાણ્યા યોગીઓના સંપર્ક પછી, ખાસ કશી મદદ મળી નહિ. પણ યોગનાં પ્રવેશદ્વાર ખૂલી ગયાં ને ધીરે ધીરે અંતઃપ્રેરણા ને અનુભૂતિ તેઓને હસ્તગત થઈ. એક વાર નડિયાદમાં અગાસીમાં યોગનાં સોપાન એકદમ ચડી ગયા, ને એટલા અંતર્મુખ થઈ ગયા કે નાડી પણ બંધ થઈ ગઈ. શ્વાસ પણ થંભી ગયા.

સગાંઓ અને સ્નેહીઓ એકત્ર થઈ ગયાં. ઘણા ઢંઢોળ્યા પણ જાગ્યા નહિ. સહુએ માન્યું કે નાડી બંધ છે, શ્વાસ થંભ્યા છે. કદાચ અકાળ અવસાન થયું હશે !

મરણોત્તર તૈયારીઓ થવા લાગી, ત્યાં તો તેઓ આંખ ખોલીને ખડા થઈ ગયા.

સંસારનો તમામ વ્યવહાર બાહ્યથી બરાબર ચાલતો હતો. લગ્ન થયાં હતાં. ઘરબાર વસ્યાં હતાં. સંસારથી સરસો રહે, મન મારી પાસ; એમ મન ક્યાંયનું ક્યાંય ભટકતું હતું. એ બ્રહ્માંડના ભેદ માટે તલસતું; ઈશ્વરના અસ્તિત્વને જાણવા ઝંખતું.

ધીરે ધીરે યોગશક્તિઓનો વિકાસ થતો ગયો. કોઈ કોઈ વાર ઘરમાં કહેતા :

'આજે ચાર વાગ્યે અમદાવાદથી ઈન્દ્ર આવશે.'

'કાગળ-પત્ર છે ?' પ્રશ્ન થતો.

જવાબ મળતો : 'ના.'

ને વળી થોડી વારે કહેતા : 'નવ વાગ્યા છે ને ! ઈન્દ્ર મોસંબી ખરીદવા અમદાવાદની બજારમાં ગયો છે, ને ટ્રેન માટે એને દોડાદોડી કરવી પડશે.'

સાંજે ઈન્દ્ર આવ્યો ત્યારે કહ્યું : સવારે નવ વાગ્યે તે અમદાવાદના બજારમાં ફળફળાદિ ખરીદવા નીકળેલો ને બજારમાં મોડું થતાં મહામહેનતે ગાડી પકડેલી.

ધીરે ધીરે દોલતરાયની દશા એટલી અંતર્મુખ બની ગઈ કે બાથરૂમમાંથી નીકળતાં વસ્ત્ર જ ન હોય, કાં કંઈને બદલે કંઈ વીંટી લીધું હોય.

ભોજન લેતાં લેતાં એ ખોવાઈ જતા, ને જ્યારે જડબાં દુખતાં ત્યારે એમ લાગતું કે હવે હદ બહાર ખવાઈ ગયું છે !

દોલતરાય કહેતા કે આપણી સાધના એવી હોવી જોઈએ કે ચેતન તો શું જડને પણ સાક્ષાત્કાર કરાવી શકીએ. આપણામાં શક્તિ હોય તો આ બૂટ પણ પોતાનું ભૂત-ભાવિ જાણી શકે !

ઈન્કમટૅક્સનું ખાતું. સોનાની મરઘી જેવું ખાતું. એમાં આ વ્યક્તિ જળમાં કમળની જેમ રહે, અથવા હાથમાં પગાર હોય ને કોઈ માગે તો અડધો કે આખો આપી દેતાં આંચકો અનુભવે નહિ. સહુ માને કે નક્કી એમનું મગજ ચસકેલું હોવું જોઈએ !

કેટલાક હમદર્દ મિત્રોએ તેઓને મુંબઈ આણ્યા. સંસારની સમસ્ત માયાના રંગ ત્યાં જોવા મળે, જાણવા મળે, માણવા મળે. ભલભલા યોગીનું ચિત્ત ચલાયમાન થઈ જાય.

હોટલોમાં ફર્યા, સિનેમામાં ઘૂમ્યા, નાટકશાળાઓ જોઈ. આખરે નાચનારીને ત્યાં લઈ ગયા.

ગાનારીએ કહ્યું : 'શું સાંભળવું છે ?'

'ભજન.'

ગાનારીએ ભજન ગાયું, પણ એ દોલતરાયની મુખમુદ્રા જોઈ રડી પડી. સાથેના સંગીઓને કહ્યું :

'અરે ! આવા માણસને અહીં શું કામ લાવ્યા ?'

દોલતરાય પગે લાગીને નીચે ઊતર્યા.

દીવાનાની દીવાનગી વધતી ચાલે. એક વાર તેઓને થયું કે શ્રીકૃષ્ણ પોતાનાં અનેક રૂપ કરે છે, એ માણસ માટે શક્ય છે કે નહિ ? યાગની એ એક પ્રક્રિયા તો નથી ને ?

એ વખતે નડિયાદના ઈન્કમટૅકસ ખાતામાં પોતે કામ કરે. એક રાતે એ બાવરા બની પોતાના શરીરને પોતે શોધવા લાગ્યા.

એ જ વખતે એમના પિતાજીને ત્યાં મહેમદાવાદમાં મોડી રાતે દોલતરાય પહોંચ્યા. પિતાએ પથારી આપી સુવાડ્યા.

સવારે પિતાજી કહે, 'તું ઉપર સૂતો હતો ને !'

'ના, હું નડિયાદથી ચાલ્યો આવું છું.'

પિતાજી અચરજમાં પડી ગયા, પણ દોલતરાય પોતાનાં બે શરીરની સિદ્ધિને પિછાણી ગયા. જો બે શરીર થઈ શકે તો બાવન કે સો શરીર કેમ થઈ શકે નહિ ? શ્રીકૃષ્ણની રાસલીલા એ ખરેખર યોગલીલા છે.

એક વાર મહેમદાવાદના ઘરમાં આગ લાગી. દોલતરાય ત્રીજે માળ બેઠા બેઠા વાંચે. ઘરમાંથી તમામ માણસો બહાર નીકળી ગયા. સહુએ દોલતરાયને ઊતરી જવા કહ્યું : પણ એ તો નિરાંતે વાંચતા રહ્યા. પ્રકરણ પૂરું કરીને ઊઠ્યા, ને જેવો આંગણામાં પગ મૂક્યો કે ઘર કડડભૂસ કરતું નીચે પડ્યું.

પોતાની માતાને એ વારંવાર કહે :

'તારા પારણામાં ભગવાન સૂતો હશે, તોય તને ખબર નહિ પડે.'

શ્રી અરવિંદની ફિલસૂફી ને યોગે તેમને આકર્ષણ કરેલું. તેઓ તેમની સાથે પત્રવ્યવહાર પણ ચલાવે. ઈ. સ. ૧૯૩૫માં અરવિંદે તેમના પત્રથી ખેંચાઈને તેમને પોંડિચેરી બોલાવ્યા.

તેમણે શ્રી અરવિંદને પ્રશ્ન કર્યો :

'ભગવાન છે ?'

'હા.'

'પ્રમાણ શું ?'

'મારા વચન પર વિશ્વાસ ! સમર્પણ થયા વગર કંઈ ન મળે, દોલતરાય ! એક મુદ્રાલેખ લખી રાખો : અવિશ્વાસ રાખવા કરતાં વિશ્વાસથી છેતરાવું સારું.'

પોંડિચેરીમાં એક વાર જઈને પાછા આવ્યા. ઈ. સ. ૧૯૩૬માં ફરી ગયા. આ વખતે વાંચતાં વાંચતાં કોઈ કાળી મૂર્તિ તેમની આંખ આગળ રમી રહી.

ધીરે ધીરે એ મૂર્તિ નજીક આવી. જોયું તો પાંત્રીસ ફૂટ ઊંચી મૂર્તિ ! ભયંકર મૂર્તિ !

દોલતરાય પાછલા પગે ખસ્યા : બારણું ખોલી શ્રી અરવિંદ પાસે પહોંચી ગયા. પૂછ્યું :

'મેં શું જોયું હશે ?'

'શક્તિનું સ્વરૂપ ! ભયંકરતાના સહવાસ વિના ઈશ્વરનું સાંનિધ્ય અશક્ય છે. તમે મહાકાળીનાં દર્શન કર્યાં.'

દોલતરાય વધુ ને વધુ અંતર્મુખ બનતા ગયા. વખત એવો આવ્યો કે જે ખાવાનું લે એમાં રામનાં દર્શન થાય. જે પીવાનું લે એમાં કૃષ્ણનાં દર્શન થાય. આ સ્થિતિ સતત દોઢ માસ ચાલુ રહી ! ન કંઈ ખવાય, ન કંઈ પિવાય ! ન ઊંઘ આવે, ન આરામ પ્રાપ્ત થાય ! દેહનું જ ભાન ભૂલી જવાય !

દોલતરાયને શ્રી અરવિંદ પર અગાધ શ્રદ્ધા, પણ પ્રારંભમાં માતાજી તરફ ભાવ નહિ.

માતાજી પણ આ વ્યક્તિ તરફ ખૂબ મમતા દાખવે, એમને ભોળા ને પ્રેમી જીવ કહે, અને હંમેશાં સાથે ધ્યાનમાં બેસે. કંઈ કહેવું હોય તો શ્રી અરવિંદ આમ કહે છે, એમ શીર્ષક બાંધીને જ વાત કરે.

એક દહાડો દોલતરાયે માતાજીની શારીરિક શોભા વિષે ટીકા કરી.

બપોરે એ માતાજી પાસે ગયા. સાવ એકાંતમાં એક મિત્ર સાથે માતાજી વિશે ચર્ચા કરી હતી, પણ અહીં શું ? જાણે એનો જવાબ ન હોય તેમ માતાજી એ વખતે રુક્ષ કેશ, ચીંથરેહાલ વસ્ત્રમાં હતાં.


દોલતરાય આ જોઈ ન શક્યા ને બોલ્યા :

'તું મારી મા છે ! મા, શોભા ધારણ કર ! શિશુને અંકમાં લે.'

માતાજીનો વરદ હસ્ત આ યોગસિદ્ધિવાળા આત્મા તરફ લંબાયો.

દોલતરાયે શ્રી અરવિંદના મંત્રનું પુનરુચ્ચારણ કર્યું : 'વિશ્વાસ રાખીને છેતરાવું સારું છે.'

□



૫. શ્રી કૃષ્ણપ્રેમ

અમદાવાદની દૂરની વાડીઓમાં એક દહેગામ પણ છે. વાડીએ મોરલા મોતી ચૂગવા આવે, એમ આ વાડીએ માનવ-મયૂર અનેક વાર ઊતરી આવે છે. આ વાડીના પ્રાંગણમાં રાધાબાગ નામનો બાગ છે, ને નીલાંચલ નામનો ઉદ્યાનપ્રાસાદ છે.

અહીં એક જ્ઞાનગરિમાવાળા પવિત્ર ગોસ્વામી વસે છે. નામ છે શ્રી મુગટલાલજી.

હંસ ચારો ચરતા હતા ત્યાં ચર્ચા નીકળી. કોનું મોતી અને કોનો ધાગો, એ ધ્યાનમાં નથી રહ્યું : પણ સારભાગ આવો છે :

'રામ સત્યનો અવતાર છે.'

'કૃષ્ણ પ્રેમનો પારાવાર છે.'

'સત્યમાં મધ્યાહ્નના સૂર્યની કઠોરતા છે. માણસની આંખ મીંચાઈ જાય છે. પ્રેમમાં ફૂલ જેવી સુગંધ છે. હૃદય બાગબાગ થઈ જાય છે. કૃષ્ણપ્રેમ પાછળ ભારતીય તો શું, યવન અને ગૌરાંગ જાતિઓ પણ દીવાની બની છે.

એવા એક દીવાનાની આ દાસ્તાન છે.

જાત તો અંગ્રેજ. અંગ્રેજને મન અન્ય જન વિસાતમાં નહિ. સારું એટલું એની દેહમાં અને એના દેશમાં. એ મુખે કહે નહિ પણ ખુમારી એવી બતાવે કે અંગ્રેજ બચ્ચાને જન્માવીને ભગવાને જાણે હાથ ધોઈ નાખ્યા છે.

અંગ્રેજનું નિશાન કોઈ સામે નમે નહિ. નેપોલિયનને પણ નાકલીટી ખેંચાવનાર અંગ્રેજ પ્રજા.

આવી અંગ્રેજ પ્રજા યુદ્ધે ચડે એમાં નવાઈ નહિ.

જર્મનીના બાદશાહ કૈઝરના નાકનું ટેરવું ખેંચવા ગયા અને લડાઈ છેડાઈ ગઈ. પહેલું વિશ્વયુદ્ધ ધરતી પર ખેલાયું. એ સન ૧૯૧૪થી ૧૯૧૮.

અંગ્રેજ વિમાનો ભયંકર બૉમ્બ પોતાના પેટાળમાં ભરીને જર્મન પ્રદેશ પર ફેંકી ગયાં. જર્મનો એથી સવાયા. એમનાં વિમાનોએ અંગ્રેજ પ્રદેશ પર ભયંકર ઝેરના ગોળા ફેંક્યા.

નિર્દોષ ગામડાંઓ ને ગભરુ માણસો ધરાશાયી બન્યાં. બે ભયંકર પ્રતિસ્પર્ધી ! વરુ કરતાં માનવીમાં વિશેષ વેરભાવ જાગ્રત થયો હતો. માણસ પણ પડદે ઢાંક્યો પશુ જ છે ને ! પ્રેમ જ એને માનવ બનાવે છે.

ફેંકો ઝેરી વાયુના ગોળા.

નિપજાવો શત્રુનો સર્વનાશ ! વેરધર્મીઓ પોકારે છે -

અંગ્રેજ કહે કે જર્મનનું જડાબીટ કાઢી અંગ્રેજ રાજ સ્થાપીશું.

જર્મન કહે કે અંગ્રેજનું અવનિ પરથી અસ્તિત્વ મિટાવી દઈશું.

આખો દહાડો આભમાં આગઝરતાં ભયંકર વિમાનો ઘૂમે.

એવું એક અંગ્રેજ વિમાન !

બૉમ્બથી સુસજ્જ ! બૉમ્બ ફેંકનાર કાબેલ વિમાનીથી તૈયાર.

એ વિમાનીનું નામ આર્નોલ્ડ નિક્સન.

નિક્સન નામીચો વિમાની હતો. એની નસેનસમાં અંગ્રેજ ખમીર હતું. એ બૉમ્બ ઝીંક્યે રાખતો હતો; અને નીચે પડેલા બૉમ્બથી થતી તારાજી જોઈને મલકાતો પણ હતો.

પણ જર્મન ગોલંદાજો ઓછા નહોતા. એક જર્મન વિમાન આકાશમાં અણધાર્યું આવી ચડ્યું, અને એણે નિક્સનના વિમાનને ભયંકર રીતે વીંધી નાખ્યું.

જર્મન ગોલંદાજ ચિત્તાનું હાસ્ય હસતો બોલ્યો :

'નીચે તરફડતા મારા દેશબાંધવો સાથે તુંય તરફડજે ! પાવળું પાણી પણ નહિ મળે અંગ્રેજને.'

નિક્સનનું વિમાન લથડ્યું. એ આકાશમાં ગલોટિયાં ખાવા લાગ્યું. હમણાં ક્ષણ બે ક્ષણમાં આખું વિમાન અને એના ગર્વિષ્ઠ સંચાલકો ભૂમિ પરની ખાખમાં ફેરવાઈ જશે. રે, મરતા અંગ્રેજને મૃત્યુની સેજ માટે શું શત્રુની ભૂમિ સાંપડશે ? ને કદાચ જીવી ગયા તો શું મૃત્યુથી પણ ભીષણ કારાગાર મળશે ?

નિક્સન નામીચો વિમાનવાહક હતો. પણ આજ એની કરામત કોઈ કામ કરતી ન હતી. વિમાન શત્રુપ્રદેશ પર બળે બળે લળી રહ્યું હતું.

નિક્સનના સર્વ પ્રયત્નો વ્યર્થ ગયા. એણે માતૃભૂમિનું ધ્યાન કર્યું.

આંખો બીડી. આંખો ખોલી ! અજબ ચમત્કાર સરજાયેલો જોયો.

રે ! આ શું ? એના વિમાનને કોણ ખેંચી રહ્યું હતું ? રે ! આંખ શું સાચું જુએ છે ?

કોઈ મોટા બે હાથમાં આખું વિમાન ઝિલાઈ ગયું હતું. એ બે હાથમાં બંસરી હતી. વિમાનને હળવેથી એ બંસરીવાળા હાથે

ઝીલીને અંગ્રેજ પ્રદેશમાં મૂકી દીધું. મા બાળકને ગોદમાં લઈ, નીચે મૂકે તેમ આસ્તેથી, આસાનીથી !

ઘાયલ નિક્સન બહાર નીકળી આવ્યો. એ હૉસ્પિટલની પથારીમાં પડ્યો. લાંબો ગાળો પથારીમાં પડ્યો રહ્યો. એના સાહસની અનેક ગાથાઓ છાપાંમાં આવી, પણ એને એમાં રસ ન આવ્યો - શરમ લાગી !

માણસ તે કંઈ જાનવર છે કે આ રીતે લડે ?

મારનાર કરતાં બચાવનાર મોટો છે. વેર કરતાં પૃથ્વી પર પ્રેમનો મહિમા મોટો છે. પૃથ્વી તો પ્રેમનું મંદિર છે !

નિક્સનની આંખો સામે મોટા બે હાથો રમી રહ્યા, અને પેલી બંસરી સ્મૃતિ પર આલેખાઈ ગઈ.

નિક્સન સાજો થયો. એ હવે ચાલી શકે તેમ હતો. એ એક દહાડો બહાર નીકળ્યો, ને એણે એક માણસના હાથમાં એક ફોટો જોયો.

રે ! આ જ એ હાથ, જે મેં સમરાંગણમાં જોયા હતા ! ને આ જ પેલી બંસરી, જેના દિવ્ય સૂર મેં સાંભળ્યા હતા !

નિક્સન આગળ ધસ્યો. છબી ઝડપી લીધી. પૂછ્યું :

'આ છબી ક્યાંથી આણી ?'

'જાપાનથી.'

'મારે એ વ્યક્તિને મળવું છે.'

નિક્સન મિત્રોને મળવા ન ગયો. મિજલસો જમવા ન રહ્યો. મેળાવડામાં ચાંદ-ખિતાબ લેવા ન ગયો. વહેલી તકે એ જાપાન પહોંચી ગયો.

જાપાનમાં ભાળ મળી કે આ ચિત્ર તો ભારતના એક દેવતાનું છે.

નિક્સન નાવ પર ચડ્યો. ભારતમાં આવ્યો. એણે પેલી વ્યક્તિની છબી ઠેર ઠેર જોઈ અને પછી એને ખબર પડી કે, આ તો દેવમૂર્તિની છબી છે. એ દેવનો ધર્મ ભક્તિ, સ્વભાવ પ્રેમ અને જીવન અર્પણધર્મા છે.

એનું નામ ભગવાન શ્રીકૃષ્ણ !

અંગ્રેજ નિકસનને શ્રીકૃષ્ણની લગની લાગી. એ પ્રવાસ કરતો લખનૌ આવ્યો. લખનૌમાં અંગ્રેજીનો પ્રોફેસર થયો. પણ કૃષ્ણની મૂળ કથા સંસ્કૃત ભાષામાં હતી અને એ કથા જાણ્યા વગર મજા કેમ પડે ?

નિકસન નવી સ્લેટ-પાટી લઈ સંસ્કૃત ભણવા બેઠો. સંસ્કૃત ભાષા તો દેવગિરા. એ દેવભાષાની ભૂમિ બનારસ-વારાણસી.

નિસકન વારાણસી આવ્યો.

સંસ્કૃત શીખ્યો. બનારસ હિંદુ વિદ્યાપીઠના વાઈસ-ચાન્સેલર. નામ શ્રી ચક્રવર્તી.

શ્રી ચક્રવર્તીએ નિકસનને આદરભાવ આપ્યો.

શ્રી ચક્રવર્તી જ્ઞાનમૂર્તિ હતા, પણ તેમનાં પત્ની પ્રેમમૂર્તિ હતાં. તેઓએ અંગ્રેજ નિકસનને પ્રેમધર્મ સમજાવ્યો. શ્રીકૃષ્ણનો સંદેશો સંભળાવ્યો.

નિકસન શ્રીકૃષ્ણમાં પ્રેમવંત બન્યા. પોતાનું નામ કૃષ્ણપ્રેમ રાખ્યું. બુદ્ધિમાં કડક પથ્થર જેવા હતા. ભક્તિના જળમાં ખડકને ડુબાડી દીધો, કણકણ થવા દીધો ને નિઃશેષ થવા દીધો. પ્રેમ જ સર્વસ્વ છે !

કૃષ્ણપ્રેમમાં તનમન અર્પણ કરી દીધાં.

કૃષ્ણપ્રેમે કહ્યું કે મારે પરમ સત્યને શોધવું છે, પણ પ્રેમ દ્વારા !

હૃદય પ્રણયમસ્ત બન્યું કૃષ્ણપ્રેમનું !

મન મદભર બન્યું કૃષ્ણપ્રેમનું !

એ દીવાના બની રહ્યા. શ્રીમાન અને શ્રીમતી ચક્રવર્તી ગુજરી ગયાં. કૃષ્ણપ્રેમ તેમની પાછળ રહેલી તેમની એકમાત્ર અપંગ પુત્રીની સેવા કરી રહ્યા. ખભા પર બેસાડી તીર્થયાત્રા કરવા પહાડ પર ચડ્યા, ખીણ ઊતર્યા. ગમે તેવી તત્ત્વચર્ચા કે વિચારણામાં બેઠા હોય, પણ ગુરુપુત્રીનો સાદ પડે, એટલે બધું છોડીને દોડી જાય ને સેવામાં લાગી જાય.

કૃષ્ણપ્રેમ પછી ખૂબ ઊંડા ઊતરી ગયા. એ કહેતા કે પ્રેમ વિરાટ શક્તિ છે. સંસારના સર્વ વિરોધો પ્રેમમાં લય પામે છે.

શ્રી કૃષ્ણપ્રેમ ભારતમાં ફર્યા. વૃંદાવન જોઈને તે પાગલ થઈ જતા. વૃંદાવનના રહેવાસીઓ તરફ ખૂબ આદર ધરાવતા. ઘણી વાર તેઓ કહેતા કે હું વૃંદાવનમાં છું. શ્રીકૃષ્ણની વાંસળી મને સંભળાય છે. ગાયોનું મસ્ત ગોરજવૃંદ મારી નજરે પડે છે. ખરેખર ! વૃંદાવનમાં જન્મવું એ મહાભાગ્ય છે.

શ્રી કૃષ્ણપ્રેમે હિમાલયમાં અલમોડામાં મીરતોલા ખાતે પોતાનો આશ્રમ સ્થાપ્યો.

આજાર ગુરુપુત્રીની ખૂબ સેવા કરી. આખરે તેનું મૃત્યુ થયું. મરતી વખતે તેની ઇચ્છા હતી કે વૃંદાવનમાં ને જમનાજીને કાંઠે એનો અગ્નિસંસ્કાર થાય.

શ્રી કૃષ્ણપ્રેમે રૂ. પંદરસોમાં એક મોટર ખરીદી, અને તેમાં ગુરુપુત્રીના શબને લઈને અલમોડાથી વૃંદાવન આવ્યા. અહીં શબને અગ્નિસંસ્કાર આપ્યો, ને સાથે મોટરને જમનાજીમાં પધરાવી દીધી.

શ્રી કૃષ્ણપ્રેમે ઘણું લખ્યું : તેમાં 'યોગ ઑફ કઠોપનિષદ', 'યોગ ઑફ ભગવદ્‌ગીતા' અને 'સ્ટેપ ટુ રિયલાઇઝેશન' પ્રસિદ્ધ છે.

ઈ. સ. ૧૯૬૬માં શ્રી કૃષ્ણપ્રેમે ગોલોકવાસ કર્યો.

□



૬. નિઝામ અને સાધુ

વિંધ્યાચળની તળેટી હતી, અને તળેટીને લગતું ઘોર અરણ્ય હતું.

અચાનક ચોમાસું બેઠું હતું. વર્ષાનું તાંડવ શરૂ થયું હતું. રાત વહેલી પડી ગઈ હતી : ને અંધકાર મનને બાવરું બનાવી રહ્યો હતો.

થોડી વાર હવા ને વીજળીનું તોફાન ચાલ્યું ને પછી વરસાદ મુશળધારે તૂટી પડ્યો. ચાલવાની કેડી પાંદડાં ને પાણીથી છવાઈ ગઈ. આરામ કરતા સર્પો દરમાં પાણી ભરાવાથી ફૂંફાડા નાખતા બહાર નીકળી આવ્યા. વનેચર પ્રાણીઓ પણ રઘવાયાં ઘૂમતાં હતાં.

આ વખતે એક મોગલ સવાર પોતાના સાથીઓ સાથે આગળ વધી રહ્યો હતો. પણ તોફાન એવું હતું કે તેના સાથીઓ રસ્તો ભૂલી આડાઅવળા ફંટાઈ ગયા.

સરદાર એકલો પડી ગયો. પણ એ મોગલ બચ્ચો હતો. પ્રકૃતિના તોફાનમાં એનું પુરુષત્વ અડોલ હતું. હૈયું હાથ હતું ને છાતીના ધબકારા લેશ પણ વધ્યા નહોતા.

અંધકાર અને વરસાદને ભેદતી નજર નાખતો એ આગળ વધ્યો. એ સિપાહી બચ્ચો હતો. કોઈના આધાર કે ઉપકારમાં એ માનતો નહોતો. આધાર ને ઉપકાર એક ખુદાતાલાનો !

છતાં મર્દાઈની કસોટી કરે એવી પળ હતી. રસ્તો હવે દેખાતો નહોતો. કોઈ ખાડો વચ્ચે આવે તો સરદારની ત્યાં ને ત્યાં જીવતી કબર બની જાય તેવી સ્થિતિ હતી.

નિરાશાની એક પળ મોગલ સરદારને સ્પર્શી રહી. ખુદાતાલાને એણે યાદ કર્યા ને એણે દૂર દૂર એક દીવો ટમટમતો જોયો. સવાર એ માર્ગે આગળ વધ્યો.

થોડી વારમાં એક ઝૂંપડી પાસે આવી પહોંચ્યો. અહીં તોફાન નહોતું, વરસાદ નહોતો, ને વાવાઝોડાની અસર પણ નહોતી. તેલ વગરનો એક દીવો શાંત તેજ ઢોળી રહ્યો હતો. ઝૂંપડી વચ્ચે એક તેજસ્વી સાધુ બેઠો હતો.

મોગલ સરદાર સાધુ પાસે ગયો ને નમ્યો. સાધુ શાંતિથી મૌન હતો. સરદારે પ્રશ્ન કર્યો :

"અંદર આવું ?"

જવાબ ન મળ્યો. સાત વાર પ્રશ્ન કર્યો, ત્યારે અવાજ આવ્યો :

"કોણ છે તું ?"

"શરણાર્થી."

"સાધુના શરણાર્થીનું કલ્યાણ થાય છે, બચ્ચા ! સાધુને કદી ભૂલીશ મા. ઝટ અંદર આવી જા. શેષનાગ ખળભળી રહ્યા છે. પૃથ્વી હાલકડોલક થઈ રહી છે."

સરદાર કૂદીને અંદર આવ્યો. સાધુના ચરણ પાસે જઈને બેઠો ને આડીઅવળી વાત ન કરતાં મુદ્દાની વાત બોલ્યો :

"સાધુરાજ ! ભૂખ લાગી છે."

"બચ્ચા ! મને ખબર હતી. સાંજે જ રોટલા લઈ આવ્યો છું. લે, ખા. તારું નામ કમરુદ્દીન અલીખાં ને ?" સાધુ કંઈ પણ અચરજ વગર બોલી રહ્યો.

સરદારને ભૂખ ખૂબ લાગી હતી. એણે ડોકું ધુણાવ્યું ને પોટલી છોડી રોટલાના ટુકડા ખાવા માંડ્યા. પેટ ભરીને ખાધા. પાસે એક માટલી પડી હતી. એમાંથી પાણી પીધું. ઓડકાર ખાઈને એ ઊભો થયો. સાધુએ પેલી પોટલીના બચેલા ટુકડા બતાવતાં કહ્યું :

"બચ્ચા ! એ ટુકડા બાંધી લે. તને કામ આવશે."

"મને કામ આવશે ? શું હું ભિખારી છું કે રોટલાના ટુકડા લઈને ફર્યા કરું ?" સરદારના અવાજમાં અભિમાન હતું.

"બચ્ચા ! અભિમાન ન કર ! તને યોગ્ય દેખી મેં આશ્રય આપ્યો. યોગ્ય દેખી તને સુદામાના તાંદુલ જેવા રોટલાના ટુકડા ખાવા આપ્યા. તેં રોટલા ખાધા. ઓડકાર ખાધા. એ અમીના ઓડકાર હતા. સાત પેઢી તારું રાજ તપશે. સાધુનો આભાર માન !"

"આભાર ને ઉપકાર એક ખુદાતાલાનો."

"બેટા, યાદ રાખજે. ખુદાતાલા દાઢી-ચોટી જોતો નથી. લાયકાત ને બિનલાયકાત જુએ છે. તું પણ તેમ કરીશ ત્યાં સુધી તારું રાજ તપશે."

સરદારનું વીર મર્દ લોહી ઊછળી રહ્યું હતું. સાધુ શું રાજ્ય આપે ? પોતાના દેહની શિરાઓમાં વહેતું લોહી રાજ અપાવશે.

"રાજ્યો તલવારથી જડે છે, ને તલવારથી જળવાય છે; સાધુ ! તારા રોટલા તારી પાસે. ખુદાતાલાના ભરોસે ચાલ્યો જાઉં છું."

સરદાર મેઘલી રાતે બહાર નીકળી ગયો. સાધુનો અવાજ આવ્યો :

"સાધુ ખુદાના ઘરનો ચાકર છે. આજે એક સાધુ તને રાજ આપે છે. એક દહાડો એક સાધુ તારા વંશજો પાસેથી એ પાછું લેવા આવશે. જા, સાધુના બોલે સાત પેઢી રાજ તપશે."

ને કડેડાટ કરતી વીજળી વનમાં તૂટી પડી. આખું રાન પ્રકાશિત થઈ ગયું. એ પ્રકાશમાં સરદાર ઘોડા પર ચડી ગયો, ને આગળ વધી ગયો.

એ રાત વીતી ગઈ.

એ વાત ભુલાઈ ગઈ.

કમરુદ્દીન અલીખાં હૈદરાબાદ(દક્ષિણ)નો સર્વેશ્વર બન્યો. ધીરે ધીરે એનો પ્રતાપ વધતો ચાલ્યો; અને નિઝામની બાદશાહી સરજાઈ.

અને પેઢી પછી પેઢી આવતી ગઈ, પણ દરેક પેઢીનો પુરુષ આ સાધુ ને નિઝામની વાત બુઝુર્ગ પુરુષો પાસેથી સાંભળતો આવતો.

ખુદાતાલાની કૃપા કે ધીરે ધીરે દક્ષિણ હૈદરાબાદના સ્વામી નવાબનો સિતારો ચઢતો જ ગયો, ને એક દહાડો વિશ્વના મહાન શ્રીમંતોમાં તેઓની ગણતરી થવા લાગી.

પોતાના બે કરોડ પ્રજાજનોના સ્વામી અને ૫૮ હજાર ચોરસ માઈલ પૃથ્વીના અધિપતિ નિઝામનો આંક સંસારમાં ઊંચો મુકાવા લાગ્યો.

પણ વખત પૂરો થયો. સાત પેઢીનું 'પેઢી-દર-પેઢીનું' સાધુભાખ્યું સામ્રાજ્ય પૂરું થવા આવ્યું ને નામદાર નિઝામને પોતાની બે આંખોમાંથી એક આંખ અણગમતી થઈ. તેઓની હિંદુ પ્રજા તરફ ખફા નજર થઈ, ને ઝનૂની મુસ્લિમોના તેઓ ભેરુ બન્યા.

હિંદુસ્તાનનો જ પ્રદેશ પાકિસ્તાનને સોંપવાની પેરવી શરૂ કરી.

આ વખતે એક અદના સાધુ સામે પડ્યો. એણે હાકલ કરી :

"નિઝામ સાહેબ ! સાત પેઢીનાં રાજપાટ પૂરાં થયાં. હું રામાનંદ તીર્થ ! કાં બંને આંખ સરખી રાખો, કાં રાજ છોડો."

નિઝામને હતું કે હું ઔરંગઝેબનું મુસ્લિમ શાસન પ્રવર્તાવું. કોમી ઝંડો ઊંચો કરું. મારો દીન પણ અમર તપશે, મારું રાજ પણ અમર રહેશે.

નિઝામે રાજને હિંદુવિરોધી બનાવ્યું. હિંદુઓ ઉશ્કેરાયા.

દુનિયાનો ધનકુબેર પોતાની અર્થશક્તિ પર મુસ્તાક હતો. પ્રજા પોતાની શક્તિ પર મુસ્તાક હતી.

આખરે કટોકટી ખડી થઈ. મુસ્લિમ રઝાકારો રાજા બની બેઠા.

નિઝામને પોતાના પૂર્વજો સાથે કહેવાતી આવતી દંતકથા યાદ આવી.

રાજ્ય પ્રજાને ભળાવી નિઝામે સલામતી શોધી લીધી.


એ મહાન નિઝામ પાસેથી ધીરે ધીરે સત્તા ગઈ, તંત્ર ગયું, પૈસો પણ ગયો.

ચીને ભારત પર ચડાઈ કરી, અને તમામ લોકો પાસે ફાળો માગવામાં આવ્યો, ત્યારે નિઝામે નેહરુ સરકારને લખ્યું :

"હું ઘણો ગરીબ માનવી છું. બહુ જ થોડું આપી શકું એમ છું."

સત્તા ગઈ, ધન ગયું : ને હાલમાં જ એ નિઝામનું અવસાન થયું.

□



૭. શ્રી પાલ બ્રન્ટન

એક અંગ્રેજ બચ્ચો !

લંડનનો નિવાસી.

ધંધે પત્રકાર. વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી જગતને જોનારો.

અંગ્રેજો એ વખતે નવા નવા મુલકો સર કરવામાં ને સર કરેલા મુલકો પર સામ્રાજ્ય જમાવવામાં પડેલા. કર્મમાં તલવાર. ધર્મમાં ક્રૉસ.

અંગ્રેજોએ કબજે કરેલા દેશોમાં ભારત પણ એક.

વિજેતાઓ જીતેલા દેશોને હંમેશાં પછાત, અજ્ઞાની ને કાયર લેખે છે.

ભારત વિશે પણ એવી ભ્રમણા સેવતા.

અંગ્રેજ સૈનિકો, અંગ્રેજ વેપારીઓ, અંગ્રેજ અમલદારો ને રાજકારણના પ્રવાસી લોકોના હાથે ભારતનું એક કઢંગું ચિત્ર યુરોપ-અમેરિકાને ભેટ થતું. કોઈ પૂર્વ તરફ આંખ ઉઠાવીને જોવા માગતું નહિ ! વાઘ, સાપ, અજ્ઞાની, વહેમી ને માણસખાઉનો દેશ ભારત, એમ માનતા.

એ તોછડા ગોરા લોકો કાળા, અર્ધનગ્ન ભારતીયોના સહવાસમાં આવવાની દુગંછા સેવતા, અને કહેતા કે :

'ભારતના લોકો ચૌદમી સદીના અંગ્રેજ ખેડૂત જેવા છે. અંધશ્રદ્ધામાં જીવે છે, વહેમને સત્ય માને છે, ને કોઈ વાતના વ્યર્થ વિતંડામાં કલાકોના કલાકો વિતાવે છે. સમયના મહત્ત્વના બિનજાણકાર અને પ્રમાદી છે. આવા લોકોના સંપર્કમાં આવવું અપ્રિય કામ છે : ને આવા લોકોથી દૂર રહેવું, તેમને દબાવવા ને તેમના પર કડક શાસન લાદીને ચાલવું - એ અંગ્રેજ પ્રજાની ફરજ છે. આવા લોકો સાથે બહુ ભળતાં હરએક અંગ્રેજે પોતાના અંગ્રેજ તરીકેના ગૌરવની રક્ષા તરફ સચિંત રહેવું ઘટે.'

વધારામાં એ ગોરા લોકો જાહેર કરતા :

'હજારો અંગ્રેજોએ અહીંની પછાત સભ્યતા જોઈ, એક તિરસ્કાર સાથે વિદાય લીધી છે. અહીં જોવા જેવાં સ્થળોમાં નિરર્થક મંદિરોના ભગ્નાવશેષો ને ચિરકાળ પહેલાં વિદાય લઈ ગયેલા દુરાચારી રાજાઓના મહેલો છે. પૂર્વની લાંબી અજ્ઞાનમૂલક માન્યતાઓમાં કંઈ સંશોધન કરવા જેવું પણ નથી. આ લોકો પોતાની રીતે કઢંગા, ગંદા ને વિચિત્ર છે. ટૂંકામાં સંસ્કૃતિપ્રિય અંગ્રેજ તેમના સહવાસમાં રહી ન શકે ને સ્વમાનભેર તેઓનો સંપર્ક સાધી પણ શકે નહિ.'

ભારતવર્ષ વિષે આવો અજ્ઞાન અને અવજ્ઞાભર્યો ઘોર મધરાત જેવો અંધકાર પ્રસરી રહ્યો હતો, ત્યારે પ્રભાતના તારા જેવા એક અંગ્રેજે ભારતના જીવનમાં રસભેર ડોકિયું કરવા પ્રયત્ન કર્યો. અને એમાંથી એને એક નવું સત્ય લાધ્યું ! એને ભારતના

યોગીઓના ચમત્કારો ને સંતોની સિદ્ધિઓની વાતોએ આકર્ષણ કર્યું. એણે કહ્યું :

'દેહથી જુદો કોઈ અનંત શક્તિશાળી આત્મા છે. આ આત્માની અને આધ્યાત્મિકતાની વાતો કરનાર ભારત બહુમૂલો દેશ છે. સાધુસંતો, યોગીઓ, મહાત્માઓ એના કીમતી નિધિ સમાન છે.'

આ અંગ્રેજ પત્રકારે ભારતના આ આધ્યાત્મિક જગત તરફ લક્ષ આપ્યું, ને પૂરતી માહિતી એકત્ર કરવા માંડી.

એક પચ્ચીસી પૂરી ભારતવર્ષમાં અમલદાર તરીકે ગાળી આવેલા એક સંસ્કારી અંગ્રેજને આ પત્રકાર મહાશયે હિન્દ અને તેના યોગીઓ વિશે પ્રશ્ન કર્યો.

પેલો અંગ્રેજ અમલદાર અવજ્ઞાપૂર્વક બોલ્યો :

'પૂર્વના ગરમ પ્રદેશમાં જીવવા જેવું કે જાણવા જેવું કંઈ નથી. અને યોગી એ કયા પ્રકારનું જાનવર છે, તે પણ હું જાણતો નથી.'

બીજો કોઈ હોત તો એની સંશોધકવૃત્તિ ભાંગીને ભુક્કો થઈ જાત; પણ એ પત્રકાર નિરાશ ન થયો. એને લાગ્યું કે અંગ્રેજો ભારતમાં ઉપરછલ્લું ને રાજકારણી જીવન જીવે છે. સત્યને સ્વીકારવામાં પૂર્વગ્રહ ન હોવો જોઈએ. હું ભારતના આધ્યાત્મિક જગતની શોધ જરૂર કરીશ. સત્યને એના અસલ રૂપમાં સ્વીકારીશ. પૂર્વગ્રહ નહિ રાખું.

એ અંગ્રેજે ગહન ગ્રંથો મેળવીને વાંચવા માંડ્યા. ગૂઢ રહસ્યોની વૈજ્ઞાનિક ખોજ શરૂ કરી. ને એને અમર અને જીવંત દૃષ્ટિ લાધી. છતાં એ અંગ્રેજ બચ્ચો હતો. એણે કહ્યું :

'ભારતવર્ષ પાસેથી ભાગ્યે જ કંઈ શીખવા જેવું છે, એ વાતનો હું જરૂર સ્વીકાર કરીશ. પરંતુ કોઈ પણ પ્રકારના સંકોચ વગર હું એ પણ જરૂર કહીશ કે ભારતના ભૂતકાળના અને આજના થોડા સંતો પાસેથી આપણે ઘણું શીખવાનું છે.'

ને આ અંગ્રેજ સંશોધક લંડનમાં જ તેવી વ્યક્તિઓના પરિચયમાં આવવા મંડ્યો. ગ્રંથો વાંચવા મંડ્યો. ધીરે ધીરે એને

આત્મિક પ્રકાશ અને દિવ્ય જીવન વિશે જાણવાની લગની લાગી. પૂર્વીય જ્ઞાનના ભંડારો ખોલવા એ કોલ બ્રૂક ને મૅક્સમૂલરની અદાથી કામ કરવા લાગ્યો.

અને એક દહાડો આત્મશક્તિવંત ચમત્કારી સિદ્ધ યોગીઓની શોધ કરવા ભારતવર્ષની મુસાફરીએ આવ્યો. જ્ઞાન અને અભ્યાસ માટે જોઈતાં વિવેક, નમ્રતા ને સાદાઈ એ સાથે લઈને આવ્યો. નગ્ન યોગીઓની સામે એ ચટાઈ પર બેઠો, ને પથ્થરની ચટ્ટાનો પર સૂતો.

પણ હિંદુસ્તાનમાં આવતાં તરત એના જાણવામાં આવ્યું કે હિંદનું આધ્યાત્મિક જગત જનતાથી સુદૂર ને ગુપ્તતામાં ઢંકાયેલું છે. યોગીઓ ને સિદ્ધો માનવસમાજથી દૂર ને એકાંતમાં રહે છે. કોઈનો પણ સંપર્ક એમને અકારો લાગે છે.

પુરાતન સાધનાનો આ આકરો પંથ હતો. જાહેર માર્ગો પર એની અવરજવર નહોતી. કીર્તિ કે નામનાનું, બહાર નીકળવા માટેનું કોઈ આકર્ષણ પણ ત્યાં કોઈને નહોતું. પરિચયના પ્રસંગે પણ મૂર્ખતાનો દેખાવ કરી આ યોગીઓ ને સિદ્ધો છટકી જતા. કેટલાક ક્ષુલ્લકતાનો દેખાવ કરી પ્રજાથી પિંડ છોડાવતા.

ઠંડા પ્રદેશના આ નિવાસીએ તમન્નાનાં તપ શરૂ કર્યાં. ગરમ રણો ને તપેલાં અરણ્યો ખૂંદવા માંડ્યાં. એક અંગ્રેજને અકળાવનારા તાપના દિવસો વીતવા લાગ્યા. ઊંઘ વગરની અનેક રાતો એણે પસાર કરી.

પણ પ્રવાસ જારી રાખ્યો, શોધ છોડી નહિ.

એને સાચાં મોતી તો મોડાં મોડાં લાધ્યાં, પણ આધ્યાત્મિક જગતને અભડાવનારાં તત્ત્વો વહેલાં વહેલાં લાધ્યાં.

સુદીર્ઘ અભ્યાસને અંતે એણે કહ્યું :

'ભારતીય જ્ઞાન વર્તમાન સભ્યતાને અનિવાર્ય બનેલી અખંડ માનસિક શાંતિ આપશે.'

'મારા માટે કહું તો હું ઈશ્વરને ભ્રાન્તિ માનતો. આત્મિક સત્યને શરીર પરના કાપડની જેમ સ્વીકારતો ને ઈશ્વરીય ન્યાયને બાળકબુદ્ધિવાળાઓની મીઠાઈ માનતો. એમાં આખું પરિવર્તન આવ્યું છે. હું અદ્‌ભુત જ્ઞાન પામ્યો છું.'

આ પરિવર્તનનો પહેલો પુરુષ એક જુવાન યોગી હતો, જે મૅટ્રિક પણ પાસ નહોતો. છતાં આ મહાન અંગ્રેજે એનો ઋણસ્વીકાર કર્યો.

છેલ્લે આ અંગ્રેજ સંશોધકે કહ્યું કે :


'હું ચમત્કારોમાં માનતો નથી. મારા જમાનાના મોટા ભાગના લોકો પણ માનતા નથી.

'છતાં મારે કબૂલ કરવું જોઈએ કે કુદરતના કાનૂનોનું આપણું જ્ઞાન હજી અપૂર્ણ છે, અને અગ્રગણ્ય વિકાસશીલ વૈજ્ઞાનિકો એ કાનૂનમાંના બીજા કેટલાક વધારે કાનૂનોની માહિતી મેળવશે, ત્યારે ચમત્કારનું નામ આપીને ઓળખાવી શકાય એવી વસ્તુઓ પણ આપણે કરી શકીશું.'

આ અંગ્રેજનું નામ પૉલ બ્રન્ટન.

એના પુસ્તકનું નામ 'ધી સર્ચ ઑફ સિક્રેટ ઇન ઇન્ડિયા'. ગુજરાતી અનુવાદ થયો છે 'ભારતનાં આધ્યાત્મિક રહસ્યોની ખોજમાં' નામે. આ અનુવાદ કરનારા છે જાણીતા બહુશ્રુત શ્રી યોગેશ્વર.

□



૮. યોગી રામૈયા

પૉલ બ્રન્ટન.

એક અંગ્રેજ પત્રકાર.

યોગીઓ અને સિદ્ધોની અજબ વાતો સાંભળી આધ્યાત્મિક દેશ ભારતવર્ષમાં આવ્યો.

અંગ્રેજ પ્રજાનું જન્મજાત અભિમાન એની નસોમાં વહેતું હતું. હિંદની પ્રજા અંગ્રેજોની ગુલામ પ્રજા છે, અને સામાન્ય રીતે ગુલામ પ્રજાઓ પાસે ખમીર કે સંસ્કારિતા હોતાં નથી; આ અંગ્રેજોની માન્યતામાં બ્રન્ટન ફક્ત અપવાદરૂપ હતો.

એનું મન નિર્મળ, મગજ પૂર્વગ્રહ વગરનું ને હૃદય સત્યપ્રિય હતું. અલબત્ત, પત્રકારની ઊંડી ખોજવૃત્તિ અને વૈજ્ઞાનિક સંશયવૃત્તિ એની સાથે હતાં. કોઈ વાત એમ ને એમ માની લે તેવો એ નહોતો.

ભારતવર્ષનાં અરણ્યો ખૂંદતો એ દક્ષિણમાં ગયો. ખડકો, ગિરિકંદરાઓ ને જળાશયોનાં ગુપ્ત રહેઠાણોમાં ઋષિમહર્ષિઓને મળવા એ સતત ઘૂમ્યો.

અંગ્રેજ સરકારે ભારતમાં ઘૂમવા માટે એને સમય અને દ્રવ્ય નિશ્ચિત મર્યાદામાં આપ્યાં હતાં. એણે અંગ્રેજોનો રોફ છોડી યોગ્ય નમ્રતા સ્વીકારી. ડોળ ને દમામ છાંડી એક જિજ્ઞાસુની અદા ધારણ કરી. સાદાઈ અને સંયમ પોતાનાં કર્યાં. કોઈ સાધુ કે ફકીર સામે ચટાઈ પર કે ધૂળ પર બેસતાં સત્તાધારી પ્રજાનું સંતાન હોવા છતાં એ શરમાયો નહિ.

ટૂંકા નિવાસ દરમિયાન એણે અનેક યોગીઓ અને સિદ્ધોની મુલાકાત કરી. એમાં એક સાવ અપ્રસિદ્ધ ને અપ્રસિદ્ધિમાં જ પોતાની સિદ્ધિ નિહાળનાર જુવાન યોગી રામૈયા સાથે એની મુલાકાત થઈ.

રામૈયાના ટૂંક પરિચયે એને ચમત્કારો ને અશક્ય ઘટનાઓથી અસંભવિત લાગતાં ભારતનાં આખ્યાનો વૈજ્ઞાનિક સિદ્ધિઓ જેવાં ભાસ્યાં. ભગવાન શ્રીકૃષ્ણે કાલિય નાગને નાથ્યાની અને સેવક બનાવ્યાની વાત કપોલકલ્પિત ન લાગી. આ વાત વાંચનારને ભગવાન મહાવીરની અને ચંડકૌશિક સર્પની વાત સહજ સત્ય લાગે એમ પણ છે. પુરુષ પ્રકૃતિ પર કેવી રીતે વિજય મેળવે છે, એનું આમાં નિદર્શન છે.

એ વખતે શ્રી પૉલ મહર્ષિ રમણના આશ્રમમાં હતા. તેઓને એક પથ્થરમાં કોરેલા બુદ્ધની પ્રતિમા જેવા જુવાનનો મેળાપ થયો. એની ચામડી કાળી હતી, અને કાળી ચામડીમાં સ્ફટિક જેવી આંખો ખૂબ પાણીદાર હતી. એનું વર્તન સંસ્કારી હતું.

આકાશપટ પર વીજળીનો ક્ષણવાર માટે લિસોટો પડે, ને અદૃશ્ય થાય એવી આ મુલાકાત હતી : છતાં મિ. પૉલ એને સ્મૃતિમાં રમાડી રહ્યા.

આ પછી તેઓ પોતાના નિવાસની ઓરડીએ આવ્યા. કમાડ ઉઘાડી ઉંબરો ઓળંગી અંદર જાય છે, ત્યાં કંઈક આડુંતેડું સરતું જણાયું ને થોડી વારમાં ખ્યાલ આવ્યો કે તે દક્ષિણ હિંદનો એક ફણીધર સાપ છે.

શ્રી પૉલના મોતિયા મરી ગયા, છતાં સ્વસ્થતા જાળવી એ જીવંત મોત સામે મીટ માંડી રહ્યા.

સાપ પણ જમીનથી ઠીક ઠીક ઊંચો થઈ, ફણા વિસ્તારી, એની ભયંકર આંખથી તારામૈત્રક સાધી રહ્યો.

મિ. પૉલે જરા હિંમતથી કામ લીધું. મૃત્યુરાજની આંખ સાથે આંખ મિલાવી રાખી એ પાછા પગે ઓરડીની બહાર નીકળ્યા, ને સાપની કરોડરજ્જુ તોડી નાખે તેવા દંડાની શોધ શરૂ કરી. ચૌદમા રતન સિવાય, જબરદસ્તીથી ઓરડીનો નિવાસી બનેલો આ કાળ-મહેમાન બહાર નીકળે તેવો કોઈ સંભવ નહોતો.

આ ઉલઝન ચાલતી હતી ત્યાં એકાએક પેલા જુવાન ભાઈ આવી પહોંચ્યા. એ જ ગૌરવાંકિત મુખ, એ જ શુક્રતારા જેવી આંખો, એ જ ચારિત્ર્યમોહિની !

શ્રી પૉલે તેઓને ઓરડી તરફ આગળ વધતા અટકાવતાં કહ્યું :

'અંદર ભયંકર સર્પ છે.'

પણ એ જુવાનને આ સાંભળી કંઈ આંચકો લાગ્યો નહિ. એ તો આગળ વધ્યા.

મિ. પૉલે જોરથી કહ્યું : 'કંઈ હથિયાર વગર આગળ વધશો નહિ.'

જુવાન એથી પણ અટક્યા નહિ. એ તો ઓરડીમાં સ્વસ્થતાથી પ્રવેશ્યા. એમનું મુખ શાન્ત હતું. પગમાં ચંચળતા નહોતી. એમણે પોતાના બંને હાથ સાપ તરફ પહોળા ને ઊંચા કર્યા - જાણે મિત્રને ભેટવા આમંત્રણ આપતા ન હોય !

મિ. પૉલને લાગ્યું કે આજે આ ભાઈનાં સોએ સો વર્ષ પૂરાં થયાં સમજો. મિ. પૉલની પોતાની ઓરડી એક જળાશયને કાંઠે

હતી, ત્યાં કાંઠે બેઠેલી બે વ્યક્તિઓને હાક મારીને એમણે મદદે બોલાવી.

મિ. પૉલની એક આંખ અંદર રહેલા જીવન અને મોતના ભેટંભેટા પર હતી. સાપ પોતાની ફાટેલી જીભ (દ્વિજિહ્વ) મોંમાંથી બહાર કાઢી ફણા હલાવી રહ્યો હતો. ફૂંફાડે મન ફફડતાં હતાં.

કાળો જુવાન હાથ પહોળા કરી આગળ વધ્યો. અદ્‌ભુત ! સાપે પોતાના સહજ સ્વભાવ મુજબ યુદ્ધની ભૂમિકામાં આવી જરાય સામનો ન કર્યો, બલકે ફણા નીચી નમાવી નમસ્કાર કર્યા.

જુવાને આંખથી નમસ્કાર ઝીલ્યા ને પાસે જઈ તેની પૂંછડી પર ધીરેથી હાથ ફેરવ્યો. સર્પ નીચો નમી ગયો. મનુષ્યનો એ હસ્તસ્પર્શ એને મીઠો લાગતો હોય તેમ જણાયું.

મિ. પૉલે જળાશય પરથી જેઓને હાક મારીને મદદે તેડ્યા હતા તેઓ આવી પહોંચ્યા. પણ એ વખતે સર્પ જમીનસરસો થઈ ગતિમાં આવ્યો હતો. ચાર વ્યક્તિઓની વચ્ચેથી એ શાંત રીતે ચાલ્યો ગયો ને અદૃશ્ય થઈ ગયો.

મિ. પૉલ આશ્ચર્યમાં સ્તબ્ધ થઈ ગયા હતા. તેઓએ પેલા બે આગંતુકોને પૂછ્યું :

'આ પાળેલો સાપ છે ?'

'ના, અહીંનો જાણીતો ઝેરી સાપ છે. આ પ્રદેશનો મુલાકાતી છે.'

'આ જુવાન કોણ છે ?'

'એ યોગના અભ્યાસી છે. એમનું નામ સંત રામૈયા છે. મહર્ષિ રમણના આગળ પડતા શિષ્યોમાંના એક છે. તેઓ હંમેશાં મૌન રાખે છે. તેલુગુ સિવાય બીજી ભાષા જાણતા નથી.'

'ક્યાંના છે ?'

'નેલોરના છે. ઘેર ખેતરપાદર છે. યોગ તરફ અદ્‌ભુત પ્રીતિ છે. તેઓનું પોતાનું ભક્તમંડળ પણ પોતાને ગામ છે. તેઓ યોગસાધન માટે દર વર્ષે ત્રણેક મહિના એક નોકર સાથે આશ્રમમાં આવીને રહે છે.'

'તેઓનો નિવાસ ક્યાં છે ?'

'આ જળાશયને સામે કાંઠે આવેલા પહાડની તળેટીમાં પથ્થરના એક નિવાસમાં તેઓ રહે છે.'

'એ જનસંપર્કમાં માને છે ખરા ?' મિ. પૉલે પૂછ્યું.

'ના, અલગ એકાંતમાં રહે છે. જનસમાજમાં તેઓ ભળતા નથી.'

'ઉંમર કેટલી હશે ?'

'આશરે ચાળીસ વર્ષના છે. તેઓ વાચાળ નથી. સવાલજવાબ તેઓને બહુ ગમતા નથી.'

'સંન્યાસી છે ?'

'ના. તેઓ વિધિથી સંન્યાસી થયા નથી. યુવાનીમાં યોગ તરફ ચાહ જાગ્યો છે. અસાધારણ શક્તિઓ ને સિદ્ધિઓનો તેઓએ વિકાસ કરેલો છે.'

મિ. પૉલ તેઓના સંપર્ક માટે ઈંતેજાર થયા. સંત રામૈયા જળાશયના સામા કાંઠે આવેલા પોતાના નિવાસસ્થાનેથી રોજ એક પિત્તળનો ઘડો લઈ પાણી ભરવા જળાશયે આવતા. મિ. પૉલે તે વખતે તેમનો સંપર્ક સાધવા મહેનત કરવા માંડી, અને તરતમાં પરિચય થયો.

શ્રી રામૈયા સાથે વાત કરવી બે રીતે અશક્ય હતી. એક તેઓ તેલુગુ સિવાય બીજી કોઈ ભાષા જાણતા નહોતા, ને બીજું મૌન રાખતા હતા.

પણ ટૂંક સમયમાં શ્રી પૉલને આ સમસ્યાનો ઉકેલ મળી ગયો. એક વયોવૃદ્ધ સ્ટેશન માસ્તરની મુલાકાત થઈ. તેઓએ બંને વચ્ચે દુભાષિયાનું કામ કરવું શરૂ કર્યું.

શ્રી પૉલના પ્રશ્નોના જવાબ પેન્સિલથી લખીને આપવાનું રામૈયાએ સ્વીકાર્યું.

શ્રી પૉલે પહેલો પ્રશ્ન રામૈયાને એ કર્યો કે શું તમને સાપનો લેશ પણ ડર લાગ્યો નહોતો ?

'જીવને જીવથી ભય કેવો ? મને કોનો ભય છે ? મારા હૃદયમાં સઘળા જીવો પ્રત્યે પ્રેમ છે. કોઈ પણ જાતના ધિક્કાર વગર હું સાપ પાસે ગયો હતો.'

યોગી રામૈયાની કાળી આંખો ભયંકર વશીકરણ કરતી હતી.


મિ. પૉલના એક પ્રશ્નના જવાબમાં રામૈયાએ લખ્યું :

'તમારી પ્રજાઓ વધારે સુખ માટે પ્રયત્ન કરે છે; પણ પશ્ચિમના તમારા ડાહ્યા પુરુષો એમની પાસે રહેતાં યંત્રો કરતાં, વધારે ઝડપી ગતિથી દોડનારાં યંત્રો બનાવવાના પ્રયત્નો કરવાનું છોડી દેશે, અને જ્યારે એમના પોતાના સ્વરૂપમાં ડોકિયું કરશે, ત્યારે જ એ બનશે.'

થોડી વાર થોભી છેલ્લે રામૈયાએ લખ્યું :

'મોટી ને મહાન શોધો પછી તમારી પ્રજા વધુ સંતોષી ને સુખી બની છે ખરી ?'

□



૯. મહેબૂબનો હુકમ

મહેબૂબ !

સદ્ગુરુ !

સદ્ગુરુનો હુકમ એટલે કોઈ વિચાર વગરનું પાલન. અને તો જ ગોવિંદ મળે.

ગુજરાતના એક વિખ્યાત સંતપુરુષ પૂ. મોટા પોતાના ગુરુદેવને મહેબૂબના નામે પોકારતા હતા. તેમણે મહેબૂબના હુકમના પાલનના બે અદ્ભુત કિસ્સાઓ કહ્યા હતા. તેઓ પોતાના ભક્તોને પત્ર લખતાં જણાવે છે :

કરાંચીમાં હતો. કરાંચીમાં રહેતો ત્યારે ક્યાંય ને ક્યાંય ફરવા જતો.

એક વાર દરિયાકિનારે લાંબે સુધી નીકળી ગયો. તે વખતે શ્રી સદ્ગુરુની આજ્ઞા મળી :

'દરિયામાં ચાલ્યો જા.'

સ્થૂળ રીતે તો તેઓશ્રી ત્યાં હાજર ન હતા. પરંતુ દિલમાં તેઓએ પ્રગટ થઈને તેવી આજ્ઞા ફરમાવી હતી.

આ કંઈ માત્ર ભ્રમણાનો પ્રસંગ નથી અથવા તે ગાંડપણ હતું એમ પણ નથી. શ્રી સદ્ગુરુ મહારાજની પ્રત્યક્ષ હાજરીનું ભાન થતાં તેનું જ્ઞાન પણ મને પ્રગટ્યું હતું. એમણે મને દરિયામાં ચાલી જવાનો હુકમ કર્યો કે તરત પ્રેમશક્તિના ઉમળકાથી તેનું પાલન કર્યું.

છેક મોઢા સુધી દરિયાનાં પાણી આવ્યાં, ત્યાં સુધી એકમાત્ર સદ્ગુરુના ચરણકમળે પ્રાર્થનાનો જીવતોજાગતો ભાવ પ્રગટેલો રહ્યા કર્યો હતો. તેટલું ને તેવું ભાન તે કાળે હતું. તે આજ પણ તાદૃશ છે. તે પછી શું થયું તેની કશી ખબર નથી.

કરાંચીના આપણા ક્લિફ્ટનના બંગલાથી ક્યાંયે દૂર સુધી કેટલે આઘે દરિયાના પાણીથી દૂર ફેંકાઈ જઈને શરીર પડી રહેલું હતું, અને શરીર પરનાં કપડાં ભીંજાયેલાં હતાં. જાગ્યો ત્યારે તે ખૂબ પાણીથી લદબદ થયેલાં ન હતાં, એટલે ધાર્યું કે થોડોક સમય શરીરની બેભાન અવસ્થામાં ત્યાં પડ્યા રહેવાનું બન્યું હશે.

શરીરનું ભાન પ્રગટતાં ઊઠીને ચાલવા માંડ્યું અને તે પછી બંગલે આવ્યો. કપડાં બધાં પલળેલાં હતાં. તે જોઈને તમે બધાએ બહુ પૂછપરછ પણ કરી હતી.

બીજા પ્રસંગની હકીકત એવી છે કે હું રમજાન મહિનામાં રોજા કરતો હતો. કરાંચીમાં પણ તેમ કર્યું હતું, અને ઈદને દિવસે ઈદગાહના મેદાનમાં જ્યાં હજારો મુસલમાન ભાઈઓ એકીસાથે નમાજ પઢે છે ત્યાં જવાનું મને ઘણી ઘણી આતુરતાથી દિલ થયું.

ઘરમાં બધાંએ કહ્યું કે 'આવા તમારા ધોતિયું, પહેરણ અને ટોપી સાથેના વેશથી ત્યાં હાજર રહેવાનું થતાં મુસલમાન ભાઈઓ કદાચ તમને કંઈક કરી બેસે તો ?' બધાંએ તે બાબતનો ભય પણ ઘણો બતાવ્યો અને મને વારવાનું કર્યું. પરંતુ મારે તો જવું જ હતું

એટલે મોટર લઈને તે સ્થળે ગયો. નમાજની જગાએ હજારોની સંખ્યામાં મુસલમાન ભાઈઓ એકઠા થયા હતા. તેઓ નમાજ પઢતાં પઢતાં જે રીતે નીચે નમતા ને ઊભા થતા ને ઘૂંટણિએ ઢળતા, તેમ તેમ હું પણ કરતો, પરંતુ હું તો મારા દિલમાં મારા અંતરથી દિલની પ્રાર્થના કરતો.

તે બધું પૂરું થયું ને બધા વિખૂટા પડવા માંડ્યા, ત્યાં મને સદ્‌ગુરુનાં સહસા દર્શન થયાં. હું તો ત્યાં જ ગદ્‌ગદભાવે પગે પડ્યો. તેમણે મારી પીઠ થાબડીને માથા પર હાથ મૂકી હુકમ કર્યો :

'અહીંથી નિર્વસ્ત્ર થઈને તારે ઘેર ચાલ્યો જા.'

મને સાચોસાચ દિલમાં લાગી ગયું કે હવે તો આ ખરેખરી પળ આવી લાગી. આ પળ ચૂક્યા તો ખરી અણીની વેળા ચૂક્યા. આ પળ જ પ્રેમભક્તિથી તે આજ્ઞા પાળવાની સાચી પળ હતી. દેહનું મમત્વ, દેહની મડાગાંઠ અને દેહ પરનો સંકોચ, તે બધાંથી મુક્ત થવાનો આ એક અમૂલો પ્રસંગ ભગવાને કૃપા કરીને સંપડાવ્યો.

તે જ ઠેકાણે જો મારાં કપડાં કાઢીને હું ભીમજીભાઈને (ડ્રાઈવરનું નામ) સોંપી દઉં તો તે તો મને તેમ ન કરવા દે અને મને ઊંચકીને મોટરમાં મૂકી દઈ ફ્લિફ્ટનના બંગલે જ લઈ જાય. એટલે આપણે બંગલે કોઈ કોઈ વાર મલબારના વતની શ્રી કલ્યાણપુર આવતા, ને તેમને આવા માર્ગ પરત્વે કંઈક અભિરુચિ પણ ખરી, એટલે તે ભાઈ મારા આવા પ્રકારના આજ્ઞાપાલનને કદાચ બરાબર સમજી શકશે, એમ જાણીને તેમને ત્યાં બેસવાનું બહાનું કાઢીને મોટરને ત્યાંથી રવાના કરી દઈશ અને મારાં કપડાં વગેરે બધું તે ભાઈ કલ્યાણપુરને સોંપીને હું ત્યાંથી ચાલવા માંડીશ, એમ વિચારી મોટરને કલ્યાણપુરને ત્યાં લઈ જવાની સૂચના કરી.

ભીમજીભાઈને કહ્યું કે : 'બાપુ (શ્રી પરસદભાઈ) અને બધાંને કહેજે કે હું કલ્યાણપુરને ત્યાં છું. ત્યાંથી નિરાંતે આવીશ. મારી કશી ફિકર ન કરે, ને બધાં જમી લે.'

તે પછી મોટર તો વિદાય થઈ ગઈ. હું દાદર પર ચઢીને શ્રી કલ્યાણપુરને ત્યાં ગયો. કલ્યાણપુર મળ્યા. તેમને મેં જણાવ્યું કે, 'આજે તો પરમ સૌભાગ્યનો ને સદ્‌ભાગ્યનો સૂરજ ઊગ્યો છે. મને મહેબૂબનો હુકમ મળ્યો છે ને તેનું મારે પ્રેમભક્તિથી પાલન કરવું છે.'

તેમને મેં કેવો હુકમ હતો, તે કહી સંભળાવ્યો.

તે પણ ગભરાઈ ગયા. 'ના, ના. અહીં નહિ, અહીં નહિ.' એમ બોલી ઊઠ્યા. પરંતુ મેં તેમને શાંત પાડીને સૂચવ્યું કે, 'તમે નીચે રસ્તા ઉપર આવો. તમારા ઘરથી થોડેક આગળ જઈને હું મારાં કપડાં તમને ઉતારી આપું છું. તે બધાં કપડાં લઈને સાઈકલ પર ફ્લિફ્ટનના બંગલે જજો. બાપુને (પરસદભાઈને) તથા બધાંને મારી આ હકીકત જણાવજો ને કોઈ જરા પણ ગભરાય નહિ. હું નિરાંતે બધે ફરતો ફરતો ઘેર જરૂર આવી પહોંચીશ. માત્ર ક્યારે ઘેર પહોંચી શકીશ તે ચોક્કસપણે ન કહી શકું.'

પછી મારાં બધાં જ કપડાં શરીર ઉપરથી ઉતારીને ભાઈ કલ્યાણપુરને મેં સોંપી દીધાં.

જેવાં કપડાં ઉતાર્યાં કે તરત જ શરીરના રોમેરોમમાં એક એવા પ્રકારનાં ભાવ ને મસ્તી પ્રગટ્યાં અને તેનો આવેશ ને જુસ્સો એટલો બધો પ્રચંડ હતો કે જમીન પર પગ પણ ટેકવી શકાતા ન હતા. જાણે પૃથ્વીથી અધ્ધર ઊડતો ન હોઉં, એવું મને લાગ્યા કરતું હતું.


થોડીક પળોમાં તેવું ભાન પણ વિલીન થઈ ગયું. શરીર ચાલ્યા કરતું હતું, પરંતુ તે ચાલ્યા કરવાના ભાન કરતાં, કોઈ જુદા જ પ્રકારનું ભાન અંતરમાં ત્યારે પ્રવર્તતું હતું. એવી સ્થિતિમાં કરાંચીના મોટા મોટા રસ્તાઓ પર થઈને ક્યાં ક્યાંથી ચાલવાનું થયું હશે તેની કશી જ ખબર નથી. માત્ર એક સ્થળે એક ગોરા સાર્જન્ટે મને રોકવાનો પ્રયત્ન કર્યો હતો, તે ખ્યાલ આછોપાતળો છે.

ત્યારે એવી પ્રચંડ બૂમ મારી હતી કે તે ગોરા સાર્જન્ટે 'સાંઈબાબા, ઈદ મુબારક !' એમ બોલી સલામ ભરી હતી, તેટલું જ પાર્થિવ ભાન મને પ્રકટ્યું ને પાછું વિલીન થઈ ગયું.

તે પછીથી ચાલતાં ચાલતાં ગવર્નરના બંગલા પાસે આવ્યો. ત્યાં શ્રી સદ્‌ગુરુ પોતે ઊભા હતા. તેમણે મને છાતીસરસો ચાંપીને ખૂબ વહાલ કર્યું. મારો બરડો ખૂબ થાબડ્યો. તે બધું બરાબર યાદ

રહી ગયું છે. તેમણે મને રોજા તોડવાને માટે પાંચ રૂપિયાની રકમ પણ આપી. આ પછી પાછું બધું જ ભાન જતું રહ્યું, અને વળી પાછું ચાલવાનું થયું તે કેવે કેવે થઈને ચાલવાનું થયું તેનું કશું ભાન નથી. માત્ર દરિયાની બાજુથી ક્લિફ્ટનમાં આપણો બંગલો બસોએક ફૂટ આઘો હશે, ત્યારે શરીરનું ભાન પ્રગટ્યું અને ત્યાંથી ખૂબ મોટે મોટેથી બૂમો મારીને મારાં પહેરવાનાં કપડાં મગાવ્યાં હતાં. તે વખતે તમે કરાંચીમાં આપણે ઘેર જ હતા. એટલે આ હકીકત તમને પણ પ્રત્યક્ષ યાદ છે. ઘેર મારે વિષે કેવી કેવી વાતો થઈ હશે ને શું શું ચર્ચાયું હશે, અને મારે માટે કેવી ચિંતા થઈ હશે તે તમે ત્યાં જ ત્યારે હતા તેથી જાણો છો.

□



૧૦. ત્રિકાળજ્ઞાની

આ કથા છે અજનબી આદમીની.

જગતને આશ્ચર્યમાં ગરકાવ કરી દેનારા માણસો ક્યારેક જ થાય છે. પણ એ પોતાનાં કાર્યોથી વર્ષો લગી સહુને વિમાસણમાં નાખી દે છે. એણે ઊભી કરેલી સમસ્યા જ્ઞાની અને ધ્યાની સહુને મૂંઝવતી રહે છે. એની સિદ્ધિ જગત જાણે છે, પણ એનું સામર્થ્ય અજાણ્યું જ રહે છે.

ઈ. સ. ૧૯૧૧માં હોલૅન્ડમાં એક ચમત્કારી વ્યક્તિનો જન્મ થયો. એનું મૂળ નામ હતું પીટર-વાન-ડર-હર્ક. પરંતુ આખી દુનિયા એને ચમત્કારી પીટર હરકૉસના નામે પિછાણે છે.

હરકૉસનું કુટુંબ સાધારણ હતું. એ બાળપણમાં કોઈ વિશેષતા ધરાવતો ન હતો. ગ્રૅજ્યુએટ થઈને ટેક્નિકલ સ્કૂલમાં અભ્યાસ કરવા લાગ્યો, પણ વધુ ભણે તે પહેલાં તો પિતાએ એને ઘર ધોળવાના પોતાના ધંધામાં જોતરી દીધો. એક વાર વાંસની સીડી પર ચડીને એ રંગકામ કરતો હતો. સામેની દીવાલ પર વાંસની સીડીને ધક્કો મારીને પહોંચવા ગયો. પણ સીડી સરકી અને પીટર હરકૉસ ત્રીસ ફૂટ ઊંચેથી નીચે પડ્યો. માથા ઉપર સખત ઈજા થઈ. બેભાન અવસ્થામાં જ એને દવાખાને પહોંચાડવામાં આવ્યો. છેક ત્રણ દિવસ પછી એને ભાન આવ્યું, પરંતુ ભાન આવવાની સાથે સાથે એના શરીરમાં એક વિચિત્ર શક્તિનો સંચાર થયો. પીટર એણે કદી જોઈ ન હોય અને જાણી ન હોય એવી વાર્તા કહેવા લાગ્યો.

દવાખાનામાંથી જ એની આ વિલક્ષણ શક્તિનો પરિચય મળવો શરૂ થયો. એની બાજુના પલંગ પર એક દરદી સૂતો હતો – એને જોતાં જ પીટરે કહ્યું : 'અરે ! તમે તો ઘણા દુષ્ટ માનવી છો !'

પેલા દરદીએ આશ્ચર્ય અને ક્રોધ સાથે પીટર સામે જોયું અને પૂછ્યું, 'કેમ, તારે શું છે ?'

પીટરે કહ્યું, 'તારા પિતાજી ગુજરી ગયા ત્યારે એમની ઘડિયાળ એ તને સોંપતા ગયા હતા. હજી એમના અવસાનને થોડાક જ દિવસ વીત્યા છે, અને તું તો એ ઘડિયાળ વેચીને આનંદપ્રમોદમાં ડૂબી ગયો છે.'

પેલો રોગી તો પીટરની વાત સાંભળીને આશ્ચર્યચકિત થઈ ગયો. એને સમજાતું ન હતું, કે આ માણસે કેવી રીતે એની અંગત વાત જાણી લીધી હશે ? દરદીએ આતુરતાથી પૂછ્યું, 'તમને આ બધી ખબર કેવી રીતે પડી ?'

ખરેખર તો ખુદ પીટર હરકૉસને ખબર ન હતી કે એને આવી વાતોની કેવી રીતે ખબર પડી ગઈ. લમણે હાથ મૂકીને પીટરે લાંબા સમય સુધી વિચાર કર્યો. એ રોગીને સહેજે ઓળખતો ન હતો. અને એથી વધુ એના બાપ વિશે કશી માહિતી ન હતી. પીટરે આ અંગે ઊંડો વિચાર કર્યો પણ કશી સમજ પડતી ન હતી.

થોડી વાર પછી એક નર્સ આવી અને પીટરની તબિયત જોવા મંડી. એના નાડીના ધબકારા ગણવા લાગી. નર્સ એની નાડી જોતી હતી જ્યારે પીટર એના સ્પર્શથી એના જીવનને સાક્ષાત્ જોતો હતો. એકાએક પીટર બોલવા લાગ્યો, 'તમને ટ્રેનમાં મુસાફરી કરતાં હું જોઈ રહ્યો છું. તમારી પાસે એક સૂટકેસ છે. એને તમે ભૂલી ન જશો. મને ભય છે કે તમે એને ભૂલી જ જશો. એ સૂટકેસ તમારી બહેનપણીની છે . . . '

પેલી નર્સ તો આશ્ચર્યથી બાવરી જ બની ગઈ. એણે પૂછ્યું કે તમને પથારીમાં પડ્યા પડ્યા આ બધી વાતની કેવી રીતે ખબર પડી ? ખરેખર, હું મારી બહેનપણીની સૂટકેસ ટ્રેનની ડાઈનિંગ કારમાં ભૂલીને આવી છું. પણ ઓહ ! મેં કોઈને કહ્યું પણ નથી. અને તમને ખ્યાલ કેવી રીતે આવી ગયો ?' ખુદ પીટર હરકૉસને પણ આ વાતની ખબર ન હતી ! નર્સ દોડીને માનસચિકિત્સક ડૉક્ટર પીટર્સને બોલાવી લાવી. પણ હરકૉસની એ શક્તિનો તાગ ન નીકળ્યો. દવાખાનાની વિદાય લેતી વખતે હરકૉસ બધાની સાથે હસ્તધૂનન કરી રહ્યો હતો. એણે એક દરદી સાથે હસ્તધૂનન કર્યું કે ખ્યાલ આવી ગયો કે આ માણસ અંગ્રેજોનો જાસૂસ છે. એથીય વધુ તો એમ થયું કે જર્મનીને આ ગુપ્ત વાતની ખબર પડી ગઈ છે અને કોઈ પણ હિસાબે એને ખતમ કરવા માગે છે. એને જતો જોઈને હરકૉસે બૂમ પાડી, 'એને જવા દેશો નહિ. એને અહીં રોકી લો. એ અહીંથી જશે તો કદી એ જીવતો પાછો નહિ ફરે. જર્મનો એને વિશે જાણે છે અને કાલ્વેર સ્ટ્રીટમાં એનું ખૂન થશે. ઓહ ! એને અહીં રોકી લો.'

જોરથી બૂમો પાડતા પીટરનો અવાજ સાંભળીને ડૉક્ટર આવ્યા, અને એને બળજબરીથી પથારીમાં સુવાડી દીધો. ડૉક્ટરે કહ્યું : 'તમે સમજો તો ખરા ! માથા પર આટલી બધી ઈજા થઈ છે અને આમ બૂમો પાડી રહ્યા છો ? આરામથી ચુપચાપ સૂઈ રહો.'

આ વાતને બે દિવસ થયા કે ખબર પડી કે પીટરની ભવિષ્યવાણી સાચી હતી. એ માણસ અંગ્રેજોનો એજન્ટ હતો અને

વિમાનમાંથી છત્રી દ્વારા હોલૅન્ડમાં ઊતર્યો હતો. ગેસ્ટાપોના માણસો એની પાછળ પડ્યા હતા, અને ખરેખર એનું ખૂન કાલ્વેર સ્ટ્રીટમાં થયું. હોલૅન્ડના જર્મનવિરોધી ગુપ્ત દળને પીટર પર શંકા ગઈ કે જર્મનોની સાથે રહીને એ દેશદ્રોહ આચરી રહ્યો છે. એનું કાસળ કાઢી નાખવાનું નક્કી થયું. ગુપ્ત દળના એક માણસે એના ચહેરા પર તકિયો રાખીને એનું ગળું દાબવું શરૂ કર્યું. એકાએક પીટર હરકૉસના મોઢામાંથી સ્પૅનિશ ભાષાના શબ્દો સરવા લાગ્યા. એનું ગળું દાબવા પ્રયત્ન કરતી વ્યક્તિનો હાથ એ સાંભળતાં જ થંભી ગયો. એણે આશ્ચર્યથી કહ્યું કે હું જે બાબત વિશે સ્પૅનિશ ભાષામાં વિચારતો હતો એ જ બાબત, એ જ મારા અંતઃકરણની વાત આ માનવી કરે છે. પણ આ વાત એ જાણી ગયો તેથી ગુપ્ત દળના સાથીદારો પણ વિચારમાં પડી ગયા. ખુદ પીટર હરકૉસને પણ ઓછું આશ્ચર્ય થયું ન હતું. એને સ્પૅનિશ ભાષાનો એક શબ્દ પણ આવડતો ન હતો. અને તેમ છતાં એના મુખમાંથી એ ભાષાની વાણી વહી રહી હતી. ગમે તેમ પણ આ સમયે પીટરનો પ્રાણ બચી ગયો !

પીટર એ ગુપ્ત દળમાં જ જોડાઈ ગયો. પણ જર્મનો સામે ઝૂઝતા એ દળના માણસોને પીટર પર પૂરી શ્રદ્ધા બેઠી ન હતી. એવામાં એક દિવસ પીટરે એના દળના નેતાને ચમકાવી દીધો. એણે દળના નાયકને સાફ સાફ કહી દીધું કે તમે એક વ્યક્તિને જર્મનોનો જાસૂસ માનીને બૉમ્બ નાખીને મારી નાખી છે. પણ એમાં તમે થાપ ખાઈ ગયા છો. એ જર્મનોનો ગુપ્તચર નથી. ખરેખર તો એ જે કાફેમાં નોકરી કરતો હતો એનો માલિક જાસૂસ છે ! તમારી બધી છૂપી વાતો દુશ્મનોને પહોંચાડનાર એ માલિક છે !

ગુપ્ત દળના નાયકને ખ્યાલ હતો કે આ બાબતની સૌથી વધુ માહિતી એની પાસે છે. આમ છતાં પીટર શા માટે એને ખોટી કહેતો હશે ? પણ જ્યારે એ કહે છે ત્યારે આની પૂરી તપાસ થવી જોઈએ. એણે કેટલાય દિવસ સુધી તપાસ કરી અને અંતે પીટરની વાત સાચી ઠરી. એ દિવસથી બધાને પીટરની વાતોમાં વિશ્વાસ બેઠો.

એવામાં એક દિવસ એવો હુકમ આવ્યો કે પીટરે હેગના માનસ-ચિકિત્સકો પાસે પોતાની તપાસ કરાવવી જરૂરી છે. એ ખરેખર કોઈ માથાના રોગથી પીડાય છે કે નહિ, તે જાણવું આવશ્યક છે. ડૉક્ટરોના બોર્ડે એની પરીક્ષા લીધી અને નિર્ણય કર્યો કે પીટરને પાગલખાનામાં મોકલી આપવો જોઈએ. આખરે એક માનસચિકિત્સકના નિર્ણય પર એના ભાગ્યનો આધાર હતો.

એ માનસચિકિત્સક હા કહે તો પીટરને પાગલખાનામાં ધકેલી દેવામાં આવે ! જગતના એ ચમત્કારી માનવીનું ભવિષ્ય એ ચિકિત્સકના હાથમાં હતું.

એની સામે ખુદ એ ચિકિત્સકનું ભવિષ્ય પીટરની આંખમાં હતું.

બેમાંથી કોણ ફાવશે ?

માનસચિકિત્સકને એ વાત ઉપર સહેજે ઇતબાર ન હતો કે પીટર હરકૉસ દિવ્યદૃષ્ટિ ધરાવે છે. પણ પીટરે ખરાખરીના ખેલ સમયે પોતાની વિલક્ષણ માનસિક ચેતનાને જાગ્રત કરી. એ માનસચિકિત્સક તરફ ફરીને બોલવા લાગ્યો, 'આજે હું તમારા ઘેર પાયજામાની નવી જોડી જોઈ રહ્યો છું. ખિસ્સાની ઉપર લીલા અને સોનેરી રંગના દોરાઓથી તમારા નામની ગૂંથણી કરવામાં આવી છે, એના વિશે તો હું ઘણું કહી શકું તેમ છું.'

'તમે જે કહેવા માગતા હો, તે બધું કહી દો ને.' માનસચિકિત્સકે એની વાતને અધવચ્ચેથી કાપી નાખતાં કહ્યું.

પીટરે માથું હલાવીને ના કહી. એણે કહ્યું, 'હું તમને એકલાને જ એ વાત કહી શકીશ.'

આ સમયે માનસચિકિત્સકે પોતાના સાથીઓ અને સભાસદો સામે નજર કરી અને જાણે એમ કહેતા હોય તેમ લાગ્યું કે ખેર ! આનું ગપ્પાષ્ટક સાંભળી લેવા દો. બીજું કંઈ નહિ તો થોડો આનંદ તો મળશે. અને ચિકિત્સક પીટરની સાથે એકાંત ખંડમાં ગયા અને પછી તો પીટરે એક પછી એક રહસ્યો છતાં કરવા માંડ્યાં. એણે કહ્યું :

'આ પાયજામો એ તમારી પત્ની લાવી નથી. વળી હું એ પણ જોઈ શકું છું કે તમે તમારી પત્ની સાથે રહેતા નથી.'

માનસચિકિત્સક તો પીટરની આ શક્તિ જોઈને આશ્ચર્યના સાગરમાં ડૂબી ગયો. એની સિફારિશથી દુનિયાના આશ્ચર્ય સમો પીટર પાગલખાનામાં જતાં અટક્યો. પીટર દેશની આઝાદી માટે ઝઝૂમતા ગુપ્ત દળમાં જોડાઈ ગયો. જર્મનોનો વિરોધ કરીને એ જંગલોમાં લાકડાં કાપવા ગયો અને જેલમાં એના પર અસહ્ય સિતમ ગુજરવા લાગ્યો. એની આંખો સામે સતત ફ્લૅશ લાઇટ નાખવામાં આવતી. એ શાંતિથી ઊંઘ પણ લઈ શકતો ન હતો. અહીંથી પીટરને બુકેનવાલ્ડ કૅમ્પમાં ધકેલી દેવામાં આવ્યો. કૅમ્પ પર હવાઈહુમલાનો ભય આવવાનો હોય કે બૉમ્બ પડવાનો હોય ત્યારે પીટર પોતાના મિત્રને સાવધાન કરી દેતો. પીટર કહેતો કે જર્મનીએ માથું ઝુકાવવું પડશે. અને થયું પણ એમ જ. જર્મનીની હાર થઈ અને પીટરને આ કૅમ્પમાંથી મુક્તિ મળી.

પીટર પાસે શક્તિ હતી એવી મોટી પરેશાની પણ હતી. એ ક્યારેય પણ એનું મન કેન્દ્રિત કરી શકતો નહિ. અને જો ક્યાંય કેન્દ્રિત કરવાનો પ્રયત્ન કરે તો એના ચિત્તમાં અનેક પ્રવાહો વહેવા લાગતા અને જુદાં જુદાં ચિત્રો મનમાં ઊભરાવા માંડતાં. એ કોઈ પણ અજાણ્યા માનવીને જુએ કે એની ચેતના વિકસિત થતી. એ વ્યક્તિઓ વિશે ભાત ભાતની વાતો પામી જતો અને લાખો પ્રયત્ન કરવા છતાં એ પોતાની જાત પર કાબૂ રાખી શકતો નહિ. માનવી તો શું પણ એક સિક્કો હાથમાં આવી જતો તો એ સિક્કા પરથી પહેલાં એ કોની પાસે હતો, એ માનવીનો ચહેરો કેવો હતો, એણે શું કર્યું, એ બધું જ કહેવા લાગતો. પીટર જે કોઈ ચીજને સ્પર્શ કરતો એ વસ્તુ વિશે તમામ હકીકતો અને વિગતો એના મનમાં ઘૂમવા લાગતી. બસમાં પડેલું છાપું કે દુકાનમાં ટીંગાડેલી તસવીર કે કોઈનો રેડિયો સેટ, જેને એ સ્પર્શે, તેની બધી જાણકારી હાજર ! પીટરને માત્ર એક જ સ્થળે શાંતિ મળતી, અને તે એના ખંડમાં !

આ પછી પીટર દેશવિદેશમાં પોતાની શક્તિ જાહેર રીતે બતાવવા લાગ્યો. એવામાં ૧૯૪૮માં બેલ્જિયમની ગુપ્ત સમિતિના ઉત્સાહી સભ્ય નીર્જેસ કાર્નેલિસ એકાએક ગુમ થઈ ગયા. એમની

પાસે ધનના ઢગલા હતા અને પરિવારની પૂરી શાંતિ હતી. આથી ભાગી જવા માટે કારણ કોઈ ન હતું. બે અઠવાડિયાં પછી લી નદીમાં ફરતી સ્ટીમરના સુકાનીએ પોલીસને તાકીદ કરી કે એની સ્ટીમરના લંગરમાં ફસાયેલી એક લાશ મળી છે. એ લાશ કાર્નેલિસની હતી. એના પર સખત ઘા થયેલા જણાતા હતા. ખોપરી તોડી નાખેલી જણાતી હતી. મારનારે જ કાર્નેલિસની આવી કરપીણ હત્યા કરી હશે કે મર્યા પછી કાર્નેલિસની લાશની આવી દશા થઈ હશે એ નિશ્ચિતપણે કહી શકાતું ન હતું. લાશ પર કપડાં કાર્નેલિસ પહેરીને નીકળ્યા હતા એ જ હતાં. માત્ર એના ડાબા પગનું પગરખું મળતું ન હતું. પોલીસે તો એવો અહેવાલ આપી દીધો કે કોઈ અજ્ઞાત કારણસર કાર્નેલિસનું મોત થયું છે.

એક દિવસ કાર્નેલિસના શહેર ગેણ્ટમાં પીટર તખ્તા પર પોતાની આગવી શક્તિ પેશ કરી રહ્યો હતો. એવામાં એના હાથમાં એક સીલબંધ કવર આપવામાં આવ્યું. પીટર હરકૉસે જેવો એને સ્પર્શ કર્યો કે તરત બોલવા લાગ્યો :

'આ કવરમાં એક મૃત વ્યક્તિની તસવીર છે. એનું નામ હતું કાર્નેલિસ.

'તમને એના વિશે હજીય વિશેષ ખ્યાલ આપું તો લોકોની એવી માન્યતા છે કે એ પાણીમાં ડૂબી જવાથી મૃત્યુ પામ્યો છે. પણ ના, તમને ખરી વાત કહું તો એની ખૂબ નિર્દય રીતે હત્યા કરવામાં આવી છે અને પછી એની લાશને પાણીમાં ફેંકી દેવામાં આવી હતી.' કવરમાં કાર્નેલિસની તસવીર મોકલનારાં એનાં સગાંઓ તો આશ્ચર્યમાં ડૂબી ગયાં. ખેલ પૂરો થયા પછી તેઓ રોકાયાં અને કાર્નેલિસના ખૂનીની ખોજ માટે પીટરની સહાયતા માગી. પીટરે આનંદથી સહાય કરવાનું સ્વીકાર્યું. પીટર પોલીસ ખાતા પાસે ગયો અને કાર્નેલિસના જમણા પગના પગરખાની માગણી કરી. એની ચેતના વિકસિત થઈ. મનમાં ચિત્રો ઊભરાવા લાગ્યાં. પીટરે કહ્યું કે, હત્યા કરનારા હોલૅન્ડના બ્રેડા નગરમાં પહોંચી ગયા છે ! બ્રેડાની પોલીસે પીટરને સહાય આપવાની તૈયારી બતાવી, પણ એમને

એનામાં વિશ્વાસ ન હતો. પીટર ઊંડા વિચારમાં ડૂબી ગયો અને એણે પોલીસને કહ્યું :

'જર્મનોને છૂપી રીતે સહાય કરનારાઓની તસવીરો મારે જોવી છે.'

પોલીસ માટે આ કામ સાવ સરળ હતું. પીટરની સામે ફોટાઓનું આલબમ ધરી દેવામાં આવ્યું. તસવીરોને નિહાળ્યા પછી પીટર એવા નિર્ણય પર પહોંચ્યો કે આમાંના બે માનવીઓએ કાર્નેલિસની કરપીણ હત્યા કરી છે. પીટરે પોતાનાં અંતર્ચક્ષુ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરતાં એને ખ્યાલ આવ્યો કે હત્યારાઓ અહીંથી ઍન્ટવર્પ નાસી ગયા છે.

ઍન્ટવર્પમાં તપાસ ચાલી. પેલી બે વ્યક્તિઓની ધરપકડ થઈ અને ગેણ્ટ નગરમાં મોકલવામાં આવી. એમના પર મુકદ્દમો ચાલ્યો અને એ સાબિત પણ થયું કે કાર્નેલિસની હત્યા કરનારા આ બે જ માનવી હતા ! નાઝીઓ તરફ સહાનુભૂતિ રાખતી આ બે વ્યક્તિઓને લડાઈ પૂરી થતાં કાર્નેલિસે કારાગારમાં ધકેલી દીધી હતી. એના બદલા રૂપે તેમણે કાર્નેલિસનું નિર્દય રીતે ખૂન કર્યું.

આ મુકદ્દમાથી પીટર હરકૉસની ખ્યાતિ વધી ગઈ. એ જગતભ્રમણ કરવા નીકળી પડ્યો. ફ્રાંસમાં આવ્યો. ફ્રાંસના અધિકારીઓએ પીટર હરકૉસની કસોટી માટે એક સમસ્યાપૂર્ણ કેસ રજૂ કર્યો. ખૂબી એ કે કેસની વિગત કોઈ બોલે નહિ. કેસના મુદ્દામાલમાં પણ બીજી વસ્તુઓ ભેળવી દીધી. પીટર હરકૉસની શક્તિ સામે સૌથી મોટો પડકાર આવી ઊભો.

ફ્રાંસના ઉચ્ચ પોલીસ અધિકારીઓએ એને સ્પષ્ટ જણાવી દીધું કે એમની સામે આવીને પીટર સફળ રીતે પ્રયોગ કરી બતાવે, તો જ તેઓ એને સાચો માનશે. નહિ તો આવી બનાવટથી દેશના લોકોને ભોળવવા દેવાશે નહિ.

પીટર હાજર થયો. એણે માન્યું હતું કે માત્ર પાંચ-સાત અધિકારીઓ હશે. પણ જોયું તો આખો હૉલ ખીચોખીચ ભરેલો હતો. વીસ જેટલા ન્યાયાધીશ ઉપસ્થિત હતા. પણ ખૂબીની વાત એ

કે બધા મૌન ધારણ કરીને બેઠા હતા. એકબીજાની સાથે વાત પણ કરતા નહિ. પીટર તો મૂંઝવણમાં પડી ગયો.

આખરે એક અધિકારી બોલ્યા, 'મસ્યૂ હરકૉસ, અમારી સામે એક ખટલો પડેલો છે. એનાં રહસ્યોથી આપ અજાણ છો. એ વિશે અમે આપને કંઈ પણ કહીશું નહિ. તમે પૂછશો, તોપણ તમને કોઈ જવાબ આપશે નહિ. તમારે જ બધું કહેવું પડશે અને એ રીતે અમે તમારી શક્તિની પરીક્ષા લઈશું.'

ટેબલ પર પડેલી બધી વસ્તુઓ પીટરને બતાવવામાં આવી. એમાં એક ઘડિયાળ, એક સિગારેટનું લાઈટર, બે કાતર અને એક કમરપટો હતાં. પીટર એ વસ્તુઓને ઉલટાવી ઉલટાવીને જોવા લાગ્યો. એ પછી પ્રેક્ષકો સામે જોઈને બોલ્યો :

'આ પાંચમાંથી માત્ર ત્રણ વસ્તુઓ જ એવી છે કે જેના સંદર્ભમાં તમે જાણવા માગો છો. બાકીની બે બિનજરૂરી છે. કહો, મારી વાત સાચી છે કે ખોટી ?'

પણ કોઈએ કશો જવાબ આપ્યો નહિ. જાણે મૂર્તિ હોય એમ સહુ બેસી રહ્યા. ન તો એમની જીભ હાલતી હતી કે ન તો એમની આંખોમાં સ્વીકાર કે અસ્વીકારની ભાવના હતી. આખા હૉલમાં સ્તબ્ધતાનું વાતાવરણ છવાયેલું હતું. પીટરે કમરપટો પોતાના હાથમાં લીધો અને બોલવા લાગ્યો :

'હું એક માનવીને જોઈ રહ્યો છું. એણે સફેદ કોટ પહેર્યો છે. એ એન્જિનિયર છે અથવા તો કદાચ ડૉક્ટર છે. મારી નજર સમક્ષ એક પહાડ દેખાય છે. રેલવેના પાટા દેખાય છે અને ત્યાં એક નાનકડું મકાન છે. આવી છે એ જગ્યા.'

પીટરે એ જગ્યાનું ચિત્ર દોરી બતાવ્યું અને પૂછ્યું કે આવી જ હતી ને એ જગ્યા ? પણ કોઈએ જવાબ આપ્યો નહિ. પીટર આગળ બોલવા લાગ્યો : 'એ મકાનની નજીકમાં એક લાશ પડી છે. આ ઘટના સાથે સંબંધ ધરાવનાર કોઈનું નામ નિકોલા છે. આ નિકોલા છે કોણ ?' પણ એ વિશે મેદનીમાંથી કોઈએ કશું કહ્યું નહિ. પીટર આવા મૌનથી મૂંઝાતો હતો. ન તો કોઈ એની વાત સ્વીકારતું

હતું કે ન તો કોઈ નકારતું હતું. પીટર બોલવા લાગ્યો, 'ત્યાં એક દૂધની શીશી છે. પણ આ ઘટના સાથે દૂધની શીશીને શો સંબંધ ? એ વ્યક્તિ તો મરી ચૂકી છે. એને ગોળી વાગી નથી છતાં મરી ચૂકી છે. આ લાશ કોઈ સ્ત્રીની લાગે છે. એની હત્યા થઈ છે. પણ મને ખ્યાલ નથી આવતો કે કેવી રીતે એની હત્યા થઈ છે. પણ પેલો માનવી જ અપરાધી છે. ઓહ ! આ દૂધની શીશીને હત્યા સાથે કોઈ સંબંધ ખરો ?'

પીટરના પ્રશ્નનો કોઈએ જવાબ ના આપ્યો. બધા ચુપચાપ કોઈ ચિત્રની આકૃતિ પેઠે સ્થિર બેઠા હતા. વાતનું સમાપન કરતાં પીટરે કહ્યું : 'એ માનવી આજે કારાવાસમાં છે. એ મરી ચૂક્યો છે. હું જેલમાં એના મૃતદેહને જોઈ રહ્યો છું. બસ, આનાથી વધુ હું કશું જાણતો નથી.'

પળવાર સુધી તો બધા સ્તબ્ધ જ રહ્યા. અને પછી એકાએક તાળીઓના ગડગડાટથી આખો હૉલ ગાજી ઊઠ્યો. પીટરને ખ્યાલ આવ્યો કે એને સફળતા મળી છે. જનમેદની શાંત થઈ ત્યારે પેલા પોલીસ અધિકારીએ પીટરને ધન્યવાદ આપતાં કહ્યું, 'આ ઘટના ઘણી ગુપ્ત રાખવામાં આવી છે. અખબારોમાં એનો અહેવાલ પણ પ્રસિદ્ધ કરવામાં નથી આવ્યો. આમ છતાં મસ્યૂ હરકૉસ, તમે જે આ કેસ વિશે બતાવ્યું છે તે સાવ સાચું છે. ખરેખર ઘટનાસ્થળે રેલવેના પાટા હતા. ત્યાં એક પહાડ છે અને નાનું મકાન પણ હતું. તમે કહ્યું એ જ રીતે એક સ્ત્રીની લાશ ત્યાંથી મળી આવી. એનો પતિ ડૉક્ટર છે અને એણે જ એની સ્ત્રીને ઝેર આપ્યું હતું. તમે દૂધની શીશી વિશે પૂછી રહ્યા હતા તો એ દૂધમાં ઝેર ભેળવવામાં આવ્યું હતું. નિકોલા એ પેલી સ્ત્રીએ પાળેલા કૂતરાનું નામ હતું. તમે બધી વાતો સાચી બતાવી. પરંતુ માત્ર એક બાબતમાં થાપ ખાધી છે.'

'કઈ ?' પીટરે પૂછ્યું.

પોલીસ અધિકારીએ કહ્યું : 'તમે એ હત્યારાની બાબતમાં એમ કહ્યું કે એ મરી ગયો છે. પરંતુ એ હજી જીવે છે.'

પીટરે કહ્યું : 'ના, પણ મને એમ દેખાયું કે એ મરી ગયો છે.

પીટરની પરીક્ષાના પાંચ દિવસ પછી પૅરિસની પોલીસે એને ટેલિફોનથી ખબર આપી કે જે ડૉક્ટરે હત્યા કરી હતી એણે જેલમાં ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી છે.

એક વાર પીટરને ભારતની એક વ્યક્તિનું પણ કામ કરવું પડ્યું. હેગમાં આવેલી ભારતીય એલચી કચેરીએ એને એક છોકરા વિશે પૂછપરછ કરી. એ છોકરો ગુમ થયો હતો. માત્ર એટલી જ ખબર હતી કે એ સાંજે ગંગામાં સ્નાન કરવા ગયો અને પાછો ફર્યો નથી. ગંગાના કિનારેથી એનું પહેરણ અને ચંપલ મળ્યાં. પીટરને વિનંતી કરવામાં આવી કે એ છોકરાને ગુમ થયાને ચાર મહિના થઈ ચૂક્યા છે અને એનાં સંબંધીઓને એમ લાગે છે કે એ છોકરો મરી ગયો નથી, પણ જીવતો છે. એ છોકરાના સંબંધીઓએ ભારતના અખબારમાં પીટરની વિચિત્ર શક્તિ વિષે વાંચ્યું અને એ પછી પોતાના એલચી ખાતા મારફતે એ છોકરાની એક વસ્તુ મોકલીને એની જાણકારી મેળવવા પ્રયત્ન કર્યો. પીટરે એ ચીજને સ્પર્શ કરીને કહ્યું, 'એ છોકરો ડૂબી ગયો નથી. હું એને સ્વસ્થ અને જીવતો જોઈ રહ્યો છું. એ મુંબઈમાં લાગે છે. એ કોઈ સરકસમાં કામ કરે છે. પોતાના સંબંધીઓને એ કાગળ લખે છે પણ ટપાલપેટીમાં નાખતો નથી.'

પીટરે આપેલી આ સૂચના છોકરાના પિતાને મોકલવામાં આવી. ત્રણ મહિના પછી પીટરને પૅરિસમાં એ છોકરાના સંબંધીનો પત્ર મળ્યો. એમાં લખ્યું હતું કે એ છોકરાનો પત્તો મુંબઈમાંથી જ લાગી ગયો છે. પરંતુ જ્યારે એ મળ્યો ત્યારે સરકસમાં કામ કરતો ન હતો. હા, પણ એ સાચું છે કે જે સમયે પીટરે એના વિશે માહિતી આપી ત્યારે એ કોઈ સરકસમાં કામ કરતો હતો.

પીટરની શક્તિ દિનપ્રતિદિન પ્રસિદ્ધિનાં નવાં સોપાન સર કરવા લાગી. દર મહિને બારસો જેટલા કાગળોનો એના પર વરસાદ વરસતો હતો. દુનિયાનો ભાગ્યે જ એવો કોઈ ખૂણો હશે કે જ્યાંથી પીટરને પત્ર મળ્યો ન હોય. આ પછી પીટરને અમેરિકા બોલાવવામાં આવ્યો. એને તાંબાથી મઢેલા ખંડમાં બેસાડવામાં આવ્યો અને તેમાં

બે લાખ પચાસ હજાર વોલ્ટની વીજળી દોડતી હતી. કોઈ પણ રીતે બહારથી વિદ્યુતતરંગ ન આવી શકે એવો આ ખંડ હતો. નવાઈની વાત તો એ બની કે આવા ખંડમાં બહારના વિદ્યુતતરંગો પ્રવેશી શકતા ન હોવાથી પીટર આસાનીથી એનું ચિત્ત એકાગ્ર કરી શક્યો અને એની વિલક્ષણ માનસિક શક્તિ શીઘ્રતાથી કામ કરવા લાગી. આખરે વૈજ્ઞાનિકોએ એવો ફેંસલો આપ્યો કે પીટરમાં જે શક્તિ છે તે સહજ નથી, પરંતુ ખૂબ વિચિત્ર શક્તિ છે.

પીટર એક દિવસ એના મિત્રો સાથે વાતચીત કરતો હતો. એકાએક એણે જોરથી પોતાનું માથું પકડી લીધું. ટેબલ પર રકાબીમાં પડેલો સૂપ પણ ઢોળાઈ ગયો. એ બોલવા લાગ્યો : મેં એક વિમાન જોયું. એમાં બધા સૈનિકો જ છે. અમેરિકાના હવાઈ ટાપુ પરથી એ વિમાન ઊડ્યું અને દુર્ઘટના થતાં સમુદ્રમાં પડ્યું. એમાં સફર કરતા તમામ સૈનિકો ખતમ થઈ ગયા, એક પણ જીવતો રહેવા પામ્યો નહિ.

અમેરિકાના રાઉન્ડ ટેબલ ફાઉન્ડેશનના ડાયરેક્ટર ડૉ. પુહારિકે પૂછ્યું, 'કેવું છે એ વિમાન ?' પીટરે કહ્યું, 'હવાઈદળનું આ વિમાન છે. અને તે હમણાં જ નષ્ટ થયું'

પીટર હરકૉસની આ વાત અખબારોમાં પ્રસિદ્ધ થઈ. લોકો આતુરતાપૂર્વક આ સમાચારની રાહ જોવા લાગ્યા. રેડિયો પણ સાંભળવા લાગ્યા કે કદાચ રેડિયો પરથી આ સમાચાર મળે. પરંતુ આવી કોઈ ખબર મળી નહિ. બે દિવસ બાદ ડૉ. પુહારિકે પીટરને જણાવ્યું કે અમને હમણાં જ ખબર મળી છે કે હોનોલૂલૂથી ઊપડેલું એક લશ્કરી વિમાન સમુદ્રમાં ડૂબી જવાથી નષ્ટ થયું છે. એ વિમાનમાં ચોપન સૈનિકો હતા અને એમાંથી કોઈ બચ્યું નથી.


હરકૉસે હવાઈ ટાપુના જે સ્થળની બે દિવસ અગાઉ આ ઘટના કહી હતી તે વિમાની અકસ્માત પૂરા ત્રણસો માઈલ દૂર થયો હતો.

અમેરિકામાં ૧૯૫૮ સુધી એ એક સંસ્થા તરફથી પ્રયોગો બતાવતો રહ્યો. એના ઉપરથી એક ચલચિત્ર તૈયાર થયું, અને આજે ધનાઢ્ય બનેલા પીટરને કોઈ પૂછે કે તમે કેવી રીતે બધી વાતો

જાણી લો છો ત્યારે એ કહે છે :

'મારા ચિત્તમાં આપોઆપ જ એ વાતો ઊભરાઈ આવે છે અને હું બોલવા લાગું છું. એ વાતો કેવી રીતે મારા ચિત્તમાં પ્રવેશે છે તે હું તમને કહી શકું તેમ નથી. એક તરંગની માફક તે આવે છે અને મારી વ્યક્તિગત ભાવનાઓની સાથે સાથે મારું સંપૂર્ણ વ્યક્તિત્વ એમાં વિલીન થઈ જાય છે. મને એવો અનુભવ થાય છે કે હું કોઈ બીજી વ્યક્તિની આંખે દુનિયા નીરખી રહ્યો છું.'

□



૧૧. યોગના પ્રયોગો ને અનુભવો

માનનીય શ્રી મુનશીજી પોતાની ૮૧મી વર્ષગાંઠે લખે છે કે :

આ પ્રસંગે હું તમારી પાસે મારા જીવનના એક અલ્પપરિચિત અંશ વિશે, મારા યોગના પ્રયોગો અને અનુભવ વિશે, વાત કરવા ઇચ્છું છું.

આ પ્રયોગો અને અનુભવોએ જીવન અને કાર્ય પ્રત્યેના મારા અભિગમને આકાર આપ્યો છે. એના કારણે મને જ નહિ, બીજાઓને પણ સ્પર્શે એવાં નક્કર પરિણામો મને સાંપડ્યાં છે.

હું યોગ વિશે કશું જ જાણતો નથી. પણ હું યોગ તરફ

હંમેશાં આકર્ષાતો રહ્યો છું. હકીકતમાં છેલ્લી અડધી સદીથી ભગવદ્‌ગીતા અને પતંજલિનાં યોગસૂત્રો મારા પ્રિય ગ્રંથો બની રહ્યા છે. એમના વિશેની બહુ ઓછી ટીકાઓ મને સાચા ખપમાં આવી છે. આ ટીકાઓ શાબ્દિક અથવા આધ્યાત્મિક ખંડન-મંડનથી ભરપૂર હોય છે. એમાંથી ભાગ્યે જ કંઈ માર્ગદર્શન સાંપડે છે. આ ધર્મગ્રંથોની જીવનટીકા તો શ્રીરામકૃષ્ણ પરમહંસનાં બોધવચનોમાં, સંત ઑગસ્ટિનના 'કન્ફેશન્સ'માં અને શ્રી અરવિંદનાં કેટલાંક લખાણોમાં, ખાસ કરીને 'સિન્થેસિસ ઑફ યોગ' અને પત્રોમાં સાંપડે છે.

નિશ્ચિત અને છેવટનું માર્ગદર્શન તો ગીતા અને યોગસૂત્રોમાંથી જ સાંપડે છે. એથી વધારે મોટું માર્ગદર્શન ક્યાંય નથી.

બચપણથી જ યોગ તરફ મને આકર્ષણ હતું, પરંતુ મારો ઉત્સાહ અસ્થિર અને ગતિ મંદ હતાં. મારા મનની સ્થિતિ તથા જરૂરિયાતોમાં ફેર પડ્યો તેમ મારા પ્રયોગોનો સ્તર બદલાતો રહ્યો. હું સંસારનો માણસ રહ્યો એટલે કેટલાક યોગમાર્ગોનો સાંસારિક હેતુઓસર ઉપયોગ કર્યો. અને આ અનુભવે પુરવાર કર્યું કે, યોગના નિયમો અસ્તિત્વના સમગ્ર સ્તર પર દેહ, મન અને આત્મા પર પ્રવર્તતા હોય છે.

કટોકટીની ક્ષણે યોગ અનિવાર્યપણે મારી મદદે આવ્યો છે. ઉત્સાહમાં ભરતી આવી છે. મારી ઈશ્વરમાંની શ્રદ્ધા દૃઢ બની છે.

પારંપરિક અર્થમાં મેં કોઈ ગુરુ કર્યા નથી. મારા કૉલેજના દિવસોમાં શ્રી અરવિંદનો પ્રભાવ મારા પર પડ્યો હતો. પછીથી ગાંધીજીએ મારા પ્રયોગોમાં જીવંત ભાગ લીધો હતો. ગાંધીજીનું જીવન મારે મન ભગવદ્‌ગીતા પરની હાલતીચાલતી મીમાંસા જેવું હતું. શ્રી અરવિંદનો પ્રત્યક્ષ પ્રભાવ મારા પર બહુ થોડો રહ્યો. માત્ર તેમના અવસાનના થોડા મહિનાઓ અગાઉ મેં આ પ્રભાવ અનુભવ્યો હતો. પરંતુ એમનાં પુસ્તકોએ મને સતત મદદ કર્યા કરી છે.

મારો સાચો ગુરુ તો હું 'દૃષ્ટિ'ને જ કહી શકું. એ જ મારી આધારશિલા બની હતી. શ્રી અરવિંદે મને કહ્યું હતું કે, આ દૃષ્ટિ જેનું પ્રતિનિધિત્વ ધરાવે છે તેમાં તું કેમ શ્રદ્ધા રાખતો નથી ?

યોગનો વિશાળ અનુભવ ક્રમે ક્રમે આવે છે. એમાં કેટલાક તબક્કા એવા આવે છે જ્યારે આપણે પાછળ ગતિ કરતા હોઈએ એમ લાગે. ક્યાંક અટકી ગયા હોઈએ એવી, બધા પ્રયત્નો નિષ્ફળ જાય છે એવી લાગણી થાય છે. બધા જ પ્રયત્ન કરનારને વિક્ષેપ વિનાની પ્રગતિ કરી શકે એવી આધ્યાત્મિક સજ્જતા મળી હોતી નથી. પણ એ સાથે જ થોડાંક વરસોના અંતરે મંદતા અને ઉપેક્ષાનાં બધાં જ બંધનોને ઉખેડીને આગળ વધવાની, પ્રભુના પંથે એકાદ સોપાન પણ ઉપર જવાની આકાંક્ષા મારામાં જાગતી મેં અનુભવી છે. એના કારણે નવા માર્ગો અને નવી દૃષ્ટિ મને સાંપડ્યાં છે; અને પૂર્ણ જીવનની દિશામાં મારી પ્રગતિ સતત થયા કરી છે.

આટઆટલાં વર્ષોથી યોગપથની સાધનાને કારણે હવે મને એટલી શ્રદ્ધા જાગી છે કે, એનું સાચું જ્ઞાન માત્ર અભ્યાસથી કે અસંબદ્ધ પ્રાપ્તિઓથી નથી આવતું. ગીતા અને યોગસૂત્રનો સતત પાઠ અને બીજા કેટલાક નિયમો અને આચારોનું પાલન હોય તો જ્યારે કોઈ કટોકટી આવે ત્યારે પરમ સૌન્દર્ય, આનંદ અને મુક્તિ માટેનો તીવ્ર તલસાટ મનમાં જાગે છે. પરમ તત્ત્વના મિલન માટેની તીવ્ર ઝંખના-સંવેગની ગતિ મળે છે. મનનાં આવરણોનાં પડ ખૂલે છે. આત્મસાક્ષાત્કારની ભાવનાનાં પૂર છલકે છે. એ સાથે જ આનંદ અને આત્મશક્તિનો અનુભવ થાય છે. આ પછી પેલી કટોકટી ઉકેલાઈ જાય છે અને અનુભવનો નવો તબક્કો આરંભાય છે.

આથી જ યોગમાં કશું શીખવી શકાતું નથી. આંતરિક પૂર્ણતા ક્રમે ક્રમે અનુભવ દ્વારા જ ખૂલતી આવે છે. યોગ એ પ્રક્રિયા છે. કોઈ સાધ્ય પદાર્થ નથી.

યોગ એ પ્રક્રિયા છે, અને એનું ક્ષેત્ર એ આ સમગ્ર ભૌતિક, નૈતિક અને આધ્યાત્મિક જીવન છે. એના પ્રત્યે ઉદાસીન રહીને તમે એની સાધના ન કરી શકો. એ જીવન દ્વારા જીવનનું રૂપાંતર કરવાની પ્રક્રિયા છે. આથી સ્વાભાવિક રીતે જ ગીતામાં દર્શાવ્યા પ્રમાણે એ કુરુક્ષેત્રમાંની લડત છે.

સજાગ હેતુલક્ષી પ્રયત્ન દ્વારા જીવનનું રૂપાંતર સાધવું એટલે જીવનને નિમ્ન તથા ઉચ્ચ મનના ત્રાસમાંથી મુક્ત કરીને એને

પ્રભુમય બનાવવું. એ જ રસ્તે યોગ માનવજીવનને દૈવી બનાવે છે. આ તબક્કાના પ્રત્યેક સોપાને આપણે આપણામાંના ભગવાનને શોધવાના છે. વાસ્તવમાં રૂપાંતર આત્માના ક્રમશઃ અનાવરણનો આકાર લે છે.

સ્વાભાવિક ઉત્ક્રાંતિ બહુ સંકુલ પ્રક્રિયામાંથી પ્રગટે છે. એમાં બીજાં દબાણો, સંયોગો અને અર્ધસત્યોથી આવૃત હેતુઓવાળી શિક્ષણપદ્ધતિ પણ એનો ભાગ ભજવે છે. આમાંથી ઉત્ક્રાંત થવાની પ્રક્રિયા દરમિયાન આપણે ભૂલો પણ કરીએ છીએ. અકસ્માતો, પ્રતિકૂળ સંજોગો અને આંતરિક પ્રતિકાર પણ આપણા માર્ગમાં વિઘ્નો રચે છે.

યોગ જે ઉત્ક્રાંતિ રચે છે એમાં રૂપાંતરની પ્રક્રિયા ઝડપી અને સ્વયંચાલક બની જાય છે. આત્માનો અવાજ મોટો બને છે. અહંકાર પરનો વિજય સરળ બને છે. અહંકારનું સ્થાન ધીરે ધીરે આત્મબળ લઈ લે છે. આ આત્મબળ દ્વારા જ ઈશ્વરનો સંકલ્પ કામ કરે છે. આપણી અહંકેન્દ્રી લાગણીઓનું વ્યાપક પ્રેમ અને આનંદનાં આંદોલનોમાં રૂપાંતર થાય છે.

યોગના ચાર અંશો છે. 'योगः कर्मसु कौशलम् ।' યોગ એટલે કર્મકુશળતા; 'समत्वं योग उच्यते ।' યોગ એટલે અભિગમનું સમત્વ; યોગ એટલે પરમ શાંતિ; યોગ એટલે ભગવાન સાથેની તદ્રૂપતા, 'मद्भव्यम्' પરંતુ આમાંનો કોઈ એક અંશ બીજાથી છૂટો પાડી શકાય એવો નથી રહ્યો. આ બધાંને અંતે સંસિદ્ધિ કૈવલ્ય અને વ્યક્તિત્વનો પ્રભુમાં વિલય પામી શકાય છે.

પતંજલિ કહે છે કે, 'તમારે યોગ કરવો હોય તો જપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાનથી શરૂ કરો.' હું આ ત્રણમાંથી સ્વાધ્યાયને સૌથી વધારે મહત્ત્વ આપું છું.

ધર્મગ્રંથમાં સાર્વત્રિક સત્ય હોય છે. પરંતુ પૂર્ણ સત્ય કોઈ એક સ્થળે મળી શકતું નથી. પ્રત્યેક ધર્મગ્રંથમાં શાશ્વત સત્ય સમાયેલું હોઈ સાર્વત્રિક સ્વીકાર પામે છે. એ સત્ય જેટલું ઉત્કટ એટલો એ ગ્રંથ વધારે મહાન. પણ એ આખરે તો ગ્રંથ જ છે.

પરંતુ ધર્મગ્રંથનો નિત્યનો સ્વાધ્યાય થાય છે ત્યારે એનાં શાશ્વત મૂલ્યો વ્યક્તિનો અંતર્ગત ભાગ બની જાય છે. વ્યક્તિની મનોભૂમિમાં પરિવર્તન આણે છે. એનાં ઉચ્ચ મૂલ્યો રગેરગમાં વહેવા માંડે છે, અને યોગની પ્રક્રિયાનો આરંભ થાય છે.

ધર્મશાસ્ત્રો પર કોઈનો ઈજારો નથી. એ સમસ્ત માનવજાતનાં છે. કોઈ એવું ન કહી શકે કે સત્ય માત્ર તેના જ ધર્મગ્રંથમાં છે, અને બાકીના ગ્રંથો મિથ્યા છે. સાધકે એ ન ભૂલવું જોઈએ કે યોગ એ રૂપાંતરની પ્રક્રિયા છે. સંકુચિતપણાને દૂર કરવાની શરત તો આવા રૂપાંતરમાં સૌ પ્રથમ હોય છે.

ધર્મગ્રંથ ભૂમિકા પૂરી પાડે છે. યોગ દ્વારા આપણે શેનું રૂપાંતર સાધવાનું છે ? મનનું ? પરંતુ મન તો દેહમાં રોપાયેલું અને પરોવાયેલું છે. તો મન અને દેહ બંનેનું રૂપાંતર સાધવાનું છે ? પરંતુ દેહ જીવનમાં રોપાયો અને પરોવાયો છે. જીવન પણ સામુદાયિક તંત્રનો એક ભાગ છે. અને આ તંત્ર બ્રહ્માંડના ભૌતિક, નૈતિક અને આધ્યાત્મિક તારમાં પરોવાયેલું છે. તો પછી મનના રૂપાંતરની આ પ્રક્રિયા અલગ કઈ રીતે પડે ?

આ બ્રહ્માંડમાં પદાર્થ, જીવન, મન, સદ્ અને અસદ્ તત્ત્વો વગેરે જે કાંઈ છે એ રૂપાંતરનાં પરિબળોનું જે સમર્થન કરે છે એ સત્યને સમજ્યા વિના યોગની સાધના થઈ જ ન શકે. સંપૂર્ણ રૂપાંતરની પ્રક્રિયા સાથે સંવાદી બની શકે એ રીતે પોતાનું રૂપાંતર કરવાનો પ્રયત્ન કરવો, એનું નામ યોગ.

જ્યારે યોગના વિદ્યાર્થીને સ્વાધ્યાય કરવાનું કહેવામાં આવે છે ત્યારે બહુધા એ ધર્મગ્રંથનો પાઠ કરે છે, અથવા તેનો અર્થ સાથે સમજવા પ્રયત્ન કરે છે. પરંતુ બહુ વહેલાં મને એ સમજાઈ ગયું હતું કે, પવિત્ર સ્વાધ્યાયનું જુદું જ કાર્ય છે. વારંવાર હૃદય પરોવીને કરાયેલા પાઠ દ્વારા જ ધર્મગ્રંથનું હાર્દ આપણી પાસે પ્રગટ થાય છે. શબ્દો, સંકેતો, અર્થો અને તેમાં રહેલું પરમ સત્ય જીવંત જ્યોત બની આપણો જીવનપથ અજવાળે છે.

એક વાર મને એમ લાગ્યું હતું કે, ગીતાનો દશમો અધ્યાય નવા સાધકને ભગવત્તત્ત્વનો પરિચય કરાવવા માટે છે. હવે મેં જોયું

છે કે, એનો નિયમિત સ્વાધ્યાય મહાન અનુભવ તરફ દોરી જાય છે. આ જગતમાં જે કંઈ છે એ એક પૂર્ણ ઈશ્વરનો અંશ છે.

પ્રભુની ઈચ્છાને સર્વ સમર્પણ કરી દેતું જીવન આખાયે સર્જનમાં પ્રવર્તતા લય અને એકત્વ સાથે સંવાદ સાધવાનો સતત પ્રયાસ બની રહે છે. અને એનું જ બીજું નામ યોગ. આ સંવાદને તેના પૂર્ણ સૌન્દર્ય સાથે પ્રકટ કરવાથી મુક્તિનો અનુભવ કરી શકાય છે.

જો અહંકાર આપણા માર્ગમાં અંતરાય રચે તો સફળતા અને નિષ્ફળતા પણ આપણને વસ્તુઓને વ્યાપક રીતે સમજતાં શીખવે છે. જ્યારે નિષ્ફળતાઓની પરંપરા પછી સફળતા આવે છે ત્યારે મન વિશાળ બને છે, આત્મા સબળ બને છે; કારણ કે પછી આપણે આ બધી સિદ્ધિઓ માટે વૈયક્તિક યશ લેવા જેટલા અજ્ઞાન હોતા નથી.

હું કેટલીક વાર સફળ ગયો છું તો કેટલીક વાર નિષ્ફળ પણ ગયો છું. પરંતુ જ્યારે હું કંઈક મેળવું છું ત્યારે નમ્રતા અનુભવું છું. કારણ કે મારી સફળતા એ મારી અંગત સિદ્ધિ નથી, ભગવાનની ઈચ્છા એમાં કારગત નીવડી છે.

આખાયે જીવન દરમિયાન જે લક્ષ્યોની મેં યોજના કરી હતી એ પ્રાપ્ત થયાં ન હતાં. કેટલાંક એવાં લક્ષ્યો સિદ્ધ થયાં છે કે જે મારાં ન હતાં. સફળતા કે નિષ્ફળતા બેમાંથી એકેય મારી ન હતી. પરંતુ સત્યનું ભાન કરાવવામાં એ ઉપયોગી થઈ હતી. મારે માટે એક જ જીવનકાર્ય હતું અને મારે એ ઉત્તમ રીતે કરવાનું હતું.

જ્યારે આ સત્ય મને સમજાયું ત્યારે મને એ પણ પ્રતીતિ થઈ કે મારે કાર્ય કરવાનું છે. પરિણામોની ચિંતા કરવાની નથી. મને એ પણ પ્રતીતિ થઈ કે આપણામાંના સૌ કોઈ આવા કાર્ય માટે કોઈ રીતે પસંદ કરાયા છે. મને આ સત્ય સમજાયું ત્યારે મેં સાચો આનંદ અનુભવ્યો. હું જાણી ગયો હતો કે, હું બીજા બધાની માફક હવે ભગવાનથી દોરાઈ રહ્યો છું. હું દોરાવા માટે તત્પર હતો.

□



૧૯. નિમકરોલી બાબા

મુનીન્દ્ર આજે દિવાળીના મિજાજમાં હતા. પાસે પડીકામાં મીઠાઈ, હાથમાં ફટાકડા અને બગલમાં છાપાંનો સમુચ્ચય હતો.

મીઠાઈ એમણે સહુને વહેંચી. કેટલાક લોકોએ ખાધી નહિ.

મુનીન્દ્ર બોલ્યા : 'ધર્મ કહે કે અગિયારસ કરો, અમુક વસ્તુ ન ખાઓ, તો તમે ન માનો. દાક્તરે કહ્યું કે ડાયાબિટીસ થયો છે, ને મીઠાઈ ન ખાઓ; બસ થઈ રહ્યું ! જીવવાની હોંશ કરતાં મરવાનો ડર વધુ છે.'

મુનીન્દ્રે ફટાકડા બાળકોને વહેંચ્યા ને બાળકોને એ ફોડતાં જોઈ રાચી રહ્યા.

થોડી વારે બગલમાંથી છાપાં કાઢ્યાં ને કહ્યું :

'જુઓ ! દરેક માણસના જીવનમાં કંઈક જાણ્યું છતાં અજાણ્યું બન્યું હોય છે જ ! આ 'અંજલિ'ના દીપોત્સવી અંકમાં પ્રગટ થયેલ શ્રીમાન કનૈયાલાલ મુનશીનો સ્વાનુભવ વાંચો.'

સહુએ કહ્યું : 'અમને આપ સ્વમુખે સંભળાવો.'

મુનીન્દ્રે એ અનુભવ અંકમાંથી વાંચ્યો. શ્રી કનૈયાલાલ મુનશી પોતાના જીવનનો એ અગમ્ય અનુભવ ટાંકતાં કહે છે :

"મુરાદાબાદના નિવૃત્ત જિલ્લા ન્યાયમૂર્તિ શ્રી દૂબે દેહશક્તિની દૃષ્ટિએ ચમત્કાર સમા છે. સત્યાશી વર્ષની એમની વય છે. રોજ સવારે ૫૦૦ દંડ પોતે પીલે છે. સવારે તેઓ રોજ બે કલાક ચાલે છે અને રોજ સાંજે એક કિશોર જેવી સ્ફૂર્તિથી ટેનિસના બે દાવ રમે છે. નિસર્ગોપચારના તેઓ નિષ્ણાત છે, ને ગાંધીજીની જેમ માટીના પ્રયોગના હંમેશાં ગુણગાન ગાય છે. મને પણ તેમાં ખેંચવાના એમણે પ્રયત્ન તો ઘણા કર્યા, પણ એ બધા નિષ્ફળ નીવડ્યા.

એક પ્રસંગ વર્ણવવાનું મને મન થાય છે. તમારે તેને ચમત્કાર કહેવો હોય તો ચમત્કાર કહો, અકસ્માત કહેવો હોય તો અકસ્માત કહો.

શ્રી દૂબેએ મને ચાપાણીનું નિમંત્રણ આપ્યું હતું. ત્યાંથી પાછા ફરતાં મારી હોટલ તરફ જવાના બે રસ્તા હતા. મેં તેમાંના એક રસ્તે ચાલવા માંડ્યું.

અડધે રસ્તે એક આધેડ માણસે મને અટકાવ્યો.

'મુનશીજી, જુઓને, આ માણસ અહીં લંબાવીને પડ્યો રહેવાનો આગ્રહ રાખે છે.' કહી તેમણે બાજુના જ બંગલામાં રહેતા શ્રી ત્રિવેદી, આઈ.એ.એસ.ના પિતા તરીકે પોતાની ઓળખાણ આપી. મેં તેમણે બતાવેલો ધાબળામાં લપેટાયેલો લબાચો રસ્તાની બાજુએ પડેલો જોયો. કોઈક બહેરો ભિખારી બીમાર બનીને પડ્યો હશે એમ મને લાગ્યું.

'શું છે ?' મેં ત્રિવેદીને પૂછ્યું.

'આ ઘરમાં જતો જ નથી. અર્ધા કલાકથી એ અહીં રસ્તા પર પડ્યો રહ્યો છે.'

'કોણ છે એ ?'

ધાબળામાં ઢંકાયેલા એ ઢગલામાં કંઈક સંચાર થયો અને કોઈક ચહેરો બહાર ડોકાયો.

'મુનશી, તમે અહીં છો ?' એ ઢગલામાંથી અવાજ આવ્યો.

મેં પણ એ ચહેરો જોઈને ઓળખી કાઢ્યો. 'નિમકરોલી બાબા ! તમે અહીં ?' સાશ્ચર્ય બોલી ઊઠ્યો.

નિમકરોલી બાબા ધાબળામાં ઢંકાઈને જ ભમ્યા કરે છે. અવારનવાર એ નૈનીતાલ જાય છે, અને ત્યાં જઈ હનુમાનગઢીમાં રહે છે.

એ ક્યાંથી આવીને ક્યાં જાય છે, તેની કોઈને ખબર હોતી નથી. કોઈક સ્થળે એ અણધાર્યા આવી પહોંચે છે ને એટલા જ અણધાર્યા ત્યાંથી જતા રહે છે. પરંતુ જે નામે એ વિખ્યાત થયા છે, તે નામ તેમને કેવી રીતે મળ્યું તેની એક રસિક વાત છે.

થોડાં વર્ષો પહેલાં નિમકરોલી સ્ટેશને એક ટ્રેન ઊભી રહી. એક પ્રામાણિક ટિકિટ ચેકરે ધાબળામાં વીંટાઈ રહેલા એક રખડુ જેવા મુસાફરને વગર ટિકિટે મુસાફરી કરતો પકડ્યો. શાન્તિથી પોતાની દાઢીને આમળતો આમળતો એ રખડુ મુસાફર પ્લૅટફૉર્મ પર બેસી ગયો. તુમાખીથી એણે ગાર્ડને કહ્યું :

'તમે એમ માનો છો કે આ ટ્રેન પ્લૅટફૉર્મ છોડીને આગળ જશે ? જોઈ લો ત્યારે !'

એ રખડુ તો ત્યાં બેઠો જ રહ્યો. સીટી વાગી ને ગાર્ડે લીલી ઝંડી ફરકાવી. પરંતુ એન્જિન તો ચાલે જ નહિ. ક્યાંક કંઈક ખોટવાઈ ગયું લાગ્યું.

એન્જિન ડ્રાઈવરે લીવર સાથે ગડમથલ કરવા માંડી, પણ કંઈ વળ્યું નહિ.

ત્યાં તો સ્ટેશન માસ્તરને કોઈકે કહ્યું : 'આ બાબા ચમત્કાર કરી જાણે છે. એને અંદર લેશો નહિ ત્યાં સુધી ટ્રેન ચાલશે નહિ.'

એટલે હવે અમલદારોએ આવીને નિમકરોલી બાબાને ટિકિટ હોય કે ન હોય તોયે ટ્રેનમાં ચડવા વીનવ્યા અને જેવા બાબા અંદર બેઠા કે ટ્રેન ચાલવા માંડી.

આ પ્રસંગ પછી એમને ઓળખતા સૌને માટે એ 'નિમકરોલી બાબા' બની ગયા.

આ બાબાની સ્મરણશક્તિ અદ્‌ભુત છે. એક વાર ઓળખાણ કરાવી હોય પછી કોઈનેયે એ ભૂલતા નથી. એ વ્યક્તિને વિષે, એની પત્નીને વિષે, એનાં બાળબચ્ચાં વિષે એ પૂછપરછ કરે છે ને તેમાંની કોઈની એકેય વિગત એ ભૂલતા નથી.

પરંતુ પ્રસંગોની આગાહી કરવાની એમની શક્તિ તો અલૌકિક જ છે.

રસ્તે ચાલતાં ચાલતાં એ માણસને ઓળખી કાઢે છે. એની પાસે પહોંચી જઈ એની દાઢી પકડી એ કહે છે કે, 'સાંભળો, તમારા નસીબમાં અમુક અમુક બનવાનું છે.' અને એ વ્યક્તિની સામે બીજી નજર સુધ્ધાં નાખ્યા વિના એ જતા રહે છે. એમની આગાહી સાચી હોવાનું પ્રમાણ આપ્યું હોય તેવી દસબાર વ્યક્તિઓને તો હું મળ્યો છું.

પરંતુ આરાધનાથી, ખુશામતથી કે આગ્રહથી બાબાના હૃદયને જીતી શકાતું નથી. બાબાને પોતાને ત્યાં આવવાનું નિષ્ફળ આમંત્રણ આપતા કેટલાયે લોકોને મેં જોયા છે. કોઈ પણ આમંત્રણ એ એમ સ્વીકારતા જ નથી.

કોની પાસે જવું ને કોનું ભવિષ્ય કયે સમયે ભાખવું તેનો બાબા પોતે નિર્ણય કરે છે.

૧૯૫૧માં હું ભારતનો ખોરાક પ્રધાન હતો ત્યારે બાબા ઉત્તર પ્રદેશના રાજ્યપાલના આસિસ્ટન્ટ સેક્રેટરી પાસે પહોંચી ગયા.

રાજ્યપાલપદ તે સમયે સર હોમી મોદી ધરાવતા હતા. બાબાએ સેક્રેટરીને કહ્યું :

'તમારા આ પછીના રાજ્યપાલ તરીકે કનુ મુનશી આવવાના છે.'

તે વખતે ૧૯૫૨ની ચૂંટણીમાં ઊભા રહેવાનો મારો ઈરાદો ન હતો. રાજ્યપાલનું પદ કોને સોંપવાના હતા તેની પ્રધાન મંત્રીને પોતાને હજુ ખબર નહોતી. અને ત્યારે મને તો ખાતરી જ હતી કે રાજ્યપાલનું પદ ધરાવવાની મારામાં લાયકાત નહોતી જ.

ઉત્તર પ્રદેશમાં હું હતો ત્યારે બાબાની વાતો મેં સાંભળી હતી. જઈને એમને પ્રણામ કરી આવવાનું મને મન હતું.

એક વાર નૈનીતાલની પાસે હનુમાનગઢીના મંદિરમાં એ આવેલા ત્યારે હુંયે ત્યાં હતો. મારા પરિવાર સહિત હું ત્યાં પહોંચી ગયો. અમારા સૌના ખબરઅંતર પૂછી બાબાએ અમને કેટલીક વાતો કરી.

એકાદ વર્ષ પછી એક વાર એ નૈનીતાલમાં રાજભવનમાં આવી પહોંચ્યા. મને મળવાનો એમનો ઈરાદો હતો. એ અંદર આવ્યા, દૂધ પીધું, કુટુંબના સૌના સમાચાર પૂછ્યા ને જતા રહ્યા.

આ પછી બીજે વર્ષે ઉનાળામાં એક દિવસ સવારે મને ખબર પડી કે એ હનુમાન મંદિરમાં આવેલા છે. તત્કાળ જઈને એમને મળી આવવાનો મેં નિર્ણય કર્યો.

સવારે દસેક વાગ્યે હું મંદિરમાં પહોંચ્યો. ત્યારે સૌ મને કહેવા લાગ્યા કે બાબા કહી રહ્યા છે કે સવારમાં રાજ્યપાલ એને મળવા આવશે.

એટલે જ તો ગયા મે મહિનામાં બાબા મને ઉદ્દેશીને બોલ્યા ત્યારે હું આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો – આભો બની ગયો એમ કહેવું વધારે યોગ્ય કહેવાશે.

'બાબા, તમે અહીં ક્યારના આવ્યા છો ?'

'તમે જાઓ, ફરી આવો ને પછી મારી પાસે આવો.' એણે કહ્યું.

'પણ તમે ત્રિવેદીને ઘેર જાઓ. હું ત્યાં આવીશ.' મેં કહ્યું.

'શ્રીમતી ગયાં ?' એમણે પૂછ્યું.

'હા, બાબા, એ મુંબઈ પાછાં ફર્યાં છે.' હું બોલ્યો. બાબા ઊભા થઈ ગયા ને પોતાના ધાબળામાં વીંટાઈને જતા રહ્યા.

ત્રિવેદીજીએ મને કહ્યું : 'મસૂરીમાં આવ્યા ત્યારના એ આપના સમાચાર પૂછ્યા કરે છે. મેં સેવૉય હોટલ પર ફોન કર્યો પણ આપનો પત્તો ન લાગ્યો. અને અહીં રોકાયા છો કે નહિ તે પણ એ લોકોએ મને કહ્યું નહિ.'

'પણ આમ રસ્તા વચ્ચે એક બાંકડા પર અમે જોડે બેઠા હતા. ઓચિંતાના એ ઊભા થઈ ગયા અને અમારી પાસેથી જતા રહ્યા, ને રસ્તાની બાજુએ લાંબા થઈને સૂઈ ગયા.' ત્રિવેદીજીએ કહ્યું.

બાબા રસ્તા પર જઈને સૂઈ ન ગયા હોત, ઘરમાં જવાનો એમણે ઈન્કાર ન કર્યો હોત ને મેં એ જ રસ્તે થઈને હોટલ પર પાછા જવાનું ન વિચાર્યું હોત તો મળાયું ન હોત. . . મને એ રસ્તે થઈને પસાર થતો તે જોઈ શકે તે માટે જ બાબા રસ્તાની બાજુ પર એમ સૂતા રહ્યા હતા ? બાબાને હું જે રીતે ઓળખું છું એ રીતે આ અકસ્માત હતો એમ માનવાને હું તૈયાર નથી.

ત્રિવેદીજીના બંગલામાં જઈને મેં બાબા સાથે વાતચીત કરી. આંચકાભરેલાં વાક્યોમાં એમણે કુટુંબના બધા માણસોના સમાચાર પૂછ્યા.

'આપે મંદિર બાંધ્યું ખરું ? આપ કહેતા હતા કે બાંધવાના છો.'

'હા, એ પતાવી દીધું છે.' હું બોલ્યો.

'કોઈક વાર હું જોવા આવીશ.' એમણે કહ્યું.

'પણ તમે મુંબઈ ક્યારે આવશો અને તે હું કેવી રીતે જાણીશ ?' મેં પૂછ્યું.

'પણ હું આવીશ તો ખરો જ. એમણે કહ્યું ને પોતાની દાઢી આમળતાં આમળતાં બીજા લોકોની સામે જોયું.

આજથી ત્રણેક વર્ષ પર બાબાનો પુનઃ મેળાપ થયો. ત્યારે તેઓ અમારે ત્યાં આવ્યા હતા. એમણે કહ્યું : 'આપે મને મંદિર જોવા આવવાનું કહ્યું હતું, તે હું જોઈ આવ્યો છું.'

તેઓ અમારી સાથે જમ્યા અને અમારે ત્યાં સૂતા પણ ખરા. પરંતુ ક્યારે જતા રહ્યા તેની અમને ખબર ન પડી. ગાડીમાં જવાના હતા તે વિશે એમણે ઈશારો કર્યો હતો. મેં માણસને એ ગાડીના સમયે સ્ટેશન પર મોકલ્યો. પરંતુ એને બાબાનો મેળાપ ન થયો. ગાડી ઊપડવાની તૈયારીમાં હતી, અને બાબાએ પોતાની જગ્યા લઈ લીધી હતી.

એટલું જાણવા મળ્યું કે એક રાજસ્થાની ગૃહસ્થે એમને માટે ફર્સ્ટ ક્લાસની વ્યવસ્થા કરી આપી હતી."

□

૧૩. મંત્રજ્ઞ પૂ. નાથજી

ભારતના તત્ત્વચિંતકો અને સાધકોમાં જેમનું નામ અગ્રગણ્ય છે, જેમની વિચારસરણી ધર્મ, વિજ્ઞાન ને વાસ્તવ જીવનના સુમેળવાળી ગણાય છે, વિદ્વાનો, તત્ત્વચિંતકો ને સાધકોમાં જેઓ પૂજ્ય નાથજીના નામથી જાણીતા છે, એ શ્રી કેદારનાથજીની મંત્રતંત્ર વિશેની વિચારસરણી જાણવાનું અહીં સદ્ભાગ્ય સાંપડે છે.

પૂજ્ય શ્રી નાથજી જેમ જાણીતા તત્ત્વચિંતક ને સાધક છે તેમ કુશળ મંત્રવિદ પણ છે. સાપ, વીંછી, આધાશીશી, મલેરિયા, કમરનો દુખાવો વગેરે દરદો તેઓ મંત્રથી મટાડે છે. તેઓ વિવેક અને સાધનાને મહત્ત્વ આપે છે. વ્યવહારશુદ્ધિના તેઓ પ્રખર પ્રેરક છે. ગુજરાતના અગ્રિમ ચિંતક શ્રી મશરૂવાળાના ગુરુ છે.

મુંબઈના કેટલાક પત્રકારો માનનીય શ્રી સોપાન, શ્રી કાપડિયા વગેરે સાથેની એક મુલાકાતમાં આ પ્રશ્ન ચર્ચાયો હતો. એ ચર્ચા અમે તેમના શબ્દોમાં અહીં રજૂ કરીએ છીએ. વિશેષ ને આખરી સાર જાણવા માટે તો તેઓશ્રીની મુલાકાત લેવી જરૂરી છે.

વાતમાં વાત એવી બની કે એક મુંબઈવાસી મિત્રની કમર ઝલાઈ ગઈ હતી. પડખું ફેરવવાની પણ શક્તિ નહોતી. ઊઠબેસ તો કરી જ શકાય નહિ. આ રોગના નિવારણમાં પૂ. નાથજીના મંત્રની મદદ મળી, ને દરદી સાજો થઈ ગયો.

મુંબઈનાં વિશાળ દવાખાનાં, મોટી વૈદ્યસંખ્યા ને દવાઓની નિત્ય નવી શોધની વચ્ચે આ પ્રયોગ સાવ સાદો ને સરળ લાગ્યો. આ કારણે પત્રકાર મિત્રોને કુતૂહલે પ્રેર્યા ને તેઓ પૂ. નાથજીને અનેક પ્રશ્નો સાથે મળ્યા.

પૂજ્ય શ્રી નાથજીએ એક પ્રશ્નના જવાબમાં કહ્યું કે, મંત્રનું અસ્તિત્વ છે; પણ મંત્ર તે યોગવિદ્યા કે યોગની સિદ્ધિ નથી, પણ તપની સિદ્ધિ છે.

હું ચમત્કારમાં માનતો નથી. આપણે વીજળીનું બટન દબાવીએ અને બત્તી થતાં અજવાળું ફેલાય, તેમાં ચમત્કાર નથી. મનના ધર્મનું, સંકલ્પશક્તિનું ને તપસિદ્ધિનું ને વિશ્વધર્મનું સંયોજન શબ્દમાં થતાં આ શક્તિ પેદા થાય છે. જેને તેનું જ્ઞાન નથી તેને ચમત્કાર લાગે છે.

મંત્રશક્તિ દુઃખનિવારણ માટે છે. માટે મેં તે મેળવી લીધી છે, જાળવી છે ને ઉપયોગ કર્યો છે.

મંત્રશક્તિ માટે મેં જે વિચાર્યું છે, તેનો સાર એ છે કે માનવમનની શક્તિઓનો કોઈ પાર નથી અને આ વિશ્વમાં પણ અનંત શક્તિઓ વિલસી રહી છે. એ બંને શક્તિઓ જો સમરસ થાય તો ઘણી સિદ્ધિઓ નિપજાવી શકે.

સર્પના મંત્રની વાત કરું.

વીસેક વર્ષની ઉંમરે મને મંત્ર મળ્યો. ત્યારે ઝાડપાન ને ખેતીવાડીના કામમાં રોકાયેલો હતો, અને તે પ્રદેશમાં સાપનો ઉપદ્રવ

ઘણો હતો. કેવળ લોકકલ્યાણ ને કરુણાભાવથી પ્રેરાઈ આ મંત્ર મેળવ્યો. એ વર્ષોમાં સાપના ઝેરમાંથી અને બીજા વ્યાધિઓમાંથી લોકોને મુક્તિ અપાવી.

મારી માન્યતા છે કે મંત્ર સાથે તેનું તંત્ર પણ જાણવું જરૂરી છે; એટલે મંત્રનો ઉપયોગ ક્યારે ને કેમ કરવો, એ વખતે કેવી ક્રિયા કરવી, તે બધું જાણવું જોઈએ.

ઝેર ઉતારવાની ક્રિયા વિષે વાત કરું. અમારે ત્યાં એક થાંભલો હતો. જેને સાપ કરડ્યો હોય તેને તે થાંભલા સાથે બાંધવામાં આવે, કારણ કે મંત્રનો ઉચ્ચાર અને પાણી છાંટવાની ક્રિયા શરૂ થતાં ડંખ પામેલા માનવીના દેહમાં સાપ દાખલ થઈ ગયો હોય અને તે મંત્ર જાણનાર પર તૂટી પડી વેર લેવા માગતો હોય તેવી સ્થિતિ પેદા થાય છે. હાજર રહેલા બીજા કોઈને એવો ભય નથી. જો ડંખ પામેલી વ્યક્તિને બાંધવામાં ન આવે તો તેના દ્વારા મંત્ર જાણનારનું મોત પણ થવા સંભવ છે. જ્યાં આવા થાંભલાની સગવડ ન હોય ત્યાં બીજી રીતે આવો અંકુશ ઊભો કરવો જરૂરી બની જાય છે.

મનુષ્યને ઝેર કેમ ચઢે છે, તે હું જાણું છું. વિષના પ્રભાવ અને પરિણામની મને ખબર છે. કઈ જાતનો સાપ કરડ્યો છે તે પણ હું સમજી શકું છું. કૉબ્રા સાપ હોય તો તેના ગળા પર જેટલા પટા હોય તેટલી ફિટ આવે છે. ત્રણથી વધુ પટા હોતા નથી. એટલી ફિટ આવતાં મૃત્યુ થઈ જાય છે. સાપના ઝેરથી બેભાન બનેલી વ્યક્તિ પર હું જ્યારે મંત્રોચ્ચાર સાથે પાણી છાંટું ત્યારે સાપ તેના શરીરમાં દાખલ થયો હોય, તે કહે છે કે પોતે શા માટે કરડ્યો છે.

સાપને બોલાવવો શી રીતે, તેને પૂછવું કેવી રીતે વગેરે ક્રિયાને તંત્ર કહેવામાં આવે છે.

પાણી છાંટતાં એ માનવી દ્વારા એ માનવીની ભાષામાં સાપ બોલે છે કે પાણી ન નાખો. હું મરી જઈશ. બળી જઈશ. પાણી ન નાખો. હું ચાલ્યો જઈશ.

એ પછી પૂછીએ કે તે ક્યાં છે, તો તે જ્યાં હોય, જ્યાં જતો હોય, જ્યાં પહોંચ્યો હોય તે જણાવવા માંડે છે.

સાધારણ રીતે સાપ પર પગ પડ્યો હોય કે તેને કંઈ ઈજા પહોંચાડવામાં આવી હોય ત્યારે તે કરડે. જૂના વેરનું પણ કહે; પરંતુ આ વેર આગળના જન્મનું ન હોય.

એક કિસ્સામાં સાપે એમ પણ કહ્યું છે કે હું રસ્તા પર રાહ જોતો હતો ને આનો પગ પડ્યો, તેથી એને કરડ્યો.

મેં પૂછ્યું : 'કોની રાહ જોતો હતો ?'

આ પ્રશ્નનો જવાબ મળ્યો નહિ.

સાપ મંત્ર જાણનારને ધમકી પણ આપે છે, પણ તેથી ગભરાવું જોઈએ નહિ.

ભય અને મંત્ર સાથે રહી શકે નહિ.

સર્પદંશના એક કિસ્સામાં એ માણસનો પગ સજ્જડ લાકડા જેવો થઈ ગયો હતો. મંત્રોચ્ચાર સાથે પાણી છાંટતાં એમાં ચેતન આવવા લાગ્યું. અને છેલ્લે મસ્તક પર પાણી છંટાયું ત્યારે તે સર્વથા મુક્ત થયો. પાણીની અસર થવામાં સહેજ પણ વિલંબ થતો નથી. પાણી છાંટતાં જ ડંખ પામેલી વ્યક્તિનું તે અંગ તેમાંથી મુક્ત થઈ ગયું હતું.

મંત્રોચ્ચાર પછી મારામાંથી એ પાણીમાં શું ગયું, એ પાણી ડંખ પામેલા માણસના અંગ પર પડતાં તેમાં શું પ્રવેશ્યું વગેરે બાબતો સંશોધનનો વિષય છે. આ માટે લોહી તપાસવું જોઈએ, નાડી તપાસવી જોઈએ, હૃદય તપાસવું જોઈએ અને મંતરેલું પાણી પણ તપાસવું જોઈએ.

હું તો શોધક છું. વૈજ્ઞાનિક રીતે આવી તપાસ ઇચ્છું પણ છું. પરંતુ પ્રયોગ ખાતર સાપ કરડાવવામાં હું માનતો નથી. એ રીતે સાપ કરડાવી ઝેર ઉતારવું તેમાં મને અહંકાર લાગે છે. વળી આ જીવનમરણનો સવાલ છે.

આ મંત્ર બીજાને પણ આપી શકાય. પણ મનુષ્યની સંયમશક્તિ કેટલી છે, તે જોવું જોઈએ. મંત્ર પામનાર અંધવિશ્વાસુ ન જોઈએ, તેમ નાસ્તિક પણ ન જોઈએ.

મંત્ર આપ્યા પછી પાછો લઈ શકાતો નથી, અને જે નિયમનું પાલન ન કરી શકે તેને પોતાને પણ નુકસાન થવાનો સંભવ છે.

મંત્ર મેળવનારે અમુક સમયે તેનો જાપ કરવો પડે. મંત્રને લીધા પછી નષ્ટ કરી શકાતો નથી. તે જીવનભરની સાધના બની રહે છે.

મંત્રવિદ્યાથી ગમે તે બીમારી દૂર થઈ શકે, એમ હું માનું છું; પરંતુ મનઃશકિત અને વિશ્વશક્તિના મેળ દ્વારા વિવિધ મંત્રસિદ્ધિ મેળવવી જોઈએ.

સાપ-વીંછીનું ઝેર ઉતારવા માટે પાણી, ચોખા કે અડદ જે સરળતાથી લભ્ય હોય તેનો ઉપયોગ કરું છું.

મંત્રની ભિન્ન ભિન્ન શાખાઓ છે. કેટલાક લોકો સ્નાન કરી ભીને કપડે જ મંત્ર બોલી શકે છે.

મલેરિયા કે આધાશીશીમાં કાળો દોરો મંત્રીને બાંધવામાં આવે છે.

વાયુના રોગમાં શરીરમાં જ્યાં પીડા થતી હોય તે ભાગને પકડીને મંત્ર બોલતાં બોલતાં વસ્ત્રના કકડાથી ત્યાં મારવાનું હોય છે.

મંત્ર પ્રગટ ન થવો જોઈએ. તેનો બાહ્ય રીતે ગણગણાટ થાય છે.

મંત્રોમાં કોઈ ચમત્કાર નથી. આ શક્તિ અંતે તો સર્વશક્તિમાન ચૈતન્ય પ્રભુની શક્તિ છે. તેથી આ વિશે કોઈને અભિમાન થવું ન જોઈએ.

વાસ્તવમાં આ મંત્રશકિત માટે મેં પોતે કંઈ કર્યું નથી. મને એ મંત્રો બીજા તરફથી મળ્યા છે. તેનો મેં અનુભવ કર્યો છે. અને એક વાર પણ મને તેમાં નિષ્ફળતા મળી નથી.

મંત્રોનું વૈજ્ઞાનિક, બૌદ્ધિક કે તાર્કિક કારણ હજુ હું મેળવી શક્યો નથી.

આ મંત્રો ધારણ કરવા માટે અમુક પ્રકારનું જીવન જીવું છું. એમ કરવા હું બંધાયેલો છું.

મંત્ર આપનારની કૃપાનું આ ફળ છે. મંત્ર આપનારે પણ આ મંત્ર બીજાની કૃપાથી મેળવ્યો હોય છે.

મંત્ર સાથે જે રહેણીકરણી સંકળાયેલી છે, તેમાં જીવનની પવિત્રતા, ભોજનના નિયમો વગેરે સમાયેલા છે.

આ મંત્રોનું પ્રદર્શન કરી શકાય નહિ. તે દ્વારા ધનપ્રાપ્તિ થઈ શકે નહિ. અને દુઃખમાં પડેલાનું દુઃખ દૂર કરવાનો ઇન્કાર પણ કરી શકાય નહિ.

જમવા બેઠા હોઈએ ને કોઈ બોલાવે તો ઊઠવું પડે અને તે દિવસનું ભોજન છોડવું પણ પડે. મંત્ર સાથે આ કર્તવ્ય સંકળાયેલું છે. વિદ્યા સાથે દયા જોઈએ, એમ હું પહેલેથી માનતો આવ્યો છું.

જેનાથી મૃત્યુ થાય એવું ઝેર પણ જો ઉતારી શકાય, તો બીજા અનેક રોગોમાં મંત્રો કામ આપી શકે. મારું મંત્રજ્ઞાન સાપનું ઝેર, વીંછીનું ઝેર, આધાશીશી, મલેરિયા, કમરની લચક વગેરે વાત, પિત્ત ને કફના વ્યાધિઓના નિવારણ પૂરતું છે. પણ હું વિશેષજ્ઞાનની કલ્પના કરી શકું છું.

મંત્રો અને તેના ઉપયોગનું વૈજ્ઞાનિક સંશોધન થવું જરૂરી છે.

આ બાબતમાં ખાસ તો મનોવૈજ્ઞાનિક સંશોધન જરૂરી છે. કારણ કે મંત્ર એ મનઃશક્તિનું પરિણામ છે. એમાં કશું અલૌકિક કે દૈવી નથી.

□



૧૪. માતાજી

ઈશ્વરની કૃપા અનેરી હોય છે !

એ બીમારને બહાદુર બનાવે છે. અશક્તને પળવારમાં શક્તિમાન કરે છે. મનુષ્યની પાસે પ્રબળ પુરુષાર્થ છે ખરો, પણ ઈશ્વરની અસીમ કૃપા વગર માનવીની મહત્તા પ્રગટ થતી નથી. મનુષ્ય એ શક્તિનો ખજાનો છે, પણ એ ખજાનાને ખોલવાની ખરી ચાવી તો પ્રભુકૃપા જ છે.

આવી પ્રભુકૃપા માનવીને મહામાનવ બનાવી શકે છે. ઈશ્વરી આશીર્વાદ એનામાં અનેરી શક્તિઓ જગાવી શકે છે.

મધ્ય પ્રદેશના ઈન્દોર શહેરથી સાત માઈલ દૂર આવેલા નૈનોદના વિખ્યાત માતાજીના સ્થાનના પરમ ઉપાસકને મળતી વખતે આવો જ અનુભવ થયો.

એ સ્થાનના પરમ ઉપાસક આમ તો મૂળ એક સીધા, સાદા ને સરળ હૃદયના ખેડૂત હતા. પરંતુ ઈશ્વરની કૃપાથી આજે એમનામાં એવી શક્તિનો સંચાર થયો છે કે લાખો માનવીઓનાં મસ્તક એમની આગળ ઝૂકી જાય છે.

માતાજીની શક્તિનો એમનામાં એટલો ઉચ્ચ આવિર્ભાવ થયો છે કે આજે સર્વત્ર તેઓ 'માતાજી'ને નામે સુવિખ્યાત છે.

થોડા સમય પહેલાં અમદાવાદના એક ધર્મપ્રેમી સજ્જનને ત્યાં તેઓ આવ્યા હતા. આ સમયે આસપાસના ઘણા જિજ્ઞાસુ લોકો માતાજીનાં દર્શન કાજે આવ્યા હતા.

એ ધર્મપ્રેમી સજ્જન માટે તો આ અનેરા આનંદનો ધાર્મિક ઉત્સવ હતો.

થોડી વારમાં એક વિશાળ ખંડમાં જનસમૂહ એકત્રિત થયો. આમાં અવનવા માનવીઓ ભેગા થયા હતા. કોઈ સંત ને મહંત હતા, કોઈ ડૉક્ટર તો કોઈ પત્રકાર હતા, કોઈ કારમી બીમારીમાં સપડાયેલા હતા તો કોઈ એક યા બીજા કારણે જીવનભરના દુઃખી હતા.

થોડા સમયે 'માતાજી' આવ્યા. એક સ્થાન પર માતાજીના ફોટા પાસે દીપક પ્રગટાવ્યા હતા, બાજુમાં જ પુષ્પ, અક્ષત ને કંકુ હતાં.

આખાય જનસમૂહે એકસાથે રમમાણ બનીને માતાજીના ગરબા અને અન્ય ભક્તિગીતો ગાવા માંડ્યાં. આખુંય વાતાવરણ પવિત્રતાથી મહેકી ઊઠ્યું અને ભક્તિના રસમાં ડૂબી ગયું.

ઘણા સમય સુધી આવી ભક્તિવંદના ચાલી. ધીરે ધીરે 'માતાજી'ના નામથી ઓળખાતા નૈનોદના એ પરમ ઉપાસકના દેહમાં માતાજીનો આવિર્ભાવ થયો.

એમણે આંખો મીંચી દીધી. શરીર અક્કડ બની ગયું ને પછી આકસ્મિક રીતે જ વાણી પ્રગટવા લાગી. તેઓ બોલ્યા :

"એક વ્યક્તિ કે જેમને થોડા સમય પૂર્વે હૃદયરોગનો હુમલો થયો છે અને જેઓ પોતે બે વખત મૃત્યુના મુખમાંથી માંડ માંડ બચી ગયા છે."

આશ્ચર્યની હકીકત એ હતી કે આ જનસમૂહમાં એક એવા મહંત બિરાજમાન હતા કે જેઓને થોડા સમય પૂર્વે હૃદયરોગનો હુમલો થયો હતો અને બે વાર ગંભીર અકસ્માતમાંથી માંડ માંડ બચી ગયા હતા.

આ પરમ સાધુ સમા મહંત પણ ગણેશના પરમ ઉપાસક હતા. અગાઉના દિવસે આ 'માતાજી'એ એક સાધકને ગણેશની મૂર્તિ આપી હતી, ત્યારે આ મહંતશ્રીએ કહ્યું હતું કે, તેઓ પણ ગણેશના પરમ ઉપાસક છે.

'માતાજી'ના ઉદ્ગાર પોતાને સર્વાંશે લાગુ પડતા હોવાથી મહંતશ્રી એમની પાસે ગયા. 'માતાજી'એ કહ્યું : 'મારા હાથમાં ફૂલ મૂકો. ઉપર થોડા અક્ષત અને કંકુ રાખો.'

મહંતશ્રીએ આમ કર્યું અને 'માતાજી'એ એ હાથની મૂઠી વાળી અને પછી હાથ ઊંચો કરીને ખોલ્યો તો અંદરથી ગણેશની મૂર્તિ નીકળી અને તેય જમણી બાજુ સૂંઢવાળા ગણેશની !

ફરી 'માતાજી'ની વાણી પ્રગટી. તેઓ બોલ્યા : 'અહીં એક વ્યક્તિ એવી છે કે જેણે આધ્યાત્મિક સાધના પાછળ પોતાનું સમગ્ર જીવન વ્યતીત કર્યું છે.'

આ એકત્રિત થયેલા જનસમૂહમાં એક એવી પણ વ્યક્તિ હતી કે જેમણે જીવનભર આધ્યાત્મિક સાધનાનો જ જાણે ભેખ લીધો હતો. નાની વયથી જ ધ્યાન અને ચિંતનમાં એમનું ચિત્ત નિમગ્ન હતું. તેઓ 'માતાજી'ની પાસે આવ્યા. ફરી 'માતાજી'ની વાણી પ્રગટી : 'તમારા જીવનમાં તમે એક ઘણી મોટી ઈચ્છા ધરાવો છો.'

એ વ્યક્તિને જાણનારા સહુ કોઈને આશ્ચર્ય થયું કે જેણે દુનિયાની તમામ એષણાઓનો ત્યાગ કર્યો છે અને સમગ્ર જીવન

આધ્યાત્મિક સાધના પાછળ વ્યતીત કર્યું છે, એને વળી કઈ ઈચ્છા હોય !

સાધક વ્યક્તિએ 'માતાજી'ની વાતનો સ્વીકાર કર્યો. માતાજીની વાણી આગળ વહેવા લાગી. એમણે કહ્યું : 'તમારી એ ઈચ્છા તે મોક્ષની છે. એ સિદ્ધ થશે જ.'

સાધકનું મસ્તક આદરથી નમી ગયું.

ફરી 'માતાજી'એ કહ્યું : 'અહીં એક વ્યક્તિ એવી છે કે જે પોતાના ખિસ્સામાં ત્રણ પ્રશ્નોની કાગળ પર નોંધ લખીને લાવી છે.'

આસપાસના મહોલ્લામાંથી આવેલાં એક સુશિક્ષિત મહિલા આવી રીતે જ પૂછવાના પ્રશ્નોની યાદી તૈયાર કરીને લાવ્યાં હતાં. તેઓ માતાજી પાસે ગયાં. યાદી કાઢીને એમના હાથમાં મૂકી, પરંતુ એ સાથે જ માતાજીએ જવાબ વાળ્યો : 'તમારી પ્રથમ બે બાબત સિદ્ધ થશે.'

આવી રીતે માતાજીનો સાક્ષાત્કાર પામનાર એ પરમ ઉપાસક આંખો મીંચીને બોલતા જ રહ્યા. એમણે કહ્યું કે અહીં કોઈ નોકરીની બઢતીની ઈચ્છાથી આવ્યું છે, તો એમ પણ કહ્યું કે અહીં કોઈ કમરના દુખાવાના દર્દથી પીડાઈને આવ્યું છે.

એકત્રિત થયેલી જનમેદનીમાંના મોટા ભાગના લોકો તો 'માતાજી'નાં દર્શને પ્રથમ વાર જ આવ્યા હતા, આમ છતાં એમનાં દુઃખદર્દની એમને જાણ કેવી રીતે થઈ ગઈ હશે !

માતાજી પોતાના હાથમાં ફૂલ રાખતા, એમાં અક્ષત મુકાવતા, પછી મૂઠી વાળેલો એ હાથ ઊંચો લઈ જાય કે એમાંથી ગણેશ યા વીરભદ્રની મૂર્તિ નીકળતી. ક્યારેક એમાંથી લીંબુ અને અન્ય ચીજો નીચે પડતી તો ક્યારેક કંકુનો વરસાદ થતો.

એમ જાણવા મળ્યું કે આ 'માતાજી' જ્યારે દૈવી શક્તિનો આવિર્ભાવ પામ્યા હોય છે ત્યારે કોઈ એમની તસવીર ઝડપી શકતું નથી. પ્રચાર કે પત્રકારથી તો તેઓ સદા દૂર જ રહે છે.

એમના જીવન વિશે કોઈને કશું કહેતા નથી. એમનામાં જેટલો સમય આ શક્તિનો આવિર્ભાવ રહે છે તેટલો સમય તે

અવનવા ચમત્કારો અને આગાહી કરી શકે છે. પરંતુ એ પછી એમને જુઓ તો એમ જ લાગે કે આ તો કોઈ સરળહૃદયી ઈશ્વરભક્ત ખેડૂત જ છે !

નજરોનજર આ સઘળું નિહાળતાં પ્રશ્ન એ થયો કે, આવી વ્યક્તિનું જીવન કેવું હશે ? એણે કેવી કેવી સાધના કરી હશે ? એમને કેવી રીતે આ દૈવી કૃપાપ્રસાદ મળ્યો હશે ?

પોતાની જીવનકથા કહેવાની આમ તો એ અનિચ્છા જ ધરાવતા હતા, પણ આમાં ભૌતિક એષણા કરતાં આધ્યાત્મિક જિજ્ઞાસા જોઈને નૈનોદના એ 'માતાજી'એ અપૂર્વ ઈશ્વરી કૃપા પ્રાપ્ત કરનારા પોતાના જીવનના અત્યાર સુધી જગતને અજાણ રહેલા પ્રસંગો કહેવાનો પ્રારંભ કર્યો.

આવા અનુભવમાં બુદ્ધિના સરવાળા કે બાદબાકી થઈ શકતાં નથી. આ એક એવો અનુભવ છે કે જેનું બુદ્ધિ પૃથક્કરણ કરી શકતી નથી, પણ અંતર આનંદ અનુભવી શકે છે.

'માતાજી'નું મૂળ નામ છે બોંદરજી ધન્નાજી. માતપિતાનો ધંધો ખેતીનો. બાળપણમાં અક્ષરજ્ઞાન લેવાની ઝાઝી તક ન મળી. એક વાર તેઓ પોતાના ગામના મૈસરી શેઠને નામે ઓળખાતા શેઠના મકાનમાં સૂતા હતા. રાત્રે એમને એક વિલક્ષણ સ્વપ્ન-અનુભવ થયો. ભગવાનનો રથ પસાર થઈ રહ્યો હતો. આગળ મોટા મહારાજને નામે ઓળખાતા એક સાધુપુરુષ ચાલતા હતા. બે બાજુ ચામર ઢોળાતા હતા. આ મહારાજ રથમાંથી મૂઠી ભરી ભરીને સહુને પ્રસાદ વહેંચતા હતા. પોતે પણ એમની સાથે ચાલ્યા. રથ ગામથી દૂર નીકળી ગયો. એવામાં ચાલતાં ચાલતાં ઠેસ વાગી. એ પડી ગયા. એમની છાતી પર જામફળના ઝાડ પરથી એક જામફળ પડ્યું. એ એકદમ ચીસ પાડી ઊઠ્યા !

હકીકતમાં આવું સ્વપ્ન જોતાં બોંદરજી ધન્નાજી ખુદ ચીસ પાડી ઊઠ્યા ! એકાએક ભરઊંઘમાંથી ઊઠી ગયા. આ વખતે સમય સવારના ચારનો થયો હતો. શેઠ દોડી આવ્યા. સરળહૃદયી બોંદરજીએ પોતાના સ્વપ્ન-અનુભવની શેઠને વાત કરી.

નવાઈની બાબત તો એ હતી કે બોંદરજીની બાજુમાં જ એક જામફળ પડ્યું હતું. પોતાના મકાનથી ખેતર ઘણું દૂર હતું. અને એ ખેતરમાં જામફળી હતી. તો અહીં આ જામફળ આવ્યું કેવી રીતે ? મેસરી શેઠે ઊભા થઈને એ જામફળ જોયું. એ પછી એને કાપતાં જોવા મળ્યું કે એ આખાય જામફળમાં એક પણ બી ન હતું !

*

કારતક મહિનામાં ઉજ્જૈનમાં મોટો મેળો ભરાય. શિપ્રા નદીમાં સ્નાન કરવાનું આ સમયે ઘણું માહાત્મ્ય મનાય. છવ્વીસ વર્ષ પહેલાં 'માતાજી' તથા એમનાં માતુશ્રી અને બહેન ચૌદશની રાત્રે ઉજ્જૈન પહોંચ્યાં. બધાં શિપ્રામાં સ્નાન કરવા ગયાં. આ સમયે 'માતાજી'ની તબિયત સારી ન હતી. તેઓ સ્નાન કરવા માટે શિપ્રા નદીના વહેતા પાણીમાં પડ્યા. સહેજ આગળ ગયા અને પાણીના પ્રવાહમાં ખેંચાઈ જતાં ડૂબવા લાગ્યા.

નદીને કાંઠે ઊભેલી માતાએ જોરજોરથી બૂમો પાડી. બહેન ચીસ પાડવા લાગી, પણ 'માતાજી' તો ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા. બધા એકઠા થઈ ગયા. કેટલાક તરવૈયાઓએ નદીના પાણીમાં ઝંપલાવ્યું. નદીમાં આમતેમ તપાસ કરવા લાગ્યા. કોઈએ થોડા આગળ જઈને તપાસ કરી, પણ ક્યાંય કશું ન દેખાય.

માતા તો પુત્ર ગુમાવ્યો એમ માનીને કરુણ રીતે શિપ્રાના કાંઠા પર જ આક્રંદ કરવા લાગ્યાં. બહેન પણ ભાઈ ગુમાવ્યો એમ માનીને રુદન કરવા લાગી. તરવૈયાઓએ ઘણી તપાસ કરી, પણ ક્યાંય તણાતા માનવીનો અણસાર સાંપડ્યો નહિ.

સમય વીતવા લાગ્યો. પંદરેક મિનિટ પસાર થઈ ગઈ. કાંઠે ઊભેલા લોકો બે દુઃખી નારીઓને સહાનુભૂતિથી સમજાવવા લાગ્યા. અડધો કલાક પસાર થઈ ગયો. એવામાં એકાએક નદીના પાણીમાં 'માતાજી' દેખાયા. ચોતરફ ભારે હોહા મચી ગઈ. 'માતાજી' તો બહાર આવ્યા. લોકોના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. કોઈએ કહ્યું : 'અરે, તમે તો ડૂબી ગયા હતા અને વળી પાછા કેવી રીતે બહાર નીકળ્યા ?'

'માતાજી' કહે : 'હું પાણીમાં આગળ ઘસડાઈ ગયો, પણ પછી શું થયું એની મને ખબર નથી.'

એમનાં માતા અને બહેનના આનંદનો પાર ન રહ્યો. એ તો એમને વળગી જ પડ્યાં. પણ આ શું ? 'માતાજી'એ એક હાથની મૂઠી ખોલી તો જુવારના દાણા નીકળ્યા. બીજી મૂઠી ખોલી તો એમાં અક્ષત (ચોખા), કપૂર અને કંકુ હતાં.

સૌ કોઈ આશ્ચર્યમાં ડૂબી ગયા. એમના હાથમાં આ બધું આવ્યું કેવી રીતે ? એમની માતા અને બહેન તો દૈવી શક્તિની પ્રાર્થના કરવા લાગ્યાં. એમણે આને શક્તિમાતાના જ આશીર્વાદ માન્યા. એ કૃપાને કારણે જ 'માતાજી' ડૂબતા બચી ગયા એમ માન્યું.

આ પછી 'માતાજી'ને બીમારી ઘેરી વળી. ડૉક્ટરને બતાવવા ગયા. ડૉક્ટરે ઈજેક્ષન આપવા પ્રયત્ન કર્યો. એમના હાથ પર ઈજેક્ષન આપવા ગયા, પણ સોય અંદર ઊતરે જ નહિ. સાથળ પર ઈજેક્ષન મારવાનો પ્રયત્ન કર્યો, પણ એમાંય નિષ્ફળતા મળી. દવાખાનામાં જ 'માતાજી' બેહોશ બની ગયા. ડૉક્ટર ઈજેક્ષન લગાવવા પ્રયત્ન કરે, ત્યારે માત્ર એટલું જ બોલે કે, 'અરે, તું કોને ઈજેક્ષન લગાવે છે ?' ડૉક્ટરે ત્રણ વાર ઈજેક્ષન લગાવવા પ્રયત્ન કર્યો પણ એમને સહેજે સફળતા મળી નહિ.

'માતાજી' ઘરે પાછા આવ્યા. એમની બીમારી અને ડૉક્ટરની ઈજેક્ષન મારવાની અશક્તિ એ બે બાબત ચર્ચાસ્પદ બની. કેટલાકે તો માન્યું કે આને કંઈ વળગાડ લાગુ પડ્યો છે. ભૂવા-ડાકલાને બોલાવવામાં આવ્યા, પણ કશો ફેર પડ્યો નહિ.

અંતરમાં એક અપૂર્વ શક્તિનો આવિર્ભાવ થતો હતો, પણ આસપાસની આલમને એની કશીય જાણ ન હતી.

'માતાજી' થોડા સમયે સ્વસ્થ થવા લાગ્યા. અને એવામાં જ એમને એક યોગીનો પરમ અનુભવ થયો.

આ યોગીને તેઓ ઈશ્વરનું સ્વરૂપ જ માને છે.

જુવાનીમાં આ બોંદરજી રોજ નજીકના ગામે રાયણ વેચવા જાય. એ જમાનામાં બે પૈસે શેર રાયણ વેચાતી, અને બોંદરજીને સાડા ચાર આના જેટલી કુલ કમાણી થતી.

વૈશાખ સુદ સાતમનો એ દિવસ હતો. આ સરળહૃદયી ખેડૂત રાયણ વેચીને ઘર તરફ પાછા ફરવાનો વિચાર કરતો હતો, એવામાં

પુત્ર માટે થોડા ચણા લીધા અને ચાર આના સાચવીને ગજવામાં મૂક્યા. બરાબર બપોરના ચાર વાગ્યાનો સમય થયો હતો. આ ખેડૂત વચ્ચેનો વેરાન માર્ગ પસાર કરીને પોતાના ગામ ભણી જઈ રહ્યો હતો, એવામાં એણે એક સાધુ મહારાજને જોયા. સાધુ મહારાજની નજર આ ખેડૂત પર પડી. એમણે ખેડૂતને બોલાવતાં કહ્યું : 'બચ્ચા, ઈધર આના.'

બળબળતો બપોર. વેરાન વગડો અને એમાં કોઈ સાધુ હુકમ કરીને બોલાવે !

પહેલાં તો થોડો ડર લાગ્યો, પણ મન મક્કમ કરીને સાધુ પાસે ગયા. હજી પૂરા નજીક પહોંચે એ પહેલાં તો સાધુ મહારાજ બોલી ઊઠ્યા : 'બચ્ચા ! ભૂખ લગી હૈ, ચણા દે દે !'

આ ખેડૂતના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. એને થયું કે પોતે પોતાના પુત્ર માટે ચણા લીધા હતા, પણ એની આ સાધુને કેવી રીતે ખબર પડી ?

ધ્રૂજતે હાથે 'માતાજી'ના નામે ઓળખાતા આ ખેડૂતે ચણા આપ્યા. હજી ચણાની પોટલી હાથમાં લે એ પહેલાં તો ફરી મહારાજનો સત્તાવાહી આદેશ આવ્યો : 'બચ્ચા, પૈસા ચાહિયે. પૈસા દો.'

'માતાજી' પાસે ચાર આના હતા, પરંતુ એ વાત છુપાવતાં એમણે કહ્યું : 'મહારાજ, તમને આપી શકું તેટલા પૈસા મારી પાસે નથી.'

તરત જ સાધુ મહારાજનો ગુસ્સો ઊછળી આવ્યો. વેરાનને ધ્રુજાવી નાખે એવી ત્રાડ પાડીને બોલ્યા : 'ઝૂઠ બોલતા હૈ ! ચવન્ની તો હૈ !'

'માતાજી' તો ઊંડા આશ્ચર્યમાં પડી ગયા. આ મહારાજને વળી કેવી રીતે ખબર પડી કે એમની પાસે ચાર આના છે ! 'માતાજી'નો ભય વધવા લાગ્યો. એમને થયું કે નક્કી આ કોઈ ભૂતપ્રેત છે. બીકના માર્યા એમણે ચાર આના મહારાજના હાથમાં રાખી દીધા.

વાત એટલેથી પતી નહિ. મહારાજની માગણી તો ચાલુ જ રહી. તરત જ આ ખેડૂત પાસે એમણે એની બંડી માગી. 'માતાજી'એ પોતાની બંડી પણ આપી દીધી.

હજી મહારાજની માગણીઓનો અંત આવ્યો ન હતો. એમણે ફરી માગણી કરી : 'ધોતી આપ !'

સરળહૃદયી ખેડૂતની આપત્તિનો પાર રહ્યો નહિ. એને થયું કે ચણા ગયા, ચવન્ની ગઈ, બંડીય ગઈ અને આ ધોતી આપી દઈશ તો ? આ તે મહારાજ છે કે માગણ ? વળી ધોતી આપી દે, તો તો સાવ નગ્ન થઈ જવાય.

'માતાજી'ના મનની વાત મહારાજ પામી ગયા હતા. એમણે તરત જ બાજુમાં પડેલું ટુવાલ જેવું કપડું બતાવ્યું. ધોતી આપીને એ પહેરી લેવા કહ્યું : ભયભીત 'માતાજી'એ એમ પણ કર્યું. પગે લાગી અહીંથી છૂટી જવાનો વિચાર કરતા હતા ત્યાં મહારાજ બોલ્યા : 'અચ્છા, ચલે જાઓ.'

'માતાજી' થોડી વાર સુધી તો ધીમે ધીમે ચાલ્યા, પણ થોડે આગળ ગયા પછી તો મૂઠીઓ વાળીને દોટ જ મૂકી. મહારાજના હાથમાંથી જીવ બચ્યાનો જ આનંદ હતો. એનો અવાજ ! એનો રુઆબ ! એ બધું આંખ સામે તરવરતું હતું. આ પછી 'માતાજી' બીજાસણની ટેકરી પાસે આવ્યા. ધીરે ધીરે ગામની સીમ નજીક આવતી હતી, ત્યાં સામેથી એમણે પેલા મહારાજને આવતા જોયા.

અરે ! મહારાજ તો પાછળ બેઠા હતા અને પોતે ભાગ્યો હતો, ત્યારે અહીં તો સામેથી એ આવી રહ્યા છે !

'માતાજી'ને થયું કે હવે તો આવી બન્યું. એક શાંત જીવન ગાળતા ખેડૂતના જીવનમાં આવી ઘટનાઓએ ઘણો ખળભળાટ મચાવી દીધો હતો. 'માતાજી' ધ્રૂજવા લાગ્યા ત્યારે મહારાજે નજીક આવીને એને પોતાની પાસે બેસવા કહ્યું. 'માતાજી' બેઠા. તરત જ મહારાજના સખત, કઠોર રીતે ઉચ્ચારાયેલા શબ્દો સંભળાયા : 'ચલ ! હાથ બતા !'

હાથ જોઈને મહારાજે આ ખેડૂતના પૂર્વભવની કથા શરૂ કરી. મહારાજે કહ્યું કે તેં ગત જન્મમાં ચોર્યાસી યજ્ઞ કર્યા હતા,

પરંતુ એમાં એક યજ્ઞસમયે નાગદેવતાને ગરમી લાગી, એના શાપને કારણે જ તારે આ વખતે જન્મ લેવો પડ્યો છે, નહિ તો અગાઉના ભવમાં જ તારો મોક્ષ થયો હતો. પણ આ જન્મે જેટલાં દેવતાનાં મંદિરમાં ફૂલ નહિ ચડે તેટલાં ફૂલ તારા પર ચડશે. રાજામહારાજા તને નમન કરશે. દેશવિદેશના લોકો તારી પાસે આવશે.'

મહારાજની આ વાત સાંભળીને 'માતાજી'ને લાગ્યું કે આ તો 'સગાઈ સપનામેં, બ્યાહ મસાનમેં' જેવી વાત છે. આપણા પર તે વળી ફૂલ ક્યાંથી ચડે ?

'માતાજી' સહેજ આગળ ગયા તો ચણાની પોટલી, ચવન્ની, બંડી અને ધોતી તળાવની પાળ પાસે પડ્યાં હતાં. ઝીણવટથી જોયું તો આ એમનાં જ કપડાં હતાં.

આ પછી 'માતાજી'ના જીવનમાં અનેક અવનવી ઘટનાઓ બનવા માંડી. એક વાર જીવલેણ રોગમાં સપડાયા હતા ત્યારે 'કસ્તૂરી લો, કાળી મૂસળી લો' એમ બોલતો એક માણસ આવ્યો. એણે 'માતાજી'ને કહ્યું : 'તું મારી દવા લે. સાજો થઈ જઈશ.'

'દવાના કેટલા પૈસા થશે ?'

'અરે ! મફતમાં દવા આપીશ. તું મને હંમેશાં યાદ કરીશ.'

બીમાર 'માતાજી'એ પૂછ્યું : 'તમારું નામ શું ?'

'મારું નામ લક્ષ્મીનારાયણ.'

એ વ્યક્તિએ ફાટેલા કાગળ પર ચિઠ્ઠી લખી આપી. વળી કહ્યું કે તું ચિઠ્ઠી ભૂલી જઈશ તોય વાંધો નથી, હું તારી પાસે જ રહેવાનો છું. લે, આ બે ગોળી. એક આજે ખાજે અને બીજી કાલે.

'માતાજી'એ બે ગોળી લીધી અને સાજા થઈ ગયા. આ પછી તો સર્વસ્વ સમર્પણ કરી દેનારા આ સરળહૃદયી ખેડૂતના જીવનમાં અનેક વાર ઈશ્વરી કૃપાનો અનુભવ થતો રહ્યો અને થઈ રહ્યો પણ છે.

□



૧૫. આનું નામ કિસ્મત

ભારત પોતાના નવા ભાગ્યલેખ લખતું હતું.

આલમગીર ઔરંગઝેબની શાસનસત્તાથી ઘણા કંટાળીને બેઠા હતા. શહેનશાહ અકબરની બિનમજહબી નીતિનો સહુ વિચાર કરતા હતા.

મોગલ સત્તાના પાયા શહેનશાહ અકબરે મજબૂત કર્યા હતા. ને એ સત્તાનો સૂર્ય સો વર્ષ સુધી તપ્યો હતો.

મારવાડના મહાવીર રાવ દુર્ગાદાસ મુગલે આઝમ અકબરનું સ્વપ્ન જોતા હતા. ને આલમગીરની ટૂંકી નીતિ સામે અને દગાબાજ વર્તાવ સામે મોરચો લઈ બેઠા હતા.

બધા રાવરાણા ને મુસલમાન અમીરોએ એકત્ર થઈને નિર્ણય કર્યો કે શહેનશાહ અકબરની નીતિ દેશમાં દાખલ કરવી. ધર્મ કરતાં દેશને અગત્ય આપવી : ને માણસ ધર્મને જોઈને ચાલે એના કરતાં દેશને જોઈને ચાલે એ હિતાવહ છે.

આખરે એવું ઠરાવવામાં આવ્યું કે આલમગીર ઔરંગઝેબના દીકરા શાહજાદા અકબરને ગાદીએ બેસાડવો ને તમામ હિંદુ ને મુસ્લિમો તેની આજ્ઞામાં રહી શાસન ચલાવે. અંગત લાભ કરતાં મહાન દેશનો લાભ આમાં જોવાનો હતો.

ઔરંગઝેબની સત્તાથી સહુ એટલા કંટાળ્યા હતા કે વિચાર જલદી કામયાબ બન્યો. રાઠોડો વતી રાવ દુર્ગાદાસે વફાદારીના કસમ ખાધા. મેવાડ વતી રાણા જયસિંહે ખાધા.

શાહજાદો અકબર આખા ભારતનો સમ્રાટ બને.

બસ, તરત વિદ્વાન જ્યોતિષી બ્રાહ્મણને બોલાવવામાં આવ્યો. એની પાંસે રાજ્યાભિષેકનું મુહૂર્ત માગ્યું.

બ્રાહ્મણે વિ. સં. ૧૭૩૭ના માઘ કૃષ્ણા સપ્તમીનું મુહૂર્ત કાઢી આપ્યું. દાનદક્ષિણા લઈને એ પાછો ફર્યો.

પણ પાછો ફરતાંની સાથે એણે એક સારો ઘોડો ભાડે કર્યો, ને અજમેર તરફ પ્રયાણ કર્યું.

અજમેરમાં ભારતનો ત્યારનો શહેનશાહ આલમગીર ઔરંગઝેબ હતો. ખાસ્સી એકસો વીસ માઈલની મજલ એણે ઘોડા પર જોતજોતામાં કાપી નાખી.

આ તરફ બ્રાહ્મણના ટીપણાના આધારે આપેલા મુહૂર્તે મારવાડના ખોડ ગામમાં શાહજાદા અકબરનો રાજ્યાભિષેક થઈ રહ્યો. કચેરીમાં અદલ ઈન્સાફનાં નગારાં ને ચાંદ-સૂરજના ધ્વજ રોપાયા. સેનાપતિ તાવરખાનને દેશનો સરસેનાપતિ બનાવવામાં આવ્યો. રજપૂત ને મોગલ એક થઈ ગયા. હિંદુ ને મુસ્લિમ ભાઈ ભાઈ બની ગયા. હોળી, દિવાળી, ઈદ, મોહરમ જાણે સહુના તહેવાર બની ગયા.

સિત્તેર હજારની પોતાની સેના સાથે રાવ દુર્ગાદાસ બિનમજહબી રાજના રક્ષક બની રહ્યા.

આ તરફ બ્રાહ્મણ અજમેરમાં શાહી પડાવ પાસે આવી પહોંચ્યો. સિપાઈઓને કહ્યું :

'બાદશાહની મુલાકાતે આવ્યો છું.'

સિપાઈઓએ બ્રાહ્મણની ઝડતી લીધી. પછી બાદશાહને ખબર આપી કે એક બ્રાહ્મણ આપની મુલાકાતે આવ્યો છે.

બાદશાહ ઔરંગઝેબ હસીને બોલ્યો :

'હિંદના બરહમનને આવવા દે. ઈલમી હોય છે એ લોકો.'

બ્રાહ્મણ જઈને કુરનિસ ભરીને ખડો રહ્યો ને બોલ્યો :

'મહારાજ, આલમગીરના દરબારમાં હિંદુસ્તાનનો જોશી પોતાની કરામત દેખાડવા આવ્યો છે.'

ઔરંગઝેબની પાતળી, કસાયેલી સોટા જેવી દેહયષ્ટિ જરા ઊંચી થઈ ને બોલી :

'બરહમન નજૂમીનું જોષ જોવડાવવાની મને ફુરસદ નથી. જે કહેવું હોય તે સીધેસીધું કહે. આલમગીરના લાભનું હશે તો ન્યાલ થઈશ, દગોપ્રપંચ હશે તો આ તલવાર તારી સગી નહિ થાય.'

બ્રાહ્મણ જોશીના શરીરમાંથી ભયની અવ્યક્ત કંપારી છૂટી ગઈ. એણે જોયું કે ભારતના ભલભલા ભડવીરો જોયા, પણ આ હજુ જોયો નહોતો. લેખમાં મેખ મારે એવી એની મુદ્રા હતી.

'હજૂર, આપના શાહજાદા અકબર હિંદના શહેનશાહ બન્યા. એક મ્યાનમાં બે તલવાર થઈ.'

ચિત્તો બોડમાં આંટા મારે એમ આલમગીર ઊભો થઈ કમરામાં આંટા મારતો બોલ્યો :

'નામુમકિન ! અસંભવ !'

'નામદાર, નામુમકિન બન્યું છે. રાઠોડ, સિસોદિયાએ એમને શહેનશાહ બનાવ્યા છે. તાવરખાન દીવાનેઆઝમ બન્યા છે. દરબારે અકબરીના દીવાના આ લોકો એ દિવસો ફરી તાજા કરવા ચાહે છે.'

'વારુ ! બેટા બાગી . . .' આલમગીર થોડી વાર વિચારમાં પડી ગયો ને એક પળમાં સ્વસ્થ બનતાં બોલ્યો :

'બરહમન ! એ બધી વાત સાચી, પણ તું આલમગીર પાસે શા માટે આવ્યો છે ? હું તો હિંદુઓનો દુશ્મન લેખાઉં છું.'

'દક્ષિણાના લોભે, હજૂર.'

'મારા બદલે નવા શહેનશાહ પાસે ગયો હોત તો તને મોંમાગી દક્ષિણા મળત, તને માલામાલ કરત. મારી પાસે શા માટે આવ્યો તે સાચેસાચું કહે. યાદ રાખજે કે આલમગીર સામે જૂઠો હરફ કાઢવો મુશ્કેલ છે.'

'હજૂર, પેટછૂટી વાત કરું. મેં શાહજાદા અકબરના યોગ જોયા, નક્ષત્ર નિહાળ્યાં, ગ્રહની ગતિઓ માપી. પણ ક્યાંય રાજયોગ દેખાયો નહિ. એના ભાગ્યનું નિર્માણ તો દર દર ભટકવાનું છે. અને હજૂર ! આપના ગ્રહો હજી ઊજળા છે.'

'એમ કે ?'

'હા હજૂર ! એક કોશ પર જલતો દીવો આપ અહીં બેઠા ફૂંકથી બુઝાવી શકો, એવો આપનો ગ્રહયોગ છે. ખોટું કહેતો હોઉં તો હજૂર જે સજા ફરમાવે તે.'

'વાત તો તારી સાચી છે. અહીં બેઠા પૂના અને ચિતોડના દીવા મેં એક જ ફૂંકે બૂઝવ્યા. રાણો રાજસિંહ અને છત્રપતિ શિવાજી કબ્રની શાંતિ પામ્યા. અરે, પણ એમાં માણસનું શું ગુમાન ! ખુદાની મરજી બળવાન છે.

'શાબાશ નજૂમી ! આલમગીર તો એક ખુદામાં માને છે. પણ વળી તને કોઈ વાર બોલાવીશ. મારો બાગી બેટો ને તમારો નવો શહેનશાહ ફતેહ માટે કૂચના ડંકા બજાવી ચૂક્યો હશે !'

બ્રાહ્મણ આ અજબ વ્યક્તિને નીરખી રહ્યો ને બોલ્યો : 'રાજ્યાભિષેકના નાચરંગ ચાલે છે.'

'નાચરંગ ! કાયર લોકો; કાફર લોકો ! હજી તમે મને હરાવી શકશો નહિ.'

ને આલમગીરે ત્રણ ટકોરા માર્યા.


એક વામનજી હાજર થયો.

આલમગીરે કહ્યું : 'આ બરહમનને લઈ જાઓ. સારો ઉતારો આપો, બામણિયા સીધું આપો. મારી રજા મળે ત્યારે એ જાતે ઉપાડી શકે તેટલું સોનુંચાંદી આપો. ફરી એને કોઈની પાસે ભીખ માગવી ન પડે. ધ્યાન રાખજો, એ હિંદુઓનો સૈયદ છે.'

વામનજી સાથે જોશી ચાલ્યા ગયા.

આલમગીર વિચારી રહ્યો, 'આનું નામ કિસ્મત. જ્યારે બહારની આગ આપોઆપ બુઝાઈ જવા આવી ત્યારે ઘરમાં આગ લાગી. જે આગમાં શરૂઆતમાં શેકાયો એ આગ ફરી મને શેકવા આવી રહી છે. ખુદા, તું મહાન છે. તું બળવાન છે. હું તો તારું હથિયાર છું.' ને આલમગીરે ફરી ઘંટા બજાવી.

□



૧૬. ગગનગામી સૂર

શનિવારની સાંજ ઢળી ચૂકી હતી. રાત્રિના પ્રથમ પહોરની શરૂઆત થઈ અને બીજા દિવસની ચિંતાથી મુક્ત બની રસિયા જીવોની અમારી મંડળી ચર્ચાને ચગડોળે ચડી. મુનીન્દ્ર આજે રંગમાં હતા.

બરાબર આ જ સમયે શ્રી નંદ તેમના મિત્ર શ્રી શિવકુમાર આચાર્ય સાથે આવી પહોંચ્યા. આવતાંની સાથે જ શ્રી નંદે મુનીન્દ્રને કહ્યું : સાચી ભક્તિ પાસે પ્રભુને પણ નમવું પડે છે. આ વિધાનને સત્ય ઠેરવતો એક પ્રસંગ આજે તમને કહેવાનો હતો. પરંતુ આ પ્રસંગની સાબિતીરૂપે હું ભાઈશ્રી શિવકુમારને સાથે લાવ્યો છું. તો આપણે તેમના સ્વમુખે જ આ ઘટના સાંભળીશું.

આખી મંડળી આ નવા જીવને જોઈ રહી.

શિવકુમારે પોતાની વાત શરૂ કરી.

લગભગ પચીસેક વર્ષ પહેલાંની આ વાત છે. આ સમયે અમે વેરાવળમાં રહેતા હતા.

આ સમયમાં અમારા આખા કુટુંબે ગિરિરાજ ગિરનારની પરકમ્મા કરવા જવાનું નક્કી કર્યું.

બરાબર આ જ અરસામાં મારાં માતુશ્રીને પગમાં કંઈક વાગી ગયેલું જેની પીડા તેમને થતી હતી.

આ કારણે અમે પરકમ્માએ જવાનું બંધ રાખવાનું વિચારતા હતા. પરંતુ મારાં માતુશ્રી પરકમ્માએ જવા કૃતનિશ્ચયી હતાં. અમે ઘરનાંએ સૌએ તેમને બહુ સમજાવ્યાં. જેમની પાસે તેમની સારવાર થતી હતી એ વૈદ્યરાજે પણ કહ્યું હતું કે આરામ કરશો નહિ તો પગે ઝામરો થશે. છતાંય મારાં માતુશ્રીએ પોતાનો નિશ્ચય ન બદલ્યો.

મારાં માતુશ્રી પરિક્રમાની વિકટતા પૂરેપૂરી જાણતાં હતાં છતાં એમને વિશ્વાસ હતો કે ગિરનાર પર બિરાજેલા દત્તાત્રેય ભગવાનની દયા એમને નડતર નહિ આવવા દે.

આ વિશ્વાસના બળે જ એ તેમની પીડાને ન ગણકારતાં પરિક્રમાએ નીકળવાની સઘળી તૈયારી કરવા લાગી ગયાં હતાં.

વેરાવળથી અમે નીકળ્યાં અને જૂનાગઢ પહોંચી ગયાં. ત્યાં થોડો આરામ કરી પરિક્રમા શરૂ કરી દીધી.

આ સમયે અમને સૌને તેમના પગની પીડાની ચિંતા હતી જ, પણ પછી એમની અડગતાએ અમારી ચિંતા ઓછી કરી દીધી. અમે સૌએ પ્રભુમાં શ્રદ્ધા રાખી પરિક્રમા આગળ ધપાવ્યે રાખી.

ચાલતાં ચાલતાં સાંજ પડી.

રાતનાં અંધારાં અમારા માર્ગે પથરાવા લાગ્યાં.

બરાબર આ જ સમયે મારાં માતુશ્રી નીચે બેસી ગયાં. અમે જોયું કે તેમનો પગ ઘણો સૂજી ગયો હતો. છતાં અત્યાર સુધી તેમણે તે વિષે એકે શબ્દ નહોતો ઉચ્ચાર્યો.

આટલી પીડા વચ્ચે પણ એમના હાથની માળા ફેરવતાં 'ૐ નમઃ શિવાય'નો જાપ કર્યે જતાં હતાં.

અમે ઘનઘોર જંગલ વચ્ચે ફાનસ પેટાવી ત્યાં મુકામ નાખ્યો. વનચરોના અવાજો વધવા લાગ્યા. રાત ઘેરાવા લાગી. આજુબાજુમાંથી લાકડાં ને સૂકાં પાંદડાં, ઝાડની ડાળખીઓ વગેરે લાવી તાપણું કર્યું અને ભોજનસામગ્રી કાઢી સૌ જમવા બેઠાં.

અમે જે ધાર્યું હતું તે જ થયું. આ વિકટ પરિસ્થિતિનો કોઈ ઉકેલ નહોતો. સિવાય કે સવારે કોઈની મદદ લેવી.

આમ ને આમ રાત ક્યારે પૂરી થાય તેની સૌ રાહ જોવા લાગ્યાં. સૌના મુખ પર ચિંતાઓ વધવા લાગી.

અજમાવવા જેટલા ઉપાયો અજમાવી નાખ્યા છતાં અમને નિષ્ફળતા જ મળી. દવા કરી એમ દર્દ વધ્યું.

ન આગળ જવાય કે ન પાછું ફરાય એવી આ વિકટ પરિસ્થિતિમાં સૌ શૂન્યમનસ્ક થઈ બેઠાં.

બરાબર આ જ સમયે એક ઠિંગુજી જેવા બાવાજી નીકળી પડ્યા.

સૌએ એમને પ્રણામ કર્યા અને અમારી મુશ્કેલીની વાત એમને કરી.

તેમણે મારાં માતુશ્રીનો પગ જોઈને કહ્યું : 'કુછ ગબરાનેકી બાત નહીં હૈ. ભોલાનાથ સબ ઠીક કર દેગા ! તુમ લોગ ઠહરો. મૈં અભી આતા હૂં ! તુમ લોગ જરા થોડા ગરમ પાની તૈયાર કર રખો !' એમ કહી તેઓ આવ્યા હતા એ જ દિશામાં પાછા ગયા અને મેં પાણી ગરમ કરવા મૂક્યું.

થોડી વાર થઈ ત્યાં તેઓ હાથમાં જાતજાતનાં પાંદડાં-વેલા અને થોડાં મૂળિયાં લઈને આવ્યા અને તેને ઊકળતા પાણીમાં નાખ્યાં અને ત્યાર બાદ તે પાણીથી મારાં માતુશ્રીનો પગ ધીમે હાથે લૂછવા લાગ્યા.

તેમણે મારાં માતુશ્રીને કહ્યું : 'ઈતને દર્દમેં ભી ભગવાનકો નહીં ભૂલી મૈયા ? બડી ધર્મવાન હૈ ! તેરે વિશ્વાસકી યહ તો કસોટી હૈ. તુમને બુલાયા થા ઈસ લિયે મૈં આયા હૂં. અબ મિટ હી જાયગા !'

આમ વાતો કરતાં તેમણે તે મૂળિયાં ઘસીને તેનો મલમ કરી મારાં માતુશ્રીના પગે ચોંટાડી દીધો અને પછી અમને કહ્યું :

'થોડી દેર આરામ કરો ઔર ફિર પરિક્રમા કરો ઐસી ભોલેનાથકી ઈચ્છા હૈ.'

મારા પિતાશ્રીએ ચા-નાસ્તા માટે એમને આગ્રહ કર્યો પણ એમણે હસતાં હસતાં ઈન્કાર કર્યો અને પછી 'જય ભોલેનાથ' કહેતા ત્યાંથી ચાલ્યા ગયા.

તેમને ગયાને થોડા સમય પછી મારાં માતુશ્રીના પગમાંથી રસી નીકળવા લાગી અને પગનો સોજો સાવ ઘટી ગયો.

પછી તો અમોએ સુખરૂપ પરિક્રમા પૂરી કરી. એ ઠિંગુજી જેવા જોગી અમારે મન દેવ સમા થઈ ગયા હતા.

શિવકુમારે વાત પૂરી કરી.

ત્યાં મંડળીના એક રસિયાએ કહ્યું : 'આ વાતમાં તો આયુર્વેદનો વિષય છે. આમાં અગમ્ય જેવું ક્યાં આવ્યું ?'

નંદે કહ્યું : 'આયુર્વેદને લગતી આ વાત છે ખરી પરંતુ ઠિંગુજીના એ શબ્દો પર ધ્યાન આપવું જોઈએ. એણે કહ્યું હતું કે 'તુમને બુલાયા થા, ઈસલિયે મૈં આયા હૂં.' આ શબ્દો શું શિવકુમારનાં માતુશ્રીની શ્રદ્ધાભક્તિનો નિર્દેશ નથી કરતા ? એ જોગીના એ બે શબ્દોમાં જ આખા પ્રસંગનું તાત્પર્ય છે.'

અને અમારી મંડળી એ શબ્દોના અર્થને વાગોળવા લાગી.

ઘણાને એમ લાગ્યું કે આ શ્રદ્ધાનું બળ છે. જો માણસ દૃઢ નિશ્ચય રાખે તો તેને કંઈ ને કંઈ મદદ મળી રહે છે.

કેટલાકે કહ્યું : એ રાહ પર અનેક બાવા નીકળ્યા પણ કોઈના દિલમાં ન ઊગ્યું. ભગવાન પણ કોઈના દિલમાં સંદેશ મોકલે છે ! એ બાવાજીને ભગવાનનો સંદેશ મળેલો.

મુનીન્દ્રે કહ્યું : 'હૃદયની અમાપ શક્તિ છે. આપણને બંદૂકની તાકાતમાં ભરોસો છે. હૃદયની શક્તિમાં ભરોસો નથી. ખરાં હૃદયો પાસે તલવારો મ્યાન થઈ જાય છે ને બંદૂકો મૂગી થઈ જાય છે.

મનહૃદયની કેળવણી આજે ઘણી જરૂરી છે ને એ વગર જ આ પાપ ને પાખંડ ચાલે છે. ઘણા લોકો ભૂતથી ડરે છે. મેં એક નાટકમંડળીના ભવાયાને આખી રાત ભૂત સાથે યુદ્ધ કરતાં જાણેલો. સવારે એણે વાત કરી તોય જાણે કોઈ અખાડામાં કુસ્તી કરી હોય એવો ભાવ એના મુખ પર હતો. આનું નામ હૃદયની કેળવણી.'

મુનીન્દ્રની આ વાત સહુને વાગોળવા જેવી લાગી.

આ વખતે એક ભાઈએ ગાંધીજીની થોડી પંક્તિઓ ટાંકતાં કહ્યું :

સ્તુતિ, ઉપાસના, પ્રાર્થના-એ કંઈ વહેમ નથી. પણ આપણે ખાઈએ છીએ, ચાલીએ-બોલીએ છીએ, તે બધું જેટલું સાચું છે તેના કરતાંય વધારે સાચી વસ્તુ છે.

આવી ઉપાસના, આવી પ્રાર્થના – એ કંઈ વાણીવિલાસ નથી. એનાં મૂળ હૃદયમાં છે. તેથી જ આપણે હૃદયની નિર્મળતાને પામીએ. ત્યાં રહેલા તારોને સુસંગઠિત રાખીએ તો તેમાંથી જે સૂર નીકળે તે ગગનગામી બને છે.

મુનીન્દ્રે છેલ્લે કહ્યું :

પેલાં માજીની ઉપાસના સાચી હતી માટે એમનો સૂર ગગનગામી બન્યો.

□



૧૭. મારી દવા -- ગીતા

'વન્દે માતરમ્' ગીતના રચયિતા બંકિમચંદ્ર ચેટરજી ભારે ક્રાંતિકારી પુરુષ હતા. ઈ. સ. ૧૮૮૨માં 'આનંદમઠ' નામનું પુસ્તક લખી ભારે હોહા મચાવી દીધી હતી.

શ્રી બંકિમચંદ્રે સરકારી નોકરી કરી હતી ને ગોરા અંગ્રેજ અમલદારો સાથે આખી જિંદગી નિર્ભયતાથી બાખડતા રહેતા. છતાં તેઓ ડરતા નહિ. સત્યના તે પક્ષકાર હતા.

શ્રી બંકિમચંદ્રે એમ તો સત્તાવીસ ગ્રંથો લખ્યા હતા. એમાં 'કૃષ્ણચરિત' તેમની શ્રદ્ધા અને ભક્તિથી ભરેલી કૃતિ હતી. બહારથી કડક દેખાતા, ગમે તેવા અંગ્રેજની સામે થતાં નહિ ડરતા બંકિમચંદ્ર અંદરથી કેવા ધર્મશ્રદ્ધાળુ હતા, એનો એ ગ્રંથ સાક્ષી છે.

ગીતા એ એમનું જીવનરસાયણ હતું.

બંકિમબાબુનું ધાર્મિક અને તત્ત્વજ્ઞાન સંબંધી વાચન વિશાળ હતું. તેમની વય વધતી ગઈ તેમ તેમ તેમના હૃદયમાં ધર્મભાવ વધતો ચાલ્યો હતો. એક સમયે તેમની મોટી પુત્રી પ્રસવવેદનાથી અત્યંત દુ:ખી થઈ રહી હતી ત્યારે બંકિમબાબુએ ઠાકુરમંદિરમાં પદ્માસનથી બેસીને ઊંડા હૃદયથી પ્રભુ પાસે તે દુ:ખ ટાળવાની પ્રાર્થના કરી હતી.

એક પ્રસંગે તેમના ઘરમાં એક બાળક એક કઠિન રોગથી પીડાઈને અત્યંત દુ:ખી થતું હતું. ત્યારે પણ બંકિમબાબુએ મોડી રાત સુધી જાગીને ભગવાનની આગળ પ્રાર્થના કરી હતી અને છેક પાછલી રાત્રે સૂતા હતા. એ પછી સવારે ઊઠતાં જ તેમણે ભગવાનની મૂર્તિનું ચરણોદક લાવીને બાળકના મસ્તક પર લગાવ્યું હતું; અને બાળકનો રોગ જલદી મટી ગયો હતો.

આ બનાવ પછી બંકિમબાબુના હૃદયમાં ધર્મભાવનાની જડ પાકી જામી ગઈ અને ભક્તિનું ઝરણું ખૂલી ગયું.

પ્રૌઢાવસ્થામાં એ ઝરણાએ એક નાનીસરખી નદીનું રૂપ લીધું હતું અને તે પછીના જીવનમાં નાની નદી વિશાળ તરંગમયી ગંગારૂપે બની ગઈ હતી.

એક ઘટનાનું વર્ણન કરવાથી એ બાબતનો પરિચય થશે.

દેહ છૂટવા પહેલાં ત્રણ-ચાર વર્ષ અગાઉ એક વાર બંકિમબાબુ બહુ જ બીમાર પડી ગયા હતા. વ્યાધિ એવો વિચિત્ર હતો કે તેમાં જ્વર યા બીજી કોઈ પીડા ન હતી. પણ દાંતોમાંથી લોહી વહ્યા કરતું હતું.

થોડું નહિ પરંતુ પાશેર પાશેર જેટલું લોહી કેટલીક વાર વહી જતું હતું.

ઘરના માણસોએ એક જાણીતા યુરોપિયન ડૉક્ટરને તેડાવ્યા.

સાહેબ આવ્યા. તેમની જાણમાં આવ્યું કે બંકિમબાબુ દરરોજ બહુ વાર સુધી ગીતાનો પાઠ કરતા રહે છે.

ડૉક્ટરે કહ્યું કે ગીતાપાઠ બંધ કરવો પડશે અને વાતચીત પણ બહુ જ ઓછી કરવી જોઈશે.

બંકિમબાબુ એ સાંભળીને હસી પડ્યા. એ હસવું વ્યંગનું અથવા અહંકારનું ન હતું, પરંતુ ધર્મભાવજન્ય વિશુદ્ધ આનંદનું હતું. તેમના અડગ ધર્મવિશ્વાસનું એ હસવું હતું.

સાહેબ દવાનો નુસખો આપીને ચાલ્યા ગયા.

ઘરનો નોકર તે પ્રમાણે દવા લઈ આવ્યો.

દવાની શીશી બંકિમબાબુની આગળ મૂકવામાં આવી; પરંતુ તેમણે તો શીશી ખોલીને બધી દવા થૂંકદાનીમાં નાખી દીધી, અને ખૂબ હસી લઈને પછી ઉચ્ચ સ્વરથી ગીતાપાઠ ચાલુ કરી દીધો.

ઘરના માણસોને તેમના માટે વધારે ચિંતા થવા લાગી અને બીજા લોકોએ પણ તેમનો ગીતાપાઠ છોડાવવાની બહુ કોશિશ કરી; પરંતુ તેમણે છેવટ સુધી ગીતાનો પાઠ બંધ કર્યો નહિ.

એક દિવસ ડૉક્ટર મહેન્દ્રલાલ સરકાર તેમને જોવા આવ્યા. તેમણે પણ બહુ જ સમજાવ્યા. પરંતુ બંકિમબાબુ એ વિષયમાં તેમને કંઈ પણ ન કહેતાં કેવળ હસતા જ રહ્યા !

છેવટે ડૉક્ટરે ખિજાઈને કહ્યું, 'તમે આત્મહત્યા કરી રહ્યા છો.'

બંકિમે પૂછ્યું : 'કેવી રીતે ?'

ડૉક્ટર કહે : 'જે દવા ખાય નહિ તે વૃથા પોતાનો જીવ ગુમાવે છે.'

બંકિમ કહે : 'કોણ કહે છે કે હું દવા નથી ખાતો ?'

ડૉક્ટર સરકાર કહે : 'ખાઓ છો ? તમારી દવા ક્યાં છે ?'

બંકિમે આંગળી વડે ગીતાનું પુસ્તક બતાવ્યું.

એ પછી બંકિમબાબુને રોગ થોડા દિવસ સુધી તો એટલો વધ્યો કે જીવવાની આશા પણ રહી નહિ. પરંતુ પછી ધીરે ધીરે ગીતાપાઠથી જ સાજા થઈ ગયા.

આવા બનાવો ઉપરથી કહી શકાય છે કે તેમના હૃદયમાં ભક્તિભાવરૂપી નદી મહાન વેગવાળી ગંભીર ગંગારૂપ બની ગઈ

હતી. એ ભક્તિગંગાની લહેરોમાંથી જ આપણને કૃષ્ણચરિત્ર અને ધર્મતત્ત્વ જેવાં ગ્રંથરત્ન વાંચવા મળ્યાં છે.

સાથે આવા બનાવો ઉપરથી એવું પણ શિક્ષણ મળે છે કે જ્યાં સુધી ધર્મજ્ઞાન સ્વલ્પ અથવા અધૂરું હોય છે, ત્યાં સુધી તો અહંકાર ને નાસ્તિકતા જ ઉત્પન્ન કરે છે, અને પછી જેમ જેમ એ જ્ઞાન વધતું જાય છે તેમ તેમ માનવહૃદય નિરભિમાન અને આસ્તિક બનતું ચાલે છે.

ઈ. સ. ૧૮૯૪માં તેમનું મૃત્યુ થયું.

□



૧૮. સિદ્ધિમાં અસિદ્ધિ

પથ્થરની નક્કર ચટ્ટાનો ભેદીને ધરતી પર વહેતા પહાડી ઝરણાના ઈતિહાસ જેવો યોગી વરદત્તનો ઈતિહાસ હતો. ન જાણે કેટલીય વાર આગળ વધવા કરતાં પાછળ હઠીને પ્રગતિ સાધી હતી; ને આશા-નિરાશાના હંસો ન જાણે ક્યાંય સુધી ત્યાં ચારો ચરતા દેખાયા હતા.

યોગી વરદત્તની સાધના માટે એટલું કહેવું જોઈએ કે જે ગુફામાં એ ધ્યાન ધરવા બેસતા તે ગુફાની છતને દુર્ગંધી ચામાચીડિયાંનાં ઝુંડોએ કાળી કરી નાખી હતી, ને નીચે ભોંની ચટ્ટાનોને ઉંદરોએ દર પાડીને કાણી કરી નાખી હતી. સંસારના નિયમ 'ખોદે ઉંદર ને ભોગવે ભોરિંગ' મુજબ એ દરોમાં આવીને

વસેલા સર્પરાજોની આજે ત્રીજી પેઢી ચાલતી હતી.

યોગી વરદત્તને આ કપરી પરિસ્થિતિ લેશ પણ ડોલાવી શકી નહોતી. પાંચે જ્ઞાનેન્દ્રિય પર એમણે અજબ કાબૂ મેળવ્યો હતો, ને તેમને નિશ્ચેષ્ટ કરી નાખી હતી. ખાવાનો સ્વાદ, જોવાનો આનંદ, સ્પર્શની મજા ને સાંભળવાની મસ્તી – આ બધામાંથી મન હટી ગયું હતું. યમ, નિયમ ને ધારણા-ધ્યાન તેમને સહજ સિદ્ધ થયાં હતાં. ઉંછવૃત્તિ ને શિલોંછવૃત્તિથી દેહને પોષણ આપી તેમણે અજબ તપસ્વી તરીકે નામના મેળવી હતી.

યોગી વરદત્તની ખ્યાતિ સિદ્ધ પુરુષ તરીકે સર્વત્ર પ્રસરી ગઈ ને જોતજોતામાં તેમના નિવાસવાળી ટેકરી સંસારી જનોથી ભરાઈ ગઈ. ત્યાં તીર્થ વસી ગયું. રાતદહાડો અવરજવર ને કીર્તનઆરતી થવા લાગ્યાં. સ્ત્રીપુરુષો જે કામના લઈને આવતાં તે કામના તરત ફળીભૂત થતી. નજીકના રાજાએ દીકરાની બાધા રાખી, અને ફળી. એક જાગીરદારે જમીન માટે હરીફનો નાશ ચાહ્યો ને યોગીની કૃપાથી એમ બન્યું. ટૂંકામાં, યોગી વરદત્તના આશીર્વાદથી કરમાયેલા છોડ ખીલી જવા લાગ્યા, ને સૂકા કૂવા સજળ બનવા લાગ્યા. યોગીની આ ચમત્કારી શક્તિઓ અને સિદ્ધિઓની મહેક દૂર દૂર સુધી કસ્તૂરીની જેમ પ્રસરી ગઈ.

પણ જેમ મૃગની કસ્તૂરી મૃગના પોતાના જીવન માટે ખતરો પેદા કરે છે, તેમ આખી દુનિયા યોગીની સિદ્ધિઓનાં ગુણગાન કરતી, ત્યારે યોગી ખુદ અસિદ્ધિના અંતસ્તાપનો અનુભવ કરતા. નાનપણથી ઘરબાર છોડ્યાં. સંસારી માયાઓને સ્પર્શ પણ કર્યો નહિ. તપ, ત્યાગ ને વાસનાવૈરાગ્યથી આખું જીવન ઘડ્યું તોય અંતરનો આનંદ જન્મ્યો નહિ ને અંતિમ સાક્ષાત્કારની જ્યોત આટઆટલી સાધના પછી પણ દૂર દૂર દેખાઈને અદૃશ્ય થઈ જતી જણાઈ.

યોગી વિચારતા કે સંસારને દુર્ગમ સાગર તરવાની કળા બતાવનાર હું ક્યા ખાડામાં ડૂબી રહ્યો છું ? સૂરજની ક્ષમતા રાખનાર ખુદ ક્યાં અંધારાં ઉલેચી રહ્યો છું ?

અંતસ્તાપની આ જ્વાલાઓ દુનિયાના સ્વાર્થી માણસોના જયજયકાર વચ્ચે અદૃશ્ય થઈ જતી. પૂજા, ભોગ ને આરતીના પ્રપંચમાંથી યોગીનો ઉગારો નહોતો.

આખરે એક રાતે યોગી આ સ્થાન છોડીને નાઠો. દૂર દૂર ટેકરીઓમાં જઈને છુપાઈ ગયો. પણ સંસારે એ મહાસિદ્ધની ભાળ તરતમાં મેળવી લીધી. બીજી ટેકરી બીજું તીર્થ બની ગઈ. આમ, આઠ ટેકરીઓ સ્વીકારી અને છોડી, ને આઠેઆઠ તીર્થ બની ગઈ. અનેક પરચાઓનું ધામ બની ગઈ. એની રજ પણ ઔષધનું કામ કરવા લાગી ને માટી સુવર્ણના મૂલમાં વેચાવા લાગી.

એક તરફ સિદ્ધિનો મહિમા અને બીજી તરફ અસિદ્ધિનો તાપ આખરે યોગીને અકળાવી ગયો. દુનિયાના પાત્રમાં બધું ઠલવાય છે, ને મારું પાત્ર કેમ ખાલી ને ખાલી રહે છે ?

એક દહાડો યોગીએ પોતાના દેહમાં કોઈ અપૂર્વ તેજ અને તાકાતનો સંચાર અનુભવ્યો. એનું આખું કપાળ કરચલીઓથી ભરાઈ ગયું. બંને આંખ વીજળીના દુર્ઘર્ષ તેજથી ચમકી રહી.

એક સિદ્ધ યોગીની મુલાકાત થતાં તેણે યોગી વરદત્તને કહ્યું :

'રે વરદત્ત ! સાક્ષાત્કારની મહાન પળો હાથવેંતમાં છે. તમારી જમણી આંખમાં કુંડલિની મહાસર્પિણીનું મોં ને બીજીમાં તેની પૂંછડી પ્રગટ દેખાય છે. આખા ભાલપ્રદેશને આવરીને સર્પિણી ગૂંચળું વળી ગઈ છે. આ સર્પિણીના મોંમાં એની પૂંછડી જશે કે તમને સાક્ષાત્કાર થશે, તમને પરબ્રહ્મની પ્રાપ્તિ થશે. બાળકોની ભાષા યોગીની ભાષા છે. એ ભાષામાં કહું તો મામાનું ઘર કેટલે ? દીવો બળે એટલે !'

અને સાચેસાચ મહાસિદ્ધ વરદત્તને એ દીવા સાવ નજીક દેખાવા લાગ્યા : પણ સંસારી દીવાઓનાં તેલ-ઘી ફરી એને આવરી લેવા આવવા લાગ્યાં. યોગી કંટાળ્યો. એણે નિશ્ચય કર્યો કે મહાસર્પિણીનું મોં આંખની કીકીથી આગળ વધતું નથી, સાવ ઓછું અંતર યુગયુગનું અંતર લાગે છે. હવે આ બધું છોડી ચાલ્યો જાઉં ! એવા સ્થળે ચાલ્યો જાઉં કે મારો પત્તો આ લાલચુ લોકો મેળવી શકે નહિ !

એક અર્ધી રાતે યોગી ઊઠ્યો.

ચાલતો ચાલતો એક મહાનદને કાંઠે જઈ ઊભો. ત્યાં ખેપ માટે અનેક વહાણો ખડાં હતાં. પણ દૂરની ખેપે તો એક નંદ નાવિકનું જ વહાણ જવાનું હતું.

નંદ નાવિકના વહાણમાં યોગી ચડી ગયો. વહાણે ખેપ શરૂ કરી. ન જાણે કેટલેય દિવસે એ એક બંદરે લાંગર્યું. બીજા બધા પ્રવાસીઓ ઊતર્યા, એમ યોગી વરદત્ત પણ ત્યાં ઊતર્યો.

યોગી વરદત્ત ઊતરીને ચાલવા જાય છે ત્યાં નંદ નાવિકે કાંડું ઝાલ્યું ને ભાડું માગ્યું.

'હું સાધું છું. મારી પાસે વિત્ત ન હોય.'

નંદ કહે : 'તારા જેવા ઘણા જોગટા મને મળે છે. હું જાણું છું, જાદુગરોની જેમ તું ઘણી છેતરપિંડી ચલાવે છે. હું એવો નથી. તારે ભાડું આપવું જ પડશે. આગળ નહિં વધી શકે.'

બંને વચ્ચે રકઝક ચાલી.

નંદે તો યોગીને બાવડે ઝાલીને ઘસડ્યો ને લઈ જઈને વહાણના મહોરા સાથે બાંધ્યો. રે ! જે યોગીની રોજ કેસરથી પૂજા ને ઘીથી આરતી થતી, જેના ચરણામૃત માટે લોકો ઘસમસ્યા પડતા, તે યોગીનું આ અપમાન !

યોગી વરદત્તે આંખો ઊંચી કરી. નંદ નાવિકનું નિશાન લીધું. કેટલીક પિંગળી જ્વાળાઓ આંખમાંથી નીકળી અને નંદના શરીરમાં પ્રવેશી ગઈ. થોડી વારમાં નંદ નાવિક કાંઠાની રેતી પર મૃત્યુપીડામાં આળોટવા લાગ્યો. લોકો નંદની સારવારમાં પડ્યા, ને યોગીની સિદ્ધિથી એટલા ગભરાઈ ગયા કે તેને રોકવાની કે તેને એક આછી નજરથી જતો જોવાની પણ કોઈએ હિંમત કરી નહિ !

જતા યોગીની આંખોમાંથી પિંગળી અગ્નિશિખાઓ નીકળતી ક્યાંય સુધી દેખાઈ !

યોગી સંસાર તરફ અપૂર્વ તિરસ્કાર સાથે આગળ વધ્યો. રે ! સંસારને પોતે કેટલું આપ્યું છે, છતાં કેવી નગુણી દુનિયા ! નંદ નાવિકને સજા થવી ઘટતી હતી.

યોગીના દેહમાં અપૂર્વ તાકાતનો અજબ સાગર હિલોળા લેતો હતો. એ ન જાણે કેટલાંય રાતદિવસ વણથંભ્યો ને વણથાક્યો ચાલ્યો. છેવટે, એક પર્વતની તળેટીમાં વસેલા ગામને પાદર આવી પહોંચ્યો, ને જીર્ણ ઝૂંપડીવાળા દેવઘરમાં એણે વિશ્રામ લીધો.

અહીં આવ્યા પછી યોગીને ભાળ મળી કે પોતાની આંખમાં રહેલી મહાસર્પિણીનું મોં લાલચોળ થઈ ગયું છે. ને તેનાં મોં અને પૂંછડી વચ્ચેનું અંતર વધી ગયું છે. યોગીને થયું કે આ મહાસર્પિણીનો મેં ઉપયોગ કર્યો. એના તેજથી નાવિકને માર્યો. પરબ્રહ્મના માર્ગમાં હું કંઈક પાછો પડ્યો. ચિંતા નહિ. હવે શાંતિથી સાધનામાં બેસીશ.

યોગી વરદત્ત અહીં ફરી સાધનામાં બેસી ગયો. આ ઝૂંપડી ખંડેર હતી. કોઈ એમાં નહોતું રહેતું. ચોરો એનો ઉપયોગ કરતા હતા. એક રાતે ચોરો આવ્યા. ચોરીના દ્રવ્યનો ભાગ પાડ્યો. ને છેવટે જ્યારે ખૂણામાં બેઠેલા યોગીને જોયો, ત્યારે એને જાસૂસ માની ચિડાઈને માર્યો. યોગી બેભાન થઈ જાય ત્યાં સુધીનો મૂઢ માર મારીને તેઓ ચાલ્યા ગયા. તેઓએ માન્યું કે હવે એકબે દિવસમાં સાધુ મરી જશે.

પણ યોગીનું સામર્થ્ય અજબ હતું. એ થોડા પ્રહરમાં સ્વસ્થ થઈ ગયા ને પાછા પોતાની સાધનામાં વ્યસ્ત થઈ ગયા. હવે તો એમની સિદ્ધિઓ અને ચમત્કારો અપૂર્વ થયા હતા. સુકાયેલા છોડ પર નજર પડતાં એ લીલાછમ બની જતા. પણ હવે સિદ્ધિઓનાં પ્રદર્શનોનો એમને કંટાળો આવતો હતો.

સંસારને જાણ થાય ને રખેને હું ઝડપાઈ જાઉં ! રખેને ઘંટ-ઘડિયાળનો પ્રપંચ ચાલુ થઈ જાય. એ માટે એ ભયંકર એકાંત સેવતા.

આજની રાત પૂનમની હતી. યોગી આજે ઊર્મિલ બન્યા હતા. એમની સાધનાનો અંત અને સાક્ષાત્કારની ઘડી જાણે સમીપ હતી : અંતરમાં અશ્રાવ્ય વીણા બજવી શરૂ થઈ હતી.

યોગી શાંત બેઠા હતા. ત્યાં ઝૂંપડીના છાપરામાંથી ધૂળ ગરવા લાગી. જૂનું છાપરું ને ગંદી ધૂળ ! તોય યોગી શાંત રહ્યા.

થોડી વારે એક મોટી ગરોળી માથા પર પડી અને પડી એવી છલંગ મારીને છાપરે ચડી ગઈ.

યોગી તોય શાંત રહ્યા. ગરોળી સામે શું ? પણ ગરોળીયે માથાની નીકળી. છાપરાની વળીઓમાં એ કૂદકા ભરવા લાગી. ધૂળ ને કચરો ગરવા લાગ્યાં. થોડી વારે તો એક નળિયું યોગીના મસ્તક પર પડ્યું. માથામાંથી લોહીનો ફુવારો છૂટ્યો.

'રે અધમ ગરોળી !' યોગીએ ચિત્કાર કર્યો. આંખો લાલચોળ થઈ. ખૂલી અને બિડાઈ.

ગરોળી ક્ષણવારમાં બળેલું ખોખું થઈ નીચે પડી. પણ બીજી જ ક્ષણે યોગીની આંખમાં ઝબકારો થયો. મહાસર્પિણીનાં મોં ને પૂંછ ઘણાં નજીક થયાં હતાં. તે વળી દૂર થઈ ગયાં.

યોગીને તરત ભાન થયું કે નાની વાતમાં મેં મોટી વસ્તુને નુકસાન કર્યું છે. યોગી ઊઠ્યા ને મૂઠીઓ વાળીને ત્યાંથી નાઠા. એમને જોનાર અન્ય કોઈ નહોતું. પણ અંતર એમને ડંખ દેતું હતું ! ન જાણે મામાનું ઘર કેટલે હશે, ને દીવા ક્યારે દેખાશે !

યોગી ડગલાં ભરતા હતા, ને એ ડગલાંનો રવ એમને જાણે કહેતો હતો :

'કોઈ પણ ક્ષણ ક્ષણિક નથી. આળસ ન કર. શક્તિ કંઈ સારી નથી. વાપરવાનો સંયમ હોય તો જ શક્તિ સારી છે. મનના જુદ્ધમાં તું મુફલિસ ઠર્યો.'

યોગી ચાલતા ચાલતા ગંગાના કાંઠે આવ્યા. એક પીપળા નીચે સમાધિમાં બેઠા. માનવજાત તો દૂર હતી, પણ પક્ષીકુલના એક હંસને આ યોગીની ભાળ મળી ગઈ. એ રોજ પાંખમાં પાણી ને ચાંચમાં મોતી લઈ પૂજા અર્થે આવવા લાગ્યો.

ધીરે ધીરે હેમંતની ઋતુ આવી. હિમ પડવા લાગ્યું હંસ ઠંડીથી રુદ્ધ થઈ ગયો. એ મોતી માટે માનસરોવર જવાની શક્તિ ખોઈ બેઠો. રોજ પોતાની પાંખમાં ગંગાનું જળ લાવી યોગીને પખાળી પોતાની જાતને ધન્ય માનવા લાગ્યો !

એક દહાડો શીત પરાકાષ્ઠાએ પહોંચી ને વાયરા હિમાલયના વાવા લાગ્યા. યોગી પણ હવામાં પીપળાનું પાન ધ્રૂજે એમ ધ્રૂજવા લાગ્યા. ત્યાં અર્ધમૃત જેવો હંસ આવ્યો ને ગંગાજળથી યોગીનો અભિષેક કરવા લાગ્યો.

ખબર ન પડી પણ હંસ તરત બળીને ભસ્મ થયો, ને યોગી ત્યાંથી નાઠા. એ ગરમ પ્રદેશ તરફ ધસી ગયા. માર્ગમાં એક સિંહ સાથે ભેટો થયો. એણે રસ્તો રોક્યો. ભયંકર ગર્જના કરી અને પંજા સજ્જ કરવા લાગ્યો. માણસને એ મતીરું સમજતો હતો. પણ યોગી વરદત્ત આજે ક્રોધમાં હતા. આંખો સિંહ તરફ ઘુમાવી કે સિંહ બળીને ભસ્મ !

પર્વતના વનવાસી લોકો એકત્ર થઈ ગયા ને યોગીની મહત્તા ગાવા લાગ્યા. ત્યાં ભસ્મતીર્થ સ્થાપ્યું. પણ યોગી તો એક અંધારી રાતે ભાગ્યા. એ મનમાં વિચારવા લાગ્યા કે, 'રે ! હું તો મારી સિદ્ધિઓનો જુગાર રમું છું. દેવાળિયો બની ગયો છું ને જગત મને મોટો શાહુકાર માની પીછો પકડે છે.'

યોગી ભાગતા ભાગતા વારાણસીમાં આવ્યા. દાઢી વધી ગયેલી, નખ પાવડા જેવા થઈ ગયેલા, કપડાં લઘરવઘર બની ગયેલાં. નાનાં છોકરાં એમને બાહુક જાણી પીછો પકડી રહ્યાં. એમાં એક નાનકડા બટુકે તો કેડો જ ન છોડ્યો. ઇચ્છા નહોતી તોય આંખોમાંથી તેજોલેખાની જ્વાળા છૂટી ને બટુક સ્વાહા !

હવે તો સાપરાધ મનુષ્યવધ માથે મઢાયો.

યોગી ત્યાંથી મિથિલા તરફ સરકી ગયા. એ રાજમાં તાપસંતાપ ઓછા હતા, ને સહુ સ્વસ્વકર્મમાં અભિરત હતા. યોગી ત્યાંની એક ગુફામાં સંતાઈ બેઠા. નિરાંતે ઘણે દહાડે આંખમાં જોયું તો મહાસર્પિણી અવળું મોં કરીને બેઠી હતી. રે ! સંસારને વરદાન આપી સુખી કરનાર સિદ્ધ આત્માની આ દુર્ગતિ ! માણસની સાથે પ્રસંગ ન પાડવો, સંસાર સાથે સંપર્ક ન રાખવો, નિયમ કર્યો.

એક અંધારી રાતે મથુરાનો રાજા મેઘવાહન અરણ્યમાં ફરતો હતો. સાધનાનો એ જીવ હતો. એકાએક એની નજર યોગી પર પડી.

એ યોગી તરફ સન્માનવૃત્તિવાળો જીવ હતો. દોડીને ચરણ પકડી રહ્યો. નરને નયનથી ન નીરખવાની યોગીની ઈચ્છા હતી. આંખે હાથ દાબ્યા.

'મને ઓળખ્યો ?' રાજાએ પ્રશ્ન કર્યો.

'રે, તું નંદ ?' યોગીએ જવાબ આપ્યો.

'ના, ફરી આંખ ખોલો ને જુઓ !'

'શું તું ગરોળી ?' આંખ બંધ રાખીને જ યોગી બોલ્યા.

'હજી પૂરો પરખ્યો નહિ.'

'તું ગંગાતીરનો હંસ ?'

'ના. સિદ્ધોને તો બધું સ્પષ્ટ હોય. ફરી . . .'

'વિંધ્ય પર્વતનો સિંહ ?'

'હજી જરા આત્મનિરીક્ષણ કરો.'

'વારાણસીનો બટુક ? રે, એનો હત્યારો હું ! તો તું કોણ છે ? તું મિથિલાનો મેઘવાહન છે ? શું મને પકડવા આવ્યો છે ?'

'હું એક છું ને પાંચ પણ છું. હું મિથિલાનો મેઘ- વાહન છું. આપની કૃપાદૃષ્ટિના પ્રતાપે હું નાવિકમાંથી ગરોળી, હંસ, સિંહ, બટુક ને છેવટે રાજા થયો.'

'અહો ! તો તું મને દંડ આપીશ ? મેં તને પાંચ વાર મૃત્યુદંડ દીધો.' યોગી નરમ થઈ ગયા. આંખમાં અગ્નિભરેલી મહાસર્પિણી હયાત હતી, પણ એમને એમાં આજે રસ કે કસ લાગ્યા નહિ.

મેઘવાહન બોલ્યો : 'યોગીરાજ ! હું ઇંદ્રિયોનો દાસ હતો. મારું દરેક અડપલું મારા મૃત્યુનું નિમિત્ત બન્યું. મૃત્યુ જીવમાત્રને કઠોર લાગે છે. પણ મરતાં મરતાં મને મારી ક્ષતિનું ભાન થતું ગયું ને હું ઊંચે ઊંચે ચડતો રહ્યો . . .'

યોગી વરદત્ત અર્ધે બોલ્યા, 'મને ભાન હતું કે શક્તિ સાથે સંયમ હોય તો જ કાર્ય સિદ્ધ થાય. મેં મારી જાતને ઇંદ્રિયોની સ્વામિની માની હતી. મેં મારી દૃષ્ટિને કદી નમ્રતાથી ન સંમાની ! તું જેમ હરએક મૃત્યુએ મોટો થતો ગયો, તેમ હું દરેક વખતે નાનો થતો ગયો. હે રાજન્ ! મારો વધ કર. મારી સિદ્ધિઓએ મારું પતન કર્યું. હવે બીજે ભવે હું આગળ વધીશ.'

યોગી વરદત્ત આંખો નીચી ઢાળીને ઊભા રહ્યા. રાજા મેઘવાહન ચરણમાં આળોટતો બોલ્યો :

'ઓહ યોગીરાજ ! આપની આંખોમાંથી તો અમૃત વરસે છે. મહાસર્પિણીની દશા તો જુઓ ! પૂંછડી મોંમાં લઈને બેઠી છે. સાક્ષાત્કારની ઘડી ! શું આનંદનાં અમૃત વરસે છે ! ઓહ, હું એક મહાયોગી સિદ્ધનાં ચરણ સેવીને ધન્ય થઈ ગયો !'

યોગી વરદત્ત કંઈ બોલી ન શક્યા પણ અંતરમાં આનંદની ઊર્મિ કિલ્લોલતી હોય તેમ લાગ્યું. સાક્ષાત્કારની એ પળો હતી.

□



૧૯. કીરો અને કિસ્મત

મહાયોગી મુનીન્દ્ર ઉચ્ચાસને બેઠા હતા. આસપાસ અગમનિગમની ઘટનાઓમાં ઈન્તેજારી દાખવતું યોગીવૃંદ વીંટળાઈ વળ્યું હતું. મહાયોગી બોલ્યા :

'ભાગ્ય એ એક અનોખી ચીજ છે. કિસ્મતની કમાલ સહુ કોઈને અચંબામાં પાડી દે તેવી હોય છે. જગતના સર્વશ્રેષ્ઠ હસ્તરેખાશાસ્ત્રી કીરોને પણ કિસ્મતે થાપ આપી હતી.'

આખું યોગીવૃંદ એ હસ્તરેખા-નિષ્ણાતને ભુલાવામાં નાખનારી કથા જાણવા આતુર બની ગયું.

મહાયોગી મુનીન્દ્રે કીરોએ સ્વહસ્તે લખેલી કથા જ કહી :

કુંવારાઓની એક કલબમાં રોજ સાંજે બધા અપરિણીતો ભેગા થતા. અને મેં તેર વર્ષ સુધી કેટલીય સંધ્યાઓ શરાબની પ્યાલી પીતાં કુંવારાઓની કલબમાં વિતાવી હતી. આ કલબના સભ્યો માનતા હતા કે લગ્ન એ મહોબ્બતનું મોત છે. દોસ્ત-દોસ્ત વચ્ચે દીવાલ ખડી કરી દે છે. પરિણામે કલબના સભ્યો કદાચ સ્ત્રીઓને મદદ કરતા હતા. પરંતુ કોઈને પણ જીવનસાથી બનાવવાનું સ્વપ્ને પણ વિચારતા નહિ. આજુબાજુના વિસ્તારમાં આ કલબ 'અનોખી કલબ'ના નામે મશહૂર હતી.

ઋતુઓ ઝડપથી પલટાતી હતી. પરંતુ કુંવારાઓની કલબ તો ઋતુઓની સહેજે અસર પામ્યા વગર ખાવાપીવામાં મસ્ત હતી. એવા એક દિવસે હું ભોજન પૂરું કરીને બેઠો હતો. એકાએક એક વેઈટર નાટકીય ઢબે અંદર આવ્યો અને મારી સામે એક વિઝિટિંગ કાર્ડ રજૂ કર્યું. એના પર એક છોકરીનું નામ લખ્યું હતું. નામની આગળ 'કુમારી' લખ્યું હતું.

'કુંવારાઓની કલબમાં કુમારી કેવી રીતે ?' મેં આશ્ચર્યથી વેઈટર સામે જોયું :

એણે જવાબ વાળ્યો : 'જી હા, છોકરી છે અને તે પણ અત્યંત ખૂબસૂરત અને ફેશનેબલ.'

હું ઊભો થયો. મારા બીજા અપરિણીત મિત્રો હસવા લાગ્યા. એમની આંખો કહેતી હતી કે મિત્ર, સાચવજે હોં !

કલબના મહેમાનખંડમાં એ છોકરી આરામથી બેઠી હતી. કદાચ એ નહિ જાણતી હોય કે એ ક્યાં છે ?

એની સામે પડેલા સોફા ઉપર બેસતાં મેં કહ્યું : 'કહો, હું આપની શી સેવા કરી શકું ?'

એણે પોતાની ગરદન પરથી ખૂબસૂરત કેશકલાપને ઝટકો મારતાં કહ્યું : 'મેં સાંભળ્યું છે કે તમે કુશળ હસ્તરેખાશાસ્ત્રી છો. લોકોને સાચેસાચું ભાગ્ય બતાવી શકો છો. તો આપ મારો હાથ જોઈ આપશો ખરા ?'

'જરૂર, લાવો હાથ.' મેં રેખાઓ પામવા માટે એનો હાથ બરાબર જોયો. એના ચહેરાથી પણ એનો હાથ સુંદર હતો. આજ સુધી મેં આવો ખૂબસૂરત હાથ કદી જોયો ન હતો.

પેલી છોકરીએ મારા ચહેરા પર નજર નાખતાં કહ્યું : 'તો હવે તમે કંઈક બતાવો.'

મેં જવાબ આપ્યો : 'તમે બે વાર લગ્ન કરશો. તેમાં તમારું પહેલું લગ્ન નિષ્ફળ જશે અને બીજું લગ્ન એટલું જ સફળ થશે.'

'આનો અર્થ એ કે મારે પ્રથમ લગ્ન કરી નાખવું જોઈએ, જેથી એ લગ્ન નિષ્ફળ જાય, અને એ પછી . . .'

'એ પછી, બસ, એક વધારે લગ્નની ચિંતા'- મેં એના વાક્યને પૂરું કર્યું.

વાળને સહેજ ઝટકો આપીને એ છોકરી ઊભી થઈ અને બોલી : 'ઠીક ત્યારે, પ્રથમ લગ્ન કરી લઉં છું કે જેથી એ અસફળ થાય. પણ બીજા લગ્ન માટે તો આપને જ તકલીફ આપીશ.'

એક ચીસ સાથે હું બોલી ઊઠ્યો : 'મને ?'

એણે ફરી પ્રશ્ન કર્યો : 'કેમ ? તમને એમાં કોઈ તકલીફ છે ?'

'જી . . . હા. . . જી. . . . નહિ.' મારી જીભ અચકાવા લાગી.

'ખેર ! આપ વિચાર કરી લો ત્યાં સુધીમાં પ્રથમ લગ્ન પતાવી લઈશ. પણ મારું નામ યાદ રાખશો. મને બધા ફ્લૉરેન્સ કહે છે.' એણે પોતાની બૅગ ઉઠાવી અને હસતી હસતી બહાર ચાલી ગઈ.

મેં જીવનમાં પહેલી જ વાર મારો હાથ જોયો. મને ખ્યાલ આવ્યો કે મારા કિસ્મતમાં એક સ્ત્રી પત્ની તરીકે છે ખરી. પરંતુ હું ખૂબ આઝાદ મિજાજનો માનવી હતો. આથી વિચાર કરવા લાગ્યો કે કદાચ મારું લગ્ન થાય તો ભારે થશે.

સમય પસાર થતાં વાર લાગતી નથી. હું પૅરિસથી ન્યૂયૉર્ક આવ્યો. ન્યૂયૉર્કમાં એ વર્ષે ખૂબ ઠંડી પડી. મારું શરીર એ સહન કરી શક્યું નહિ અને હું ગંભીર બીમારીમાં સપડાયો. હૉસ્પિટલના

સંચાલકોએ પણ એવી જાહેરાત છપાવી કે કીરોની સ્થિતિ સારી નથી અને એનાં કોઈ પણ સગાંસંબંધી અહીં હોય તો ઝડપથી હૉસ્પિટલમાં હાજર થાય.

થોડા દિવસ પછી મારી તબિયત સારી થઈ ગઈ. એક દિવસ દવાખાનાના એક વૉર્ડને મને સૂચના આપી કે મારી એક સંબંધી છોકરી મને મળવા આવી છે.

એ છોકરી અંદર આવી, પણ એની સાથે મારે કોઈ ઓળખાણ ન હતી. કોઈ અજાણી છોકરીને પહેલી વાર જોતો હોઉં એમ લાગ્યું ! એ છોકરી મારી સાથે નિકટતા ધરાવતી હોય તેમ વાત કરવા લાગી.

'કીરો, મારો હાથ તો જુઓ.'

બીમારીને કારણે મને કંટાળો આવ્યો હતો. સમય કાઢવા માટે હું એનો હાથ જોવા લાગ્યો. મેં કહ્યું : 'તમે બે વાર લગ્ન કરશો. તેમાં તમારું પહેલું લગ્ન નિષ્ફળ જશે અને બીજું લગ્ન એટલું જ સફળ થશે.'

છોકરીએ પૂછ્યું : 'બીજું લગ્ન ક્યારે થશે.'

'લગભગ એક મહિનામાં.'

મારી નાડી પર હાથ રાખતાં એ બોલી : 'તો શું તમે એક મહિનામાં સ્વસ્થ થઈ જશો ?'

હું ચમક્યો અને બોલ્યો : 'એટલે શું કહેવા માગો છો ?'

'તમે તમારી વાત પણ ભૂલી ગયા ? આજથી પાંચ વર્ષ પહેલાં તમે જ પહેલી વાર લગ્ન માટે મને તૈયાર કરી હતી.'

ધીરે ધીરે એ છોકરીનો ચહેરો યાદ આવવા લાગ્યો. લગ્ન થયાં હોવા છતાં એનું સૌંદર્ય વધુ ખીલ્યું હતું. પરંતુ મારી આંખો સામે કુંવારાઓની ક્લબ ચકરાવા લેતી હતી. જાણે એ તમામ અપરિણીતો હાથમાં શરાબની પ્યાલી લઈને અટ્ટહાસ્ય સાથે આંખો નચાવતા એમ ન કહેતા હોય કે અલ્યા કીરો, આખરે તું એક છોકરી


પર ફના થઈ ગયો ? મેં કહ્યું : 'પણ હું તો કુંવારાઓની કલબનો સભ્ય છું.'

'તમારી જગ્યા વળી બીજો કોઈ માથાફરેલ લઈ લેશે. જો કલબને સભ્ય નહિ મળે તો આપણે જાતે પૅરિસના રસ્તાઓ પર ફરીને કલબના માટે નવા સભ્યો બનાવીશું.'

જિંદગીમાં પહેલી વાર મને એવો અનુભવ થયો કે જીવનસાથી વગર જિંદગી ગુજારવી મુશ્કેલ છે. અને એક મહિનામાં તો મારાં લગ્ન ફ્લૉરેન્સ સાથે થયાં.

મહાયોગી મુનીન્દ્રે કીરોની કથા પૂરી કર્યા પછી કહ્યું કે ભાગ્ય એવી ચીજ છે કે માનવી ગમે તેટલું મથે તોપણ અંતે વિધાતાનું ધાર્યું જ થાય છે.

□



૨૦. અંતર-મંતર

મંત્રશક્તિના ઉપયોગના ત્રણ તરીકા છે :

૧. જનકલ્યાણ માટે, ૨. કીર્તિ યા ધર્મની શોભા-માટે, ૩. કાંચન માટે.

ઋષિમહર્ષિઓએ પહેલો પ્રકાર પ્રશસ્ત ગણેલો છે ને ત્રીજો પ્રકાર કનિષ્ઠ ગણેલો છે, કારણ કે કાંચનની સાથે કામિની વણમાગી આવીને જોડાઈ જાય છે.

ત્રીજા પ્રકારના લીધે જ ઘરઘરમાં થતો મંત્રશક્તિનો વપરાશ તિરસ્કરણીય બન્યો છે ને ધીરે ધીરે શક્તિનો પણ સ્વકાજે નિયોગ કરવાથી એનો હ્રાસ થયો છે. યોગ જેવી અદ્ભુત શક્તિઓ તો નાશ

પામી છે; યા ઘણી જૂજ બની ગઈ છે; ને ભાનામતી વિદ્યા, લોનામતી વિદ્યા, કામણ, ટૂમણ ને નજરબંધી જેવા પ્રયોગો શેષ રહ્યા છે.

આ શક્તિઓનો કેવો દુરુપયોગ થાય છે તેનું એક દૃષ્ટાંત અહીં રજૂ થાય છે.

સૌરાષ્ટ્રના એક શ્રીમંત શેઠ.

દેશ-પરદેશમાં ઘૂમી આવેલા.

એમને એક અજબ પ્રકારનો રોગ લાગુ પડ્યો.

દાક્તરો આવ્યા, ઉપચાર અનેક લાવ્યા, પણ વ્યર્થ ગયા.

વૈદો પણ આવ્યા. ખ્યાતનામ વૈદો આવ્યા, પણ તેઓનીય કારી ફાવી નહિ !

ભારતીય દિલ હંમેશાં આ પ્રસંગે કોઈ દૈવી મદદની ઝંખના કરે છે. માને છે કે સારું થાય તો અંતરીક્ષના કોઈ દેવની સહાયથી થાય !

દરદી શ્રીમંત એટલે ઉપચાર કરનારને ખાસ હોંશ રહે. દરદીનું ભલું થાય કે નહિ, પોતાનું જરૂર ભલું થાય.

એક ઓળખીતા વાત લાવ્યા કે અમુક સ્વામી છે, આયુર્વેદના નિષ્ણાત છે, સાથે આધિદૈવિક અને આધિભૌતિક શક્તિઓ પણ ધરાવે છે. રોગિયા-દોગિયાની હાર એમના ઘેર લાગેલી જ હોય છે.

સ્વામીને બોલાવવામાં આવ્યા.

તેઓએ કહ્યું કે ઔષધથી કે જંતરમંતરથી પણ અઠવાડિયામાં રોગીને સાજા કરી દઈશ.

દરદી તો માસ, બે માસ કે વરસની અવધ માટે તૈયાર હતા, તો આ તો માત્ર અઠવાડિયાની જ વાત. તેઓ બહુ ખુશી થઈ ગયા ને બોલ્યા :

"મારે આપને ચરણે જે ધરવાનું હોય તે કહો."

સ્વામી બોલ્યા : "હું જેવાતેવા કેસ હાથમાં લેતો નથી, પણ આ તો અમુક ભાઈની ઓળખાણ છે, માટે લઉં છું. દશ-પંદરથી મારી ઓછી ફી નથી, પણ પાંચ લઈશ."

દરદી કહે : "રોજના રોજ આપી દઈશ."

સ્વામી કહે : "રોજના પાંચ નહિ, એ તો તમારે મારા ચરણે દેવપ્રસાદ માટે મૂકવા પડશે. પણ ફી તો રૂ. પાંચ હજાર, જેમાંથી હાથ અડાડું એ પહેલાં બે હજાર મળવા જોઈએ. પછી જેમ સારું થતું જાય તેમ આપતા રહેજો. ઇચ્છા હોય તો કહેવરાવજો."

સ્વામી ઊભા થયા, પણ દરદીને તો આરોગ્યલાભ થાય તો પચીસ-પચાસ હજાર પણ કોઈ વિસાતમાં નહોતા. તેઓએ સ્વામીજીને પગે લાગી, હાથ જોડી ઉપચાર ચાલુ કરવા વિનંતી કરી.

સ્વામીએ કહ્યું : "જુઓ ! મારા ઉપચાર દરમિયાન દાક્તરની સોય અડવી જોઈએ નહિ. નહિ તો કેસ અસાધ્ય થશે, ને હું છોડી દઈશ. પછી હાથ નહિ પકડું."

દરેક નટનટીનો એમ દરેક દાક્તર-વૈદનો પ્રશંસકવર્ગ હોય છે; ને તેઓ પાસે અસરકારક મોટા માણસોનાં નામથી રજૂ થતાં દૃષ્ટાંતો પણ હોય છે. એ રજૂ કરવાની માંડણી પણ અપૂર્વ હોય છે.

દરદીએ તો મિયાંની ચાંદે ચાંદ કરવાની હતી.

બે-ત્રણ દહાડા તાજગી દેખાઈ !

બીજા બે દહાડા મધ્યમ ગયા. એમણે કહ્યું કે દરદ પણ દરિયા જેવું છે. એમાં ભરતી-ઓટ આવ્યા કરે.

સાતમે દહાડે હાથ-પગનાં આંગળાં અક્કડ થઈ ગયાં, ને નવમે દહાડે તો દરદી ચાલતાં ચાલતાં ગબડી પડ્યા.

સ્નેહસંબંધે આવેલા દાક્તરોએ તપાસીને કહ્યું : "કાચું સોમલ ખાવા આપ્યું છે. સાવચેત રહેજો."

સ્વામીજી રોજ આવે. નાસ્તિક દાક્તરોને ખૂબ ઝાડે. પણ દરદીને તો હેરાનગતિ વધવા માંડી.

સ્વામીજીએ આજે જાહેર કર્યું : "હવે સાથે સાથે આધિદૈવિક ઉપચાર પણ ચાલુ કરું છું. આજે રાતે જાગજો. બાર વાગ્યે ખુદ માતાજી આશિષ આપવા આવશે."

એ રાતે દરદી જાગતા રહ્યા, પણ માતાજી આવ્યાં નહિ.

ત્રીજે દિવસે વાત કરતાં સ્વામીજીએ કહ્યું :

"માતાજી મને કહી ગયાં. આવ્યાં હતાં, પણ તમે ઊંઘી ગયા હતા. આજે આવશે ને આરોગ્યલાભના આશિષ આપશે."

જાદુગરની નજરબંધી જેવું વાતાવરણ હતું. સ્વામીજી કહે તે સાચું માની લેવાનું !

બીજે દિવસે પણ માતાજીનાં દર્શન ન થયાં.

સ્વામીજીએ કહ્યું : "પૂજામાં વાંધો પડ્યો લાગે છે. સાંજે અહીં સાથે પૂજા કરીશું."

જન્માષ્ટમીના દિવસો હતા.

સાંજે પૂજા ગોઠવવામાં આવી.

પૂજા કરી, નૈવેદ્ય ધર્યું, ને પછી તેની પોટલી બાંધીને કહ્યું : "મોડી રાતે ચાર રસ્તાના ચોકમાં દેવની પ્રીતિ માટે નૈવેદ્ય મૂકી આવજો."

કૃષ્ણજન્મ બાર વાગ્યે થયો. પ્રસાદ વહેંચાયો. માનવમેદની વીખરાણી.

દરદીનો ભત્રીજો પેલા નૈવેદ્યની પોટલી લઈ ચાર રસ્તા ભેગા થતા હોય ત્યાં નાખવા ચાલ્યો.

રાત અંધારી હતી.

નૈવેદ્ય મૂક્યું ને જુવાન પાછો ફર્યો.

પણ ઘેર આવતાં તો તેનું મન, ચિત્ત, બુદ્ધિ ગુમ થઈ ગયાં. એ બેશુદ્ધ ને લાકડા જેવો થઈ પથારીમાં પડ્યો. દાંતની બત્રીસી ચોંટડૂક થઈ ગઈ.

લાકડા જેવું લાકડું !

ઘરનું વાતાવરણ ભયાવહ થઈ ગયું.

સામાન્ય લીંબુ વગેરેના ઘરગથ્થુ ઉપચારો કર્યા, પણ કંઈ વળ્યું નહિ. જુવાનને શ્વાસ લેવામાં પણ હરકત પડતી લાગી.

આખરે તરણતારણ સ્વામી યાદ આવ્યા. લાકડા જેવા જુવાનને મોટરમાં નાખી તેમની પાસે લઈ ચાલ્યા. ત્યાં પહોંચતાં સુધી જીવશે કે નહિ તે જ ચિંતા હતી.

સ્વામીજી એકાંતમાં હતા, પૂજામાં હતા. જુવાનને બે માણસોએ ઊંચક્યો ને સ્વામી પાસે આણ્યો. કહ્યું :

"જિવાડો તો આપ, મારો તો આપ ! કાંઈ અમારો વાંકગુનો થયો હોય તો આપ કહો તે સજા. . ."

સ્વામીજીનું મોં નિર્વિકાર રહ્યું. એમણે એક પ્યાલામાં થોડું પાણી લીધું ને પાયું. એક દોરો લઈને જુવાનના હાથે બાંધ્યો.

કબરમાંથી મડદું આળસ મરડીને ખડું થતું હોય તેમ જુવાન તો તરત ઊભો થઈ ગયો. નખમાંય રોગ મળે નહિ. ચાલતો મોટરમાં બેઠો ને મોટરમાંથી કૂદતો ઘરમાં પેઠો.

આખા ઘરમાં હસીખુશીનું વાતાવરણ છવાઈ ગયું !

આ પ્રત્યાઘાત પડવાનું કારણ વિચારતાં એમ લાગ્યું કે શ્રીમંત દરદીને ગઈ કાલ સાંજે સારા ચાર દાક્તરોએ તપાસ્યા હતા, ને જિંદગી જોખમમાં મુકાય તે પહેલાં બીજા દાક્તરી ઉપચાર કરવાનો નિર્ણય લેવાઈ ગયો હતો. અન્ય ઉપચાર થતા રોકવા આ પ્રયોગ અજમાવવામાં આવ્યો હતો.

પણ એનો પડઘો બૂરો પડ્યો. સ્વામીજીના દવા-ઉપચાર સાવ બંધ થયા. ઘણી ધમકીઓ મોકલી કે બાકીની ફી મોકલી આપો, નહિ તો જોવા જેવી થશે.

કંઈ મોકલવામાં આવ્યું નહિ.

કંઈ થયું પણ નહિ.

એ દરદી આવા પાશમાંથી છૂટી, પોતાના અજોડ મનોબળ ને ધર્મશ્રદ્ધાથી દરદનો ભયંકર દરિયો તરી ગયા, ને આરોગ્યલાભ પ્રાપ્ત કર્યો.

□



૨૧. વાસક્ષેપ

ભભૂતની આ કથા છે.

નવ હજાર નવ્વાણુની ભભૂત ભોળા લોકોને ભરમાવનારી છે. માયાના અર્થી લોકોને ઠગવાની ધુતારાઓની માયાબાજી છે, લોભી ને લાલચુ લોકોની સોદાબાજી છે.

છતાં સેંકડો કાગડાના ટોળામાં એક હંસ હોય છે, એમ કોઈક ભભૂત પવિત્ર ને ચમત્કારી પણ હોય છે. એ ભભૂત-ખાખ-વાસક્ષેપ (જૈન શબ્દ) કષ્ટમાંથી ઉગારનારી ને પવિત્ર પંથે જવામાં સહાય કરનારી પણ બને છે.

એવો એક સાવ સાચો કિસ્સો અહીં રજૂ થાય છે. એક સાહિત્યકારના પુત્રના જીવલેણ રોગે એક વાર નહિ પણ અનેક વાર

ઊથલો ખાધો. દાક્તરોમાં બે મત પડ્યા ત્યારે એક મહામના મુનિરાજે વાસક્ષેપનું એક પડીકું મોકલ્યું. લખ્યું કે શંખેશ્વરા નાથની સાધના દ્વારા સિદ્ધ કરેલો આ વાસક્ષેપ તમારું કષ્ટ હળવું કરશે.

એ વાસક્ષેપથી કે ભેગાં થયેલાં અનેક સમવાયી કારણોથી રોગ ટળ્યો, ને જુવાન તંદુરસ્ત બન્યો. વાસક્ષેપની પડીકીની યાદ પણ ભુલાઈ ગઈ.

કેટલેક મહિને એક મિત્રના સ્વજનને એકાએક બીમારી ઘેરી વળી. દવા તો અનેક છે, પણ નિદાન કંઈ થાય નહિ. દાક્તરો ને વૈદો ભારે ભારે રોગની આશંકા દાખવવા લાગ્યા, નૈયા ડૂબવા લાગી.

એ વખતે એ મિત્ર મારી પાસે આવ્યા, ને પોતાની ચિંતાની વાત કરી. એકદમ યાદ ન આવતો વાસક્ષેપ આજે યાદ આવ્યો ને એની એક નાનીશી પડીકી વાળી આપી.

બીજે દહાડે પરિણામ સારું હતું. દાક્તરો કહેતા હતા કે આ તો સીઝનની અસર હતી, ગંભીર કંઈ નથી.

આ પછી મહાન જાદુગર શ્રી કે. લાલને મળવાનું થયું. તેઓ ચિંતામાં હતા. હરીફોએ આબાદ ફટકો લગાવ્યો હતો. સિંહ જેવો પુરુષ બેચેન બન્યો હતો.

એ વખતે આ વાસક્ષેપ તેમને આપવામાં આવ્યો. તેઓએ પૂછ્યું કે આ કોનો મંત્રેલો છે ?

કહ્યું કે એક નિઃસ્વાર્થ સાધુરાજનો છે ! તેઓ મંત્રતંત્ર કંઈ જાણતા નથી. કાંચન ને કામિનીના સ્પર્શથી સદા દૂર છે. કોઈ દ્વારકાની છાપ પણ નથી. તેઓનો આ વાસક્ષેપ છે. કોઈને આપતા પણ નથી.

શ્રી લાલ શ્રદ્ધાથી એ વાસક્ષેપ લઈ ગયા. કાંચન અને કામિનીના સુખ કાજે વાપરવાની સહુને મના હતી. શ્રી લાલ પોતે એક નાનુંશું સાધનામંદિર પોતાની સાથે નિર્વહે છે, એમાં એને સ્થાન આપ્યું. સંકટોનાં વાદળાં દૂર થયાં. સુખના સૂર્યનો ઉદય થયો.

પણ શ્રી લાલને જ એક વાર આ વાસક્ષેપનો અદ્ભુત અનુભવ જાણવા મળ્યો, અને તે પણ પોતાના મિત્ર નરેન્દ્રકુમાર દ્વારા. શ્રી નરેન્દ્રકુમાર ૨૩ અમરતોલા સ્ટ્રીટ, કલકત્તામાં

ઈમ્પોર્ટ-એક્સપોર્ટનું કામ કરે છે. કંપનીનું નામ શ્રી નરેન્દ્રકુમાર શશિકાન્ત છે.

શ્રી લાલ એ વખતે અમદાવાદમાં પોતાના ખેલો ભજવી રહ્યા હતા, ને શ્રી નરેન્દ્રકુમાર અમદાવાદમાં કામકાજે આવ્યા હતા.

તા. ૧૫-૩-'૬૫ની વાત છે. એ સાંજે નરેન્દ્રકુમારે શ્રી લાલનો ખેલ જોવો અને સાથે ભોજન લેવું, એવું બંને મિત્રો વચ્ચે નક્કી થયું.

એ જ દિવસે મધ્યાહ્નકાળે શ્રી નરેન્દ્રકુમારને કલકત્તાથી તેમના પિતાનો તાર મળ્યો કે ઘરમાંથી રોકડ, દાગીના, જરઝવેરાત થઈ લગભગ રૂ. સિત્તેર હજારની મતાની ચોરી થઈ છે, માટે તાકીદે આવો.

શ્રી નરેન્દ્રકુમાર તૈયાર થઈ ગયા, ને ઈન્ડિયન ઍર લાઈન્સમાં પા વાગ્યાના વિમાનની ટિકિટ રિઝર્વ કરાવી. આ પછી તેઓ પોતાના મિત્ર શ્રી લાલને ઘટનાની ખબર આપવા ને વિદાય લેવા માટે ગયા.

શ્રી લાલ ઘેરી નીંદમાં હતા. તેમને નહિ જગાડવાનો સામાન્ય નિયમ હતો, પણ તેમનાં પત્ની અ. સૌ. પુષ્પાદેવીએ પ્રસંગનું મહત્ત્વ લેખી જગાડ્યા.

શ્રી નરેન્દ્રકુમારે પોતાને ઘેર થયેલી ચોરીની વાત કરી, અને હું જાઉં છું તેમ કહ્યું.

શ્રી લાલ સહૃદયી જીવ છે. મિત્રની કઠિનાઈ સાંભળી વ્યાકુળ થઈ ગયા અને તરત હાથમોં વગેરે સ્વચ્છ કરી પોતાની પૂજાની ઓરડી તરફ ધસી ગયા. દસેક મિનિટ સુધી ધ્યાનમાં રહ્યા, ને પછી એક પડીકી આપતાં કહ્યું :

"આમાં પવિત્ર વાસક્ષેપ છે. કષ્ટમાં એ જરૂર તમને હિંમત અને સાથ આપશે."

શ્રી નરેન્દ્રકુમાર વિમાનમાં મુંબઈ પહોંચી ત્યાંથી તાબડતોબ કલકત્તા પહોંચ્યા. આ પડીકી નરેન્દ્રકુમારે પોતાના દેહ પર જ બંડીમાં રાખી લીધી હતી.

તા. ૧૬-૩-'૬૫ના દિવસે તેઓ કલકત્તાના ડિટેક્ટિવ ખાતાના ચુનંદા ઑફિસર શ્રી અશોકકુમારને મળ્યા ને શોધ શરૂ કરી.

આવી ચોરીનો પત્તો મળવો મુશ્કેલ હોય છે. છતાં ન જાણે કેમ બધાં ખાતાં ઉત્સાહથી કામ કરતાં હતાં. જીવનમાં જે લત્તાઓ જોયા ન હોય એ લત્તાઓમાં, જુગારના અડ્ડાઓમાં, વેશ્યાઓનાં ધામોમાં, દારૂનાં પીઠાંઓમાં, રેસકોર્સના રસિયાઓનાં સ્થાનોમાં, ફૅશનેબલ હોટલોમાં તપાસ કરી.

છરી, ચાકુ, ઍસિડ, ખંજરની આ ભૂમિઓ હતી, ને નરેન્દ્રકુમાર જૈન વણિક હતા : પણ ન જાણે કેમ એમના એક રુવાંટામાંય ડર નહોતો, કારણમાં વાસક્ષેપનું પડીકું સાથે હતું. અંતર ડૂબતું હોય ત્યારે મંતર સહારો આપે છે.

આટલી મહેનત પછી - દશ દહાડાની જહેમત નકામી થઈ. કંઈ પત્તો ન મળ્યો, છતાં મન ભાંગી ગયું નહોતું. એમ લાગ્યા કરતું હતું કે ચોરી પકડાશે.

એક દહાડો અકળ રીતે એક બાતમીદાર ફૂટી ગયો. તેણે એક શખ્સનું નામ દીધું. એ શખ્સને ચોરંગીના થિયેટર પાસેથી પકડ્યો. એ શોધની સાંકળ બન્યો. એણે આપેલી માહિતી મુજબ તા. ૨૭-૩-'૬૫ના રોજ સિયાલ્દા સ્ટેશન પરથી બીજા ચોરને પકડવામાં આવ્યો.

એ નરેન્દ્રકુમારનો નેપાળી નોકર હતો. ચોરોની ટોળકીમાં ભળી ગયો હતો. આ પછી તા. ૧લી એપ્રિલે મૂળ ચોરને પકડ્યો, ને સહુના આશ્ચર્ય વચ્ચે તા. ૩જી એપ્રિલે ચોરીનો માલ મળી ગયો.


શ્રી નરેન્દ્રકુમાર આ વિશે લખતાં પોતાના પત્રમાં જણાવે છે :

"તા. ૨૬-૩-'૬૫થી તા. ૩-૪-'૬૫ સુધીમાં દરરોજ ચોવીસ કલાકમાંથી બાર કલાક કામ કરતા હતા. તે સઘળો સમય ઈષ્ટદેવનું સ્મરણ ચાલુ હતું, ને પેલું વાસક્ષેપનું પડીકું સાથે જ હતું, જેણે મને અખૂટ શ્રદ્ધા ને ધીરજ આપી. મને લાગે છે કે એની સહાય વિના ઉપરના સંજોગોમાં બધું મેળવવું ને જાતને સહીસલામત રાખવી અસંભવિત હતું.

"કલકત્તાની પોલીસની કારકિર્દીના ઈતિહાસમાં આવી રીતે ચોરીના અણિશુદ્ધ પકડાયેલા કિસ્સા બહુ જ ઓછા છે.

"આ બનાવ પરથી એટલું નક્કી થાય છે કે શ્રદ્ધા અને ઈશ્વરી સહાય હોય તો ગમે તે કાર્ય સિદ્ધ થાય છે, અને તેમાં મને લેશમાત્ર શંકા રહી નથી."

□



૨૨. અંગ્રેજ કોઠી ને આંબેલ વ્રત

કાશીપુરીમાં એક વૈશ્ય હતો.

શ્રીમંત હતો. ધીકતો ધંધો હતો.

એને સાત ખોટનો દીકરો હતો, ને સાધુસંતોનો પ્રવાહ એના ત્યાં ચાલુ રહેતો.

એ વૈશ્યે એક મોટી હવેલી બાંધવી શરૂ કરી. ઠઠેરી ગલીનો એ ધીકતો બજાર હતો. એમાં મોકાની જમીન ખરીદ કરી.

એ જમીન પર સારા મુહૂર્તે ખાત કર્યું ને હવેલી બાંધવી શરૂ કરી. તળિયામાં મોટાં મોટાં ભોંયરાં ઉતાર્યાં.

બનારસમાં ઉનાળાની ગરમી અસહ્ય. એમાં આ ભોંયરાં શીતળ ગૃહ બની રહ્યાં.

પછી ઉપર ચણાવવું શરૂ કર્યું. દીવાનખાનું, મોટા ઓરડા, મોટા ભંડાર અને રસોડાં બનાવ્યાં.

મૂળદાસ વૈશ્યની હવેલી નમૂનેદાર બની રહી. નીચે દુકાનો ઉતારી. દુકાનો પણ રોજની જરૂરિયાતની ચીજો વેચનારને ભાડે આપી. સબ્જી (શાક), રબડી, મીઠાઈ ને પંસારી(ગાંધી)ની દુકાનો ચાલુ કરાવી. એની ઇચ્છા લાંબા ગાળે એક નાનુંશું દેવમંદિર સ્થાપવાની હતી, પણ ધર્માચાર્યો કહેતા કે તારી ગારચૂનાની હવેલી અમારી ધર્મહવેલીને ઝાંખી પાડે તો એમાં અમારું કે તમારું ભલું થાય નહિ. દેવ દેવના ઠેકાણે સારા, ઘર ઘરના ઠેકાણે સારાં. સારા માણસોનો કે દેવોનો સંગ ઘડી બે ઘડીનો સારો. અતિ પરિચયથી અવજ્ઞા થાય.

મકાન લગભગ પૂરું થયું. વાસ્તુની તૈયારીઓ થઈ. મોટી સંખ્યામાં મહેમાનો ઊતરી આવ્યા. ભારે ઠાઠ જામ્યો.

છેલ્લે દિવસે પ્રવેશ થયો. લગભગ દરેક દેવતાને પ્રસન્ન કરવામાં આવ્યા.

આ દિવસે ઘર આખું ગોકુળ બની ગયું. આંગણામાં આમ્રવૃક્ષ વાવ્યું. બોરસલી ને જાસૂદ રોપ્યાં.

આનંદની આ સ્વરલહરીઓની વચ્ચે એક કાજળઘેરી બૂમ સંભળાણી.

મકાનમાલિક વૈશ્યનો સાત વર્ષનો બાળક અગાસી પરથી ઊથલી પડ્યો હતો. નીચે તાંદુલની લાદી જડેલી હતી. એ પથ્થર પર પડતાંની સાથે એનો પ્રાણ નીકળી ગયો હતો.

વૈદ-દાક્તરોની દોડધામ નકામી ગઈ અને આખું વાતાવરણ ભયંકર શોકમાં પલટાઈ ગયું.

એ શોક મકાનમાં સ્થાયી થઈને રહ્યો.

છોકરાની માસીનું થોડે દહાડે અપહરણ થયું. ગુંડા સાથે મુકાબલો થયો. સરકારે ચડવું પડ્યું. તન અને ધન બંનેની ખુવારી થઈ.

એ દહાડાથી ઘરમાં માંદગી ઘર કરી બેઠી. બાળકની માતાનું મગજ કંઈક અસ્થિર થતું દેખાયું.

મૂળદાસ વૈશ્યે સંતોને લાવીને વસાવ્યા, તો સંતોને પણ રાત કાઢવી આકરી થઈ પડી.

વારાણસીની બહાર સારનાથના રસ્તે એક મકાન લીધું, ને થોડા દહાડા આરામ કરવા ત્યાં જઈને રહ્યા.

અઠવાડિયામાં તો સહુ ચંગા થઈ ગયા, ને મૂળદાસના આગ્રહથી સહુ પાછા જૂના મકાનમાં આવ્યા. પણ પાછી એની એ હાલત !

ફરી એકાદ મહિનો રહીને બધા સારનાથ રોડવાળા મકાનમાં રહેવા ગયા. ફરી પાછા બધા સારા થઈ ગયા.

હવે તો ઠઠેરી ગલીની એ હવેલીમાં જવાની વાત નીકળતી કે ઘરમાં કજિયો થતો. લાખ ઉપાયે હવે કોઈ જૂના મકાનમાં જવા તૈયાર નહોતું.

આ વખતે એક અંગ્રેજ કંપનીએ ભારતમાં ચામડાની વસ્તુઓ બનાવવાનાં કારખાનાં નાખ્યાં. તેઓએ આગ્રા, દિલ્હી, કાનપુર, બનારસ ને મુંબઈ વગેરે સ્થળોએ પોતાની પેઢીઓ ખોલી.

આ અંગ્રેજો બનારસમાં મકાનની શોધમાં હતા, ત્યાં ઠઠેરી ગલીના આ મકાનની માહિતી મળી. તેઓને કેટલાકે ભડકાવ્યા, પણ તેઓએ મકાન ભાડે રાખી લીધું.

હિંદુના દેવો ગોમાંસ ખાનારા પાસે જાય નહિ. મુસલમાનના દેવો સુવ્વરનું માંસ ખાનારનો પડછાયો પણ લે નહિ.

અંગ્રેજોને ગાય કે સુવ્વર બેમાંથી ગમે તેના માંસનો વાંધો નહોતો. તેઓને આ મોટી હવેલી ફાવી ગઈ. અહીં તેઓએ ઑફિસો ખોલી : ને વેપાર શરૂ કર્યો.

આ મકાન હવે હવેલીને બદલે કોઠી તરીકે જાહેર થઈ ગયું.

મોટા મકાનને કોઠી કહેવામાં આવે છે.

આ મકાન અંગ્રેજોની કોઠીને નામે પંકાયું.

અહીં કદી ભૂત કે પ્રેત ન દેખાયાં, પણ પાંચ-સાત વરસમાં પેઢી નરમ પડવા લાગી. લોકો જુનવાણી હતા, એટલે નવી ફૅશનના

બૂટ-ચંપલને અડતા નહિ. સ્ત્રીથી તો પગમાં કંઈ પહેરાય જ નહિ !

આખરે થોડાં વર્ષો બાદ અંગ્રેજોનો વેપાર તૂટી ગયો. તેઓ કોઠી ખાલી કરીને ચાલ્યા ગયા. ફક્ત પોતાનું નામ છોડતા ગયા. એ મકાન અંગ્રેજી કોઠીને નામે પંકાઈ ગયું.

અંગ્રેજી કોઠીનાં દ્વાર બંધ થયાં. ચામાચીડિયાં, વીંછી, કીડી ને ઊધઈનાં રાજ્ય જામી ગયાં.

ધીરે ધીરે હાલત એવી થઈ કે એ મકાન તરફ કોઈ ડોકિયું પણ કરતું નહિ !

નિર્જન મકાન ભૂતનો આવાસ બની રહે છે, એવી સામાન્ય માન્યતા છે.

આ વખતે ગુજરાતના એક મહાન પુત્ર અને ભારતના ભૂષણ સમા જૈન આચાર્ય બનારસમાં આવ્યા. એ વૈશ્યનાં બાળકોને દેવભાષા સંસ્કૃત શીખવવા ચાહતા હતા, ને મહાન પંડિત સરજવા માગતા હતા.

બનારસ બ્રાહ્મણોનું ધામ હતું, ને જૈનો માટે ભારે ઘૃણા હતી. અને જૈનો જ્યારે દેવભાષા શીખવા કાશીપુરીમાં આવ્યા છે, એમ જાણ્યું ત્યારે તેમના ક્રોધનો પાર રહ્યો નહિ. જૈનોને વસવાટ માટે કોઈ જગા ન મળે તેવો પ્રબંધ કરવામાં આવ્યો.

જૈનોના આચાર્ય શ્રી વિજયધર્મસૂરિજી સમદર્શી હતા. તેઓએ તપાસ શરૂ કરી. તેમને અંગ્રેજી કોઠી ખાલી છે, તેમ કોઈએ કહ્યું. તેઓએ કહ્યું કે, અત્યારે જે મકાન મળે તે સોનાનું છે.

'પણ આચાર્યજી ! ત્યાં તો ધોળે દહાડે ચુડેલો રાસડા લે છે : ને આખી રાત ભૂત ભૂસકા મારે છે.'

'કંઈ વાંધો નહિ. સિદ્ધચક્રજીના પ્રતાપે રૂડાં વાનાં થશે.'

તેઓએ મકાન ભાડે લીધું. વિદ્યાર્થીઓ સાથે પ્રવેશ કર્યો : દરેક વિદ્યાર્થીએ અને પોતે પ્રખ્યાત આયંબિલ વ્રત કર્યું. સિદ્ધચક્રની પૂજા કરી, ને શાંતિજળ દરેક ઠેકાણે છાંટ્યું.

કોઈ પણ સાધુ કે વિદ્યાર્થીને એકલા રહેવા કે બેસવાની આજ્ઞા નહોતી. દિવસો સારા જતા, પણ રાત ભયંકર બની જતી.

રોજ સિદ્ધચક્રનું પૂજન, એક આંબેલનું વ્રત અને ઇષ્ટનામનો જાપ ચાલતો. રાતના ધડાકા સામાન્ય થઈ ગયા હતા. કોઈ ડરતું નહિ.

થોડે વખતે આ મકાન ખરીદવામાં આવ્યું. પંડિતો પણ સારા સારા બહાર પડવા લાગ્યા. સાપ ને નોળિયા જેવા બ્રાહ્મણ-જૈનો વચ્ચે ઝઘડો જાગ્યો.

પણ આ મકાન પોતાનું થતાં સંસ્થાના સંચાલકો ને ટ્રસ્ટીઓ વચ્ચે ઝઘડો જાગ્યો.

સંસ્થા કીર્તિના શિખર પર ચડેલી હતી, ત્યાંથી ભાંગી, ને એક મહાવિદ્યાપીઠ ક્લેશાગ્નિનો ભોગ બની.

એમાં પછી નાનામોટા ઘણા છોડ ખીલ્યા ને પાંગર્યા; પણ આખરે સંસ્થા કરમાણી.

આજે એ મકાન ઊભું છે, રોનક વિદાય લઈ ગઈ છે.

એ મકાનના આંગણામાં વાવેલો આંબો મોડો મોડો ફળ્યો, પણ ન ફળ્યા જેવો.

□



૨૩. શિવજીના વીંછી

શિવમંદિરો સામાન્ય રીતે એકાંતમાં હોય છે. ગામના પાદરમાં કે જંગલના કોઈ ભાગમાં આવેલાં હોય છે.

મોટા ભાગે મંદિરોને દ્વાર હોતાં નથી. દ્વાર હોય છે તો તાળાં હોતાં નથી. તાળાં હોય છે તો કોઈ ઉઘાડ-વાસ કરવાની તકલીફ લેતું નથી.

શિવમંદિર યા શિવજીની દેરી અભંગ દ્વાર રાખીને એકાંતમાં ખડી હોય છે. એની આજુબાજુ કરેણના એકબે છોડ, બીલીપત્રનું નાનું વૃક્ષ કાં બારમાસીના છોડ આવેલા હોય છે. કોઈક વાર નાનો કૂવો ને નાની ધર્મશાળા હોય છે.

સમૃદ્ધિ જેવું આ મંદિરમાં ખાસ હોતું નથી. કોઈ વાર તાંબાની જળાધારી હોય છે : ને ઘણી વાર એ પણ હોતી નથી. એકાદ ભરડો (પૂજારી) સવારે અભિષેક ને આરતી કરી જાય છે : સાંજે દીવો ને આરતી કરી જાય છે.

આ મંદિર કે દેરીઓની રક્ષા કોણ કરતું હશે ?

એક વાર જામનગરથી થોડે દૂર આવેલા એક સાધુ સાથે મુલાકાત થઈ.

એ સાધુનું નામ અભેરામજી. એમણે ઘણાં ઘણાં સ્થળે નિવાસ કરેલો.

છેલ્લો નિવાસ રણજિત સાગર પાસેના શિવમંદિરમાં હતો. ખૂબ એકાંતના મંદિરને એમણે ખૂબ સજાવેલું. અવારનવાર ભજનમંડળી ત્યાં ઊતરતી. ભક્તો માટે એક સગવડવાળું વિશ્રાંતિગૃહ રાખેલું. થોડી ખેતી પણ કરતા.

અભેરામજી તો ટહેલ માટે અવારનવાર બહાર જતા. શિષ્યપરિવાર ખાસ નહોતો. અમે પૂછ્યું :

'તમારી ગેરહાજરીમાં આ મંદિરની રખેવાળી કોણ કરે ?'

'રાતની ચોકી તો આ કૂતરો શિવાજી કરે. દિવસની ચોકી વીંછી કરે.' અભેરામજીએ કહ્યું.

'વીંછી ચોકી કરે ?'

'હા. મંદિર રસ્તા પર એટલે અનેક જણા જાય-આવે. કોઈ ભાવથી આવે, કોઈ કુભાવથી આવે. કુભાવથી જે આવે અને કંઈક આડુંઅવળું કરવા પ્રયત્ન કરે કે વીંછી ચટક લઈને કરડે. બિચારો પોક મૂકતો ભાગે.'

'અમને વીંછી બતાવશો ?'

'હા.' અને અભેરામજીએ મંદિરના ઓટાની નીચે સળીથી થોડું ખોતર્યું કે મોટા મોટા સાત-આઠ વીંછી બહાર નીકળી આવ્યા.

અભેરામજીએ હાથ લંબાવ્યો, તો વીંછી એમના હાથ પર ચડી ગયા, ને રમવા લાગ્યા. હાથ નમાવ્યો, એટલે નીચે ઊતરી પોતાની બખોલમાં પેસી ગયા.

એ બોલ્યા : 'મોટા ભાગનાં શિવમંદિરો બિનરક્ષિત હોય છે. એની રક્ષા વીંછીઓ કરતા હોય છે.

'ને જુઓ ! આ સ્વામી કૃષ્ણાનંદજીનો લેખ.'

તેઓએ એક પત્રનું કટિંગ અમારા હાથમાં મૂક્યું. એમાં તો ઘણા અનુભવો હતા. તેમાંના થોડા અહીં રજૂ કરીએ.

લખે છે :

પથ્થરથી બંધાયેલા અને વિશાળ ચોકવાળા એ શિવાલયમાં તથા આજુબાજુ સાપ અને વીંછીની વસ્તી ઘણી હતી. ખરાબ ભાવનાથી અનિષ્ટ કૃત્ય કરવા આવનારા ઘણાને વીંછી કરડ્યાના પ્રસંગો મને જાણવા મળ્યા છે. એવા થોડા મારા અનુભવો અહીં રજૂ કરું છું.

એક દિવસ હું સ્નાનાદિ કાર્યથી પરવારી મંદિરમાં દાખલ થતો હતો, ત્યારે મેં એક જુવાન આદમીને મંદિરના મુખ્ય દ્વારના ઉંબરા ઉપર બેસી વેદનાથી ચીસો પાડતો જોયો. એની બાજુમાં મંદિરની માલિકીનો ઍલ્યુમિનિયમનો એક હાંડો પડ્યો હતો.

એણે મને વીંછીએ ડંખ માર્યાનું કહ્યું.

મેં એને પૂછ્યું : 'તું અહીં શા માટે આવ્યો હતો ?'

આ સવાલનો એણે સીધો જવાબ ન આપ્યો, પણ તે બોલ્યો : 'વીંછીએ મને હાંડામાંથી નીકળી ડંખ દીધો.'

વધુ પૂછપરછ કરતાં એ માણસે કબૂલ્યું કે તે ઍલ્યુમિનિયમનો હાંડો ચોરી જવા માટે મંદિરમાં આવ્યો હતો. પણ તે પહેલાં એમાંથી વીંછીએ તેને ડંખ દીધો. આમ થતાં એ ચોરી કરી શક્યો નહોતો.

બીજા એક પ્રસંગમાં મંદિરના એકાંતનો લાભ લઈને તેને અપવિત્ર કરવાની બદદાનતથી બે યુવક-યુવતી મંદિરમાં પ્રવેશ્યાં.

થોડી વારે મારા કાને એમની કારમી ચીસો પડી.

હું દોડીને અંદર ગયો તો તેઓ બંને એક ખૂણામાં ભરાયાં હતાં.

મને જોઈ તેઓ શરમાઈ ગયાં. શું બોલે ? તેમના વગર કહ્યે બધી સ્થિતિ સ્પષ્ટ હતી. બાજુના ગામમાંથી આ એકાંત સ્થળે 'અમનચમન' કરવા તેઓ આવ્યાં હતાં. પણ એમની મુરાદ પૂરી થાય તે પહેલાં જ વીંછીએ તે બેઉને યોગ્ય 'શિક્ષા' કરી હતી.

એક વખત કોઈ સજ્જન મારે માટે ભિક્ષા લઈ આવ્યા.

હું ત્યારે થોડાક દર્શનાર્થીઓ સાથે વાર્તાલાપ કરવામાં રોકાયો હતો, એટલે તેમણે તે થાળી મંદિરમાં મૂકી.

ત્યાં ઊભેલા એક છોકરાએ થાળીમાંથી થોડીક તળેલી ચીજો ચોરીને ખાઈ જવાના આશયથી પોતાનો હાથ થાળી તરફ લંબાવ્યો.

પણ એ થાળીને સ્પર્શે તે પહેલાં જ વીંછીએ તેને ડંખ માર્યો અને તે ચીસ પાડી ઊઠ્યો.

આ સાંભળી પેલા સજ્જન ત્યાં દોડી ગયા. પેલા છોકરાએ પોતાની ચોરી કરવાની ઇચ્છા હોવાનું કબૂલ્યું. પછી તો મેં એ છોકરાને થાળીમાંથી તળેલી ચીજ ખાવા આપી. પણ વીંછીએ ફરજ બજાવી લીધી હતી.

એક વાર એવું બન્યું કે રાત્રે સાડા ત્રણના સુમારે એક માણસ શિવાલયમાં દાખલ થયો. મોટે ભાગે તે સમયે મંદિરમાં કોઈ આવતું નહિ, પણ એ તો સીધો અંદર ગયો.

એ અગરબત્તી અથવા ફૂલ મૂકવા અંદર ગયો હશે, એમ મેં ધાર્યું. થોડા જ સમયમાં તેની વેદનાભરી ચીસો સંભળાઈ. એની પાસે જઈ મેં પૂછ્યું :

'શું થયું, ભાઈ ?'

એણે જવાબ આપ્યો. તેનો સાર એવો હતો કે સવારની ઠંડીમાં એને તાપણું કરવું હતું એટલે મંદિરના દીવાના ઘીમાંથી 'કાકડી' સળગાવવા તે આવ્યો હતો. પણ શિવજીના વીંછી આવું કેમ થવા દે ? એ પણ એક પ્રકારની ચોરી જ કહેવાય ને ? એટલે વીંછીએ તેને ડંખ માર્યો હતો.

મંદિરની બાજુમાં આવેલ બીલીના એક વૃક્ષ ઉપર મધમાખોએ મધપૂડો બાંધ્યો હતો. મધ લેવાના આશયથી મધમાખોને

ઉડાડી મૂકવા આવેલા ભરવાડના ત્રણ છોકરાઓને પણ શિવજીના વીંછીએ ડંખ મારીને ભગાડી મૂક્યા હતા.

આવા તો અનેક પ્રસંગો ટાંકી શકાય તેમ છે. મંદિરના પથ્થરોની ચિરાડોમાં અને ચોકમાં ઘણા વીંછીને ફરતા જોયા છે.

મંદિરની સીમમાં કોઈ અઘટિત કાર્ય ન થાય તેની તે ચોકી કરતા હોય છે.

કેટલાક પ્રયોગો કરીને મેં ખાતરી કરી છે કે વીંછીઓને મંદિરની બહાર લઈ જવામાં આવે છે ત્યારે તેઓ અયોગ્ય કૃત્ય કરનારને કોઈ ઈજા કરતા નથી.

આ પરથી સિદ્ધ થાય છે કે તેમની જવાબદારીનું ક્ષેત્ર ફક્ત મંદિરની અંદરનો ચોક અને ગર્ભાગાર જ છે.


દત્તુ નામનો તે ગામનો એક પાગલ આદમી છે, તે આ બાબતમાં અપવાદરૂપ છે. તે ઘણી વાર આવીને મંદિરમાં પેશાબ કરી જાય છે. બીજાં ઘણાં તોફાનો પણ તે કરતો હોય છે.

હું પણ ઘણી વાર આ પાગલનો ભોગ થઈ પડ્યો છું - છતાં એના તરફ સહાનુભૂતિથી વર્તું છું.

આપણાં ન્યાયાલયો પણ પાગલ માણસોના ગુનાને માફ કરે છે, કારણ પોતે શું કરે છે તેનું ભાન એમને હોતું નથી. શિવજીના વીંછી પણ પાગલ દત્તુનાં તોફાનો માટે દંડ-શિક્ષા આપતા નથી.

વીંછી જેવા નાનકડા અને ક્ષુદ્ર જંતુઓ અન્યાયી તથા અપવિત્ર કૃત્યો કરવા ઈચ્છતા માનવીના ઈરાદાને કેવી રીતે કળી જાય છે તે પણ એક કોયડો છે અને કદાચ હંમેશ માટે સમસ્યા જ બની રહેશે.

□



૨૪. પાંડવકુંડનું સ્નાન

જ્યાં પીવાને મૃગજળ અને જોવાને ફક્ત તપેલી રેતીનાં રણ વિસ્તરતાં હતાં, ત્યાં ધર્મરાજ યુધિષ્ઠિરને એક દહાડો ભારે મૂંઝવણ આવીને ઊભી રહી.

પાંડવોના આ અધિરાજે જૂગટું રમી જીવન હોડમાં મૂક્યું હતું. બાર વર્ષ વનમાં કાઢી, તેરમું વર્ષ ગુપ્તપણે કાઢવા અહીંથી તહીં ઘૂમતા હતા. એ ડાળે ડાળે ને શાખાએ શાખાએ ફરતા હતા; તો કૌરવોના ગુપ્તચરો સળીએ સળીએ ને પાંદડે પાંદડે ફરતા હતા.

શત્રુઓથી છૂપા ફરતા ફરતા ધર્મરાજ પોતાના પરિવાર સાથે આજે વેરાન રણવિસ્તારમાં આવી ચડ્યા હતા.

ધર્મરાજ યુધિષ્ઠિર ભગવાન શિવના પરમ ઉપાસક હતા. દરેક મહિનાની અંધારી ચૌદશ એ શિવરાત્રિ માનીને પાળતા. પણ મહા વદ ચૌદશ તો મહાશિવરાત્રિ કહેવાય.

કાળના વારાફેરા છે.

આ મહાશિવરાત્રિ આજે તપેલી રેતભૂમિ વિષે એમણે કરવાની આવી હતી. તેરશના દિવસથી શિવવ્રત પાળવું શરૂ કર્યું હતું, ને સદ્મંત્રનો જાપ પણ પૂરો કર્યો હતો.

હવે ભગવાન શિવનું પૂજન કરવાનું હતું. મહારથી અર્જુન અડધી રાતે જઈને પોતાના માટે અષ્ટોત્તર, પોતાનાં પત્ની તથા માતા માટે સહસ્ર અને વડીલ બંધુ યુધિષ્ઠિર માટે લક્ષ બીલીપત્ર એકત્ર કરી લાવ્યા હતા.

શિવપૂજન પછી મિષ્ટાન્ન ભોજનની શાસ્ત્રોક્ત વિધિ છે. એ માટે ભોળા ભીમદેવે મોદકની પણ વ્યવસ્થા કરી નાખી હતી. કહેવું જોઈએ કે ભરપૂર ખાણીપીણીની ગોઠવણ કરી હતી.

પણ હાથી પૂંછડે અટક્યો હતો. સહુથી મોટી વાત એ ભુલાઈ ગઈ હતી કે શિવમંદિર કે શિવલિંગની શોધ કરવી ! સહુએ માન્યું કે દેવ તો કાંઈ કાષ્ઠ, પાષાણ કે ધાતુમાં વસતા નથી. એ તો અંતરમાં વસે છે. એમને યાદ કરીને જમી લઈશું. ગુપ્તવાસમાં દેવને શોધવા જતાં કદાચ પ્રાણ દેવા પડે.

પણ ખરા વખતે ધર્મરાજે જાહેર કર્યું કે –

'કોઈ પણ ઉપાયથી શિવનો મને સાક્ષાત્કાર થવો જોઈએ. એ વિના હું ભોજન લઈ શકું નહિ. મારું મહાશિવરાત્રિવ્રત સંપૂર્ણ માનું નહિ. શિવ સામાન્ય ઉપાયથી પણ સાક્ષાત્ થાય છે. માટે શોધો. ખોજો. મળશે ભોળો નાથ.'

તમામ જણા એકદમ બહાર નીકળી પડ્યા. ચારે તરફ રેતી પથરાયેલી હતી. ઉજ્જડ જેવાં ગામડાં હતાં ને નાનાં બાંટવાં કે જાળાં સિવાય કોઈ વનસ્પતિ નહોતી. અહીં ભગવાન શિવનું અવાવરુ લિંગ મળે તોય લાજ રહી જાય !

આખરે શોધ નિષ્ફળ ગઈ ! ને ધર્મરાજ યુધિષ્ઠિર તો હઠે ચડ્યા.

'મારી શ્રદ્ધા સાચી હશે તો શિવ સાક્ષાત્ દર્શન દેવા આવશે. સાક્ષાત્ મૂર્તિનાં દર્શન વગર વ્રતનું પારણું સંભવિત નથી. ભલે મારો દેહ અહીં પડી જાય.' એમણે જાહેર કર્યું.

ધર્મરાજ યુધિષ્ઠિર પરિવારના વડા હતા. એમની આવી વેવલી વાતોથી અનેક વાર પરિવાર પર ઉપાધિઓ ઊતરી હતી : અને આજે તો બધું છાનુંછપનું ચલાવવાનું હતું. કારણ કે એક વર્ષનો ગુપ્તવાસ ચાલતો હતો. જો ક્યાંય નામ પ્રગટ થાય, ને પકડાઈ જવાય તો તડીપાર થયેલા કેદી જેવી દશા થાય. ફરી વનવાસનાં બીજાં એટલાં વર્ષ વેઠવાં પડે.

બધાએ હાથેપગે પડી ઘણા સમજાવ્યા. પણ ધર્મરાજ ન માન્યા.

આખરે ભીમસેન ખડો થયો. એણે કહ્યું :

'મારે મન મૃત્યુના દુઃખ કરતાં ભૂખનું દુઃખ વધુ મોટું છે. જાઉં છું. શિવલિંગ શોધીને જ પાછો ફરીશ.'

વીજળીની ત્વરાથી ભીમસેન બહાર નીકળી ગયો.

દિવસ તપવા લાગ્યો. રેતી લોઢાના તવા જેવી ગરમ થઈ ગઈ. ત્યાં દોડતો દોડતો ભીમસેન પાછો આવ્યો ને હર્ષપૂર્વક બોલ્યો :

'ચાલો. આખરે દેવ જડ્યા છે. જાળાંની વચ્ચે એ વિદ્યમાન છે. આરતી કરો, સિંદૂર ઘોળો, પૂજા આદરો.'

એક પળ પહેલાંની નિરાશાજનક ઘડીઓ આનંદ ને ઉત્સાહમાં ફેરવાઈ ગઈ. સહુ સાથે એ શિવલિંગ પૂજવા નીકળ્યા. યુધિષ્ઠિરે ખૂબ ભાવથી દેવને જુહાર્યા. ગદ્ગદ કંઠે સ્તુતિ કરી. તમામ પરિવારે તેમનું અનુકરણ કર્યું.

વ્રત પૂરું થયું. પૂજા રંગેચંગે સમાપ્ત થઈ.

ને ભીમસેને મિષ્ટાન્નના પડિયાઓનું ઉદ્ઘાટન કરી નાખ્યું. બધા એવા ક્ષુધાતુર હતા કે લાંબા કાળ સુધી તો હાથ અને મુખની ક્રિયા પર જ લક્ષ આપ્યું.

ભીમસેનની ઝપટ સારી હતી. એનું મહાન વૃકોદર પેટ ભરાતાં એ સોળે કળાએ ખીલી ઊઠ્યો ને બોલ્યો :

'આબાદ કીમિયો અજમાવ્યો ! ભલા ભાઈઓ ! આવા નિર્જન પ્રદેશમાં ભગવાનનાં દર્શન ક્યાંથી થાય ? અને આઘે જતાં શત્રુઓના હાથમાં પકડાઈ જઈએ. એક તરફ વાઘ ને બીજી તરફ નદી જેવો ઘાટ હતો. પણ મોટાભાઈ તો હઠ લઈને બેઠા. નાના છોકરા જેવી હઠ. એમનું પેટ મંદ, આપણું પેટ તેજ. નવટાંક અને નવ શેરનો ફેર. મોટાના પૂંછડામાં પેસીએ તો મરી જઈએ. મને એક લોટકો મળ્યો. મને ભગવાને યુક્તિ સુઝાડી. ઊંધો કરીને મૂક્યો. હૂબહૂ શિવલિંગ જોઈ લો. બસ. મોટાભાઈને તો દીઠા દેવ ને પૂરી થઈ યાત્રા.'

ભીમસેન જોરથી હસી પડ્યો. અર્જુન બોલ્યો : 'મને પણ વહેમ તો હતો જ. એ જાળા પાસે હું બે વાર ગયો હતો. મને કાંઈ દેખાયું નહોતું. મને એ લિંગ પણ માટીના લોટકા જેવું લાગ્યું હતું. પણ દુઃખથી એટલો ત્રાસી ગયો હતો ને ભૂખથી એટલો પરેશાન હતો કે મેં ચોળી ચીકણું કરવામાં કાંઈ સાર જોયો નહિ.'

ને અર્જુન પણ હસ્યો

ધર્મરાજના મુખ પર જરાય ક્ષોભ નહોતો. એ બોલ્યા :

'તમે બધા ગમે તે કહો, મેં તો ભગવાનનાં દર્શન કર્યાં છે. તેઓએ કહ્યું પણ છે કે મારું ભૂતગણ અહીં રેતકણમાં હાજરાહજૂર રહેશે. કોઈને દુન્યવી ભૂતપ્રેતની બાધા નડવા નહિ દે. આધિ, વ્યાધિ ને ઉપાધિના કણ હું અહીંના રેતકણની જેમ ઉડાડી દઈશ.'

ભીમસેન કહે : 'તો ચાલો. મારા કાવતરાની ખાતરી કરાવું !'

સહુ ઊઠ્યા ને એ જાળા પાસે ગયા.

એક મોટો મણઝર નાગ ૐકારના આકારે ત્યાં પડ્યો હતો. પાસે જાળામાં આડું ત્રિશૂળ પડ્યું હતું. એટલામાં બળદ નંદી ક્યાંક ચરતો હોય તેવી ઘંટડી રણકતી હતી.

હવામાં ડમરુ બજતાં હતાં.

'ભૂતપ્રેતના ચાળા લાગે છે.' નકુલે કહ્યું.

'ના, ભૂતનાથનું સાંનિધ્ય લાગે છે !' ને ધર્મરાજે ફરી પ્રણામ કર્યા. સહદેવે મોટા ભાઈનું અનુકરણ કર્યું.

અર્જુનથી રહેવાયું નહિ. એણે પોતાના ભાથામાંથી તીર કાઢીને લિંગમાં ભોંક્યું. તરત લોહીનાં ટીપાં ફૂટી નીકળ્યાં.

ભીમસેન પોતાની વાત સાચી ઠરાવવા આખા લોટકાને ઉખેડવા ગયો. પણ જાણે આખી પૃથ્વીનો ભાર એને લાગ્યો. ભીમના શરીરે પરસેવો વળી ગયો પણ લોટકો ટસથી મસ થયો નહિ.

ભીમસેન લાંબો થઈને ચરણમાં પડ્યો ને બોલ્યો : 'જય લોટેશ્વર મહાદેવ ! સાચી તારી શક્તિ. સાચી ધર્મરાજની ભક્તિ.'

ભીમસેન ભગવાનને નમીને ભાઈના પગે પડ્યો, પણ ત્યાં તો પગ પાસે પાણીની સરવાણી ફૂટતી જણાઈ. પાંચે પાંડવભાઈઓ ખાડો ખોદવા લાગ્યા ને કહેવા લાગ્યા :

'પતિતપાવની ગંગાજી પધારે છે. જગા કરી આપો.'

થોડી વારમાં નાનકડો કુંડ ખોદાઈ ગયો. એ પાંડવકુંડ યા પંચમુખકુંડ કહેવાયો.

કાળ પસાર થઈ ગયો.

વાત વીતી ગઈ.

આજે જૂના રાધનપુર રાજ્યની હદમાં અને કચ્છના રણના પૂર્વ છેડા પર આવેલું આ લોટેશ્વર મહાદેવનું તીર્થ વખણાય છે. ઉત્તર ગુજરાતના કડવા કણબીઓનું એ ખાસ યાત્રાધામ છે. પરણ્યા પછી વરવહુના પાનેતરની ગાંઠ અહીં છૂટે છે.

આધિ, વ્યાધિ ને ઉપાધિને મિટાવનારા ભગવાન ભૂતનાથના આ તીર્થ પર કાળના ઘસારા લાગી ગયા. છતાંય આ સ્થાનમાં ફાગણ વદ બીજથી એક પખવાડિયાનો મેળો ભરાય છે, ને હજારો યાત્રીઓ આવે છે.

આજે પણ ભૂતપ્રેત યા બીજા અદૃશ્ય આત્માઓની પીડાવાળા લોકો આ મેળામાં પોતાની શુદ્ધિ માટે આવે છે.

કાંસાની થાળીના રણકાર વચ્ચે એક દીવો કરી, એની જ્યોત સાથે નેત્ર મિલાવી આજાર વ્યક્તિ બેસે છે.

થોડી વારે જો કંઈક વળગાડ હોય તો આવેશ આવે છે ને ધૂણે છે. ન હોય તો કશું થતું નથી.

છેવટે પાંડવકુંડના પાણીમાં સ્નાન કરી એ પોતાને મુક્ત માને છે.

અનુભવીઓનું કહેવું એવું છે કે એક વાર આ પીડા ન શમે તો બીજી વાર આવવું પડે છે. ને ત્યારે પણ ન મટે તો ત્રીજી વારે તો ગમે તેવો વળગાડ ચાલ્યો જાય છે.

વિજ્ઞાનના આ યુગમાં વૈજ્ઞાનિક તથ્યની શોધ થવી ઘટે.

□



૨૫. અલ્લા ચોટી

મુનીન્દ્ર આજે ઘણે દિવસે અમારી મિજલસમાં આવ્યા હતા.

હવા જેવું એમનું સ્વૈરવિહારી જીવન કોઈને એમની વાત પકડવા દેતું નહિ, અને પ્રકાશ જેવું એમનું પ્રેરકબળ કોઈને વિખૂટા પડવા દેતું નહિ.

મુનીન્દ્ર અલગારી સ્વભાવના હતા. પણ સંસારના શેક-તાપ એમને પણ સ્પર્શી જતા અને કેટલીક વાર સંસારના રોગિયા-શોગિયાના રોગશોકથી વ્યાકુળ થઈ તેઓ બોલી ઊઠતા :

'અદમ્ય ઈચ્છાશક્તિ અને પ્રચંડ મનોબળ એ મહામંત્ર છે. તે કલ્યાણનો મહામંત્ર છે. રણમાં એ પાણીના વીરડા પ્રગટાવી શકે

છે. બહુ દેવદેવીને માનવાથી ઘણા લોકો પોતાની દૃઢ ઈચ્છાશક્તિ નબળી પાડી ચૂક્યા છે. મને એક પ્રસંગ યાદ આવે છે. સોમનાથ પાટણ તોડીને પોતાને વતન પાછા ભાગતાં મહમ્મદ ગઝનવીને એના હિંદુ ભોમિયાએ રસ્તો ભુલાવ્યો. ભયંકર સૂર્યનાં કિરણોથી ધગધગતી રેતી વચ્ચે એ આવી ફસાણો. હજારો લડવૈયાઓ મોતના મોંમાં હડસેલાઈ જશે તેવી ભીતિ ખડી થઈ.

મોત સામે હતું છતાં ગઝનવી બાદશાહનું પ્રચંડ મનોબળ ને ઈચ્છાશક્તિ કમજોર ન બન્યાં. એણે ખુદાને સાદ દીધો. એણે ખુદાને યાદ કર્યા ને તરત જ ભોમિયાએ બૂમ પાડી કે અહીં પાણી છે. લશ્કર બચી ગયું અને ગઝનવી બાદશાહ રણ તરી ગયો. આનું કારણ તપાસવા જતાં માત્ર દૃઢ સંકલ્પબળ એ જ એનું કારણ છે. એ સંકલ્પબળ પાસે આધ્યાત્મિક અને ભૌતિક બંને શક્તિઓ હાજરાહજૂર થઈ જાય છે.'

મુનીન્દ્રની આ વાગ્ધારા એટલા જબરદસ્ત વેગથી વહેતી હતી કે અમે બધા એમાં આકંઠ ડૂબી રહ્યા. અમારી મજલિસમાં નવા આવેલા સુપ્રસિદ્ધ જ્યોતિષી શ્રી વિનોદકુમાર જોષીએ પોતાનો અનુભવ કહેવો શરૂ કર્યો :

ઈ. સ. ૧૯૫૭ની આ વાત છે. અમારા બાબાને માતા બહુચરાજી સમક્ષ અલ્લા ચોટી ઉતારવવાની હતી. કામ એટલાં બધાં હતાં કે નવરા પડાતું નહોતું અને સમય પસાર થઈ જતો હતો.

સ્ત્રીજાત હંમેશાં દૈવી શક્તિઓમાં અજબ શ્રદ્ધા રાખનારી હોય છે. એક દિવસ મારાં પત્નીએ અકળાઈને કહ્યું કે હવે મારે વધુ વખત થોભવું નથી. બાબાની અલ્લા ચોટી હવે સારા મુહૂર્તે ઉતારવી નાખવી જ છે.

અમે વીરમગામ સ્ટેશને આવ્યાં, પણ ગાડીઓમાં ધસારો એટલો હતો કે મારા જેવો જીવ મૂંઝાઈ જાય. છતાં મારાં પત્નીએ રઢ લીધી હતી કે ગમે તે ભોગે પણ જવું જ. એટલે એ ડબ્બા પર હિટલરની જેમ ત્રિપાંખિયો ધસારો શરૂ કર્યો. પણ એ ધસારો નિષ્ફળ ગયો અને અમે ગાડીમાં બેસી શક્યાં નહિ.

ગાડી ઊપડી ગઈ. અમે જોતાં રહ્યાં. પણ આ વખતે મારાં પત્નીએ જરા પણ નિરાશ થયા વગર કહ્યું :

'ધરમના કામમાં ઢીલ નહિ. ટૅક્સી શોધી લાવો. આજે માતાજીના દરબારમાં પહોંચવું જ છે.'

હું ટૅક્સી શોધવા ચાલ્યો. ચુંવાળનો પ્રદેશ. ધૂળિયા રસ્તા. ગાડાના પડેલા ઊંડા ચીલા. વેરાન વગડો. માણસ ભૂલો પડે તો રસ્તો બતાવનાર કોઈ ન મળે એવો પ્રદેશ.

કોઈ ટૅક્સીવાળો એકદમ તૈયાર ન થયો. પણ મારાં પત્નીની જીદ તો ચાલુ જ હતી. એ કહેતાં હતાં કે માના દરબારમાં પહોંચવું જ છે. બે રૂપિયા વધુ કહો.

હું તો માનતો હતો કે કોઈ ટૅક્સીવાળો આ કામ માટે એકદમ તૈયાર થશે નહિ. છતાં પત્નીનું મન મનાવવા દૂર ઊભેલા એક ટૅક્સીવાળા પાસે પહોંચ્યો ને મારાં પત્ની સાંભળે તેટલા ઊંચા અવાજે મેં પૂછ્યું : 'માતાજી આવવું છે ?'

મારા અનહદ આશ્ચર્ય વચ્ચે ટૅક્સી ડ્રાઈવર મહમ્મદભાઈએ કહ્યું : 'જરૂર. કેટલા જણ છો ?'

મેં કહ્યું : 'અઢી માણસ. પણ રસ્તો જાણો છો ને ?' આમ પૂછીને હું ટૅક્સી ડ્રાઈવરને ડરાવવા ઈચ્છતો હતો.

મહમ્મદભાઈએ કહ્યું : 'ગાડી હાંકવાનો ધંધો કરું છું, તો રસ્તો હું જાણતો નહિ હોઉં ? ચાલો, બેસી જાઓ.'

મહમ્મદભાઈની આ વર્તણૂક મને ન ગમી. 'ભાડાની તો વાત જ કરી નહિ !'

મહમ્મદભાઈએ કહ્યું : 'ભાડાનું પૂછવાનું શું ? જાત્રા કરનાર, દેવમંદિરમાં પૈસો ખર્ચનાર અમને યોગ્ય ભાડું આપવામાં આનાકાની કરે જ નહિ.'

હું મહમ્મદભાઈ ઈન્કાર કરે તેવો કોઈ નવો પ્રશ્ન શોધવાની મથામણમાં પડ્યો હતો, ત્યાં તો મારાં પત્ની અને પુત્રે મોટરમાં પોતાનું સ્થાન લઈ લીધું. નછૂટકે મારે પણ મારું સ્થાન સ્વીકારવું પડ્યું.

થોડી વારમાં મોટર રવાના થઈ. થોડી વાર રસ્તાએ અમને સાથ આપ્યો અને પછી ધૂડિયો ગાડાચીલો શરૂ થયો. બબ્બે ફૂટ ઊંડો ચીલો અને ઉપર પોચી માટીના થર. મોટર ઊછળીને ખાડામાં પડે ને મોટરનું એકેએક અંગ ખખડી ઊઠે.

મને મનમાં જરાક શાંતિ થઈ કે દોઢડાહ્યા મહમ્મદભાઈને કેટલી વીસે સો થશે એની હવે ખબર પડશે.

પણ મહમ્મદભાઈ તો પૂરી સાવચેતીથી મોટર હંકારી રહ્યા હતા. થોડી વારે ત્રણ રસ્તાના ત્રિભેટે અમે આવીને ઊભા રહ્યા. ત્રણમાંથી કયો રસ્તો માતાજી જાય છે એનો નિર્ણય કરવો મુશ્કેલ હતો. મેં અને મહમ્મદભાઈએ દૂર દૂર સુધી નજર નાખી કે ક્યાંય કોઈ કાળા માથાનો માનવી દેખાય છે ? પણ માનવી તો શું, પંખી પણ ઊડતું દેખાતું ન હતું.

સૂરજ સહસ્ત્રધારાએ તપતો થયો હતો. આખરે મહમ્મદભાઈએ ધકેલપંચા દોઢસો કરી અડસટ્ટે એક રસ્તા પર ગાડી હાંકી.

અમારા એ ટૂંકા પ્રવાસની કહાણી અજબ હતી. હું તો સાવ અકળાઈ ગયો હતો, ને નખાઈ ગયો હતો. બાળક કંટાળીને ઉંઉં કરતો માતાના ખોળામાં સૂઈ ગયો હતો.

અણનમ હતાં બે જણાં : એક શક્તિપૂજક મારાં પત્ની. બીજા ડ્રાઈવર મહમ્મદભાઈ.

મને લાગ્યું કે મહમ્મદભાઈ ખરેખર માતાના ભક્ત હોવા જોઈએ; નહિ તો કોઈ ભલો ડ્રાઈવર પોતાના વાહનને આમ જોખમમાં મૂકે નહિ.

આખરે અમે માતાના દરબારમાં પહોંચ્યાં અને ખૂબ પ્રેમભાવથી માતાનું પૂજન કર્યું. રસ્તો ભૂલ્યા છતાં સહીસલામત માતાના દ્વારે પહોંચ્યાં એ માટે મેં માતાજીનો આભાર માન્યો. મને તો રસ્તાના તાપ અને વાટની ધૂળ કંટાળો આપી રહ્યાં હતાં. એટલે વહેલો વહેલો પૂજા પતાવી જરા ખુલ્લી હવામાં બેઠો. મારાં પત્નીએ પૂરા ભાવથી અને પૂરી તાજગીથી માતાજીની પૂજા કરી અને ખૂબ રાજીપા સાથે પાછાં આવ્યાં.

મેં મનમાં વિચાર કર્યો હતો કે, હવે રેલગાડીના રસ્તે પાછા ફરવું. ટૅક્સીનું ભાડું ચૂકવી આપી મહમ્મદભાઈને છૂટા કરવા. મેં મહમ્મદભાઈને આ વાત કરી, પણ મારાં પત્ની વચ્ચે જ બોલી ઊઠ્યાં :

'તમે પુરુષો ડરપોક છો, હાં. અરે ! જે માતાજીએ આવા ખરાબ રસ્તે પણ આપણને એના દરબારમાં આણ્યાં, એ શું આપણને આપણા ઘેર નહિ પહોંચાડે ? માતાજી તો હજાર હાથવાળી છે.'

સ્ત્રીહઠ પાસે પુરુષહઠ ચાલી નહિ.

મહમ્મદભાઈ તો તટસ્થ ભાવથી ઊભા હતા. એ બોલ્યા : 'જો ગાડીમાં બેસશો તો જરૂર ઘેર પહોંચાડીશ અને નહિ બેસો તો ખુદા હાફિઝ. રામરામ.'

થોડી વારે અમે મોટરમાં ગોઠવાયાં ને મોટર ચાલી. ફરી પાછો એ જ ધૂળિયો રસ્તો. એ જ વિકટ વગડો. મારું મન તો અંદર ને અંદર અકળાવા લાગ્યું. જ્યાં ભૂલા પડ્યા હતા એ જગા પણ હવે નજીકમાં આવી રહી હતી. મનમાં ને મનમાં મેં વિચાર્યું કે હે માતાજી, હવે આબરૂ તારે હાથ છે !

એટલામાં એક મોટો વંટોળિયો ચડ્યો. ચારે તરફ ધૂળ ધૂળ થઈ ગઈ. રસ્તો પણ સૂઝે નહિ.

મહમ્મદભાઈએ મોટર એક મિનિટ થોભાવી. તે સાથે અમારી પાછળથી વંટોળિયાને વીંધતી એક મોટર એકદમ આગળ નીકળી. મહમ્મદભાઈને શૂરાતન ચડ્યું. મેં કહ્યું : 'મહમ્મદભાઈ, મોટરની પાછળ મોટર હાંકો.'

અમારી મોટરથી આગળ જતી મોટર થોડી જ દૂર હતી. પણ એની ચારે તરફ વંટોળિયો એવો વીંટાયેલો હતો કે નંબર અથવા એની અંદર બેઠેલા માણસો કોઈ જોઈ શકાતા ન હતા.

અમે આંધળો પીછો પકડ્યો અને કલાક એક વીત્યો હશે કે વંટોળિયો આથમી ગયો. મોટર અદૃશ્ય થઈ ગઈ. અને અમારી મોટર વીરમગામ જવાના ધોરી રસ્તા પર આવીને ઊભી રહી ગઈ.

મહમ્મદભાઈએ બૂમ પાડી : 'યા ખુદા ! કેવી તારી કરામત છે ! બિયાબાન રસ્તા પર મોકલેલ તારી વસ્તુ જ હોવી જોઈએ, જે અમને વાટ બતાવવા આવી હોય.'

મેં આ વિચાર મારાં પત્નીને કહ્યો.

તેમણે કહ્યું : 'આ મારી માનો પરચો છે. મા પોતે જ મોટરમાં બેસીને મારગ બતાવવા આવ્યાં હશે. જય મા.'

વિજ્ઞાનયુગમાં ઊછરેલા મેં વાતનો મેળ બેસાડવા ઘણો પ્રયત્ન કર્યો પણ કંઈ તાગ ન મળ્યો. રે ! માત્ર ગાડીને જ જીવનનું સર્વસ્વ માનનાર આ મહમ્મદભાઈના દિલમાં પણ શું માતાજીએ પ્રેમનો સંચાર કર્યો હશે ? એ ટેકસી નંબર ૯૦૦૧ અને ડ્રાઈવર મહમ્મદભાઈ માતાજીએ મોકલેલા કોઈ પાર્શ્વચર લાગ્યા. આ મારો પોતાનો અનુભવ છે. અલ્લા ચોટી ઉતરાવ્યાનો સાચો પ્રસંગ છે.

મુનીન્દ્ર બોલ્યા, 'દૃઢ સંકલ્પબળ અને પ્રચંડ ઈચ્છાશક્તિ એ ખુદ માતાજી છે અને એ પોતે જ પ્રભુ છે. પ્રભુને જો ચોટી હોય તો એ પ્રભુની ચોટી પણ આવા માણસના હાથમાં હોય છે. યંત્ર, મંત્ર ને તંત્ર સરવાળે આ વસ્તુ જ છે.'

□



૨૬. સિકંદર અને વહેમ

મુનીન્દ્રે આજે ઈતિહાસની એક વાત કહી.

વાત સિકંદરના સમયની હતી. સિકંદરે સાડા ત્રણ વર્ષમાં ગ્રીસ, એશિયા માયનોર, ઈજિપ્ત, ઈરાન અને બૅક્ટ્રિયા જીતી લીધાં. ઈ. સ. પૂર્વે ૩૨૭ની વસંતઋતુમાં હિંદ પર ચડી આવ્યો. ઈ. સ. પૂર્વે ૩૨૬ના જાન્યુઆરી મહિનામાં સિંધુ નદી ઊતર્યો.

પણ ધીરે ધીરે ભારતના લોકોએ છૂટોછવાયો પણ ભારે સામનો કર્યો, અને સિકંદરનું વિશ્વવિજેતા લશ્કર આગળ વધવાની ના પાડતું રાવી નદીના તટ પર થંભી ગયું.

સિકંદર સ્વદેશ જવા પાછો ફર્યો. આ વખતે એની ઈચ્છા થોડો સમય બાબિલોનમાં ગાળવાની થઈ.

સિકંદરનો જળસેનાનો ઉપરી નિયારકસ હતો. નિયારકસે આ મહાન બાદશાહને કહ્યું :

"એક ભવિષ્યવેત્તાએ ભાખ્યું છે કે બાબિલોન જવામાં બાદશાહ સિકંદરનું અને તેના વંશનું ભલું નથી. બાદશાહ બાબિલોન ન જાય !"

સિકંદરે આ સાંભળ્યું પણ એણે એક કાનથી બીજે કાન કાઢી નાખ્યું. ઓહ ! સિકંદરના નિશ્ચયો – દૃઢ સંકલ્પો જ સંસારને જીતવામાં કામયાબ થયા છે. સિકંદર કોઈથી ડરતો નથી.

બત્રીસ વર્ષની ભરતરુણાવસ્થાવાળો સાડા સાત-આઠ વર્ષમાં દુનિયાને ધ્રુજાવી દેનારો, સેંકડો, હજારો ને લાખો માનવીને યમરાજને ત્યાં પહોંચાડનારો ખુદ યમથી શું ડરે ? હરગિજ નહિ.

સિકંદર બાબિલોન તરફ આગળ વધ્યો.

નગરકોટ પાસે પહોંચતાં એને એક અમંગળ દૃશ્ય જોવા મળ્યું.

આકાશમાં અનેક કાગડાઓ એકઠા થયા હતા. ભયંકર રીતે કાગારવ કરી રહ્યા હતા ને કાળા વાદળની જેમ સિકંદરના માથા ઉપર ઊડતા ફરતા હતા.

થોડી વારમાં એક મરેલો કાગડો બાદશાહના પગ પાસે આવીને પડ્યો.

બાદશાહ નિર્ભીક હતો.

આ વખતે બીજા એક સમાચાર આવ્યા કે, બાબિલોનના સૂબેદારે દેવતાઓને મદ્ય અને માંસનો બલિ આપી પ્રશ્ન પૂછ્યો હતો, ને પ્રશ્નના જવાબમાં આવ્યું કે, બાબિલોનનો પ્રવેશ બાદશાહ માટે અનુકૂળ નથી.

આ સમાચારે સિકંદરના દિલમાં થોડી વાર મંથન પેદા કર્યું, પણ જગતવિજેતા આટલો બધો નબળો ન બની શકે, એમ સમજી બાબિલોનમાં પ્રવેશ કર્યો; અને પેલો નબળો વિચાર મનને પકડી લે નહિ તે માટે આમોદપ્રમોદમાં વખત ગાળવા લાગ્યો.

આ વખતે કદી નહિ બનેલો બનાવ બન્યો.

સિકંદર પોશાક ઉતારી, તેલમાલિશ કરાવી સ્નાનાગારમાં સ્નાન કરતો હતો. આ વખતે તેનો માનીતો અફસર તેને મળવા આવ્યો. એ સિકંદરના દીવાનખંડમાં પ્રવેશ્યો. અહીં તેણે સિકંદરના સિંહાસન પર એક અજાણ્યો માણસ સિકંદરનો તમામ પોશાક ધારણ કરી, માથે તાજ મૂકીને બેઠેલો જોયો.

અફસરે પૂછ્યું : "રે ! આવી હિંમત કરનાર તું કોણ છે ?"

એ માણસ બોલ્યો : "હું મેસિન નગરનો વાસી છું. મારાથી કોઈ મહાઅપરાધ થયો. હું ઘર છોડી બાબિલોન આવ્યો. અહીં મને જેલ મળી. પણ થોડા દિવસ બાદ શ્રાયિસ દેવ મને હાજરાહજૂર થયા. મારી બેડીઓ તોડી નાખી. બાદશાહનો પોશાક મને પહેરાવ્યો, ને તાજ પણ માથે મૂક્યો ને અહીં લાવીને બેસાડ્યો છે."

અફસર બાદશાહ પાસે ધસમસતો ગયો. બધી વાત કરી. બાદશાહે પોતાના જ્યોતિષીમંડળને બોલાવ્યું. આ બાબતમાં પરામર્શ કર્યો ને આખરે પેલા માણસની ગરદન ઉડાવી દીધી.

પણ આ પછી સિકંદર બેચેન રહેવા લાગ્યો. દુનિયાનો કોઈ ભય જેને ડરાવી શક્યો નહોતો, તેને કોઈ અકળ ચિંતા સતાવવા લાગી.

ટૂંક સમય પહેલાં જ એના મહાન સેનાપતિ હેફિસ્ટનનું એક જ દહાડામાં અકાળ મૃત્યુ થયું હતું, અને એ નિમિત્તે એણે દેવોની પૂજા કરી હતી. દેવને નરરક્ત ચડાવવા એક ચડાઈ પણ કરી હતી. આ નરબલિથી દેવતાઓને સંતુષ્ટ તો કર્યા હતા, છતાંય શું તેઓ કુપિત હતા ?

દેવળે દેવળે એણે બલિપૂજા કરવાનો પેગામ આપ્યો. રોજ રોજ ગ્રહ-નક્ષત્રોના જાણકારને બોલાવવા માંડ્યા. કોઈએ જે કાંઈ કહ્યું તે કર્યું !

પણ મન શાંત થયું નહિ. એક દિવસ એક જલસામાં બાદશાહને આમંત્રણ મળ્યું. અંતરની ચિંતા ભૂલવા એણે તેનો

સ્વીકાર કર્યો ને ખૂબ આમોદપ્રમોદ કર્યો. આખી રાત ને બીજી બપોર સુધી સારામાં સારી શરાબ પીધા કરી. છેલ્લો પ્યાલો પીતાં એની પીઠમાં જાણે બરછી વાગી હોય એવી વેદના થઈ ને તાવ ચડી આવ્યો.

ઈ. સ. પૂર્વે ૩૨૩ના જૂન માસની આ અઢારમી તારીખ હતી. બાદશાહની પથારી સ્નાનાગારમાં કરવામાં આવી, જેથી તાવમાં કંઈક રાહત મળે.

તા. ૧૯મીએ બાદશાહે સ્નાન કર્યું. પોતાના નિવાસસ્થાનમાં ગયો. કેટલાય કલાક શેતરંજ રમ્યો. રાતે નાહ્યો ને દેવતાઓને બલિ આપી ભોજન કર્યું. આ રાતે તાવે બાદશાહને ઘેરી લીધો.

તા. ૨૦મીએ ફરી સ્નાન કર્યું, ને જળસેનાપતિ નિયારકસની યાત્રાની વાતો સાંભળી. એકવીસમી તારીખે તાવ ખૂબ વધ્યો. રાત ભયંકર વીતી.

બાવીસમી તારીખે તપ્ત દેહને શાંતિ આપવા મોટા સ્નાનાગાર પાસે પથારી કરાવી. આ દિવસે સેનાપતિઓ સાથે ભરતી બાબતમાં ચર્ચાવિચારણા ચલાવી. સિકંદર તાવની સામે લડતો હતો.

ચોવીસમી તારીખ ભયંકર હતી. સિકંદરની ઇચ્છા બલિપૂજાના સ્થાને જવાની હતી. એણે તમામ સૈનિકોને હાજર રહેવાનો હુકમ કર્યો અને આસપાસના બધા લોકોને રાતભર જાગવાનો આદેશ કર્યો.

૨૫મીની રાતે સિકંદર એકાએક બેહોશ બની ગયો.

૨૭મી તારીખે સિકંદરના બે સેનાપતિઓ - પથિન અને સેલ્યૂકસ - દેવી મિરાપીસના મંદિરમાં ગયા ને પૂછ્યું : "સિકંદરને મંદિરમાં લાવીએ ?"

દેવીએ જવાબ આપ્યો : "ના. એ જ્યાં છે ત્યાંથી એને આઘોપાછો કરશો નહિ."

અઠ્ઠાવીસમી જૂનની સાંજે બાદશાહ બત્રીસ વર્ષની વયે બાબિલોનમાં ગુજરી ગયો.

કમનસીબી આટલેથી અટકી નહિ.

સિકંદરના મૃત્યુ વખતે તેની પત્ની રોકસાના ગર્ભવતી હતી. જતે દહાડે પુત્ર પણ જન્મ્યો. પણ સિકંદરની બીજી પત્ની નેહાએ રોકસાના અને તેના બાળકને મારી નાખી પોતે પણ આત્મહત્યા કરી લીધી. સિકંદરનો પોતાનો વંશ ખતમ થયો. ગાદી પર તેનો ભાઈ આવ્યો.


કમનસીબી હજી બે ડગલાં આગળ વધી.

પૂરાં છ વર્ષ બાદ સિકંદરની માતા ઓલંપિયાસને શક થયો કે પોતાના પુત્ર સિકંદરને કોઈએ ભયંકર ઝેર આપ્યું હતું. આ ઝેર શિલાના રસમાંથી તૈયાર કરવામાં આવ્યું હતું, ને તે કોઈ ધાતુના પાત્રમાં રહી શકતું ન હતું, એટલે ગધેડાના ચામડાના બટવામાં રાખવામાં આવતું હતું. આ ઝેર ઍરિસ્ટૉટલ તરફથી મોકલવામાં આવ્યું હતું, એમ પણ કહેવામાં આવ્યું.

સિકંદરની માતાએ સિકંદરી દરબારના શોભારૂપ અનેક વિદ્વાન માણસોની કતલ કરાવી નાખી. એટલે સિકંદરની આજુબાજુનું મંડળ પણ નષ્ટપ્રાય થઈ ગયું.

આ પછી ભવિષ્યવક્તાઓનું એ દેશમાં ખૂબ ચલણ વધ્યું, ને ઘણાએ સૂંઠને ગાંગડે ગાંધી બની આખા શાસ્ત્રને બોળી માર્યું !

□



૨૭. ઔષધિ-યોગ

નગર જામનગર.

ત્યાંના પાંજરાપોળના શેઠ.

નામ જયચંદ સાવડિયા.

ભારે અતિથિભક્ત.

સં. ૧૯૫૪ની વાત. નગરમાં તે વખતે પ્લેગ ચાલે.

પ્લેગમાં માણસો માખીની જેમ મરે. સવારે ફરતો માણસ સાંજે મરણપથારી પર મળે ને બીજે દિવસે તો તેની હસ્તી જ ન હોય.

જયચંદ શેઠના જુવાનજોધ દીકરાને સાથળમાં ગાંઠ નીકળી. વૈદો આવ્યા, દાક્તરો આવ્યા. સહુએ નિદાન કર્યું કે પ્લેગની ગાંઠ છે.

પ્લેગનું નામ એવું કે સાંભળતાં જ લોકોના મોતિયા મરી જાય. ગામ ઉજ્જડ થઈ જાય. નગર સ્મશાન થઈ જાય.

જયચંદ શેઠ અને એમનું આખું કુટુંબ શિયાવિયા થઈ ગયું. રાંધ્યાં ધાન રખડી પડ્યાં. જુવાનજોધ દીકરો ! રે, એ મરે તો આપણા જીવવામાં શાનો સ્વાદ રહે !

અને આજે પોતાનો દીકરો ઝપટમાં આવ્યો, કાલે ન જાણે કોણ કોણ નહિ આવે ?

કાળો બોકાસો બોલી ગયો.

એ વખતે એક યતિ ફરતા ફરતા ત્યાં આવી પહોંચ્યા. અતિથિવત્સલ આ ઘરને તેઓએ ભયંકર હેરાનગતિમાં અનુભવ્યું.

જતિજીએ શાંતિથી વાત પૂછી.

વાત કરતાં કરતાં શેઠ રડી પડ્યા. એમણે કહ્યું :

"દેવ, ગુરુ ને ધર્મનું ઉપાસક છે અમારું કુટુંબ, ને આ શો જુલમ !"

"દેવને પણ કર્મ છોડતાં નથી. કોઈ આ ભવનાં હોય, કોઈ પૂર્વભવનાં હોય. શેઠ ! હસતાં પેદા કરેલાં કર્મ રોતાં રોતાં ભોગવવાં પડે છે." યતિજીએ ધર્મની રીતે સાંત્વન આપવા માંડ્યું.

"યતિજી મહારાજ ! બધું સહી શકું છું. એનાં કર્મ હું લઈ લઉં. મને મોત આપો." શેઠે કહ્યું.

"યતિજી ! હું મરવા તૈયાર છું." એની માએ કહ્યું, ને ખૂણામાં બેઠેલી નવજુવાન સ્ત્રી તરફ આંગળી ચીંધતાં કહ્યું :

"મહારાજ ! એને વિધવા જોઈને જીવતર કેમ કપાશે ?"

યતિજી બે પળ થંભી ગયા. નિર્લેપ ફક્કડ આદમીનું અંતર આ સંસારીઓની મોહજાળથી ભેદાઈ ગયું.

"શેઠ ! સવારે ઉપાશ્રયે આવજો."

"ન જાણે રાત કેવી રીતે જશે, હે અરિહંત પ્રભુ !" શેઠે મોટો નિઃશ્વાસ નાખ્યો, ને યતિજીને વળોટાવવા ચાલ્યા.

આખી રાત-મધરાત જાણે જમડા સાથે વીતી. આખું ઘર જાગી રહ્યું હતું. પ્લેગની એક ગાંઠ વધીને ત્રણ થઈ હતી, ને તાવ તો સગડીના અંગારા જેટલો ધખધખતો હતો.

હજી પો ફાટ્યો ન ફાટ્યો ને શેઠ યતિના સ્થાનકે પહોંચ્યા.

યતિજીના હાથમાં એક મૂળિયું હતું. કહ્યું કે થોડું ઘસીને ગાંઠે ચોપડજો. ધર્મપ્રતાપે સારું થઈ જશે.

નગરશેઠને મૂળાડિયામાં શ્રદ્ધા નહોતી. મહારાજમાં શ્રદ્ધા હતી. એ ઘેર આવ્યા, ને યતિજીએ કહ્યું હતું તેમ કર્યું.

બપોરે તાવ ઓછો થયો.

રાત સારી ગઈ.

મૂળાડિયું બરાબર ચોપડતા રહ્યા.

બીજી સવાર ખુશનુમા હતી. છોકરો સ્વસ્થ જણાયો.

ત્રીજે દિવસે ગાંઠો ઢીલી પડી ને આખરે ફૂટી ગઈ. છોકરો ચંગો માડુ થઈ ગયો.

શેઠ સ્થાનકે દોડ્યા.

યતિજીની ખબર કાઢી, તો એ ચાલ્યા ગયા હતા. સાધુ તો ચલતા ભલા !

નગરમાં પ્લેગ ફેલાયો હતો. શેઠે આ મૂળાડિયાનો ઉપયોગ કરવા માંડ્યો, ને સોએ પંચોતેર દરદીઓ રોગમુક્ત થવા લાગ્યા.

આ વાત જામસાહેબ પાસે ગઈ. શેઠે મૂળાડિયું જામનગરના મેડિકલ ઑફિસર શ્રી હરિકૃષ્ણ દેવને બતાવ્યું.

એ વખતે આપણા વનસ્પતિશાસ્ત્રી જયકૃષ્ણભાઈ હયાત. બરડાના ડુંગરની વનસ્પતિની શોધ એ કરે. તેઓને જામસાહેબે બોલાવ્યા ને કહ્યું કે આ મૂળિયું કઈ વનસ્પતિનું છે તે શોધી કાઢો.

જયકૃષ્ણભાઈ આ માટે અનેક સ્થળોએ ઘૂમ્યા. મળી એટલી જડ ખોદાવી, પણ આ પ્રકારનું મૂળ મળે જ નહિ.

એમ કરતાં કરતાં એક વનસ્પતિ મળી. એનું નામ ઘોડાકુન. બીજું નામ અશ્વગંધ.

ઘોડાકુનનાં મૂળ કઢાવીને દરબારમાં લાવવામાં આવ્યાં. એક કકડો મુંબઈ મોકલવામાં આવ્યો. વર્ગ, ગુણ ને જાત પરથી ઘણા વનસ્પતિશાસ્ત્રીઓએ નક્કી કર્યું કે યતિજીવાળું મૂળિયું ને આ મૂળિયું સમાન છે.

હવે એ મૂળનો પ્રયોગ કરવાની તકની રાહ જોવા માંડી : ત્યાં સૌરાષ્ટ્રમાં વળી પ્લેગે દેખા દીધી. મૂળિયું લઈને વૈદો ત્યાં ઊપડ્યા. જેને જેને ગાંઠો નીકળી હતી, તેને ઘસીને ચોપડ્યું ને ઘસારો પાયો, પણ પરિણામ કંઈ ધાર્યું આવ્યું નહિ.

જામસાહેબે ફરી જયકૃષ્ણભાઈને તેડ્યા, ને વૈદોની સભા કરી. જામનગર એ વખતે છોટી કાશી કહેવાતું ને ત્યાંના વૈદો ભારતભરમાં પ્રખ્યાત હતા.

આખરે તેઓએ ઠરાવ્યું કે વનસ્પતિ એ જ છે, મૂળ પણ એ જ છે, પણ એને ક્યારે લેવું, કઈ રીતે લેવું એનો આમ્નાય હોય છે. એ આમ્નાય મુજબ જો મૂળિયું કાઢીને ઉપયોગમાં લેવામાં આવે તો જરૂર દરદ મટે, ફતેહમંદ થાય. ઔષધિનો પણ યોગ હોય છે.

એ યતિજીનો પછી પત્તો મળ્યો નહિ.

□



૨૮. ટભા ટપાલીની પરછાંઈ

'આજનું ભણતર એવું છે કે માણસને વતનબેવતન બનાવે છે. માણસ જાણે પરમહંસ બન્યો છે. એને માટીની કે માટીના માનવીની માયા રહી નથી.'

શ્રી મુનીન્દ્ર એક નાનો પ્રવાસ પૂરો કરી આજે પાછા આવ્યા હતા. પ્રવાસી વગર યોગે યોગી ને વગર તપે ત્યાગી છે, એવું એમનું માનવું હતું. પ્રવાસની ડાયરી તેઓ જોતા હતા, પાનાં ફેરવતા હતા. સામે બેઠેલી શ્રોતામંડળીની અધીરાઈ એ જાણતા હતા.

થોડી વારે તેઓએ એક કિસ્સો શરૂ કર્યો :

જોશી ફળીના મનુને નાનપણમાં જનોઈ અપાયેલી. બડવો બનારસ-કાશી ભણી દોડેલો. પણ મહામુત્સદ્દી મામા હરપ્રસાદ

અડધેથી એને પકડી લાવ્યા, ને સુંદર વીંટી આપી સરસ્વતીને બદલે લક્ષ્મીની લાલચમાં નાખી દીધો.

પણ મનુ જોશીના મનમાં એ વખતનો વસવસો રહેલો ને મામાએ આપેલી વીંટી એક દહાડો પાસેના ગામના વાણિયાને ત્યાં ગીરો મૂકી, થોડાં કાવડિયાં લઈ જામનગર પહોંચી ગયેલો. જામનગર છોટી કાશી તરીકે પંકાયેલું હતું.

મનુ ઘરડાં માબાપનો એકનો એક દીકરો હતો. બાપે વૈદક ને જ્યોતિષ કરીને જિંદગી ગુજારી હતી. બે પૈસા ભેગા પણ કર્યા હતા. એક ઘર બાંધ્યું હતું. પિતાની ઇચ્છા એવી હતી કે મનુ ભણવાની ઝાઝી લપમાં ન પડે. પોતાની ગાદી પર બેસી કમાવા લાગી જાય. બે પૈસાનો જીવ થાય એટલે સગપણ-સાસરું કરીએ ને વહુનું મોં જોઈને મરીએ.

મનુને બાપના કૂવામાં બૂડી મરવાની લેશ પણ ઇચ્છા નહોતી. ધંધો, પૈસો, સગપણ ને વહુ : આ ચારમાંથી એકેયમાં એનો જીવ લાગતો નહોતો. એને ભણવું હતું – ભણવાની રીતે ભણવું હતું. અને માટે એ જામનગર ચાલ્યો ગયો હતો.

આ કારણે પિતાપુત્ર વચ્ચે મનદુ:ખ થયેલું, ને પત્રવ્યવહાર પણ ચાલતો નહિ. એકાદ વર્ષ આમ ને આમ વીતી ગયું, બીજું વર્ષ પણ અધવારવા આવ્યું.

બીજા વર્ષની અધવચ્ચે સમાચાર આવ્યા કે પિતાજીની તબિયત બરાબર રહેતી નથી. ચોટલી બાંધીને ભણતા મનુના દિલમાં એક દહાડો લોહીની સગાઈ જાગી. એણે પોથી-પાનાં અળગાં કર્યાં, ને જે પહેલી ગાડી મળી તેમાં વતન જવા નીકળ્યો.

પોતાનું વતન સ્ટેશનથી બે ગાઉ દૂર હતું. કાળાખાડ સ્ટેશને ઊતરવું પડતું. એક ગાડી બપોરે આવતી. દૂરના ગામવાળા ઉતારુ ખાસ કરીને બપોરની ગાડીમાં આવતા.

મનુ રાતની ગાડીમાં સ્ટેશન પર ઊતર્યો, ત્યારે લાંબી વાટના ખાસ ઉતારુ કોઈ નહોતા. મનુને સથવારા વગર જવું કે નહિ તેનો વિચાર એક વાર આવ્યો, પણ લાંબા ગાળે એનું માતૃ-પિતૃસ્મરણ

સતેજ બન્યું હતું. નાનપણમાં આ માર્ગે અનેક વાર પોતે ગયો ને આવ્યો હતો. વાટમાં આવતાં અંધારી-અજવાળી તળાવડી, સોના પરબ, વાંઘાં, પાણીનો કોઠો ને થોરવાળાં નેળિયાં હજી સિનેમાની ફિલ્મની જેમ એના સંસ્મરણમાં સજીવ હતાં.

મનુએ લાંબું વિચાર્યા વગર ઝુકાવ્યું. તારોડિયાનો પ્રકાશ આછો આછો હતો. છતાં કેડો ઓળખવામાં વાંધો આવતો નહોતો.

વનવગડાનો કેડો ને અંધારી રાતની એકલતા ભલભલાને સાલે છે. મનુ સ્ટેશનના પાદરની સાંકડી નેળમાંથી પસાર થતો હતો. એને થયું કે કોઈ એકાદ કૂતરું પણ સાથે થઈ જાય તો ઠીક રહે. હોહા કરતા જઈએ ને કેડો ખૂટી જાય.

એટલી વારમાં નેળિયાના નાકે એક કૂતરો બેઠેલો જોયો. મનુને જોતાં જ એણે પૂંછડી પટપટાવી. કોઈ ઓળખીતાનો કૂતરો હોય તેમ લાગ્યું.

મનુએ કૂતરાને બુચકાર્યો. કૂતરો પાસે આવ્યો, ને વગર બોલાવ્યોચલાવ્યો મનુની સાથે સાથે ચાલવા લાગ્યો.

સારો સથવારો મળ્યો ! ધર્મરાજને સ્વર્ગની વાટે મળ્યો હતો, તેવો મનુને ધરતીની વાટે મળ્યો.

પણ થોડી વારમાં એક દિશામાં કૂતરો દોડી ગયો. મનુએ એ દિશામાં જોયું. કંઈ ન દેખાયું.

થોડી વારે પચાસ-સો આગિયાનું ઝુંડ ઊડતું હોય તેવો ભાસ થયો. એ પ્રકાશઝુંડ પાસે ને પાસે આવતું હતું ને એક ઊંચો પડછંદ આદમી મનુ તરફ આવતો નજરે પડ્યો.

મનુ એક વાર મનમાં ડર્યો. એણે બીજી પળે મનમાં સમાધાન કર્યું કે ચોર હશે તો મારી પાસે શું છે, ને શું લઈ જશે ! ભૂત, પ્રેત કે ચુડેલ હશે તો ગાયત્રીમંત્રથી મારાથી દૂર રહેશે. કોઈ રીતે ડરવાની જરૂર નથી. મનકે હારે હાર હૈ, મનકે જીતે જીત !

આગિયાઓનું વૃંદ નજીક આવતું હતું, ને પેલી પડછંદ વ્યક્તિ પણ નજીક આવતી હતી. કૂતરો પાછળ પાછળ હતો.

નજીક આવતાં મનુને તરત ખબર પડી કે આવનાર કોઈ ચોર નથી કે ચુડેલ કે પ્રેત નથી. પોતાના ગામના ટભા ટપાલી છે.

ટભા ટપાલી સાથે મનુને અને આખા જોશી કુટુંબને સારો સંબંધ હતો. મનુના પિતા જ્યોતિષી હતા. એમનો એ અંગેનો પત્રવ્યવહાર ગામપરગામ સાથે ઘણો રહેતો. ઘણા કાગળો મનુએ અડધો ગાઉ જેટલું દોડી ટભા કાકાને હાથોહાથ આપ્યા હતા. લેઈટ ફીમાં કોઈ સમજતું નહોતું.

'કેમ છો, ટભા કાકા ?' મનુએ આશ્વાસન સાથે કહ્યું. એના મનને નિરાંત વળી હતી.

'મનુ ! ખુશીમાં છે ને ?'

'હા, કાકા ! ગામમાં હું ઘણા વખતે આવું છું. બધા ખેમકુશળ ખરા ને ?' મનુએ પ્રશ્ન કર્યો.

'ખેમ અને કુશળ !' ટભા ટપાલીએ જરા આડું જોઈને કહ્યું. અંધારામાં કોઈ દાંત કચકચાવતું હોય તેમ લાગ્યું.

'કોઈ બીજું તમારી પાછળ છે ?' મનુએ પૂછ્યું.

'મારી પાછળ કોણ હોય ? મારી પાછળ હું.' ટભા ટપાલીએ જવાબ આપ્યો. અંધારામાં ચહેરો પૂરો દેખાતો નહોતો, છતાં જે દેખાતો હતો તે વિચિત્ર હતો. દોઢ વર્ષ પહેલાંના ટભા કાકાનો ચહેરો આવો નહોતો, એટલું મનુને લાગ્યા કરતું હતું.

'તમારી પાછળ હું, કાકા !' મનુએ રસ્તો કાપવામાં સથવારો મળે તે હેતુથી કહ્યું.

'ચાલ ભાઈ ! રાત વધતી જાય છે. આપણે રસ્તો કાપવા માંડીએ. લાવ, તારી થેલી મને આપ !' ટભા કાકાના સ્વરમાં સ્નેહ હતો.

મનુએ આનાકાની કરી, પણ આખરે થેલી આપવી પડી. ટભા કાકાને તો બહુદુખિયાને દુઃખ શું જેવો ઘાટ હતો. ટપાલનો થેલો ખભે હતો; એ થેલા સાથે થેલી લટકી રહી.

કૂતરો આગળ અને મનુ અને ટભા ટપાલી પાછળ સાથે સાથે, એમ માર્ગ કાપવા લાગ્યા.

મનુએ પૂછ્યું : 'મારા પિતા કેવા બીમાર છે ?'

ટભા કાકાએ કહ્યું : 'બેં દહાડા પહેલાં પાડોશના અંતકાળિયા નરભે વૈદને તેડાવ્યા હતા. એમની દવાથી ઠીક છે.'

'મારાં બા હમણાં મળ્યાં હતાં ?' મનુએ પૂછ્યું.

'મોઢામોઢ વાતો થઈ નથી : બાકી બજારમાંથી શકરિયાં ખરીદતાં મેં જોયાં હતાં. નરવાં છે, હો ભાઈ !' એટલું બોલી ટભા ટપાલીએ સવા મણનો નિસાસો નાખ્યો.

'કાકા ! આટલો મોટો નિસાસો કેમ નાખ્યો ? શું હૈયામાં કંઈ ખટકે છે ?'

'ભાઈ મનુ ! એમ લાગે છે કે જાણે દળીદળીને ઢાંકણીમાં ઉઘરાવ્યું !' ટભા કાકા એક બીજો નિસાસો નાખી બોલ્યા.

'મને સાફ શબ્દોમાં કંઈ કહો.' મનુએ લાડમાં કહ્યું.

'ભાઈ, સાફ શબ્દોમાં કોઈને કંઈ કહેવાતું નથી. સાફ શબ્દોમાં તને જ વાત કરું તો તારી ડાગળી ફટકી જાય. મનુ, સંસારમાં પાપમાં મદદગારી કરે એ પૂજાય. પુણ્યને પડખે ચડે એ કમોતે મરાય. કોઈ વાર નિરાંતે વાત કરીશું, ભાઈલા ! આ શિવસદન આવ્યું.'

સ્મશાનને એ ગામના ભણેલા શિવસદન કહેતા. ટભા કાકા વગર બોલાવ્યા બોલ્યા :

'લોકોને મરેલાંનો ડર છે. પણ ખરો ડર જીવતાંનો છે.'

પણ વાત આગળ વધે એ પહેલાં ગામનું પાદર આવી ગયું હતું. પનિહારીના શેરડાવાળો કૂવો આવ્યો હતો. એના ઉપરની પીપળે બે ગરાસણી ને એક ઘાંચણ મરીને ડાકણ થઈને રહેતી હતી, એવી લોકવાયકા હતી. પણ ટભા કાકાને લીધે મનુનું હૈયું ખબરદાર રહ્યું હતું. ગાયત્રીમંત્ર જારી હતો.

પાદર વળોટી બજારમાં આવ્યા.

ગામનાં કૂતરાં સાથેના કૂતરાના સ્વાગતે આવ્યાં. કૂતરો અંધારામાં અદૃશ્ય થઈ ગયો. ફક્ત થોડી થોડી વારે ભસવાનો નહિ, પણ માનવીના જેવાં ડૂસકાંનો અવાજ આવી રહ્યો.

મનુનું મન હવે ઘરમાં ને માતાપિતાના વિચારમાં લીન બન્યું હતું. બજારમાંથી જોશી ફળિયામાં બંને ઝડપથી પહોંચ્યા. મનુ આગળ ચાલતો હતો. એની ઝડપ ઓર હતી.

ટભો ટપાલી હવે જરાક ધીમી ગતિએ ચાલતો હતો. મનુનું ધ્યાન તેના તરફ જતું ત્યારે કોઈ વાર પગ ખૂબ લાંબા લાગતા. કોઈ વાર હાથ દસેક ફૂટ લાંબા થઈને ટપાલ વહેંચતા હોય તેમ દેખાતા.

પણ મનુનું મન પિતામાં અને માતામાં ખૂંપી ગયું હતું. દોઢબે વર્ષે માતા કેવી રીતે સ્વાગત કરશે ? પોતે તો જઈને ચરણ પકડી લેશે ને કહેશે : માતૃદેવો ભવ ! અને એ જ રીતે પિતાજીને પણ !

રાતના અગિયાર વાગવાને અડધા કલાકની વાર હતી. મનુએ ખડકી પર ટકોરા માર્યા. બૂમ પાડી. પોતે મનુ છે એમ કહ્યું.

માતા દોડતી આવી. ખડકી ખોલી.

મનુ દોડીને માતાના ચરણમાં પડ્યો.

'બેટા ! બે દિવસથી તારા પિતા તને ઝંખે છે.'

'વારુ !' મનુએ માના હાથમાં શરીર રહેવા દેતાં કહ્યું, 'ટભા કાકા ! મારી થેલી લાવો. આભાર. સવારે મળીશ.'

ધડામ દઈને મનુના પગ પાસે થેલી પડી. મનુએ પાછળ જોયું તો કોઈ ન હતું. માનું મોં એ દિશામાં જ હતું. મનુએ પૂછ્યું :

'મા ! શું ટભા કાકા જતા રહ્યા ? મેં એમને બોલાવ્યા નહિ, એટલે થેલી પછાડીને ગયા હશે ? ભારે ગુસ્સેબાજ !'

મા કહે : 'કોણ ટભા કાકા ?'

મનુ કહે : 'ટભા ટપાલી ! મા, આ અંધારી વાટનો ને અડધી રાતનો એ મારો સથવારો બન્યા હતા.'

મા વાત ગળી જતાં બોલી : 'ઘેલો થયો છે કે શું ? ચાલ, તારા બાપા વાટ જોતા હશે.'

મનુને પ્રશ્ન કરવો હતો, પણ મા એને એના બાપ પાસે ખેંચી ગઈ. મિલનવિધિ થયા બાદ માએ કહ્યું :

'મનુને ટભા ટપાલીનો સથવારો થયો હતો.'

'વારુ ! હવે સૂઈ જા. સવારે વાત.' પિતાએ વિશેષ ન કહ્યું.

મનુ સૂઈ ગયો. એને ટભા કાકાને મળવાની ને ખોટું લાગ્યું હોય તો માફી માગવાની ઉત્કંઠા હતી.

સવારે ઊઠીને એ ટભા ટપાલીના ઘેર જતો હતો, ત્યાં તેના પિતાએ કહ્યું :

'બેટા ! સાંભળ ! ટભા ટપાલીના મોતને એક વરસ ઉપર થયું. બિચારો અવગતિ પામ્યો લાગે છે. નહિ તો તને મળે કેવી રીતે ?'

'એ કેવી રીતે મરી ગયા ?' મનુ આશ્ચર્યમાં હતો. છતાં એને જાણવું હતું.

'બેટા ! ટભો મહા સ્વાર્થી હતો. એ ભારે લુચ્ચો ગણાતો. એક વાર એક યુવતીને હરામીઓના હાથમાંથી બચાવવા જવાનું પુણ્યકર્મ એને સૂઝ્યું. નહિ તો એમાંથી પણ માલ મારી ખાય. હરામીઓ ટભાને ડરાવવા ગયા ને ત્યાં ગોળી છૂટી ગઈ. ટભો મરાયો.'

'પિતાજી, એની સાથે એક કૂતરો પણ હતો.'

'ટભા ટપાલીનો એ કૂતરો. ટપાલિયો એનું નામ. પોતાના ધણી પાછળ ભૂખેતરસે પ્રાણ કાઢી નાખ્યો.'

'પિતાજી ! ટભાએ ભલે એક પુણ્યકાર્ય કર્યું. પણ એના કલ્યાણ માટે હું યત્ન કરીશ.' આટલું બોલતાં મનુના દેહની ગરમી વધી રહી હતી. એ આંખ મીંચીને પથારીમાં પડ્યો.

બપોરે સારી પેઠે તાવ હતો.

□